જૈન જ્ઞાનપ્રસારક મંડળ ગ્રંથાવલી. નં. ૨૨.

# अर्हन्नीति.

ભાષાન્તરકર્ત્તા,
મણીલાલ નથુભાઇ ડોસી. બી. એ.

મૂલ્ય રૂપિયો દોઢ.

# ભગુભાઈ ફત્તેહચંદ કારભારી કૃત પુસ્તકો.

| | | |
|---|---|---|
| લંગડો જરવાસ. | ... ... ... ... | ૦—૮—૦ |
| લંડનરાજ્ય રહસ્ય. | ... ... ... ... | ૧—૮—૦ |
| લંડન રહસ્ય... | ... ... ... ... | ૧—૪—૦ |
| કુમુદા. ( બીજી આવૃત્તિ. ) | ... ... ... | ૦—૧૨—૦ |
| સ્ટુડન્ટસ ગુ૦ અં૦ ડિક્ષનરી. ( નથી )... | ... | ૩—૮—૦ |
| ,, અં૦ ગુ૦ ડિક્ષનરી. ... | ... ... | ૨—૮—૦ |
| ,, ,, ,, ( નાની. )... | ... | ૨—૦—૦ |
| સ્ટાર અં૦ ગુ૦ ડિક્ષનરી. | ... ... ... | ૦—૧૦—૦ |
| ન્યુ સ્ટાન્ડર્ડ અં૦ ગુ૦ ડિક્ષનરી... | ... ... | ૫—૮—૦ |
| નસીબ અને ઉદ્યોગ. ( ઇનામી નીબંધ. )... | ... | ૦—૩—૦ |
| રાજયોગ. ... | ... ... ... ... | ૧—૪—૦ |
| પાતાન્જલ યોગદર્શન.... | ... ... ... | ૦—૧૨—૦ |
| કર્મ યોગ. ... | ... ... ... ... | ૦—૧૦—૦ |
| સનાતન હિંદુ ધર્મ. ... | ... ... ... | ૦—૧—૦ |
| નળાખ્યાન. ... | ... ... ... ... | ૦—૫—૦ |
| રાજભાષા. ( બીજી આવૃત્તિ. )... | ... ... | ૧—૪—૦ |

## છપાતા ગ્રંથો.

| | | |
|---|---|---|
| ટૉડ રાજસ્થાન. | ... ... ... ... | ૧૦—૦—૦ |
| એવરીડે બુક ઓફ કોરસ્પોન્ડન્સ... | ... ... | ૧—૦—૦ |
| સ્ટાર ગુ૦ અં૦ ડિક્ષનરી. | ... ... ... | ૦—૧૨—૦ |

# પ્રસ્તાવના.

આ **અર્હન્નીતિ**નું ભાષાન્તર કરાવવાનું કાર્ય આજથી બે વર્ષ ઉપર જૈન પત્રવાળા મી. ભગુભાઇ ફતેહચંદ કારભારી જેઓ આ મંડળના સભાસદ છે અને તે વખત એક ઓનરરી સેક્રેટરી હતા તેમને સોંપવામાં આવ્યું હતું. પ્રથમ તેની અસલ પ્રત મેળવતા તેમને મુસ્કેલી નડેલી–અને ધણી તપાસ કર્યા પછી વિદ્યાસાગર ન્યાયરત્ન ધર્મોપદેષ્ટા મુનિમહારાજ શ્રી શાંતીવિજયજીએ તેમને પ્રત મોકલાવી આપી, પણ આ પ્રત જોકે સુધારેલી હતી પણ તેમાં કેટલાક શ્લોકો એવા હતા કે જે માટે બીજી પ્રતોની જરૂર પડે. પણ બીજી પ્રતોના અભાવે છેવટ અનેક મુસ્કેલીઓ વચ્ચે ભાષાન્તર કારે કેટલાક મુનિરાજો, પંડીતો અને પ્રોફેસરની સ્હાયતાથી આ કાર્ય પાર પાડ્યું છે.

પ્રથમ જે શાસ્ત્રી પાસે ભાષાન્તર કરાવેલું તે તપાસતાં તદ્દન નકામુ જણાયેલું અને તેથી આવું અમુલ્ય પુસ્તક બ્હાર આવ્યા વિના રહેશે એમ જાણી મી. ભગુભાઈ ફતેહચંદ કારભારીએ પોતાના ઇષ્ટ મિત્ર. મી. મણીલાલ નથુભાઇ ડોસી બી. એ. ને આગ્રહ કરી આ કાર્ય સોંપ્યું; જે તેમણે કેવળ ગ્રંથની ગૌરવતા જોઇ અને મંડળનો આશય જોઇ પોતાની એક જૈન તરીકેની ફરજ વિચારી પાર પાડ્યું છે.

આ ગ્રંથના સંબંધમાં કેટલાકો એમ કહેશે કે તેની અંદર પણ બ્રાહ્મણનો અધિકાર આવે છે. પણ આ બ્રાહ્મણ તે હાલના લાડુભટો સમજવાના નથી. પણ ભરતમુનિ પ્રણિત જૈન વેદના જાણ બ્રાહ્મણો

સમજવાના છે. આ બ્રાહ્મણો માટે મર્હુમ પુન્યપાદ **આત્મારામજી** મહારાજે પણ પોતાના **જૈન તત્વાદર્શ** ગ્રંથમાં પણ જૈન વેદ માટે લખેલું છે. હાલમાં જ્યારે, જૈન વેદ જણાતા નથી તો આવા બ્રાહ્મણો પણ હાલમાં જણાતા નથી–તેમજ બ્રાહ્મણોની શ્રદ્ધા પણ જૈન ધર્મ ઉપર ઓછી હોવાથી અમારૂં માનવું આવું છે કે ભોજક આદી વર્ણને જો આપણી ક્રીયાઓ કરવામાં કેળવવામાં આવે તો કોમમાં ધર્મ પ્રવર્તે અને બીજાઓને આપણા ધર્મ પ્રત્યે પ્રીતિ થાય.

જૈનપત્રના અધિપતિ જેઓ આ મંડળને કિમતી સલાહ આપે છે, તેમની માગણી અનુસાર, આ ગ્રંથની ૧૫૦૦ પ્રતો તેમને પડતર કિમ્મતે આપવામાં આવી છે અને માત્ર આ આવૃત્તી ૫૦૦ પ્રતોની કાઢેલી હોવાથી જોકે તેની કિમ્મત રૂ ૧॥ મંડળના બીજા પુસ્તકોના પ્રમાણમાં વિષેશ જણાશે પણ તે પાછલ લીધેલો શ્રમ જોતાં તે કાંઈ નથી.

ભીમસી માણેક તર્ફથી આજ નામનું પુસ્તક નીકળ્યું છે–તેમાં માત્ર ૩૦૦ શ્લોક છે જ્યારે આમાં ૯૦૦ છે–વળી તે ગ્રંથમાં પાઠાંતર ફેર કરી તેના કર્તાએ મહા દૂષણ વ્હોર્યું છે–અમે આ ગ્રંથનું શોધન કરાવવા બનતી કાળજી લીધી છે–વળી ગ્રંથ કેવો છે વગેરે માટે આગળ આપેલું ગ્રંથ વિવેચન વાંચવા ખાસ ભલામણ કરીએ છીએ.

મુંબાઇ.
મંડળની ઓફીસ.
દીવાળી–વી. સં. ૨૪૩૨.

**જીવણચંદ ઉત્તમચંદ મહેતાજી.**
**અમરચંદ કલ્યાણચંદ ઝવેરી.**
**જ્ઞા. પ્ર. મંડળના ઓ. સેક્રેટરીઝ.**

શ્રી જૈન જ્ઞાનપ્રસારક મંડળ. ગ્રંથાંક. ૨૨.

# अर्हन्नीति.

કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પ્રણીત.

ભાષાન્તર કર્ત્તા.

મણીલાલ નથુભાઇ ડોસી, બી. એ.,

અગાઉ દક્ષિણા ફેલો—ગુજરાત કોલેજ.

આસીસ્ટંટ ટીચર-હાઇસ્કુલ—અમદાવાદ.

પ્રસિદ્ધ કર્ત્તા.

શ્રી જૈન જ્ઞાનપ્રસારક મંડળ.

મુંબાઇ.

અમદાવાદ.

જૈનોદય છાપખાનામાં છાપ્યું.

વીર સંવત. ૨૪૩૨. સન. ૧૯૦૬.

મૂલ્ય રૂપિયો દોઢ.

( સર્વ હક્ક સ્વાધીન. )

# અર્હન્નીતિની પ્રસ્તાવના.

લોકો પરસ્પરના વ્યવહારમાં એક બીજા સાથે કેવી રીતે વર્તે કે જેથી પોતાનું હિત સાધી શકે અને સામાં મનુષ્યને નુકશાન ન થાય તેવી રીતિને બતાવનારો અર્હદ્ભગવાને પ્રરૂપેલો આ અર્હન્નીતિ નામા લઘુ ગ્રંથ વાંચક વર્ગ સમક્ષ મુકતાં તે સંબંધી બે બોલ કહેવાની જરૂર છે. નીતિ અનેક પ્રકારની છે તેને આધારે વિદ્વાનોએ અનેક ગ્રંથો તત્સંબંધી રચ્યા છે. શુક્રનીતિ, વિદુરનીતિ, ચાણક્ય નીતિ વિગેરે ગ્રંથો હાલ પ્રસિદ્ધ છે પણ તે સર્વ ગ્રંથોમાં સામાન્ય હિતબોધના શ્લોકો લખવામાં આવેલા છે પણ અર્હન્નીતિમાં તો હિંદુધર્મને માન્ય યાજ્ઞવલક્ય સ્મૃતિની માફક અનેક ગંભીર રાજકીય, વ્યવહારિક તથા પ્રાયશ્ચિતાદિક પ્રકરણોનું સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે. જો કે આ ગ્રંથનું નામ લઘુ અર્હન્નીતિ છે, અને તેના નામ પ્રમાણે યાજ્ઞવલક્ય સ્મૃતિ જેટલું વધારે વિવેચન નથી તો પણ તેમાં કેટલા બધા વિષયો આવી જાય છે, અને સંક્ષેપમાં તેનું કેવું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે તે કેવળ અનુક્રમણિકા તરફ દ્રષ્ટિ કરવાથીજ જણાશે.

આ ગ્રંથનું પ્રથમ ભાષાન્તર ૧૯૦૧ માં નિર્ણય સાગર છાપખાનામાં છપાઇને બ્હાર પડયું હતું પણ તેમાં ત્રણ બાબતોની ખામી જોવામાં આવી. પ્રથમ ખામી અમને એ જણાઇ કે આ ગ્રંથના જ્યારે મૂળ શ્લોક આશરે ૯૦૦ છે, તથા તે શ્લોકોમાંથી કેટલાક અઘરા શ્લોક ઉપર ટીકા પણ આપવામાં આવી છે, ત્યારે તેમાંથી

ફક્ત સાડા ત્રણસોને આસરે શ્લોક તે ગ્રંન્થમાં આપવામાં આવ્યા છે. અને બાકીનાનું ફકત ભાષાન્તર આપ્યું છે. પણ બાકીના શ્લોકોનું ભાષાન્તર કરવામાં પણ કેટલા બધા શ્લોકો મુકી દીધા છે તે ફકત બન્ને પુસ્તકની અનુક્રમણિકા તથા તે સંબંધીના વિષયો પુસ્તકમાં જોતા માલૂમ પડશે. ૪૭ મે પાને "વ્યાજ કેટલું લેવું" તે વિષય પછીના ૧૪ શ્લોકનું ભાષાન્તર બીલકુલ આપ્યું નથી જે આ ગ્રંથનું ૯૧ મું પાનું જોવાથી તરત ખબર પડશે. વળી જુદા જુદા કોઇ ઠેકાણે એક કોઇ ઠેકાણે બે એ રીતે પોણોસો શ્લોકનું મૂળ તથા ભાષાન્તર બીલકુલ આપ્યું નથી.

ઉપર જણાવેલી ખામીઓ વિષે અમારે કાંઈ વધારે કહેવાનું નથી, પણ એક ત્રીજી ખામી તે ગ્રંથમાં દ્રષ્ટિગોચર થાય છે તે ખામી ઘણી ગંભીર છે. તેમાં જે શ્લોક આપ્યા છે તેની અંદર કેટલેક ઠેકાણે શબ્દો, કેટલેક ઠેકાણે એક ચરણ, અને કેટલેક ઠેકાણે તો શ્લોકના બે ચરણ ફેરવી નાંખવામાં આવ્યા છે આમ કરવામાં શો હેતુ હશે તે અમે સમજી શકતા નથી. આવું એક બે નહિ પણ ત્રીશેક શ્લોકમાં થયું છે. ૫૦૦ શ્લોકનું ફક્ત ભાષાન્તર આપ્યું તેમ તેમનું પણ ભાષાન્તર આપી ચલાવવું હતું પણ મૂળપાઠ ફેરવવો એ તો મહા દૂષણ છે, અને ધર્મ શાસ્ત્રો તેને મહા પાતક રૂપ માને છે તે વાત ભાષાન્તરકારે ભુલવી જોઇતી નથી.

આવી ભુલો તે પુસ્તકની કીર્તિને ઝાંખી પાડે છે. હવે તેના કેટલા એક દ્રષ્ટાંન્તો વાંચક વર્ગ આગળ મુકીશું કે જેથી કરીને તેમને આ બાબત ઉપર નિર્ણય બાંધવાને સુગમ પડે.

૧ મૂળપાઠ. स पण द्विशतं दण्ड्यो दीनश्चेद्मुनिमुष्टिभिः १६७, २७
સુધારેલો પાઠ. द्विशतेन स दंड्यः स्यात् भूभुजा न्याय-
वेदिना ९६

૨ મૂળપાઠ. वडवालोभतः स्थितः १७०, ७
સુધારેલો પાઠ. पुत्र्योद्वाहप्रलोभतः ९९, ३

૩ મૂળપાઠ. प्रस्थाने नियतो भृत्यो लग्ने विघ्न-
करो भवेत् १७६, २४
સુધારેલો પાઠ. प्रतिवचः परो भृत्यो नित्यं विघ्नकरो
भवेत् १०३

૪ મૂળપાઠ. यदि ग्रामविवीतांतं क्षेत्रं मार्गसमपिगम् १८४, ६
સુધારેલો પાઠ. मार्गमध्ये यदा क्षेत्रं तदेत्थं प्रविजायते १०५

૫ મૂળપાઠ. परस्त्रीं सेवते वर्षादज्ञातो यां च भूमिभृत् २१३, १६
સુધારેલો પાઠ. परस्त्रीं सेवते कोऽपि विजातीयां च भूमिभृत् १२२, १

૬ મૂળપાઠ. { क्षत्रब्राह्मणवैश्यानां स्त्रीं वा कन्यां निषेवते । शतैर्दमनमाद्ये तु लिङ्गभेदः परे स्मृतः ॥ } २१३, १७

સુધારેલો { क्षत्रब्राह्मण वैश्यानां स्त्रीयं कन्यां निषेवते दंड्यो हि द्विशतेनायं लिंगभेदः परैः स्मृतः॥ } १२२, २

૭ મૂળપાઠ. आतुर्यवासरं कस्याप्यास्यं पश्येदतो न हि २४३, ९
સુધારેલો પાઠ. सम्यगरक्षिता हि नारी न भवेदातिमार्गगा १४७

---

આ અર્ધા શ્લોક સુધારેલા છે તેમના ફક્ત દ્રષ્ટાંત આપેલા છે. બાકી બીજા શ્લોક જેમાં અર્ધચરણ અથવા શબ્દો સુધારેલા છે. તેવા દાખલા ઘણા ટાંકી શકાય. આ ઉપર અમે જૈન વિદ્વાનોનું તે-મજ મુનિમહારાજાઓનું ખાસ ધ્યાન ખેંચીએ છીએ, અને ભવિ-

બ્યમાં જૈન પુસ્તકોમાં આવી પાઠાન્તર કરવાની પદ્ધતી પ્રચલિત ન રહે તે માટે સાવચેત રહેવાની ભીમસિંહ માણેકના કાર્ય પ્રવર્તકો તથા અન્ય ગ્રંથ પ્રકાશકોને વિનંતી કરીએ છીએ.

ઉપર જણાવેલી ત્રણે પ્રકારની ખામી દૂર કરવા અમે આ ભાષાન્તરમાં પ્રયત્ન કર્યો છે અને સર્વે શ્લોક આપેલી ટીકા તથા ભાષાન્તર સાથે છપાવવાને શક્તિમાન થયા છીએ.

જો કે અમારા ભાષાન્તરમા મતિમંદતાથી અથવા પ્રમાદથી કોઇ દોષ રહેલો માલૂમ પડશે છતાં એટલું તો અમે નિશંક કહી શકીશું કે એક પણ પાઠ અમે ફેરવ્યો નથી. જ્યાં જ્યાં અમને શંકા લાગી ત્યાં ત્યાં મુનિમહારાજોની, વિદ્વાનોની, શાસ્ત્રીઓની અને તત્સંબંધીના અન્યગ્રંથોની સહાયતા લેઈ મૂળ પાઠનો અર્થ સિદ્ધ કર્યો છે.

એક હસ્તલિખિત પ્રત આ પુસ્તકની શ્રી વિદ્યાસાગર ન્યાય રત્ન શાંતિવિજયજી પાસેથી અમને પ્રાપ્ત થઇ હતી. અમે બીજા કેટલાક મુનિમહારાજો પાસે માગણી કરી હતી, પણ તે તેમની પાસે હોવા છતાં અમને આપવાની કૃપા તેઓએ કરી ન હતી. મુનિશ્રી કાન્તિવિજય પાસેથી વકીલ કેશવલાલ પ્રેમચંદ દ્વારા અમને એક પ્રત પ્રાપ્ત થઈ હતી. તે પ્રત ઉપર જણાવેલી પ્રત ઉપરથી ઉતારેલી હોય તેમ લાગે છે. તે આપવા માટે શ્રી **શાંતિ**વિજયજીનો તથા શ્રી કાન્તિવિજયજીનો આ સ્થળે અમે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. એક પ્રત ઉપરથી મૂળ શુદ્ધ કરતાં અમને બહુ વિટંબણા પડી હતી તે નહિ જણાવતાં અમને તે શુદ્ધ કરવામાં જે મનુષ્યોએ માનસિક ભોગ આપ્યો હતો તે સર્વેનો આ સ્થળે ઉપકાર માનવાની તક હાથ લેઇએ છીએ.

મારા જૈન બંધુ વકીલ કેશવલાલ પ્રેમચંદ. બી. એ. એલ. એલ, બી. તથા મારા સ્નેહી મિત્ર ગણેશ બચાજી. સપ્રે. બીએ. તથા ગુજરાત કોલેજના સંસ્કૃત પ્રોફેસર આનંદશંકર બાપુભાઈ એમ, એ, એલ, એલ, બી, જે જ્યારથી હું કોલેજમાં વિદ્યાર્થિ હતો ત્યારથી મારા તરફ મમતા બતાવતા આવ્યા છે તેમણે મૂળ શ્લોકનો અર્થ બેસાડવામાં તથા પાઠાન્તર કર્યા શિવાય મૂળ પાઠ સિદ્ધ કરવામાં જે શ્રમ લીધો છે તે માટે અંતઃકરણ પૂર્વક તેમનો આભાર માનીએ છીએ. આ ગ્રંથની બાબતમાં મૂળથીજ શ્રીમન્ મુનિશ્રી બુદ્ધિસાગરજી એ જે સહાય આપી છે તેને વાસ્તે તેમનો આભાર માનીએ છીએ તથા કામવન નિવાસી પંડિત વૈશ્ય સ્યામસુંદરાચાર્ય જેઓ હાલમાં અત્રે આવેલા છે તેમને છેલ્લા પાંચ ફરમા શુદ્ધ કરવામાં તથા શુદ્ધિ-પત્રક તૈયાર કરવામાં જે શ્રમ લીધો છે તથા આ ગ્રંથના સંબંધમાં જે યોગ્ય સલાહ આપી છે તેને વાસ્તે તેમનો પણ આભાર માનવાની આવશ્યકતા વિચારીએ છીએ. જો આ બંને મારા હિતસ્વીઓની સહાય નહોત તો આ ભાષાન્તર કરવા હું સમર્થ થાત નહિ. આ મારો પ્રથમ પ્રયાસ છે. અને તેથી કોઇ સ્થળે મતિમંદતાથી દોષ રહી ગયેલો માલુમ પડે તો તે સુધારી વાંચવા વાંચક વર્ગને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

અમે શુદ્ધિપત્રક છેડે આપ્યું છે. છતાં તેમાં કોઇ અન્ય દોષ રહી ગયા હશે તે સર્વે બીજી આવૃત્તિમાં અમે સુધારીશુ.

લી. ભાષાન્તર કર્ત્તા.

गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः ।
हसन्ति दुर्जनास्तत्र समादधति सज्जनाः ॥

# ગ્રન્થ વિવેચન.

હવે આ ગ્રન્થના સમ્બન્ધમાં કેટલુંક જણાવવાની આવશ્યકતા વિચારીએ છીએ. કેટલાક મનુષ્યો એમ ધારે છે કે આ ગ્રન્થ **શ્રીમન્ હેમચંદ્રાચાર્યનો** રચેલો નથી, પણ કોઈક બ્રાહ્મણ જે જૈનોના સમ્બન્ધમાં આવ્યો હોય તેણે રચેલો હોય. આ બાબતમાં બીજો મત એ છે કે માગધીમાં રચાયેલા **બૃહદર્હન્નીતિ** નામા ગ્રન્થ ઉપરથી સંક્ષિપ્ત રૂપે આ પુસ્તક છે. અને તેના બનાવનાર **હેમાચાર્ય** છે. તેમને જેમ અનેક ગ્રન્થો માગધીમાંથી સંસ્કૃત રૂપે લખ્યા તેમ આપણ લખ્યો હોય તો તે અસંભવિત નથી. માગધી ભાષામાંથી સંસ્કૃત ભાષામાં ગ્રન્થ લખવો તે તેમની વિદ્વતા તેમજ કાવ્ય કરવાની અનુપમ શક્તિને લીધે રમત જેવું હતું. વળી ભાષાની સરલતા ઉપરથી પણ જણાય છે કે આ ગ્રન્થ **હેમાચાર્યનો** હોવો જોઇએ. જો કે નવો ગ્રન્થ લખે અને તેમાં જેટલી વાકય રચના ઉત્તમ હોઈ શકે તેટલી ઉત્તમ પ્રકારની આ ગ્રન્થમાં માલૂમ પડતી નથી, કારણ કે મૂળ પ્રાચીન માગધી ગ્રન્થ ઉપરથી સંક્ષેપમાં સંસ્કૃતમાં આ રચવાનો હતો. છતાં શૈલીતો તેમના **આદીશ્વર** ચરિત્ર આદિ બીજા ગ્રન્થો જેવી લાગે છે. હવે આ ગ્રન્થ બ્રાહ્મણનો નહિ પણ જૈનનો રચેલો છે, તે બાબત તો શંકા જેવું છેજ નહિં કારણ કે આ પુસ્તકના પ્રથમ મંગલા ચરણમાં પ્રથમ તથા છેલ્લા **તીર્થંકરને** નમસ્કાર કર્યા છે અને ગ્રન્થના મધ્ય ભાગમાં બીજા બાવીશ **તીર્થંકરને** નમસ્કાર કરી વિષયનું વિવેચન કર્યું છે. વળી આ ગ્રન્થમાં હિંદુ ધર્મ શાસ્ત્રો કરતાં કેટલેક

અંશે ભિન્નતા પણ માલૂમ પડે છે. કારણ કે જ્યારે હિંદુ શાસ્ત્રો પ્રમાણે પ્રથમ હક્ક પુત્રનો અને પછી માતાનો છે. ત્યારે આ ગ્રન્થ કારના મત પ્રમાણે (પૃ. ૧૩૪) પતિના મરણ પછી પ્રથમ હક સ્ત્રીનો અને પછી પુત્રનો છે. તેમજ વિધવાના સંબંધમાં જે હકોનું પ્રતિપાદન કર્યું છે તે ઉપરથી જણાય છે કે જૈનો સ્ત્રી જાતિને તુચ્છ નહિ ગણતાં ઉચ્ચ પદ આપનાર છે, કારણ કે આત્માની અપેક્ષાએ સ્ત્રી પુરૂષ સરખાં છે તો પછી સ્ત્રીના હકનો શી રીતે નાશ થઇ શકે! બીજું જૈનમાં ફકત પાંચ પ્રકારના પુત્રોને હકદાર વારસ માન્યા છે, ત્યારે હિંદુ શાસ્ત્રોમાં બીજા આઠ પ્રકારના પુત્રોને પણ ધનમાં ભાગ લેનારા માન્યા છે, જેવાં કેઃ-પૌનર્ભવ, કાનીન, પ્રછન્ન, ક્ષેત્રજ, કૃત્રિમ, અપવિદ્ધ, દત્ત, સહોઢજ, આ બધાનું લક્ષણ ૧૩૩ મું પાનું જોવાથી સહજ માલૂમ પડશે, તેમાં જારપણું (વ્યભિચાર) વિગેરે દોષો હોવાથી **જૈન** શાસ્ત્રકારોએ તેમને ભાગના અધિકારી માન્યા નથી. તેમજ કેટલાક શ્લોકોમાં પણ '**जिनागमे**' શબ્દ આવે છે, અને તે શ્લોક જૈનોના આગમમાં તે સંબંધી જણાવેલું છે એવી શાક્ષી આપે છે. અને પ્રાયશ્ચિત પ્રકરણ પણ કર્તાનું જૈન ધર્મ સંબંધી ઉંડું જ્ઞાન દર્શાવી આપે છે. વળી આ ગ્રન્થમાં વ્યવહાર ભાષ્યમાંથી તથા બૃહદર્હન્નીતિ ગ્રન્થો પરથી કેટલાક માગધી શ્લોકો ટાંકવામાં આવ્યા છે, તે પરથી તેમજ દરેક પ્રકરણના અંતે "વિશેષ જાણવાની ઇચ્છા વાળાએ બૃહદર્હન્નીતિ નામા ગ્રન્થ જોઇ લેવો" એવું કથન કરવા પરથી એમ સહજ અનુમાન થાય છે કે તે ગ્રન્થ હોવો જોઇએ. વળી **दिन्तु** એવું માગધી રૂપ **ददतु**ને બદલે એક સ્થળે (૧૮૭ પૃ.) મૂળ પ્રતમાં જોવામાં આવે છે તે અમે શ્લોકમાં રહેવા દીધું છે. તે પરથી પણ

જણાય છે કે માગધી પરથી આ ગ્રન્થ રચાયેલો હોવો જોઇએ.

વળી હરિભદ્રસૂરિના ૧૪૪૦ ગ્રન્થોમાંથી હાલમાં ફક્ત પચાશએક આસરે માલૂમ પડે છે. અને બીજા મુસલમાની રાજ્યના સમયમાં નાશ પામ્યા હોય તેમ લાગે છે. એજ રીતે આ ગ્રન્થ પણ કદાચ નાશ પામ્યો હોય તો તે અશક્ય નથી. છતાં કોઇ પાસે તે ગ્રન્થ હોય, અને અમને તે ઉતરાવવા આપશે તો તેને પચીશ રૂપીઆનું ઇનામ આપવામાં આવશે. કેટલાક લોક એવી દલીલ લાવે છે કે જો આ અર્હન્નીતિ હેમાચાર્યનો ગ્રન્થ હોયતો તેમના બીજા ગ્રન્થોની માફક તેની પ્રમાણતા કેમ ટાંકવામાં આવતી નથી. તેના પ્રત્યુત્તર રૂપે કહી શકાય કે આ ગ્રન્થમાં રાજકીય વ્યવહારિક તથા પ્રાયશ્ચિત્તાદિ પ્રકરણનો સમાવેશ થાય છે. જો કે આખા ગ્રન્થમાં ધામિક વિચાર પ્રાધાન્યતા ભોગવે છે તે છતાં મુખ્ય બાબત વ્યવહારિક ધર્મની છે. અને જૈનોના ઘણાખરા ગ્રન્થો ધાર્મિક વિષયને લગતા હોવાથી તેમાં આ ગ્રન્થની શાખ ન ટાંકી હોય તે સંભવિત છે.

બીજી એક દલીલ એ લાવવામાં આવે છે કે તેની પ્રત ઘણા ભંડારોમાં મળતી નથી. તે દલીલ પણ નિર્જીવ છે. ઉપર જણાવ્યું તેમ તેની ઘણી જરૂર નહિ પડવાથી તેની ઘણી પ્રતો થયેલી નહિ, તે છતાં પણ પાટણના ભંડારમાં ૨૭ મા નંબરના દાબડામાં ૧૮ મા નંબરની પ્રત છે તે જોઇ લેવી.

કેટલાક જૈનો જેઓના વિચારો જમાનાને અનુસરી બદલાતા જાય છે તેઓનું એમ માનવું હતું કે આ ગ્રન્થમાંથી વિધવા પુનર્લગ્નની બાબત નીકળી આવશે. અમે મૂળગ્રન્થ, શ્લોકોની ટીકા સાથે અક્ષરસઃ છપાવ્યો છે, અને તે પરથી નિશ્ચયથી કહી શકીએ છીએ તેમાં

વિધવા પુનર્લગ્નની વાત નથી એટલુંજ નહિ પણ તેના વિરૂદ્ધ પુરાવા અનેક છે. જૈન ધર્મ જેની ઉચ્ચભાવના ( ideal ) યોગી રૂપે છે તે જેથી કામવિકારની વૃદ્ધિ થાય તેવો માર્ગ દર્શાવેજ નહિ. વળી આજ ગ્રંથમાં પૌનર્ભવ પુત્રને જૈનોએ ધનમાં ભાગલેનાર ગણ્યો નથી. કારણ કે પતિના મરણ પછી વિધવાના બીજા પુરૂષ સાથેના સંબંધથી તે ઉત્પન્ન થયેલો છે. માટે પૌનર્ભવનો તિરસ્કાર કરી તેના કારણભૂત વિધવાપુનર્લગ્નનો પણ નિષેધ કર્યો એમ સ્પષ્ટ જણાય છે. આ ગ્રંથની સાથે હેમાચાર્યનું ટુંક જીવન વૃતાન્ત જે પ્રાપ્ત થયું તે આપ્યું છે. પણ જ્યારે વધારે ગ્રન્થો તત્સંબંધી જોવામાં આવશે ત્યારે બીજી આવૃત્તિમાં સંપૂર્ણ જીવનચરિત્ર આપવા પ્રયત્ન કરવામાં આવશે.

આ ગ્રંથના સંબંધમાં હવે એક ઉપયોગી બાબત વિચારવાની છે. આ ગ્રન્થ ઉપર જણાવેલા તેમજ બીજા કેટલાક વિષયો શિવાય અન્ય હિંદુ ગ્રન્થો જેવા કે મનુસ્મૃતિ યાજ્ઞવલ્કયસ્મૃતિ અને વ્યવહાર-મયૂખને ઘણી બાબતોમાં મળતો આવે છે. તેથી કોઇને એમ માન-વાને કારણ મળે કે આ ગ્રન્થ તે પુસ્તકોને આધારે પાછળથી રચા-યેલો હશે. તે દલીલની અસત્યતા બતાવવાને બે પુરાવા છે એકતો એ છે કે જોકે આ લઘુ અર્હન્નીતિ નામનો ગ્રન્થતો કુમારપાળના સમયમાં લગભગ ૧૨૦૦ની સાલમાં રચાયો પણ તેના આધારભૂત માગધી બૃહદર્હન્નીતિ પ્રાચીન સમયની છે અને જેના શ્લોક આ લઘુ અર્હન્નીતિમાં ટાંકવામાં આવેલા છે. વળી પાશ્ચાત્ય વિદ્વાન આર્ય ધર્મોના ગ્રન્થોનો સતત અભ્યાસી પ્રો. મેક્ષમ્યુલર જણાવે છે કે આર્યાવર્તના ધર્મ પુસ્તકોના સમ્બન્ધમાં અમુક ગ્રન્થકારે અમુક ગ્રન્થકારમાંથી ચોરી કરી એમ નિશ્ચયતાથી કહી શકાતું નથી. કારણકે તે દેશનું આખું

વાતાવરણ ઉચ્ચ વિચારથી ભરપૂર હતું, અને તેમાંથી પોતાને રૂચતા વિચારો લેઇ દરેક ગ્રન્થકાર પોતાની શક્તિ પ્રમાણે, તેમજ શ્રોતાવર્ગની પાત્રતાનો વિચાર કરી ગ્રન્થ રચતો. આવા ગ્રન્થો ઘણીજ બાબતમાં મળતા આવે તો પ્રો. મેક્ષમ્યુલરના વિચાર પ્રમાણે કાંઇ અદ્‌ભૂત નથી.

હિંદુઓ અને જૈનો નીતિ અને વ્યવહારના વિચારોમાં પરસ્પર વિરોધી નથી, પણ એકજ આર્યાવર્તમાં વિચાર પ્રદેશમાં ઉત્પન્ન થયેલા બાલકો છે. જ્યારે આટલી બધી સમાનતા છે તો પછી જેથી દરેક રીતે બન્નેમાં શાંતિના અને એકતાના વિચારો વૃદ્ધિ પામે તેવો પ્રયત્ન થાય તેમાંજ આર્યાવર્તના તેમજ આપણા ભવિષ્યનો ઉદય છે. તેમાં આ ગ્રન્થ સહાયભૂત થાઓ એવી વીતરાગ પરમાત્મા પ્રતિ આ લેખકની અંતઃકરણથી પ્રાર્થના છે.—

| | |
|---|---|
| રતનપોળ.—અમદાવાદ.<br>તા. ૫–૮–૦૬ | લી. ભાષાન્તર કર્તા. |

मन्त्रः कश्चिन्न मम सविधे नैव लोकेष्टकर्म्मा- ॥
णिग्लानिर्नो विषयसुखतो नैव विद्वत्सुसेवा ॥
लाभः किन्तु प्रवचननिधेर्बोधाबिन्दोर्मदीयो ॥
लप्स्याम्यग्रे तमुपददाऽमोदलेशं बुधानाम् ॥

"કલિકાલ સર્વજ્ઞ"

# શ્રીમાન્ હેમચંદ્રાચાર્યનું જીવન ચરિત્ર.

જીવનચરિત્ર લખવા તરફની પ્રીતિ આપણા આર્યાવર્તમાં બહુજ ઓછી માલૂમ પડેછે. અને તેથી કરીને મહાન્ પુરૂષોના ચરિત્ર મેળવવા તે એક દુષ્કર કાર્ય થઇ પડે છે.

મહાન્ પુરૂષોના જીવનચરિત્ર પરથી જે કીમતી બોધ મળે છે તે કરોડો નોવેલો અથવા રસિક પુસ્તકો વાંચવાથી મળી શકતો નથી. તેવા જીવનચરિત્ર વાંચવાથી જો તે મહાન્ પુરૂષપર ભક્તિ જાગૃત થાય અને તેમના અલૌકિક ગુણોમાંથી એકાદ ગુણ પુરેપુરી રીતે પ્રાપ્ત કરવા આપણામાં દ્રઢ અભિલાષા જાગૃત થાયતો આપણી જીંદગી ખરેખરી સાર્થક નીવડે. ચરિત્રો વાંચવાથી, અને ખરા વૃતાન્તો વાંચવાથી, તેઓના કૃત્યનો, જ્ઞાનનો, અને તેમના ઉમદા ગુણોનો આપણને કાંઇક ખ્યાલ આવેછે, અને આપણે આત્મ નિરીક્ષણ (self-analysis.) કરતાં શીખીએ છીએ. પોતામાં કયા દુર્ગુણો તથા સદ્ગુણો છે તે આપણે આ રીતે સહજ જોઈ શકીએ છીએ. માટે મહાન્ પુરૂષોના ચરિત્રો અનુકરણ કરવા લાયક દ્રષ્ટાન્ત તેમજ આપણી સ્થીતિનું ભાન કરાવનાર માનસિક દર્પણ છે.

મહાન્ પુરૂષના પદને જે પુરૂષો યોગ્ય થઇ ગયા છે, તેમાંના એક આ ગ્રંથના કર્તા હતા. તેમને વિષે અનેક વિદ્વાનો—આર્યાવર્તના તેમજ પાશ્ચાત્ય—કાંઇ કાંઇ લખી ગયા છે. નીચેના ગ્રંથોપરથી પણ તે મહાન્ આચાર્યના ચરિત્રપર પ્રકાશ પડેછે.

(૧) સોમ પ્રભાચાર્યકૃત હેમકુમાર ચરિત્ર (૨) મેરૂતુંગાચાર્ય કૃત પ્રબંધ ચિંતામણી (૩) શ્રી જયસિંહસૂરિકૃત કુમારપાળચરિત્ર (૪) શ્રી ચારિત્રસુંદરગણિકૃત કુમારપાળચરિત્ર (૫) શ્રી પ્રભાચંદ્રાચાર્ય-કૃત પ્રભાવક ચરિત્ર (૬) રાજશેખરસૂરિકૃત ચતુર્વિંશતિપ્રબંધ (૭) જિ-નપ્રભાસૂરિકૃત તીર્થકલ્પ (૮) જિનમંડણસૂરિકૃત કુમારપાળપ્રબંધ (૯) શ્રી સોમતિલકસૂરિકૃત કુમારપાળચરિત્ર (૧૦) જિનહર્ષસૂરિકૃત કુમારપાળ રાસ (૧૧) ઋષભદાસકૃત કુમારપાળ રાસ (૧૨) યશઃપાળમંત્રિકૃત મહામોહપરાજયનાટક વગેરે. જેમને વિસ્તારથી આ સૂરિનું ચરિત્ર પ્રાપ્ત કરવા ઇચ્છા હોય તેમને ઉપલા ગ્રંથો જોવાની જરૂર વિચારીએ છીએ.

પૂર્ણવલ્લી ગચ્છના અધિપતિ શ્રીગુણસેનસૂરિના શિષ્ય શ્રીદેવચંદ્ર સૂરિમહારાજ વિહાર કરતાં કરતાં ધંધૂકા નગરમાં પધાર્યા. ત્યાં ચાચિગ નામે મોઢ વંશનો એક શેઠીઓ રહેતો હતો. તેની ભાર્યા પાહિની જાણે જિનશાસનની દેવી ના હોય તેવી હતી. તેણીને એક દિવસ ગુરૂ મહારાજને રત્ન ચિંતામણી અર્પણ કર્યાનું સ્વપ્ન આવ્યું. પ્રાતઃકાળે તે પતિવ્રતા સ્ત્રીએ શ્રીદેવચંદ્ર સૂરિ પાસે જઇ તે સ્વપ્નનું ફળ પૂછ્યું. સૂરીશ્વરે કહ્યું કે, " બેન, તમને ચિંતામણી સમાન પુત્ર પ્રાપ્ત થશે. પરંતુ તમે તે પુત્રરત્ન ગુરૂમહારાજને અર્પણ કરશો, અને તે શ્રી જૈન શાસનનો ઉદ્યોત કરનાર મહાન્ આચાર્ય થશે. " આ પ્રમાણે ગુરૂમ-હારાજની વાણીથી આનંદિત થએલી પાહિનીને દૈવયોગે તેજ દિવસથી ગર્ભ રહ્યો. અને અનુક્રમે વિક્રમ સંવત. ૧૧૪૫, કાર્તક પૂર્ણિમાની રાત્રેપુત્ર પ્રસવ થયો. પછી જન્મોત્સવ પૂર્વક સ્વજનોએ તે બાળકનું ચાંગદેવ નામ પાડ્યું. તેની પાંચ વર્ષની ઉમ્મર થઇ ત્યારે એક દિવસ તેની માતા સાથે તે દેવવંદન કરવા ગયો અને ત્યાં દેવવંદનાર્થે પધા-

રેલા શ્રીદેવચંદ્ર ગુરૂના આસન ઉપર બાલ્યાવસ્થાના ચપળ સ્વભાવથી ચડી બેઠો. તે જોઇને ગુરૂએ પહિનીને કહ્યું કે "હે સુશ્રાવિકે, પ્રથમ મેં કહેલું સ્વપ્નનું ફળ યાદ છે? હવે તે સફળ થવાનું છે." પછી બાળકના અંગ લક્ષણો જોઇ તેઓ ફરીથી બોલ્યા, "જો આ ક્ષત્રીય કુળમાં જન્મ્યો હોય તો સાર્વભૌમ રાજા થાય, બ્રાહ્મણ અગર વણિક કુળમાં અવતરેલો હોય તો મહાઅમાત્ય થાય, અને જો દીક્ષા ગ્રહણ કરે તો આ કલિયુગમાં કૃતયુગ પ્રવર્તાવે તેવો થાય." એ પ્રમાણે ગુરૂના વચનામૃતથી ઉલ્લાસ પામી પાહિની પુત્રસહિત પોતાને ઘેર ગઇ. ગુરૂપણ ધર્મશાળામાં આવી શ્રીસંઘને એકત્ર કરી સાથે લઇ ચાચિગ શેઠને ઘેર ગયા. એ વેળાએ ચાચિંગ શેઠ પરગામ ગએલા હતા. શ્રી સંઘે ચાંગદેવની યાચના કરી. માતા તરીકેના સ્નેહને લીધે તેમજ પોતાનો પતિ પરદેશ ગએલ છે, તથા તે મિથ્યામતિ હોવાથી મારા મતને અનુકુળ થશે કે નહિ તેવા સંક્ષોભથી તેણી પ્રથમ તો મહાવિચારમાં પડી, પરંતુ કલ્પવૃક્ષ તુલ્ય શ્રીસંઘ સમેત ગુરૂમહારાજ પધાર્યા છે તો તેમના વચનનો અનાદર કેમ થાય એમ વિચારી સ્વજનોની અનુમતિ મેળવી પોતાના અતિપ્રિયપુત્ર ચાંગદેવને અર્પણ કર્યો. તેને લઇ ગુરૂમહારાજ તીર્થયાત્રા કરતાં કર્ણાવતી પધાર્યા. ત્યાં ઉદયન મંત્રીને ત્યાં તે બાળકનું રક્ષણ કરવામાં આવ્યું. તેના સંયમ લેવાના પરિણામ જોઇ સંઘના તમામ લોકો તેને ધન્યવાદ દઇ માન આપવા લાગ્યા.

હવે અહીં ચાચિગ શેઠ પરગામથી ઘેર આવ્યા, ત્યારે પાહિનીએ સર્વ વૃતાન્ત નિવેદન કર્યું. સાંભળતાં વારજ તે શેઠે એવો નિશ્ચય કર્યો કે જ્યાં સુધી મારા વહાલા પુત્રનું મુખ ન જોઉં ત્યાં સુધી

સમસ્ત આહારનો મારે ત્યાગ છે. પોતે કર્ણાવતી આવ્યા, એટલે અવસરજ્ઞ દેવચંદ્ર સ્વામીએ તેને એવો સજ્જડ ઉપદેશ આપ્યો કે તેણે પણ પીગળી જઇ પોતાના પુત્રને ગુરૂને સ્વાધીન કરવા સંમતિ આપી.

ઉદયન મંત્રી ચાચિગને પોતાને ઘેર લઇ ગયો અને તેમનો બહુજ સત્કાર કર્યો. ચાચિગ તેમજ ઉદયનમંત્રીએ મહામહોત્સવ પૂર્વક વિક્રમ સં. ૧૧૫૦ માં ચાંગદેવને દીક્ષા અપાવી. તે વખતે ગુરૂએ સોમદેવ મુનિ એવું નામ આપ્યું.

ત્યાર પછી શ્રી સંઘે આ મુનિશ્રીના ચમત્કારી ગુણોથી પ્રેરાઇ " હેમચંદ્ર " એવું નામ આપ્યું. ત્યાર બાદ સરસ્વતી દેવની ઉપાસના કરવા સારૂ તેઓશ્રી કાશમીરમાં ગયા, પછી તેમણે વિદ્યાના પ્રવાદ તથા સંવાદમાં સુંદર એવા કેટલાક મંત્રો આમ્નાય સહિત પ્રાપ્ત કરીને ત્યાંથી વિહાર કર્યો.

દેવેન્દ્રસૂરી તથા મલયગિરિસૂરિ નામના બે આચાર્યો સાથે માર્ગમાં તેમને સમાગમ થયો. તેમની સાથે તેઓ સૌરાષ્ટ્ર દેશમાં આવેલા શ્રી ગિરનાર પર્વત પર ગયા. અને ત્યાં પદ્મિની સ્ત્રી જેવી ઉત્તર સાધક તરીકે ઉભી રાખી; છતાં મનને જરા માત્ર વિકારાધીન થવા ન દીધું, અને શ્રી સિદ્ધચક્રના મંત્રનું વિધિ પૂર્વક આરાધન કરી દેવતાઓને સ્વાધીન કર્યા. દેવતાઓએ આપેલા વરથી તેમજ તેમની વિદ્વતા અને ગુણોથી હર્ષ પામી નાગપુરના ધનદ શેઠે મહા મહોત્સવ કર્યો. શ્રી સંઘ તથા ગુરૂની સંમતિથી વિ. સં. ૧૧૬૬માં આચાર્ય પદ હેમચંદ્ર મુનિને અર્પણ કરવામાં આવ્યું. તે સમયથી હેમ ( સુવર્ણ ) જેવી કાન્તિને લીધે તેમજ ચન્દ્ર જેવા આલ્હાદક ગુણોથી તે મુનિ હેમચંદ્રાચાર્યના નામથી સર્વત્ર પ્રસિદ્ધ થયા.

તે સમયે ગુજરાતની રાજધાની અણહીલપુર પાટણનો રાજા સિદ્ધરાજજયસિંહ રાજ્ય ગાદી પર હતો; તેને અનેક યુક્તિઓ વડે શ્રી હેમચંદ્ર મહારાજે જૈન ધર્મ પર આસ્થા વાળો કર્યો હતો. તે વિષય સબંધી વિવેચન કરનાં ટોની નામનો એક અંગ્રેજ વિદ્વાન જણાવે છે કે " સિદ્ધહેમ વ્યાકરણની રચના શ્રી હેમચંદ્રાચાર્યે સિદ્ધરાજજયસિંહના આગ્રહથી કરી તે નિઃસંશય વાત છે. અને દેવસૂરિ તથા હેમચંદ્રાચાર્યના સંવાદમાં સિદ્ધરાજ અહર્નિશ ભાગ લેતો " હેમાચાર્યમાં સમય સૂચકતા તથા વિદ્વતા અલૌકિક પ્રકારની હતી તેના ઘણાં દૃષ્ટાન્તો મળી આવે છે.

એક વખત તેઓ શ્રી ચતુર્મુખ મંદિરમાં નેમિ ચરિત વાંચતા હતા; તેમાં તેમણે બ્રાહ્મણો સન્મુખ એવું પ્રતિપાદન કર્યું કે પાંડવ તથા કૌરવો જૈન ધર્માનુયાયી થઈ ગયા હતા.

બ્રાહ્મણોએ ગુસ્સે થઇ જઇ સિદ્ધરાજને કહ્યું કે આચાર્યજી તો આ પ્રમાણે કહે છે.

શ્રી હેમાચાર્યને સન્માન પૂર્વક બોલાવી સિદ્ધરાજે તે બાબત પૂછ્યું, તે સાંભળી આચાર્ય મહારાજ મહાભારતનો શ્લોક બોલ્યા.

**अत्र भीमशतं दग्धं पाण्डवानां शतत्रयम् ॥**
**द्रोणाचार्यसहस्रं तु कर्णसंख्या न विद्यते ॥**

અહીંયાજ સો ભીમ ત્રણસેં પાંડવો અને હજાર દ્રોણાચાર્ય થઇ મરી પણ ગયા. અને કર્ણ કેટલા ઉત્પન્ન થયા તેની તો સંખ્યા પણ નથી. આ ઉપરથી ગર્ભિત સૂચન એ કર્યું કે તેમાં કેટલાક જૈન હોય તે અસંભવિત વાત નથી.

એકદા રાજ્યસભામાં સર્વે બ્રાહ્મણો પોતપોતાના ઉચિત સ્થાને બેઠા હતા તેવામાં શ્રી હેમચંદ્રને આવતા જોઇ ઈર્ષ્યાથી એક તેમાંનો મુખ્ય બોલી ઉઠયો.

**आगतो हेमगोपालो दण्डकम्बलमुद्वहन् ॥**

દાંડો તથા કમ્બલ ધારણ કરનાર હેમગોવાળ આ આવ્યો. તેને તો હાસ્યમાં સૂરિની કામળી તથા હાથમાં દાંડો જોઇ ગોવાળની ઉપમા આપી પણ અવસરના જાણકાર સૂરિએ ખોટું નહિ લગાડતાં તરતજ પ્રત્યુત્તર પણ શ્લોકમાં આપ્યો.

**षड्दर्शनपशुप्रायांश्चारयन् जैनवाटके ॥ १ ॥**

જૈનધર્મરૂપી બગીચામાં છ દર્શનરૂપી પશુઓને ચરાવનાર હું ગોપ છું. તેમનો આ ઉત્તર સાંભળી સર્વે સ્તબ્ધ બની ગયા અને તેમની પ્રશંસા કરવા લાગ્યા.

એક સમયે કુમારપાળ નામનો સિદ્ધરાજના ભાઇ ત્રિભુવનપાળનો પુત્ર રાજ્ય સભામાં આવ્યો. ત્યાં સિદ્ધરાજની પાસે બેઠેલા હેમાચાર્યની દિવ્ય મુખાકૃતિ જોતાં તેના મનમાં વિચાર આવ્યો કે આ કળાસાગર જૈન મુનીશ્વર રાજાને પણ માન્ય છે માટે ખરેખર કોઇ સાત્વિક ગુણના સમુદ્ર જેવા હશે, અને તેમના દર્શનથી ખરેખર હું ભાગ્યશાળી થઇશ, અને મારા આત્માને કૃતકૃત્ય માનીશ. આવા વિચારથી તે સૂરિની પાછળ તેમના ઉપાશ્રયે ગયો, અને તેમનું દર્શન તથા વંદન કરી આનંદિત થયો. કુમારપાળ ત્યાં કેટલાક દિવસ સુધી રહ્યો, તે સમયમાં તે સૂરિની પાસે અહર્નિશ આવતો અને તેમની અમૃતરૂપ વાણીનું પાન કરી આનંદમાં તેમજ ભક્તિ રસમા મગ્ન થતો- એક સમયે

જગતમાં કયો ગુણ સર્વથી શ્રેષ્ઠ તે સમ્બન્ધી ચર્ચા ચાલતાં સૂરિએ કહ્યું કે પરસ્ત્રી સાથે ભાઇ તરીકે વર્તવું અને તે સાથે સત્ત્વ ગુણની વૃદ્ધિ કરવી તે શિવાય આ જગતમાં બીજો ઉત્તમ ગુણ નથી. કહ્યું છે કેઃ—

**प्रयातु लक्ष्मीश्चपलस्वभावा गुणा विवेकप्रमुखाः प्रयान्तु ।**
**प्राणाश्च गच्छन्तु कृतप्रयाणाः मा यातु सत्त्वं तु नृणां कदाचित् ॥**

ભલે ચપળ સ્વભાવવાળી લક્ષ્મી જતી રહે, ભલે વિવેક પ્રમુખ ગુણો જતા રહે, અને પ્રયાણ કરવાને તત્પર પ્રાણ ભલે જાય, પણ મનુષ્યોનું સત્ત્વ કદાપિ નાશ ન પામશો. આ રીતે ઉપદેશામૃતનું પાન કરીને કુમારપાળ સ્વસ્થાનકે ગયો અને કેટલાએક દિવસ જયસિંહની સેવામાં રહી દધિસ્થળ તરફ વિદાય થયો,

સિદ્ધરાજને રાજ્ય કરતા ઘણાં વર્ષો વીતી ગયાં, દેવ દેવીઓની અનેક માનતાઓ કરવા છતાં પુત્ર પ્રાપ્તિ થઇ નહિ તેથી છેવટ શ્રી હેમચંદ્રાચાર્યની સાથે તે યાત્રા કરવા નીકળ્યો. શત્રુંજય, ગિરનાર, વગેરે તીર્થની યાત્રા કરી, અને શ્રી હેમચંદ્ર સૂરિને પૂછ્યું કે “ મારે પુત્ર થશે કે નહિ ? ” સૂરિએ ત્રણ ઉપવાસ કરી અંબાદેવીને આરાધી નિર્ણય કરી લીધો અને રાજાને જણાવ્યું કે અનેક ઉપાય કર્યા છતાં તમને પુત્ર થનાર નથી. તમારા પછી ત્રિભુવન પાળનો પુત્ર કુમારપાળ ગાદીએ બેસશે. આથી રાજા ખેદ પામ્યો, અને કુમારપાળને મરાવી નંખાવવાથી પોતાને સોમેશ્વરની કૃપાથી પુત્ર પ્રાપ્તિ થશે, એવી મિથ્યા કલ્પના કરી કુમારપાળ ઉપર દ્વેષ ધારણ કરવા લાગ્યો. કુમારને મારવાના ઇરાદાથી સિદ્ધરાજે છૂપા મારા મોકલી પ્રથમ તો ત્રિભુવન પાળને મારી નંખાવ્યો.

કુમારપાળ પોતાના પિતાના વધની તપાસ કરવા સારૂ પાટણ ગયો, ત્યાં તેને માલૂમ પડયું કે સિદ્ધરાજ તેને પણ મરાવી નાંખવાની પેરવીમાં છે. તેથી કુમારપાળ પોતાના બનેવી કૃષ્ણદેવની સલાહથી ગુપ્તવેશે જંગલમાં ફરતો રહ્યો. પછી અનેક મુશ્કેલીઓમાંથી પસાર થઇ ખંભાતની બહાર ગામના પ્રાસાદ આગળ આવી પહોંચ્યો, ત્યાં શ્રીહેમાચાર્ય પણ બહિર્ભૂમિ આવ્યા હતા.

તેમણે સર્પના મસ્તક ઉપર ગંગેટક નાચતો જોઇ અનુમાન કર્યું કે આટલામાં કોઈ રાજા હોવો જોઇએ. તેટલામાં કુમારપાળ નજરે પડયો, તેને પોતાની પૌષધશાળાના ભોંયરામાં સ્થાન આપ્યું. અને તેની ઉદયન મંત્રી પાસે બહુ સારી સંભાળ રખાવી. અને ગુરૂએ નિશ્ચય કરીને કહ્યું કે "હે, ગુણાધાર કુમાર, તમને વિક્રમ સં. ૧૧૮૯ માં માગશર વદ ૪ રવિવારે પુષ્ય નક્ષત્રમાં ત્રીજે પહોરે રાજ્ય મળશે." છેવટે ગુરૂનો ઉપકાર માની ત્યાંથી સિદ્ધરાજના ભયથી અટન કરતો કરતો એક વખત નાગેંદ્ર પત્તન નામના ગામમાં આવ્યો. ત્યાં તેને સિદ્ધરાજના મરણની અને પાટણ મધ્યે પાદુકાના રાજ્યની ખબર મળી, તેથી ત્યાંથી ઉજ્જયિની થઇને પોતે સિદ્ધપુર પાટણ ગયો. ત્યાં રાજયગાદી કોને આપવી તે સંબંધે સામંતો અને મંત્રીઓમાં વાદવિવાદ ચાલતાં એવો નિશ્ચય થયો કે ફક્ત કુમારપાળજ રાજગાદીને યોગ્ય છે. સૂરિમહારાજે પ્રથમથી કહેલા દિવસેજ તેનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. આ વખતે તેની ઉમર ૫૦ વર્ષની હતી. શ્રીહેમચન્દ્રાચાર્ય ઉપર તેને દૃઢ નિષ્ઠા પ્રથમથીજ જામેલી હતી, અને હવે તો તે શ્રદ્ધા વધી અને તેથી ગુરૂમહારાજના કથનાનુસાર વર્તન કરવા લાગ્યો. ચંદ્રની કાંતિથી દરિયાની લહેરોને જેમ આકર્ષણ પહોંચે છે,

તેમ રાજામાં તેમની વાણીથી આનંદની લહેરો ઉઠતી હતી. તેણે સોમેશ્વરના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો, તે વખતે ગુરૂએ તેને મદ્ય માંસનો ત્યાગ કરાવ્યો; રાજા મહાદેવના દર્શન સારૂ સોમેશ્વર યાત્રાર્થે નીકળ્યો; અને સૂરિમહારાજને પણ આવવા વિનંતી કરી. બ્રાહ્મણો ધારતા હતા કે સૂરિજી આવશે નહિ. પરંતુ અવસરના જાણ સૂરિજીએ આવવા કબૂલ કર્યું. અને શત્રુંજય વિગેરેની યાત્રા કરી દેવપટ્ટણ સોમેશ્વરમાં રાજાને આવી મળ્યા. ત્યાં રાજા કુમારપાળ સૂરિશ્રીને કહેવા લાગ્યો કે આપને યુક્ત હોય તો શિવજીને નમસ્કાર કરો. સૂરિજીએ કહ્યું એ શું બોલ્યા ? એમ કહી પરમાત્માની સ્તુતિ બોલ્યા.

**भवबीजांकुरजनना, रागाद्याः क्षयमुपागता यस्य ।**
**ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥**

અર્થ:—ભવના બીજને અંકુર ઉત્પન્ન કરનારા રાગ દ્વેષ વગેરે જેના નાશ પામ્યા છે તે ગમે તો બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, શંકર હોય, કે જીન હોય તેને અમારો નમસ્કાર છે. આ વિગેરે કેટલીક સ્તુતીઓ વડે પરમાર્થથી વીતરાગ દેવનીજ સ્તુતિ કરી. રાજા પણ તે સ્તુતિથી અત્યન્ત ચમત્કાર પામ્યો. બ્રાહ્મણો તેથી ગ્લાનિ પામ્યા, ત્યાં આગળ હેમચંદ્રાચાર્યે મંત્રના પ્રભાવથી સાક્ષાત્ મહાદેવના દર્શન કુમારપાળને કરાવ્યા. અને મહાદેવે પ્રત્યક્ષ થઇ રાજાને કહ્યું કે, "હે રાજન, તને ધર્મ પ્રાપ્તિ આ બ્રહ્મા જેવા હેમાચાર્યથીજ થશે." ત્યારથી અત્યન્ત ભક્તિ ભરેલી દૃષ્ટિથી કુમારપાળ સૂરિજી સાથે વર્તવા લાગ્યો.

પછી કેટલાક કાળસુધી બ્રાહ્મણો સાથે ધર્મ વિવાદ ચાલ્યા કર્યો છેવટે કુમારપાળે જૈનધર્મ સ્વીકાર્યો એટલુંજ નહિ પરંતુ બારવ્રત અંગીકાર

કરી રાજ્યમાં અહિંસા ધર્મનો પ્રચાર કર્યો તેને માટે એક અંગ્રેજ લેખક આ પ્રમાણે લખેછે.

"મેરૂતુંગાચાર્ય કયા અવસરમાં થયા, અથવા બુલર તેને માટે ગમે તે સુધારો બતાવતો હોય, તો પણ એટલુંતો તદ્દન નિઃસંશય છે કે કુમારપાળ ખરેખરી રીતે જૈન ધર્મી થઇ ગયો હતો, અને આખા ગુજરાતને પણ એક નમુનેદાર જૈનરાજ્ય બનાવવાને તેણે પ્રયાશ કર્યો હતો.

હેમચંદ્ર સૂરિના ઉપદેશથી તેણે જૈન ધર્મમાં નિષેધેલા ભોગોપભોગ તથા શિકારાદિ મિથ્યા મોજ શોખ તજી દીધાં એટલુંજ નહિ પરંતુ તેણે પોતાની આખી રૈયતને પણ તેવોજ ઇંદ્રિય નિગ્રહ રાખવા ફરજ પાડી. તેણે પોતાના રાજ્યમાં એવું આજ્ઞાપત્ર પ્રસિદ્ધ કર્યું કે કોઇપણ નાનામાંનાના પ્રાણીની પણ હિંસા કરવી નહિ. અને આ આજ્ઞા પત્રનો અમલ ઘણી સખ્ત રીતે તેના આખા રાજ્યના દરેક ભાગમાં કરવામાં આવતો. જે બ્રાહ્મણ લોકો તેઓના હોમની અંદર પશુઓનું બલિદાન આપતાં હતા, તેઓને હવે તે ક્રિયા છોડી દેવાની જરૂર પડી. અથવા પશુને બદલે અનાજ વિગેરેનો હોમ કરવા લાગ્યા તે સમયથીજ આ ગુજરાતમાં યજ્ઞયાગાદિ ઓછા થયા અને લોકો ઘણા દયાળુ બન્યા તેમજ મદ્યમાંસનો નિષેધ કરનારા થયા. પાલી દેશ એટલે કે રજપુતાનામાં પણ લોકોને આ નિયમ માન્ય કરવાની ફરજ પડી. અને તે દેશના ઋષિઓ કે જેઓ વસ્ત્ર તરીકે મૃગચર્મ ધારણ કરતા હતા તેઓને પણ આ નિયમ માન્ય કરવો પડયો અને મહા મુશીબતે પણ મૃગચર્મ મેળવી શકયા નહિ.

વળી આ અહિંસા પ્રચાર સંબંધી આજ્ઞા પત્રથી મૃગયાની

( શીકાર ) પણ સર્વત્ર મનાઈ થઈ ગઇ. કાઠીયાવાડનો મધ્ય ભાગ કે જેને પાંચાલ દેશ કહેવામાં આવે છે, ત્યાંના લોકો શિકારી તથા પાપિષ્ટ હતા તેઓને પણ આ આજ્ઞા પત્રને માન આપી શિકાર તદ્દન છોડી દેવાની જરૂર પડી.

વળી આ આજ્ઞા પત્રનું એક બીજું મહા ફળ એ થયું કે ખાટકી કસાઇ લોકોનો ધંધો બિલકુલ ભાંગી પડયો કે જેનું વર્ણન દ્વયાશ્રય કાવ્યમાં આબેહુબ આપેલું છે. તેઓએ ધંધો છોડી દીધો તેના બદલામાં ત્રણ વરસની પેદાશ જેટલી રકમ તેઓને એકંદર આપવામાં આવી.

કુમારપાળે અનેક મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવા ઉપરાંત ૧૪૪૪ જિન મંદીરો બંધાવ્યાં કહેવાય છે.

વળી જિન મંદીર, જિન પ્રતિમા, જિનાગમ, સાધુ, સાધ્વી. શ્રાવક અને શ્રાવિકા એ સાત ક્ષેત્રોમાં અનર્ગલ વિત્તનો વ્યય કર્યો કહેવાય છે.

હેમાચાર્ય પાસે ધર્મના તત્ત્વો શીખી જૈનધર્મમાં દ્રઢ શ્રદ્ધાવાળો, તેમજ નિપુણ થયો અને પોતાના સમ્બન્ધમાં આવતા સર્વ મનુષ્યો પર ધર્મની છાપ પાડી જૈન ધર્મમાં આસ્થાવાળા કરવા સમર્થ થતો. હવે તે રાજા હતો છતાં પોતાનો સમય કેવી રીતે પસાર કરતો હતો તે વિષે નીચેની હકીકત મળી આવે છે.

કુમારપાળ કિંચિત્ રાત્રી શેષ રહેતી, ત્યારે જાગી ઉઠીને પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરતો, બે પ્રકારે દેવ, ગુરૂ, અને ધર્મની શ્રદ્ધાનું ચિંતવન કરતો, કાય શુદ્ધિ પૂર્વક પુષ્પ નૈવેદ્ય અને સ્તોત્રાદિ વિવિધ પૂજા વડે જિન પ્રતિમાનું પૂજન કરી પાંચ દંડકે યુકત ચૈત્યવંદન

કરતો. ગુરૂ શ્રી હેમાચાર્યની ચંદન, બરાસ, અને સુવર્ણ કમળ વડે પૂજા કરતો, અને તેમની પાસે ધર્મ દેશના સાંભળતો એ રીતે તેના ઘણા દિવસો ધર્મ કથા શ્રવણ કરવામાં અને ગુરૂના ઉપદેશ પ્રમાણે વર્તવામાં પસાર થતા.

લુતા નામનો રોગ વંશ પરંપરાથી કુમારપાળની રાજ ગાદીએ ઉતરી આવેલો હતો, તેને હેમચંદ્રાચાર્યે મંત્રના જોરથી દૂર કર્યો તેમજ બ્રાહ્મણ પક્ષના દેવ બોધી સાથે વાદ વિવાદ થતાં એમ પૂછ-વામાં આવ્યું કે આજે કઇ તિથિ થઇ, તે સમયે અમાવાસ્યા હોવા છતાં પૂર્ણીમા છે, એમ સૂરિશ્રીએ પ્રમાદથી કહ્યું, અને તે રાત્રે મં-ત્રારાધન કર્યું અને તેથી ચંદ્રબિંબ આબેહુબ પ્રદર્શિત થયું એમ કહેવાય છે.

ઇત્યાદિ અનેક પ્રભાવ શાળી કાર્યો કર્યા બાદ શ્રી હેમાચાર્યે પોતાનું ચોરાશી વર્ષનું આયુ પૂર્ણ થયું જાણી અંત સમયે શ્રી સંઘને રાજા સુદ્ધાં એકઠો કર્યો; બધાનાં દેખતાં રાજાનું હૈયું ભરાઇ આવ્યું. સૂરીશ્વરે કહ્યું “ હે રાજન્ તમે ગભરાઓ ના હવે તમારૂં આયુ પણ છ મહિના બાકી રહ્યું છે. ” પછી રાજર્ષિ ગુરૂના ચરણકમળમાં પડી ગદ્‌ગદ્ કંઠે બોલ્યો, “ હે મહારાજ, સ્ત્રી વર્ગ તથા રાજ્યાદિતો અલ્પ પ્રયાસથી મળી શકે છે, પણ આપ જેવા કલ્યાણ ઇચ્છનારા કલ્પવૃક્ષ સમાન ગુરૂના દર્શન મળવા દુષ્કર છે.

હે ભગવાન્, આપ મારા એકલા ધર્મદાતાજ નથી પણ જીવદાતા છો. અરે, હું આપના ઋણમાંથી કયારે મુક્ત થઇશ ? ” એ પ્રમાણે રાજાના કરૂણામય વિલાપથી સૂરિનું હૈયું ભરાઈ આવ્યું, તો પણ પોતાના પગે પડેલા રાજાને મોટા કષ્ટે ઉઠાડીને ક્ષીર સમુદ્રની લહેરો

જેવી પવિત્ર વાણીથી બોલ્યા કે “હે રાજન્, તમે જન્મથી માંડીને ખરા અંતઃકરણથી મારી ભક્તિ કરી છે, તેથી સ્વર્ગે ગયા પછી પણ હું જાણે તમારા હૃદયમાં કોતરેલો હોઉં તેની પેઠે તમારાથી ભિન્ન નહિ રહું.

બીજું તમે મનઃ શુદ્ધિ પૂર્વક શ્રી જૈન ધર્મનું આરાધન કર્યું છે, તેના પ્રતાપથી તમને મોક્ષ પણ અતિ દુર્લભ નથી, તો સદ્‌ગુરૂનું શું કહેવું ?

ઇત્યાદિ વચનથી આશ્વાસન પામી તેણે સૂરિશ્રીના માનાર્થે ઉત્સવની રચના કરવા માંડી. સૂરિએ પોતે મનમાં નિરંજન નિરાકાર અને સચ્ચિદાનંદમય પરમાત્માનું ધ્યાન કરી પોતાના આત્માને તન્મય કરી નાંખ્યો. એ પ્રકારે તલ્લીન ધ્યાનમાં છેલ્લા ઉચ્છ્વાસ વખતે તેમણે દશમ દ્વારથી પ્રાણ છોડયા, સં. ૧૨૨૯.

એક વખત રાજા પ્રાતઃકાળમાં ઉઠી ગુરૂ વિરહનો વિલાપ કરતો હતો. “હે શ્રી હેમચંદ્ર સૂરિશ્વર ! આપે મારા લલાટમાંથી “રાજ્યને અંતે નરક છે” એવા અક્ષર કાઢી નાંખ્યા છે. અને મને ભવસમુદ્રમાંથી તારનાર નાવ તરીકે પણ આપજ થયા છો. માટે હું આપના પાદપદ્મ વંદન કરૂં છું.

થોડા મહિના થયા નહિ એટલામાં રાજાના ભત્રીજા અજયપાળે રાજ્યના લોભથી કુમારપાળને કોઇ દુષ્ટના હાથે કપટથી ઝેર ખવડાવ્યું. તે વિષના યોગે રાજાનું અંગ ધ્રુજવા લાગ્યું, અને તે સર્વ પ્રપંચ તેના સમજવામાં આવ્યો. રાજાને આવી સ્થિતિમાં જોઇ પાસે ઉભેલો એક કવિ બોલ્યો:—

**कृतकृत्योऽसि भूपाल, कलिकालेपि भूतले ।**
**आमंत्रयति तेन त्वां, विधिः स्वर्गे यथाविधि ॥**

હે રાજન્ આ કલિયુગમાં તેં તારૂં કર્તવ્ય સાધ્યું છે. તેથી કરી વિધિ તને યથાવિધિ સ્વર્ગે આમંત્રણ કરે છે.

હૃદયમાં સર્વજ્ઞ દેવ, હેમચંદ્ર ગુરૂ અને તત્પ્રણીત ધર્મનું સમ્યક પ્રકારે સ્મરણ કરી સંવત ૧૨૩૦ ની સાલમાં પોતાના રાજ્યના ૩૦ વર્ષ ૮ માસ અને ૨૭ મે દીવસે વિષની લહેરથી ઉછળતી મૂર્છામાં મરણ પામી વ્યંતર દેવલોકમાં ગમન કર્યું. એના જેવો જિન ભક્ત રાજા તથા હેમસૂરિ જેવા ગુરૂનો સંયોગ આ પૃથ્વી પર ભાગ્યેજ થાય છે.

માટે એવો સુવર્ણ અને રત્નનો સંયોગ આ વિશ્વમાં સ્થળે સ્થળે પ્રસરો, એવી આ લેખકની પ્રાર્થનાં પરમાત્મા સફળ કરો

આ સર્વશાસ્ત્રમાં નિપુણ વિદ્વાને અનેક ગ્રંથો રચ્યા છે તેમણે સિદ્ધ હેમ નામનું પાણિનીના વ્યાકરણના જેવું એક પંચાંગી વ્યાકરણ રચ્યું છે, તેને માટે કહેલું છે કે.

**किंस्तुमः शब्दपाथोधेर्हेमचन्द्रयतेर्मतिम् ।**
**एकेनापि हि येनेदृक् कृतं शब्दानुशासनम् ॥**

શબ્દરૂપી સમુદ્રને ઉલ્લાસમાન કરનાર હેમચંદ્રની બુદ્ધિની કેટલી સ્તુતિ કરીએ કે જેમણે એકલાએ આવું શબ્દાનુશાસન રચ્યું. વળી તેમના વ્યાકરણની પ્રસંશા કરતાં એક કવી કહે છે કે,

**भ्रातः पाणिनि संवृणु प्रलपितं, कातंत्रकंथाकथा ।**
**मा कार्षीः कटु शाकटायन वचः, क्षुद्रेण चांद्रेण किम् ॥**
**कः कर्णाभरणादिभिर्बठरयत्यात्मानमन्यैरपि ।**
**श्रूयन्ते यदि तावदर्थमधुराः श्रीसिद्धहेमोक्तयः ॥**

હે ભાઇ, પાણિની હવે તું તારો પ્રલાપ બંધ રાખ, કાતંત્ર વ્યાકરણ કંથા જેવું છે એટલે તેનું તો શું કહેવું? હે શાકટાયન, તું તારાં કટુવચન કાઢીશજ નહિ, અને હે ચાંદ્ર, તારૂં વ્યાકરણ નિઃસાર છે, જ્યાં સુધી શ્રી હેમચંદ્રની અર્થમાં ગંભીર અને મધુર વાણી આ જગતમાં વિદ્યમાન છે ત્યાં સુધી કંઠા ભરણાદિ બીજા ગ્રન્થો ભણી કયો પુરૂષ પોતાની બુદ્ધિને જડ કરે વારૂ!

આ ગ્રંથકર્ત્તા સૂરિમહારાજાના બનાવેલા અનેક ગ્રંથો ભંડારોમાંથી મળી આવે છે, તે ઉપરાંત કેટલાક લુપ્તપ્રાય થઇ ગએલા છે, છતાં જે કોઈ અમારા જાણવામાં આવ્યાછે તે લખી બતાવીએ છીએ.

(૧) અભિધાન ચિંતામણી ટીકા સહિત.
(૨) વીતરાગ સ્તોત્ર.
(૩) યોગશાસ્ત્ર ટીકા સહિત.
(૪) ત્રિષષ્ઠિ સલાકા પુરૂષ ચરિત્ર.
(૫) પરિશિષ્ટ પર્વ.
(૬) દ્વયાશ્રય મહાકાવ્ય, સંસ્કૃત તથા પ્રાકૃત.
(૭) અનેકાર્થસંગ્રહ (૮) અનેકાર્થશેષ.
(૯) અભિધાન ચિંતામણી પરિશિષ્ટ.
(૧૦) નિઘંટુ (૧૧) કાવ્યાનુશાસન.
(૧૨) અલંકાર ચૂડામણિ ટીકા તથા વિવેક નામની ટીકા સાથે.
(૧૩) ઉણાદિસૂત્ર વૃત્તિ.
(૧૪) છંદોનુશાસન વૃત્તિ સહિત.
(૧૫) દેશી નામમાળા રત્નાવળી ટીકા સાથે.
(૧૬) ધાતુ પારાયણ.

(૧૭) ધાતુ માલા.

(૧૮) નિઘંટુ શેષ.

(૧૯) બલાબલ સૂત્ર બૃહદ્વૃત્તિ.

(૨૦) સદ્ધિહેમ શબ્દાનુશાસન. બૃહદ્વૃત્તિ તથા લઘુવૃત્તિ સાથે.

(૨૧) શબ્દાર્ણવ મહાન્યાસ અથવા તત્ત્વપ્રકાશિકા.

(૨૨) લિંગાનુ શાસન બૃહદ વૃત્તિ સાથે.

(૨૩) હેમ વાદાનુશાસન ટીકા સાથે.

(૨૪) પ્રમાણુ મીમાંસા ટીકા સાથે.

(૨૫) દ્વયાશ્રય કોશ ટીકા સાથે.

(૨૬) અયોગ–વ્યવચ્છેદ–દ્વાત્રિંશિકા.

(૨૭) અન્ય યોગ–વ્યવચ્છેદ–દ્વાત્રિંશિકા.

(૨૮) પ્રાકૃત વ્યાકરણ.

(૨૯) દ્વિજ વદન ચપે ટિકા.

(૩૦) અર્હન્નીતિ.

વગેરે સર્વ મલીં સાડા ત્રણ કરોડ શ્લોકની રચના આ આચાર્ય મહારાજે કહેલી છે, તે તેમના ગ્રંથો ઉપરથી જણાઇ આવે છે. તથા કેટલાક ગ્રંથો તદ્દન અંધારામાંજ રહેલા છે. એમ સ્પષ્ટ અનુમાન થઇ શકે છે કે દુનિયામાં એવો એક પણ વિષય નથી કે જે વિષે આ સૂરિશ્રીએ ગ્રંથ ન બનાવ્યો હોય! જ્યોતિષ, અધ્યાત્મ શાસ્ત્ર વગેરે દરેક ઉપર આ આચાર્યના ગ્રંથો લખાયલા છે.

# અર્હન્નીતિ.

## અનુક્રમણિકા.


| વિષય. | પ્રથમ અધિકાર. | પાનું. |
|---|---|---|
| મંગલાચરણ. ... ... ... ... ... | | ૧ |
| ઋષભદેવ તથા મહાવીર સ્વામીની સ્તુતિઃ ... ... | | ૧ |
| આ ગ્રંથ બનાવવાનું પ્રયોજન. ... ... ... | | ૨ |
| ગૌતમ સ્વામી સાથે વીરભગવાનનું રાજગૃહીનગરીમાં આવવું. | | ૨ |
| શ્રેણિકરાજાનું તેમની પાસે જવું. ... ... ... | | ૨ |
| રાજપ્રશ્ન તથા ઉત્તર. ... ... ... ... | | ૩ |
| નીતિશાસ્ત્રની ઉત્પત્તિ. ... ... ... ... | | ૪ |
| રાજાના ગુણ. ... ... ... ... ... | | ૬ |
| રાજાને નિયમ શિક્ષા ( ઉપદેશ. ) ... ... ... | | ૭ |
| રાજાને નીતિ શિક્ષા. ... ... ... ... | | ૮ |
| રાજાના પાંચ યજ્ઞ. ... ... ... ... | | ૯ |
| રાજાને પ્રજાપાલન કરવાની સામાન્ય હિત શિક્ષા. ... | | ૧૦ |
| મંત્રિના ગુણ. ... ... ... ... ... | | ૧૨ |
| મંત્રિને શિક્ષા. ... ... ... ... ... | | ૧૩ |
| ઉપર જણાવેલા ગુણવાળા રાજા તથા મંત્રિથી ફળ. ... | | ૧૪ |
| સેનાપતિના લક્ષણ. ... ... ... ... | | ૧૫ |

| વિષય. | પાનું. |
|---|---|
| સેનાપતિને શિક્ષા... ... ... ... ... | ૧૭ |
| સર્વ અધિકારીઓને સામાન્ય શિક્ષા... ... ... | ૧૮ |
| દૂતના લક્ષણ. ... ... ... ... ... | ૧૯ |

**ભૂમિકાભૂપાલના ગુણનું વર્ણન કરનાર પ્રથમ અધિકાર સંપૂર્ણ.**

---

## બીજો અધિકાર.

| | |
|---|---|
| અજીતનાથ ભગવાનની સ્તુતિ. ... ... ... | ૨૦ |
| રાજાએ મંત્રિ સાથે ગુપ્ત વિચાર કરવાનું સ્થળ... .. | ૨૧ |
| ત્રણ પ્રકારની નીતિ. ... ... ... ... | ૨૧ |
| **યુદ્ધ નીતિ પ્રકરણ પ્રારંભ...** ... ... ... | ૨૨ |
| સંધિ વિગ્રહયાન આસન દ્વૈધ અને સંશ્રય એ છ અંગનું વિસ્તાર પૂર્વક કથન. ... ... ... ... | ૨૩ |
| સામ દામ ભેદ અને દંડનો ઉપયોગ... ... ... | ૨૪ |
| તે ચાર ઉપાયોનું લક્ષણ. ... ... ... ... | ૨૫ |
| યુદ્ધ સમયે દૂતનું કાર્ય. ... ... ... ... | ૨૭ |
| યુદ્ધ માટે ક્યારે પ્રસ્થાન કરવું. ... ... ... | ૨૯ |
| ચોમાસામાં યુદ્ધનો નિષેધ... ... ... ... | ૩૦ |
| યુદ્ધ સમયે રાજાએ રાખવી જોઇતી સામગ્રીનું વર્ણન. ... | ૩૦ |
| વિવિધ પ્રકારની વ્યૂહ રચનાનું વર્ણન. ... ... | ૩૧ |
| સેનાનિવેશ ( છાવણી ) નાંખવાનું સ્થળ. ... ... | ૩૨ |
| શત્રુ સામો ન આવે તો રાજાએ શું કરવું. ... ... | ૩૩ |

| વિષય. | પાનું. |
|---|---|
| યુદ્ધ સમયે નૃપનું વર્તન. ... ... ... ... | ૩૪ |
| જુદા જુદા સ્થળમાં કેવા કેવા શસ્ત્ર વાપરવા. ... ... | ૩૫ |
| શત્રુ કિલ્લામાં ભરાઇ બેસે ત્યારે શું કરવું. ... ... | ૩૭ |
| જીત પછી વીરોને શું આપવું. ... ... ... | ૩૮ |
| જીત મેળવ્યા પછી કેવી રીતે પોતાને સ્થાને પાછા ફરવું... | ૩૯ |
| યુદ્ધનીતિ પ્રકરણ સંપૂર્ણ. ... ... ... ... | ૩૯ |

**દંડનીતિ પ્રકરણનો આરંભ.**

| | |
|---|---|
| સંભવનાથ ભગવાનની સ્તુતિ. ... ... ... | ૪૦ |
| જૈનાગમમાં કહેલી સાત પ્રકારની દંડનીતિઓનું સ્વરૂપ... | ૪૦ |
| ફરીયાદ ન હોય તોપણ પ્રજાપાળન અર્થે તે વાપરવાનો ઉપદેશ. | ૪૧ |
| અપરાધ દેશકાળ વિગેરે તપાસીને તેનો ઉપયોગ કરવો... | ૪૨ |
| તે સંબંધી વિશેષ સ્વરૂપ... ... ... ... | ૪૩ |
| અન્યાયથી કરેલા દંડના ધનનું શું કરવું. ... ... | ૪૫ |
| દંડ કરવાના દશ સ્થાન. ... ... ... ... | ૪૫ |
| ઉત્તમ દંડનું લક્ષણ. ... ... ... ... | ૪૬ |
| કેવા ગુના વાસ્તે કેવો ડામ દેવો. ... ... ... | ૪૬ |
| દંડ નહિ કરવા લાયક કોણ... ... ... ... | ૪૭ |
| દંડનીતિ પ્રકરણ સમાપ્ત. ... ... ... ... | ૪૮ |

**યુદ્ધ તથા દંડનીતિ નામનો બીજો અધિકાર સંપૂર્ણ.**

---

**ત્રીજો અધિકાર.**

| | |
|---|---|
| અભિનંદન પ્રભુની સ્તુતિ. ... ... ... ... | ૪૮ |

| વિષય. | પાનું. |
|---|---|
| **વ્યવહારાધિકાર પ્રકરણ...** ... ... ... | ૪૯ |
| તેનું લક્ષણ–શંકા–સમાધાન... ... ... ... | ૪૯ |
| બે પ્રકારનો વ્યવહાર. ... ... ... ... | ૫૧ |
| વ્યવહારના અઢાર ભેદ. ... ... ... ... | ૫૨ |
| વાદના આઠ પ્રકાર. ... ... ... ... | ૫૪ |
| રાજાએ સભામાં કેવા ભાવથી વર્તવું... ... ... | ૫૫ |
| વાદીની અરજી. ... ... ... ... ... | ૫૫ |
| તેની યોગ્યતા અયોગ્યતાનું સ્વરૂપ. ... ... ... | ૫૬ |
| પક્ષાભાસવાળી અરજી ન સાંભળવા વિષે. ... ... | ૫૭ |
| પક્ષાભાસ કેટલા પ્રકારના અને તેનું વર્ણન. ... ... | ૫૭ |
| ઘણી બાબતોની એક અરજી નહિ સાંભળવા વિષે. ... | ૫૮ |
| કેવા સંજોગોમાં તે સાંભળવી. ... ... ... | ૫૯ |
| વાદિની અરજી સાંભળી પ્રતિવાદીપર સમન્સ મોકલવા વિષે. | ૬૦ |
| કેવા મનુષ્યો ન બોલાવી શકાય. ... ... ... | ૬૦ |
| મુખ્તીયારપણા વિના કોઇ સ્વજન બોલે તો તેનું શું કરવું. | ૬૧ |
| પ્રતિવાદીને તે બતાવી સમજાવી ઉત્તર માગવા વિષે. ... | ૬૧ |
| ત્રણ દીવસ અથવા પખવાડીઆની મુદત. ... ... | ૬૨ |
| કયા સંજોગોમાં મુદત ના આપવી... ... ... | ૬૨ |
| સાંભળવા યોગ્ય ચાર પ્રકારના ઉત્તર... ... ... | ૬૩ |
| પાંચ પ્રકારના નહિ સાંભળવા યોગ્ય ઉત્તર. ... ... | ૬૪ |
| પ્રતિવાદીનો જવાબ ન્યાયાધીશ વાદિને બતાવે... ... | ૬૫ |
| પાંચ પ્રકારની પક્ષહીનતાનું સ્વરૂપ. ... ... ... | ૬૬ |

**વિષય.** **પાનું.**

પછી વાદી તેનો રદીઓ આપે. ... ... ... ૬૭
પછી પ્રતિવાદી પાછો તેનો જવાબ આપે. ... ... ૬૭
આ ચારે પત્રો ન્યાયાધીશ વાંચે અને સભાસદો સાથે વિચારી ફેસલો આપે. ૬૭
સભાસદોના લક્ષણ અને સંખ્યા. ... ... ... ૬૮
સાક્ષિઓના લક્ષણ. ... ... ... ... ૬૯
સાક્ષિઓને સોગન આપવા સંબંધી.... ... ... ૭૦
કેવા સાક્ષિઓ માન્ય અને કેવા અમાન્ય છે. ... ... ૭૧
વાદીના સાક્ષી પછી પ્રતિવાદિના સાક્ષિની જુબાની. ... ૭૨
સામાવાળો સ્વજન આદિ દોષ બતાવી સાક્ષિમાં વાંધો લેતો શું કરવું, ૭૨
આ સર્વેનું કથન સભાસદો સાથે ન્યાયાધીશે વિચારવું. ... ૭૩
જુઠી સાક્ષિ ભરનારનો દંડ. ... ... ... ૭૩
બન્નેના સાક્ષિઓ જુદા હોય ત્યારે રાજાએ શું કરવું. ... ૭૪
બીજા સાક્ષિઓના અભાવે રાજાનું કાર્ય. ... ... ૭૫
દીવ્ય પ્રમાણ શું અને તેનું સ્વરૂપ.... ... ... ૭૬
વ્યવહારવિધિ સંપૂર્ણ. ... ... ... ... ૭૭
**ઋણવિધિનું સ્વરૂપ.** ... ... ... ... ૭૮
સુમતિનાથ ભગવાનની સ્તુતિ. ... ... ... ૭૮
કરજનું લક્ષણ. ... ... ... ... ... ૭૮
કોણે કરવું અને ક્યારે કરવું. ... ... ... ૭૮
કેવા પ્રકારે લેખ લખાવી કરજદારને ધન આપવું. ... ૭૯
જુદા જુદા વર્ણ આશ્રયી વ્યાજનો દર. ... ... ૮૦
ચાર પ્રકારની વ્યાજની રીતિ. ... ... ... ૮૦

| વિષય. | પાનું. |
|---|---|
| દેવું જો ન આપે તો રાજાને તેનું નિવેદન. ... ... | ૮૧ |
| હિરણ્યધાન્ય વસ્ત્રાદિ ગિરો મુકવા સંબંધી. ... ... | ૮૨ |
| ગીરો મુકેલુ ધન ચોર ચોરી જાય ત્યારે શું કરવું. ... | ૮૩ |
| પિતાનું કરજ કોણ આપે. ... ... ... | ૮૪ |
| ત્રણ પ્રકારના જામીનનું સ્વરૂપ. ... ... ... | ૮૫ |
| જામીનની જવાબદારી. ... ... ... ... | ૮૬ |
| નિયત અથવા અનિયત ગીરો સંબંધી. ... ... | ૮૭ |
| સ્થાવર તથા જંગમ મીલ્કતના ગીરો સંબંધી.... ... | ૮૯ |
| રૂપીઆ આપ્યા શિવાય ખોટો લેખ લખાવી લે તેનું શું કરવું. | ૯૦ |
| દેવાપેટે વ્યાજનો દર. ... ... ... ... | ૯૧ |
| ગીરોપેટે વ્યાજનો દર. ... ... ... ... | ૯૧ |
| ગાય વિગેરે પશુ ગીરો મુક્યા હોય તે સંબંધી.... ... | ૯૨ |
| વસ્ત્રાદિ ગીરો મુકયા હોય. ... ... ... ... | ૯૩ |
| ધાન્ય ગીરો મુક્યું હોય. ... ... ... ... | ૯૪ |
| પિતાનું દેવું પુત્રો ક્યારે ન આપે. ... ... ... | ૯૫ |
| દાસે સ્વામીના કૂટુંબ અર્થે કરેલું દેવું સ્વામી આપે. ... | ૯૬ |
| સ્થાન માર્ગ સંબંધી. ... ... ... ... | ૯૭ |
| વસ્તુઓના ભોગવટાની અવધિ. ... ... ... | ૯૮ |
| પિતામહે પ્રાપ્ત કરેલા ધન સંબંધી. ... ... | ૯૯ |


ઋણાદાન પ્રકરણ સંપૂર્ણ.

## સંભૂયોત્થાન પ્રકરણ.


| | |
|---|---|
| કંપની અથવા પંતિઆળો વ્યાપાર. ... ... | ૧૦૦ |

| વિષય. | પાનું. |
|---|---|
| પદ્મપ્રભુની સ્તુતિ.... ... ... ... ... | ૧૦૧ |
| કંપનીનું સ્વરૂપ. ... ... ... ... ... | ૧૦૧ |
| તેમાંનો કોઇ પુત્ર વગર મરી જાયતો તેના દ્રવ્યનું શું કરવું. | ૧૦૨ |
| **દેય પ્રકરણનો પ્રારંભ.** ... ... ... ... | ૧૦૩ |
| સુપાર્શ્વનાથની સ્તુતિ. ... ... ... ... | ૧૦૪ |
| બે પ્રકારનો દેય વિધિ. ... ... ... ... | ૧૦૫ |
| છ પ્રકારનું દત્ત.... ... ... ... ... | ૧૦૫ |
| સોળ પ્રકારનું અદત્ત. ... ... ... ... | ૧૦૬ |
| નવ પ્રકારનું અદેય. ... ... ... ... | ૧૦૭ |
| દેયનું સ્વરૂપ. ... ... ... ... ... | ૧૦૮ |
| દેય વિધિ સંપૂર્ણ. ... ... ... ... | ૧૦૯ |
| **દાયભાગ પ્રકરણનો આરંભ.** ... ... ... | ૧૧૦ |
| ચંદ્રપ્રભુની સ્તુતિ. ... ... ... ... | ૧૧૦ |
| દાય ભાગનું વિવેચન. ... ... ... ... | ૧૧૦ |
| ભાઇઓનો દાદાની મીલક્તમાં શો ભાગ. ... ... | ૧૧૧ |
| પિતાના દ્રવ્યમાં પુત્રનો શો હક. ... ... ... | ૧૧૨ |
| દાય ભાગનો ક્યારે વિચાર કરવો. ... ... ... | ૧૧૩ |
| પિતાના ધનમાં સર્વનો સરખો ભાગ. ... ... | ૧૧૪ |
| માતપિતાની હયાતિમાં તેમની ઇચ્છા મુજબ. ... ... | ૧૧૪ |
| વિપરીત ભાગની કલ્પના. ... ... ... ... | ૧૧૫ |
| કેવા પિતાએ કરેલા ભાગ પ્રમાણ ભૂત ન ગણાય. ... | ૧૧૫ |
| નાના ભાઇઓના સંસ્કાર કરવા વિષે. ... ... | ૧૧૬ |

| વિષય. | પાનું. |
|---|---|
| મોટા ભાઈના અધિકારનું સ્વરૂપ. ... ... ... | ૧૧૬ |
| કન્યાના વિવાહના ખરચ સંબંધી. ... ... ... | ૧૧૭ |
| માતાનો ભાગ પિતાના મરણ પછી કેટલો હોય. ... | ૧૧૮ |
| જોડે ઉત્પન્ન થયેલા બાળકમાં જ્યેષ્ટ કોણ. ... ... | ૧૧૯ |
| પુત્રી પ્હેલી જન્મી હોય તો પણ પુત્ર જ્યેષ્ટ કહેવાય. ... | ૧૨૦ |
| વિધવાના દ્રવ્યનું વિશેષ વર્ણન. ... ... ... | ૧૨૧ |
| પુત્ર પુત્રી આત્મ રૂપે સરખાં. ... ... ... | ૧૨૧ |
| પરણાવેલી પુત્રીના મરણ પછી તેના ધનનો સ્વામી કોણ... | ૧૨૧ |
| વિભાગ થયા પછી જન્મેલો પુત્ર કોનામાંથી ભાગ મેળવી શકે. | ૧૨૨ |
| ચાર પ્રકારની સ્ત્રીઓના પુત્રથી ઉત્પન્ન થએલા બાળકોના ભાગ વિષે. ... ... ... ... | ૧૨૩ |
| ત્રસ્ટી નીમવા વિષે. ... ... ... ... | ૧૨૬ |
| ત્રસ્ટી દુષ્ટ નીકળે તો શું કરવું. ... ... ... | ૧૨૭ |
| પતિના મરણ પછી સ્ત્રીનો અધિકાર. ... ... | ૧૨૮ |
| વિધવા સ્ત્રી દત્તક લઇ શકે... ... ... ... | ૧૨૯ |
| તે લેવાનો વિધિ. ... ... ... ... | ૧૩૦ |
| પાંચ પ્રકારના પુત્ર જૈન સિદ્ધાંત પ્રમાણે ... ... | ૧૩૨ |
| તેમનુ લક્ષણ. ... ... ... ... ... | ૧૩૨ |
| પરધર્મીઓએ માનેલા, પણ જૈન શાસ્ત્રમાં નહિ સ્વીકારાયેલા આઠ પ્રકારના પુત્રોનું લક્ષણ. ... ... ... | ૧૩૩ |
| કોના અભાવે કોને દ્રવ્ય મળે. ... ... ... | ૧૩૪ |
| દુરાચારિણી વિધવા સંબંધી. ... ... ... | ૧૩૫ |

**વિષય.** **પાનું.**


સુશીલા વિધવા વિષે. ... ... ... ... ૧૩૬
પુત્રીના ધન વિષે. ... ... ... ... ૧૩૭
પિતા માતાની હયાતિમાં પુત્રનું વર્તન. ... ... ૧૩૮
પુત્ર દુષ્ટ નિકળે ત્યારે શું કરવું. ... ... . ... ૧૩૯
દીક્ષા લેનારના ધનનો માલીક કોણ.... ... ... ૧૪૦
કયા ભાઇઓ ભાગ ગ્રહણ કરવાને લાયક નથી.... ... ૧૪૧
દત્તક લીધેલો જો વિરૂદ્ધ ચાલે તો શું કરવું. ... ... ૧૪૧
પિતામહના દ્રવ્યમાં સર્વના હક્ક સંબંધી ... ... ૧૪૨
ઓરમાન માતાના દ્રવ્યમાં કોણ માલીક. ... ... ૧૪૨
કાકાના દ્રવ્યનો કોણ માલીક. ... ... ... ૧૪૩
સાસુ તથા વહુના હક્ક સંબંધી વિસ્તાર પૂર્વક વિવેચન. ... ૧૪૪
વિધવા પોતાની પુત્રીને પોતાનો ભાગ આપી શકે કે કેમ... ૧૪૮
પરગોત્રીઓનો ધનમાં અધિકાર નથી... ... ... ૧૪૯
સાધારણ દ્રવ્ય સંબંધી. ... ... ... ... ૧૪૯
સાત વ્યસનવાળા ભાઇઓ ધનના માલીક નથી... ... ૧૫૦
દત્તક પરણ્યા શિવાય મરી જાય તો તેની જગ્યાએ બીજો
લેઇ શકાય કે કેમ. ... ... ... ... ૧૫૦
કન્યાનો વિવાહ કરી ફરી જાય. ... ... ... ૧૫૧
ભાઇઓની વ્હેંચણ થઇ છે કે નહિ તેનો નિર્ણય. ... ૧૫૨
અવિભાગીય ધનનું સ્વરૂપ... ... ... ... ૧૫૩
ભાગ નહિ કરવા લાયક સ્ત્રી ધનનું સ્વરૂપ. ... ... ૧૫૪
પાંચ પ્રકારના સ્ત્રી ધનનું વર્ણન. ... ... ... ૧૫૪

| વિષય. | પાનું. |
| --- | --- |
| સ્ત્રી ધન ક્યારે ગ્રહણ કરી શકાય. ... ... ... | ૧૫૬ |
| દેશકાળ જોઇને ભાગ પાડવા વિષે... ... ... | ૧૫૬ |
| દાયભાગ સંપૂર્ણ.... ... ... ... ... | ૧૫૭ |
| **સીમા વિવાદ પ્રકરણ.**... ... ... ... | ૧૫૭ |
| પુષ્પદંત પ્રભુની સ્તુતિ. ... ... ... ... | ૧૫૭ |
| સીમાનું સ્વરૂપ. ... ... ... ... ... | ૧૫૭ |
| પાંચ પ્રકારની સીમા. ... ... ... ... | ૧૫૮ |
| છ પ્રકારની સીમા સંબંધી તકરાર.... ... ... | ૧૫૮ |
| સીમા વિવાદમાં ન્યાયાધીશનું કર્ત્તવ્ય... ... ... | ૧૫૯ |
| નિશાન કેવી રીતે કરવા. ... ... ... ... | ૧૬૦ |
| કેવા સાક્ષીઓથી સીમાનો નિર્ણય કરવો. ... ... | ૧૬૨ |
| સેતુ તથા કુવો લોકને વાપરવા દેવા સંબંધી.... ... | ૧૬૭ |
| ખેતર જો ખેડે નહિ તો તેનો દંડ કરવા વિષે... ... | ૧૬૮ |
| સીમા વિવાદ પ્રકરણ સંપૂર્ણ. ... ... ... | ૧૬૮ |
| **વેતનાદાન** ( ચાકરોની રોજી ) **નું સ્વરૂપ.**... ... | ૧૬૯ |
| શીતળનાથ ભગવાનની સ્તુતિ ... ... ... | ૧૬૯ |
| પાંચ પ્રકારના સેવક તથા તેમના લક્ષણ. ... ... | ૧૬૯ |
| પંદર પ્રકારના દાસ તથા તેમના લક્ષણ. ... ... | ૧૭૦ |
| કેવા દાસ પણાને યોગ્ય નથી. ... ... ... | ૧૭૧ |
| દાસ શી રીતે મુક્ત થઈ શકે. ... ... ... | ૧૭૨ |
| દાસને મુક્ત કરવાનો માર્ગ. ... ... ... | ૧૭૩ |
| કેવી રીતે ચાકરને તેનો પગાર આપવો. ... ... | ૧૭૪ |

**વિષય.** **પાનું.**


ચાકરની કસુરમાં કેવા પ્રકારે દંડ કરવો. ... ... ૧૭૫
**ક્રયેતરાનુસંતાપ** ( લેવડ દેવડથી ઉપજતા પશ્ચાતાપ ) **પ્રકરણ.** ૧૭૭
શ્રેયાંસ પ્રભુની સ્તુતિ. ... ... ... ... ૧૭૭
લેવડથી થતા પશ્ચાતાપનું સ્વરૂપ.... ... ... ૧૭૭
વેચાણથી થતા પશ્ચાતાપનું સ્વરૂપ.... ... ... ૧૭૮
વસ્તુની પરીક્ષાના કાળની હદ. ... ... ... ૧૭૮
વસ્તુ પાછી આપવાની રીતિ. ... ... ... ૧૭૯
સુવર્ણ આદિની પરીક્ષા. ... ... ... ... ૧૮૦
**સ્વામિ ભૃત્ય વિવાદ પ્રકરણ** (શેઠ અને નોકરના સંબંધ વિષે)૧૮૨
વાસુપૂજય પ્રભુની સ્તુતિ.... ... ... ... ૧૮૨
પારકા ખેતરના ધાન્યનો નાશ કરનાર ઢોરના માલીકનો દંડ.... ૧૮૨
ગોવાળનો કેટલો અપરાધ ? ઢોરના માલીકનો શો દંડ કરવો. ૧૮૩
ગોવાળનું કર્તવ્ય.... ... ... ... ... ૧૮૪
ગોવાળનો પગાર.... ... ... ... ... ૧૮૫
ગામની આસપાસ ગોચર જમીન રાખવા સંબંધી. ... ૧૮૬
**નિક્ષેપ પ્રકરણ** ( થાપણ સંબંધી ) ... ... ૧૮૭
વિમલ સ્વામિની સ્તુતિ. ... ... ... ... ૧૮૭
નિક્ષેપ મુકવાનું કારણ. ... ... ... ... ૧૮૭
નિક્ષેપ જો ધનવાન્ પુરૂષ પાછું ન આપે ત્યારે શું કરવું. ૧૮૯
થાપણ નષ્ટ થાય ત્યારે શું.... ... ... ... ૧૯૦
ઉપનિધિ હરનાર તથા કપટથી લોકોને છેતરનારનો દંડ ... ૧૯૨
સાક્ષિઓથી થાપણનો નિશ્ચય કરવો હોય તો કેવો સાક્ષી જોઇએ. ૧૯૩

| વિષય. | પાનું. |
|---|---|
| સ્વાભાવિક અને નૈયોગિક બે પ્રકારના સાક્ષી. ... ... | ૧૯૪ |
| સ્વાભાવિકના છ પ્રકાર અને નૈયોગિકના પાંચ પ્રકાર. ... | ૧૯૪ |
| સાક્ષીઓના સામાન્ય ગુણનું વર્ણન ... ... ... | ૧૯૫ |
| ઉપર જણાવેલા સાક્ષીઓનું સવિસ્તર વર્ણન.... ... | ૧૯૬ |
| **અસ્વામિ વિક્રય પ્રકરણનો પ્રારંભ.** ... ... | ૧૯૭ |
| અનંતનાથ પ્રભુની સ્તુતિ. ... ... ... ... | ૧૯૭ |
| અસ્વામિ વિક્રય ( સ્વામિની આજ્ઞા શિવાય વેચાણ કરવાનું સ્વરૂપ) | ૧૯૭ |
| હલકી કીમતમાં ગરીબ પાસેથી વસ્તુ લેનારના દંડ સંબંધી | ૧૯૮ |
| આપણી ખોવાયેલી વસ્તુ બીજાના હાથમાં જોઇએ ત્યારે શું કરવું.... ... ... ... ... | ૧૯૯ |
| સ્વામી વગરના ધનનું શું કરવું. ... ... ... | ૨૦૦ |
| **વાક્ય પારૂષ્ય પ્રકરણનો પ્રારંભ** ( કઠોર વચન ) ... | ૨૦૧ |
| ધર્મનાથ પ્રભુની સ્તુતિ. ... ... ... ... | ૨૦૧ |
| વાક્ય પારૂસ્યનું લક્ષણ. ... ... ... ... | ૨૦૧ |
| કેવા વચનનો ઉચ્ચાર ન કરવો. ... ... ... | ૨૦૧ |
| ચારવર્ણના મનુષ્યો જુદા જુદા વર્ણના મનુષ્યોની સાથે કઠિન | ૨૦૨ |
| વચન ઉચ્ચારે તો શો દંડ ... ... ... | ૨૦૨ |
| ઉપદેશ કરનારના અધિકારનું ઉલ્લંઘન કરનારનો દંડ ... | ૨૦૩ |
| કાણા બ્હેરા લુલા આંધળા વગેરેને ઉપનામથી બોલાવ- ... | ૨૦૪ |
| નારનો દંડ. ... ... ... ... ... | ૨૦૪ |
| **સમય વ્યતિ ક્રાન્તિ પ્રકરણ પ્રારંભ** ... ... | ૨૦૫ |
| શાન્તિનાથ પ્રભુની સ્તુતિ. ... ... ... ... | ૨૦૫ |

| વિષય. | પાનું. |
|---|---|
| સમય ધર્મ ( સાર્વ જનીક ધર્મ ) નું લક્ષણ ... ... | ૨૦૫ |
| તેનું ઉલ્લંઘન કરનારને દંડ. ... ... ... | ૨૦૬ |
| સાધારણ દ્રવ્ય હરી લેનારને દંડ. ... ... ... | ૨૦૬ |
| હિત વાદીનું વચન માનવા વિષે. ... ... ... | ૨૦૬ |
| પંચ-સભા-મંડળ તરફથી કાર્ય કરનારાઓની ફરજો. ... | ૨૦૬ |
| સમુદાયનું હિત ચિંતવનારા કેવા હોવા જોઇએ.... ... | ૨૦૮ |
| જુદા જુદા ધંધાદારીઓના વર્ગનું રક્ષણ કરવા વિષે. ... | ૨૦૮ |
| **સ્ત્રી ગ્રહ પ્રકરણ પ્રારંભ.** ... ... ... | ૨૦૯ |
| કુંથુનાથની સ્તુતિ... ... ... ... ... | ૨૦૯ |
| વ્યભિચાર નહિ અટકાવવાથી રાજ્યને હાનિ ... ... | ૨૧૦ |
| પર સ્ત્રી સાથે રાજ્ય માર્ગમાં વાત કરવામાં દોષ છે કે નહિ | ૨૧૦ |
| કયા સંજોગોમાં પર સ્ત્રી સંગ્રહ ગણી શકાય ... ... | ૨૧૧ |
| બ્રાહ્મણી સાથે ત્રણ વર્ણમાંથી કોઇને સંબંધ હોય ત્યારે શો દંડ | ૨૧૧ |
| કઇ સ્ત્રીઓ સાથે વાત કરવામાં દૂષણ નહિ ... ... | ૨૧૨ |
| જુદા જુદા વર્ણો જુદા જુદા વર્ણની સ્ત્રી સાથે આડો વ્યવહાર રાખે તેનો દંડ... ... ... ... ... | ૨૧૩ |
| સ્ત્રીના શરીરની અપવિત્રતા.... ... ... ... | ૨૧૪ |
| પર સ્ત્રી ત્યાગ કરવાનો ઉપદેશ ... ... ... | ૨૧૫ |
| **દ્યૂત પ્રકરણ પ્રારંભ** ( જુગાર ) ... ... ... | ૨૧૬ |
| અરનાથ ભગવાનની સ્તુતિ... ... ... ... | ૨૧૬ |
| જુગારના અનેક પ્રકાર ... ... ... ... | ૨૧૬ |
| જુગારખાનાનું સ્વરૂપ ... ... ... ... | ૨૧૭ |

| વિષય. | પાનું. |
|---|---|
| જુગાર ખાનાના ઉપરીનું કર્ત્તવ્ય ... ... ... | ૨૧૮ |
| જુગાર સર્વ વ્યસનોના નાયક રૂપ છે... ... ... | ૨૧૯ |
| **સ્તૈન્ય પ્રકરણ પ્રારંભ** ( ચોરી )... ... ... | ૨૨૦ |
| મલ્લિનાથ ભગવાનની સ્તુતિ... ... ... ... | ૨૨૦ |
| રાજાનો ધર્મ શો છે. ... ... ... ... | ૨૨૦ |
| તે પાળવાથી રાજાને શું લાભ છે. ... ... ... | ૨૨૧ |
| અને ન પાળવાથી તેની શીગતિ થાય છે. ... ... | ૨૨૧ |
| અનેક પ્રકારની ચોરી કરનારના દંડનું વર્ણન. ... ... | ૨૨૧ |
| સ્વજન આદિ સ્વધર્મથી ભ્રષ્ટ થાય ત્યારે શું કરવું. ... | ૨૨૫ |
| ચોર આદિને આશ્રય આપનારનો દંડ. ... ... | ૨૨૫ |
| ક્યારે મનુષ્ય દોષિત ન કહેવાય. ... ... ... | ૨૨૬ |
| **સાહસ પ્રકરણનો પ્રારંભ.** ... ... ... | ૨૨૭ |
| મુનિસુવ્રત ભગવાનની સ્તુતિ. ... ... ... | ૨૨૭ |
| સહસા કર્મનું લક્ષણ. ... ... ... ... | ૨૨૭ |
| તેના ત્રણ પ્રકારનું સ્વરૂપ. ... ... ... | ૨૨૮ |
| અનેક પ્રકારના સાહસ કર્મ અને તે કરનારનો દંડ. ... | ૨૨૯ |
| ધોબી લુગડાં ગીરો મુકે, ઓળવે, બીજા આપે તો તેના દંડનું વિશેષ સ્વરૂપ. ... ... ... ... | ૨૩૧ |
| ખોટા તોલ માપ સંબંધી. ... ... ... | ૨૩૨ |
| વૈદ્ય નહિ છતાં વઘનો ધંધો કરનારનો દંડ. ... ... | ૨૩૪ |
| વસ્તુઓ ભેળસેળ કરે તથા માલ બદલી નાંખે. ... | ૨૩૫ |
| **દંડ પારૂષ્ય પ્રકરણનો પ્રારંભ** ... ... ... | ૨૩૬ |

| વિષય. | પાનું. |
|---|---|
| નમિનાથ ભગવાનની સ્તુતિ. ... ... ... | ૨૩૬ |
| ક્ષત્રી તથા બ્રાહ્મણના આસન પર વૈસ્ય શૂદ્ર બેસે ત્યારે શું કરવું. | ૨૩૭ |
| બીજાના પ્રાણ હરવાને તૈયાર થયેલા વિષે. ... ... | ૨૩૭ |
| અનેક પ્રકારની વસ્તુનો નાશ કરનાર વિષે. ... ... | ૨૩૮ |
| સારથિ ( હાંકનાર ) કયારે દોષિત ન ગણાય. ... ... | ૨૩૯ |
| અજ્ઞાન સારથી હોય તો કોણ દંડને પાત્ર. ... ... | ૨૪૦ |
| ગાડીને લીધે પ્રાણી તથા વસ્તુઓના નાશથી સારથિનો દંડ. | ૨૪૧ |
| **સ્ત્રી પુરૂષ ધર્મ પ્રકરણનો પ્રારંભ.** ... ... | ૨૪૨ |
| નેમનાથ ભગવાનની સ્તુતિ.... ... ... ... | ૨૪૨ |
| પતિને દેવરૂપ માનવાનો સ્ત્રીનો ધર્મ. ... ... | ૨૪૩ |
| સ્ત્રીઓના રક્ષક કોણ! ... ... ... ... | ૨૪૩ |
| ઋતુવતી સ્ત્રીનો ધર્મ. ... ... ... ... | ૨૪૪ |
| સ્નાન કર્યા પછીનું સ્ત્રીનું કર્તવ્ય. ... ... ... | ૨૪૫ |
| પુત્ર પુત્રીની ઉત્પતિનો નિશ્ચય. ... ... ... | ૨૪૬ |
| પર સ્ત્રીનો ત્યાગ તથા સ્ત્રીના ધર્મ. ... ... .... | ૨૪૭ |
| સ્ત્રીઓએ કોની સોબત ન કરવી તેમજ એકલાં કયાં ન જવું. | ૨૪૮ |
| સ્ત્રીએ મલોત્સર્ગ કયાં ન કરવો. ... ... ... | ૨૪૯ |
| પુરૂષનું સ્ત્રી પ્રત્યેનું કર્તવ્ય. ... ... ... | ૨૫૦ |
| ઋતુવતી સ્ત્રીના સ્પર્શનો ત્યાગ. ... ... ... | ૨૫૧ |
| રાત્રિભોજન નિષેધ. ... ... ... ... | ૨૫૧ |
| કયા પાંચ સ્થળમાં સ્નાનની જરૂર. ... ... ... | ૨૫૨ |
| પુરૂષનું દીવસ સંબંધી કર્તવ્ય. ... ... ... | ૨૫૨ |

વિષય. પાનું.

**વ્યવહારનીતિ વર્ણનનો ત્રીજો અધિકાર સંપૂર્ણ.**

**પ્રાયશ્ચિત પ્રકરણ.** ... ... ... ... ૨૫૪

પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ. ... ... ... ... ૨૫૪

માતંગ યવન તથા મ્લેચ્છના ઘરમાં ભોજન કરનારનું પ્રાયશ્ચિત ૨૫૫

ભીલ્લ તથા મોચીના ઘરમાં ખાનારનું પ્રાયશ્ચિત્ત. ... ૨૫૬

અઢાર વર્ણનું ભોજન કરનારનું પ્રાયશ્ચિત્ત. ... ... ૨૫૮

અગ્નિ પાતાદિથી થતા દુર્મરણનું પ્રાયશ્ચિત્ત. ... ... ૨૫૯

બ્રહ્મ હત્યાદિક પાપ કરનારાઓનું પ્રાયશ્ચિત્ત. ... ... ૨૫૯

આદિ ત્રણ વર્ણ શુદ્ર સાથે અન્નપાણીનો વ્યવહાર રાખે તેનું પ્રાયશ્ચિત્ત.... ... ... ... ... ૨૫૯.

મિથ્યા દ્રષ્ટિ શુદ્રે સ્પર્શેલું ભોજન કરનારનું પ્રાયશ્ચિત્ત. ... ૨૬૦

પુત્રી માતા તથા ચાંડાળી સાથેના સંભોગથી થતું પ્રાયશ્ચિત. ૨૬૧

કારીગરના ઘરમાં વાસ કરનારનું પ્રાયશ્ચિત્ત. ... ... ૨૬૨

ગોહત્યા બ્રહ્મહત્યા આદિ કરનાર પાપીઓનું અન્નખાનારનું પ્રાયશ્ચિત્ત ... ... ... ... ... ૨૬૨

જેના ગોત્રમાં બેસીને ખાવું કલ્પતું ન હોય ત્યાં ભોજન કરનારનું પ્રાયશ્ચિત્ત.... ... ... ... ... ૨૬૨

મ્લેચ્છના દેશમાં રહેનારનું પ્રાયશ્ચિત્ત. ... ... ૨૬૨

તેનું સંપૂર્ણ સ્વરૂપ. ... ... ... ... ૨૬૨–૪

લૌકિક પ્રાયશ્ચિત્ત સ્વરૂપ સંપૂર્ણ. ... ... ... ૨૬૪

ગ્રન્થનો ઉપસંહાર. ... ... ... ... ૨૬૪

ચોવીસે તીર્થંકરની સ્તુતિ રૂપ આ ગ્રન્થની સમાપ્તિ. ... ૨૬૪

**શુદ્ધિપત્રિકા.** ... ... ... ... ... ૨૬૫

॥ श्री गुरुभ्यो नमः ॥

# अर्हन्नीति.

## मंगलाचरणम्.

श्रीमंतं नाभिजं वंदे प्रथमं तीर्थनायकम् ॥
भूपं च योगिनं योगविल्लक्ष्यं रम्यविग्रहम् ॥ १ ॥
देवार्याय नमस्तस्मै यस्माच्चरमशासनम् ॥
प्रवृत्तमस्मिन् भरते संसारार्णवतारकम् ॥ २ ॥
गणेशान् पुंडरीकादीन् द्विपंचाब्धिरसामितान् ॥
प्रणमामि त्रिधा भक्तया प्रत्यूहोच्छित्तिकारकान् ॥ ३ ॥
सुधर्मस्वामिनं स्तौमि पंचमं गणनायकम् ॥
यदादिष्टगिरा सर्वं श्रुतं लोके प्रवर्त्तते ॥ ४ ॥
श्रुतं देवीं सद्गुरूंश्च नतिर्मेऽस्तु मुहुर्मुहुः ॥
यत्प्रसादसमुद्भूतो मयि बोधः प्रसर्प्पति ॥ ५ ॥

પહેલા તીર્થંકર શ્રીમાન્ નાભિરાજાના પુત્ર, પ્રથમ રાજા, પ્રથમ યોગી અને યોગીઓના પણ લક્ષરૂપ, સુંદર દેહવાળા ઋષભદેવને નમસ્કાર કરૂંછું. આ ભરતખંડમાં સંસારરૂપી સમુદ્રને તારે એવું છેલ્લું શાસન જેમનાથી પ્રવર્ત્યું એવા અને દેવતાઓની મધ્યે શ્રેષ્ઠ તેવા ચરમ તીર્થંકરને (મહાવીર સ્વામીને) નમસ્કાર કરૂંછું. બે, પાંચ, ચાર, અને એક

(૧૪૫૨) એટલી જેની સંખ્યા છે, અને જેઓ પ્રત્યેક વિઘ્નને નાશ કરે તેવા છે, એવા પુંડરીક આદિ ગણધરોને કાયિક, વાચિક તથા માનસિક એ ત્રણ પ્રકારની ભક્તિવડે હું વંદન કરૂંછું. જેમની આજ્ઞાથી વાગ્દેવિએ સર્વ શાસ્ત્ર લોકમાં પ્રવર્તાવ્યાં છે, એવા પાંચમા ગણધર સુધર્માસ્વામીની પણ હું સ્તુતિ કરૂંછું. સદ્ગુરૂ, શાસ્ત્ર તથા સરસ્વતીને વારે વારે હું નમુંછું;કારણ કે જેમની કૃપાથી ઉદય થએલું જ્ઞાન મારામાં વિસ્તારને પામે છે.

## अस्य शास्त्रस्य प्रयोजनम् ॥

कुमारपालक्ष्मापालाग्रहेण पूर्व्वनिर्मितात् ॥
अर्हन्नीत्यभिधात् शास्त्रात् सारमुद्धृत्य किंचन ॥६॥
भूपप्रजाहितार्थं हि शीघ्रस्मृतिविधायकम् ॥
लघ्वर्हन्नीतिसच्छास्त्रं सुखबोधं करोम्यहम् ॥ ७ ॥

કુમારપાલ રાજાના આગ્રહથી પૂર્વે રચાએલા અર્હન્નીતિ શાસ્ત્રમાંથી કાંઇક સાર લઇને, રાજા તથા પ્રજાઓના હિતને માટે શીઘ્ર સ્મરણમાં રખાય તેવું અને સેહલાઇથી સમજી શકાય તેવું આ-લઘુઅર્હન્નીતિનામે સતશાસ્ત્ર હું રચુંછું.

## ग्रन्थारंभः ॥

एकदा वीरभगवान् राजगृहपुराद्बहिः ॥
उद्याने समवासार्षीद्गौतमादिव्रजेडितः ॥ ८ ॥
तदागमनवृत्तान्तं श्रुत्वा श्रेणिकभूमिराट् ॥
जगाम वंदितुं तूर्णं समुत्कः सपरिच्छदः ॥ ९ ॥

प्रणिपत्य जगन्नाथमुपविश्योचितस्थले ॥

देशनान्ते चावसरं प्राप्य पप्रच्छ भूधनः ॥ १० ॥

એક દિવસે ગૌતમાદિમુનિના સમૂહે પૂજેલા શ્રી મહાવીર ભગવાન રાજગૃહ નગરની બહાર બાગમાં આવીને સમોસર્યા. તેમના પધારવાનું વૃત્તાન્ત સાભળીને પૃથ્વીપતિ શ્રેણિક રાજા પોતાના સૈન્યે સહિત દર્શનના ઉત્સાહવાળો ઉતાવળથી વાંદવાને બાગમાં ગયા. જગન્નાથ ભગવાન મહાવીર સ્વામીને પંચાંગ વંદન કરી યોગ્ય આસનપર વખાણ સાંભળવાને બેઠા. દેશના થઇ રહ્યા બાદ અવસર જોઈ પૃથ્વીપતિ શ્રેણિક તીર્થંકર ભગવાનને આ પ્રકારે પૂછવા લાગ્યા:

## राजप्रश्नाः

पुरा स्वामिन् राजनीतिमार्गः केन प्रकाशितः ॥

कतिभेदश्च किंरूपो जिज्ञासेति भृशं मम ॥ ११ ॥

तत्समाख्याहि भगवन् कृपां कृत्वा ममोपरि ॥

परार्थसाधने दक्षाः भवंति हि महाशयाः ॥ १२ ॥

હે સ્વામિન્! રાજનીતિમાર્ગ પૂર્વે કોણે પ્રગટ કર્યો; તેના ભેદ કેટલા છે અને તેનું સ્વરૂપ શું? એ જાણવાની મને ઘણીજ ઇચ્છા છે માટે કૃપા કરી મને કહો. આપ જેવા મહાશયો હમેશાં પરાર્થ સાધવામાંજ કુશળ હોય છે.

## उत्तराणि.

ततो जगाद भगवान् शृणु भो मगधेश्वर ॥

काले ऽस्मिन्नादिमो भूप ऋषभो ऽभूज्जिनेश्वरः॥ १३ ॥

स एव कल्पद्रुफले क्षीणे कालप्रभावतः ॥
भारतान् दुःखितान् दृष्ट्वा कलिछद्मपरायणान् ॥ १४ ॥
कारुण्याद्युग्मजातानां छित्वा धर्मं पुरातनम् ॥
वर्णाश्रमविभागं वै तत्संस्कारविधिं पुनः ॥ १५ ॥
कृषिवाणिज्यशिल्पादिव्यवहारविधिं तथा ॥
नीतिमार्गं च भूपानां पुरपट्टनसंस्थितिम् ॥ १६ ॥
विद्याः सर्वाः क्रियाः सर्वाः ऐहिकामुष्मिकाअपि ॥
प्रादुश्चकार भगवान् लोकानां हितकाम्यया ॥ १७ ॥

શ્રેણિક રાજાનો પ્રશ્ન સાંભળીને ભગવાન્ મહાવીર સ્વામી બોલ્યા. હે મગધ દેશના રાજન્! આ યુગમાં આદિરાજા જિનેશ્વર ભગવાન્ ઋષભ દેવજી થયા. તેમણે જાણ્યું કે-કાળના પ્રભાવથી કલ્પવૃક્ષને ફળ થતાં નથી વળી કલિકાળનાં કપટથી વિંટળાએલી ભારતી પ્રજા ઘણીજ દુખી છે; માટે દયા આવવાથી યુગલિયાંના પુરાતન ધર્મને ભેદી સંસ્કાર વિધિએ સહિત વર્ણ તથા આશ્રમ એ પ્રકારના વિભાગ પાડ્યા. ખેતી, વેપાર, શિલ્પાદિક કલાઓ, તથા વ્યવહારવિધિ અને રાજાઓનો નીતિ માર્ગ, પુર તથા નગરોની વ્યવસ્થા, તથા આ લોકની અને પરલોકની સઘળી વિદ્યાઓ તથા ક્રિયાઓ પણ, લોકોના હિતને માટે ભગવાન્ ઋષભ દેવજીએ પ્રકટ કરી.

तत्पुत्रो भरतश्चक्रे निधाय हृदि तद्वचः ॥
निधाननवकं प्राप्तः नीतिधर्मादिमर्म्मवित् ॥ १८ ॥

ભગવાન્ ઋષભના પુત્ર ભરત જેમણે નવનિધાન પ્રાપ્ત કર્યા

હતા અને નીતિ તથા ધર્મ વગેરેના મર્મ જાણ્યા હતા તેમણે પિતાનું વચન હૃદયમાં ધારણ કર્યું; અને—

आर्यवेदचतुष्कं हि जगत्स्थित्यै चकार सः ॥
पुरुषार्थार्जने दक्षाः यतः स्युर्निखिलाः प्रजाः॥ १९ ॥
तत्तु कालान्तरे भ्रष्टं जातं हिंसादिदूषितम् ॥
मिथ्यात्विभिर्गृहीतं हि सुविध्यादिजिनान्तरे ॥ २० ॥
तदार्य्यैस्तत्परित्यज्य पूर्वाचार्यैर्विनिर्मिताः ॥
ग्रन्था अनेकशः संत्यधुनापि पृथिवीतले ॥ २१ ॥
तानाश्रित्य जनो लोकव्यवहारे प्रवर्तते ॥
एतन्निदानमेतस्य जानीहि मगधाधिप ॥ २२ ॥

इति प्रथमप्रश्नस्योत्तरं.

તેણે જગતની સ્થિતિને અર્થે આર્ય વેદ ચતુષ્ક રચ્યું. જે વડે સઘળી આર્ય પ્રજાઓ પુરૂષાર્થ સંપાદન કરવામાં કુશળ થઇ. પરંતુ કેટલોક સમય જવા પછી સુવિધ્યાદિ સ્વામીના વખતમાં તે મિથ્યાત્વિઓએ ગૃહણ કર્યું, તેમના હિંસાદિ ધર્મથી દૂષિત થએલું તે શાસ્ત્ર ભ્રષ્ટતાને પામ્યું; માટે આર્ય પુરૂષોએ તેને તજી દીધું. પૂર્વના આચાર્યોએ રચેલા તેમાંનાં અનેક ગ્રન્થો હજી પૃથ્વીતલમાં છે અને તેમને અનુસરીને આર્યજનો લોકવ્યવહારમાં પ્રવર્તે છે, હે મગધદેશના રાજન્! મારા કહેવા પ્રમાણે નીતિશાસ્ત્રની ઉત્પત્તિનું કારણ તું જાણજે.

इति प्रथमप्रश्नस्योत्तरं दत्वा जगत्प्रभुः ॥
प्रश्नान्तरसमाधानं यथा चक्रे तथोच्यते ॥ २३ ॥

– જગત્પ્રભુ મહાવીર ભગવાને એ પ્રકારે શ્રેણિક રાજાને પ્રથમ પ્રશ્નનો ઉત્તર આપીને બીજા પ્રશ્નનો ઉત્તર આપી તેના અંતઃકરણનું સમાધાન જે પ્રકારે કર્યું તે પ્રકાર વર્ણવે છેઃ—

## अथ नृपगुणाः ॥

तत्रादावुपयोगित्वान्नृपाणां मंत्रिणां गुणाः ॥
प्रकाश्य च तथा तेषामेव शिक्षाश्च काश्चन ॥ २४ ॥
अव्यंगो१ लक्षणैः पूर्णः२ रूपसंपत्तिभृत्तनुः३ ॥
अमद्रो४ जगदोजस्वी५ यशस्वी६ च कृपापरः७ ॥२५॥
कलासु कृतकर्म्मा च८ शुद्धराजकुलोद्भवः९ ॥
वृद्धानुग१० स्त्रिशक्तिश्च११ प्रजारागी१२ प्रजागुरुः१३ ॥२६॥
समर्थनः पुमर्थानां त्रयाणां सममात्रया१४ ॥
कोशवान्१५ सत्यसंधश्च१६ चरदृग्१७ दूरमंत्रदृक्१८॥२७॥
आसिद्धिकर्मो१९ द्योगी च२० प्रवीणः शस्त्र२१ शास्त्रयोः२२ ॥
निग्रहा२३ऽनुग्रहपरो२४ निर्लेचो दुष्टशिष्टयोः ॥ २८ ॥
उपायार्जितराज्यश्री२५ र्दानशीलो२६ ध्रुवंजयी२७ ॥
न्यायप्रियो२८ न्यायवेत्ता२९ व्यसनानां व्यपासकः३० ॥ २९ ॥
अवार्यवीर्यो३१ गांभीर्यौ३२ दार्य३३ चातुर्यभूषितः३४ ॥
प्रणामावधिकक्रोधः३५ सात्विक३६ स्तात्विको नृपः ॥ ३० ॥

ગ્રન્થારંભમાં વિશેષ ઉપયોગી જાણીને પ્રથમ રાજા તથા મંત્રિના

સ્વાભાવિક ગુણો અને કેટલીક શિક્ષાઓ નિરૂપણ કરી છે; શુભ લક્ષણ યુક્ત, ખોડ વગરનો, શરીરે રૂપાળો, મદરહિત, ઓજસ્વી, યશવાળો, કૃપાળુ, કળાવાન્, શુદ્ધ રાજકુલનું બીજ, વૃદ્ધોની સેવા કરનારો, ત્રણે [1]શક્તિવાળો, પ્રજાપર પ્રીતિ રાખનાર, પ્રજાઓનો સ્વામી, સમાન અંશથી પુરૂષનાં ધર્મ, અર્થ તથા કામ એ ત્રણે પુરૂષાર્થને સમર્થન કરનાર, ભંડારવાળો, વચન પાળનારો, જાસુસો મારફત તપાસ રાખનાર, દૂરંદેશી, કાર્યસિદ્ધિ પર્યંત કામ કરનાર, ઉદ્યોગી, શસ્ત્ર તથા શાસ્ત્રમાં પ્રવીણ, દુષ્ટ તથા શિષ્ટને નિગ્રહ અને અનુગ્રહ કરવામાં તત્પર, લાંચ નહિ લેનારો, ઉપાયથી રાજ્યલક્ષ્મીની ઉત્તરોત્તર વૃદ્ધિ કરનારો, દાતાર, અવશ્ય જીત મેળવનારો, ન્યાયપ્રિય, ન્યાયવેત્તા, વ્યસનોને ફેડનારો, પુષ્કળ બળવાળો, ગંભીર, ઉદાર, ચતુર, ક્ષમા માગવા સુધી ક્રોધ કરનારો, સત્વગુણી તથા તત્વવિદ્યાને જાણનાર; એટલા ગુણવાળો રાજા હોવો જોઇએ.

## नृपाणां नियमशिक्षा.

देवान् गुरून् द्विजांश्चैव कुलयज्येष्ठांश्च लिंगिनः ॥
विहाय भवतान्येषां न विधेया नमस्कृतिः ॥ ३१ ॥
न स्पृष्टं क्वापि भोक्तव्यं नान्येन सह भोजनम् ॥
न श्राद्धभोजनं कार्यं भोक्तव्यं नान्यवेश्मनि ॥ ३२ ॥
अगम्यास्पृश्यनारीणां विधेयो नैव संगमः ॥
परेण धारितं वस्त्रं नो धार्यं भूषणं तथा ॥ ३३ ॥

---

૧ પ્રભાવ શક્તિ મંત્ર શક્તિ અને ઉત્સાહ શક્તિ.

**शयनं परशय्यायामासनं च परासने ॥**
**परपात्रे भोजनं च वर्जयेत्सर्वदा नृपः ॥ ३४ ॥**
**नैवारोप्या गुरून्मुक्त्वा स्वशय्यासनवाजिषु ॥**
**स्वे रथे वारणे चैव पर्याणेक्रोडएव च ॥ ३५ ॥**
**कांजिकं क्वथितान्नं च यवान्नं तैलमेव च ॥**
**न भोक्तव्यं क्वचिद्राज्ञा पंचोदुंबरजं फलम् ॥ ३६ ॥**

દેવ, ગુરૂ, બ્રાહ્મણ, કુલવૃદ્ધ તથા સાધુ એટલા સીવાય રાજાએ કોઇને નમસ્કાર કરવો નહિ; કોઇએ સ્પર્શ કરેલું અન્ન તેણે ખાવું નહિ તેમ કોઇના ભેગાં જમવા બેસવું નહિ. શ્રાદ્ધનું અન્ન જમવું નહિ, પારકે ઘેર પણ જમવા ન બેસવું. નહિ ગમન કરવા યોગ્ય અને અડકી ન શકાય તેવી સ્ત્રીઓનો સંગ રાજાએ કરવો નહિ. બીજાએ પેહેરેલું વસ્ત્ર તથા ઘરેણું રાજાએ ન પેહેરવું. પારકી શય્યામાં સુવું નહિ, બીજાના આસનપર બેસવું નહિ, અને પારકા વાસણમાં જમવાનું સર્વદા ત્યાગ કરવું, પોતાને બેસવાના આસન શય્યા ઘોડા રથ હાથી વિગેરે વાહનોપર ગુરૂ જન સિવાય રાજાએ બીજાને બેસારવું નહિ. કાંજી. કોહેલું અન્ન, જવ, તેલ અને પાંચે ઉદંબર જાતિના ફળ એટલાં અન્ન રાજાએ ભક્ષણ કરવાં નહિ.

## नृपाणां नीतिशिक्षा ॥

**अपराधसहस्रेऽपि योषिद्द्विजतपस्विनां ॥**
**न वधो नांगविच्छेदस्तेषां कार्यः प्रवासनम् ॥ ३७ ॥**
**देवद्विजगुरूणां च लिंगिनां च सदैव हि ॥**

अभ्युत्थाननमस्कारप्रभृत्या मानमाचर ॥ ३८ ॥
धर्मार्थकामान् संदध्या अन्योन्यमविरोधितान् ॥
पालयस्व प्रजाः सर्वाः स्मृत्वा स्मृत्वा क्षणे क्षणे ॥३९॥
मंत्रिभिः सेवकैश्चैव पीड्यमानाः प्रजा नृप ॥
क्षणे क्षणे पालयेथाः प्रमादं तत्र माचर ॥ ४० ॥
दंड्या न लोभतः केचिन्न क्रोधान्नाभिमानतः ॥
दोषानुसारी दंडश्च विधेयः सर्वदा त्वया ॥ ४१ ॥
हित्वालस्यं सदा कार्यं नीत्या कोषस्य वर्द्धनम् ॥
प्रजायाः पालनं नीत्या नीत्या राष्ट्रहितं पुनः ॥ ४२ ॥
कदापि न हि मोक्तव्यो नीतिमार्गो हितेच्छुभिः ॥
स्यान्न्यायवर्ज्जितो भूप इहामुत्र च दुःखभाक् ॥ ४३ ॥

## यदुक्तं:–

दुष्टस्य दंडः सुजनस्य पूजा
न्यायेन कोशस्य च संप्रवृद्धिः ।
अपक्षपातो रिपुराष्ट्ररक्षा
पंचैव यज्ञाः कथिता नृपाणाम् ॥ ४४ ॥

સ્ત્રી, બ્રાહ્મણ, અને તપસ્વીઓએ અનેક અપરાધ કર્યા હોય. તેમ છતાં મારી નાંખવાની અગર અંગ છેદવાની શીક્ષા કરવી નહિ. પણ તેમને દેશ નીકાલ કરવા. દેવ, બ્રાહ્મણ, ગુરૂ તથા સાધુઓને સામા જઈ નમસ્કાર વગેરે આદર સત્કાર કરી માન આપવું. ધર્મ, અર્થ તથા કામ એ ત્રણે પુરૂષાર્થમાં પરસ્પર વિરોધ ન આવે એવી રીતે સાધવા. ક્ષણે ક્ષણે રાજાએ સઘળી પ્રજાને યાદ કરીને તેમનું પાલન કરવું. મંત્રિઓ તથા સેવકોથી પીડાતી પ્રજાઓનું રક્ષણ

કરવામાં જરા આળસ કરવું નહિ. વળી હે રાજન્! લોભ,—ક્રોધ તથા અભિમાનથી કોઇનો દંડ કરવો નહિ. પણ હમેશાં તેમના ગુનાના પ્રમાણમાં શીક્ષા કરવી. પોતાનું હિત ઇચ્છનાર રાજાઓએ પ્રજા પાલન, દેશ આબાદી તથા પૈસાનો જમાવ નીતિથી કરવો; કદી પણ તેણે ન્યાય માર્ગનું ઉલ્લંઘન કરવું નહિ. અન્યાય કરનાર રાજા આ લોક તથા પર લોકમાં દુઃખ ભોગવે છે. કહ્યું છે કેઃ—અપરાધિને દંડ, સત્પુરૂષને સત્કાર, ન્યાય માર્ગથી ભંડારનો વધારો, અપક્ષપાત તથા શત્રુઓથી દેશનું રક્ષણ એ પાંચ રાજાઓના યજ્ઞ કહ્યા છે.

अंगरक्षान्सौविदल्लान् मंत्रिणो दंडनायकान् ॥
सूपकारान् द्वारपालान् कुर्याद्वंशक्रमागतान् ॥ ४५ ॥
वर्जयेत्मृगयां द्यूतं वेश्यां दासीं परस्त्रियः ॥
सुरां ववनपारुष्यं तथा चैवार्थदूषणम् ॥ ४६ ॥
वृथार्थदंडपारुष्यं वाद्यं गीतं तथाधिकम् ॥
नृत्यावलोकनं भूयो दिवा निद्रा च संततम् ॥ ४७ ॥
परोक्षनिंदा व्यसनान्येतानि परिवर्जयेः ॥
न्यायान्यायपरामर्शे नीरक्षीरविवेचने ॥ ४८ ॥
न पक्षपातो नोद्वेगस्त्वया कार्यः कदाचन ॥
स्त्रीणां श्रीणां विपक्षाणां नीचानां रसितागसां ॥ ४९ ॥
मूर्खाणां चैव लुब्धानां मा विश्वासं कृथाः क्वचित् ॥
देवगुर्वाराधने च स्वप्रजानां च पालने ॥ ५० ॥
पोष्यपोषणकार्ये च मा कुर्यात्प्रतिहस्तकान् ॥
कार्यः संपदि नोत्सेको धैर्यछेदो न चापदि ॥ ५१ ॥
एतद्द्वयं निगदितं बुधैरुत्तमलक्षणम् ॥
शास्त्रैर्दानैः प्रपाभोज्यैः प्रासादैश्च जलाशयैः ॥ ५२ ॥

यशस्कारे रमाभिश्च पूरयेत्सकलामिलां ॥
घातयेच्छत्रुवंश्यांश्च पोषयेत्सुहृदन्वयं ॥ ५३ ॥
शक्तित्रिकमुपायानां चतुष्कं चांगसप्तकं ॥
वर्गत्रयं सदैतानि रक्षणीयानि यत्नतः ॥ ५४ ॥
तत्र प्रभूत्साहमंत्राः शक्तयः समुदाहृताः ॥
उपायाः सामदामौ च दंडभेदाविति क्रमात् ॥ ५५ ॥
स्वाम्यमात्यसुहृत्कोशराष्ट्रदुर्गबलानि च ॥
सप्तांगा नीतिराज्यस्य प्रकृतिश्चाष्टमा क्वचित् ॥ ५६ ॥
षड्गुणाश्च समाख्याता राज्यस्तंभोपमा इमे ॥
संधिविग्रहयानासनाश्रयद्वैधभावनाः ॥ ५७ ॥
पालयेच्च प्रजाः सर्वाः स्वपरापेक्षयोज्झितः ॥
दुष्टान् प्रजापीडकांश्च तथा राज्यपद्वेषिणः ॥ ५८ ॥
गुरुदेवभिदः शत्रून् चौरान् प्राणैर्वियोजयेत् ॥
सर्वदा दंडनीयाश्च लंचाग्राहिनियोगिनः ॥ ५९ ॥
यथा स्युः सुस्थिताः सर्वाः प्रजाः कार्यं तथा सदा ॥
इत्येषा भवता शिक्षा करणीया दृढात्मना ॥ ६० ॥

અંગ રક્ષકો, કંચુકિયો, મંત્રિ, છડીદાર, રસોઇયા તથા દ્વારપાળો વંશ પરંપરા ચાલ્યા આવેલા રાજાએ રાખવા. શિકાર, જુગટું, વેશ્યા દાસી અને પરસ્ત્રીનો સંગ કદી કરવો નહિ; દારૂ, વચનનું કઠોરપણુ અને મિથ્યા વ્યયનો રાજાએ ત્યાગ કરવો. વગર કારણે દંડવું, નિષ્ઠુરપણું, ગાવા બજાવવાનો છંદ, વારે વારે નાચ જોવા તથા હમેશાં દિવસે સુવું અને પરોક્ષ નીંદા એટલાં વ્યસન તેણે હમેશાં તજવાં. દુધ તથા પાણીનું જેમ હંસ પૃથકકરણ કરે છે તેમ રાજાએ ન્યાય અને અન્યાય ખોળવામાં પક્ષપાત તેમ ઉદ્વેગ કદી કરવો નહિ સ્ત્રી, લક્ષ્મી,

શત્રુ, નીચ તથા દારૂના અપરાધિઓ અને મૂર્ખ તથા લોભીઓનો પણ કદી વિશ્વાસ કરવો નહિ. દેવ તથા ગુરૂની સેવા, પ્રજાનું પાલન અને પોષ્ય વર્ગના પોષણનું કામ બીજાના હાથમાં સોંપવું નહિ. સંપત્તિ સમયમાં છકી જવું નહિ તેમ વિપત્તિમાં ધીરજ ન છોડવી; એ બેઉ લક્ષણ વિદ્વાનોએ ઉત્તમ ગણેલાંછે. યશને કરવાવાળા તથા અસંખ્ય શાસ્ત્ર, દાન, ભોજનશાળાઓ, પરબો, પ્રાસાદો તથા જળાશયોથી પૃથ્વીને શણગારવી. શત્રુઓના વંશજોનો નિર્મૂલ કરવો; મિત્રના વંશનું પોષણ કરવું; ત્રણ શક્તિઓ, ચાર ઉપાય, સાત અંગ, અને ત્રિવર્ગ એટલાંનું પ્રયત્નવડે નિરન્તર રક્ષણ કરવું. ઉત્સાહ, મંત્ર તથા બળ એ ત્રણ શક્તિઓ કહેલીછે. સામ, દામ, દંડ તથા ભેદ એ ચાર ઉપાયછે, અને સ્વામી, પ્રધાન, સુહૃદ, કોશ, રાષ્ટ્ર ( દેશ ) કીલ્લા તથા સૈન્ય એ રાજાઓનાં સાત અંગ છે. કેટલાક પ્રકૃતિને રાજાનું આઠમું અંગ ગણે છે. સંધિ વિગ્રહ, યાન, આસન, આશ્રય અને દ્વૈધીભાવ એ છ ગુણોને રાજ્યના સ્તંભની ઉપમા આપેલી છે. મારા તારાની અપેક્ષા વિના સર્વ પ્રજાનું પાલન કરવું; દુષ્ટ, પ્રજા પીડનારા, રાજ્યાભિલાષી, દેવ ગુરૂનો નાશ કરનારા, શત્રુ અને ચોરોને મારી નાંખવા. લાંચ લેનારા અધિકારીઓને હમેશાં શિક્ષા કરવી. રાજન્! તારે દૃઢપણે રહી ઉપર બતાવેલી શિખામણ ધારણ કરવી. અને જેમ બને તેમ પોતાની સઘળી પ્રજાઓ સુખથી રહી શકે તેમ કરવું.

## मंत्रिगुणाः

कुलीनः कुशलो धीरो दाता सत्यसमाश्रितः॥
न्यायैकनिष्ठो मेधावी शूरः शास्त्रविचक्षणः ॥ ६१ ॥

सर्वव्यसननिर्मुक्तो दंडनीतिविशारदः ॥
पुरुषान्तरविज्ञाता सत्यासत्यपराक्रमः ॥ ६२ ॥
कृतापराधसौदर्ये शत्रावपि समाशयः ॥
धर्मकर्मरतो नित्यमनागतविमर्शकः ॥ ६३ ॥
अत्यास्तिक्यादिमतिषु चतसृष्वपि बद्धधीः ॥
भक्तः षड्दर्शनेष्वेव गुरुदेवाद्युपासकः ॥ ६४ ॥
नित्यमाचारनिरतः पापकर्मपराङ्मुखः ॥
सदा विचारयेन्न्यायं क्षीरनीरविवेचनम् ॥ ६५ ॥
कुलक्रमागतं मात्रं नृपयोग्यमुदीरयेत् ॥
ईदृशः पुरुषो मंत्री जायते राज्यवृद्धिकृत् ॥ ६६ ॥

સદ્‌કુલમાં ઉત્પન્ન થએલો, ધીરજવાન્‌, દાનેશરી, સત્યવાદી, ન્યાયી, બુદ્ધિવાન, શૂરવીર, શાસ્ત્રને જાણવા વાળો, નિરવ્યસની, દંડનીતિને જાણનાર, પુરૂષ પરીક્ષક, સત્યાસત્ય ખોળવામાં પરાક્રમી, મિત્ર તથા શત્રુના અપરાધમાં સમાન આશયવાળો, ધર્મ કાર્યમાં કુશળ, હમેશાં ભવિષ્યનો વિચાર કરનાર, આસ્તિકય આદિ ચાર પ્રકારની બુદ્ધિમાં દ્દઢ દૃષ્ટિવાળો, ષટ્‌દર્શનને ભજનારો, ગુરૂ તથા દેવાદિકનો ઉપાસક, સદાચાર પાળનારો, પાપ કર્મ થકી વિમુખ, ક્ષીર તથા નીરની પેઠે સતત ન્યાયને વિચારનાર, કુલ પરંપરાથી ચાલતાં આવેલાં યોગ્ય માર્ગ બતાવનાર; એટલા ગુણ યુક્ત મંત્રી રાજ્યને વૃદ્ધિ કરનારો થાય છે.

## मंत्रिशिक्षा.

क्रोधाल्लोभात्तथोत्सेकाद्दर्पादपथि वर्त्तनम् ॥
वर्जनीयं सदामात्यैर्वाच्यं नित्यं यथाहितम् ॥ ६७ ॥

व्यवहारे न कस्यापि पक्षः कार्यस्त्वयानघ ॥
प्रजाहितैकनिष्ठत्वं धारणीयं निरंतरं ॥ ६८ ॥
परामर्शं विधायोच्चैः राज्यांगेषु च वैरिषु ॥
तथा कार्यं यथा स्वामिकार्ये हानिर्न जायते ॥ ६९ ॥

ક્રોધથી, લોભથી, ઉત્સેકથી અથવા દર્પથી મંત્રિએ અવળે માર્ગે કદિ ચાલવું નહિ, રાજાનું જે પ્રકારે હિત થાય તેજ પ્રકારે મંત્રિએ બોલવું. હે પાપરહિત ! વ્યવહારમાં તારે કોઇનો પણ પક્ષ કરવો નહિ; નિરંતર પ્રજાના હિત તરફજ લક્ષ રાખવો. રાજ્યના અંગો તથા શત્રુઓના વિષયમાં પુખ્ત વિચાર કરી જેમ રાજ્યને હાનિ ન થાય તેમ વર્તવું.

## पूर्वोक्ताचरितफलमाह.

नृपामात्यौ यदि स्यातां पूर्वोक्तगुणधारकौ ॥
तदा प्रवर्तते नीतिर्न च स्याद् द्विषदागमः ॥ ७० ॥
पूर्वोक्तशिक्षया युक्तः प्रातरुत्थाय भूपतिः ॥
मंगलातोद्यनादेन स्मरेत्पंचनमस्कृतिम् ॥ ७१ ॥
कृत्वा प्राभातिकं कृत्यं स्नात्वा गत्वा जिनालये ॥
जिनभक्तिं विधायोच्चैः परिच्छदसमावृतः ॥ ७२ ॥
गुरुश्चेत्तर्हि तत्पादनतिं कृत्वा तदग्रतः ॥
स्थित्वा तद्देशनां श्रुत्वाभियुक्तः सुसमाहितः ॥ ७३ ॥
आगत्य च सभामध्ये स्थित्वा सिंहासने ततः ॥
मंत्रियुक्पार्थिवः सर्वराजचिन्हसमन्वितः ॥ ७४ ॥
पश्येत्सभागतान्सर्वान् राज्यकर्माधिकारिणः ॥
सेनापतितलारक्षप्रभृतींश्च चरानपि ॥ ७५ ॥

**लक्षणानि स्वकर्माणि चैषां प्रस्तावयोगतः ॥**
**कथ्यन्ते ऽत्र यथा प्रोक्तान्यागमे नीतिकोविदैः ॥ ७६ ॥**

પૂર્વે દર્શાવેલા ગુણયુક્ત રાજા તથા પ્રધાન જે રાજ્યમાં હોય ત્યાં નીતિનો પ્રચાર થાય છે, તેના રાજ્યમાં શત્રુઓ આવી શકતા નથી. ઉક્તનીતિવાળા રાજાએ મંગળવાંજીંત્રોના નાદસાંભળતાજ પ્રાતઃકાળમાં વ્હેલો ઉઠી પંચપરમેષ્ઠીના નમસ્કારને સંભારવા; પછી તેણે સ્નાન કરી પ્રભાતનું કર્મ આચરી પોતાની સવારી સહિત જિનમંદીરમાં જઇ ઉચ્ચ પ્રકારની ભક્તિ આદરવી; ગુરૂ નજીક હોય તો તેના ચરણમાં નમસ્કાર કરી સાવધાનતાથી તેમની આગળ યોગ્ય આસનપર બેશી દેશના સાંભળવી; પછી સઘળાં રાજ્ય ચિન્હ ધારણ કરેલા રાજાએ મંત્રિ સહિત (કચેરી)માં જવું. રાજ્ય સભામાં બીરાજેલા સેનાપતિથી આરંભી જાસુસો સુધીના સઘળા નોકર વર્ગને તપાસવા. પ્રસ્તુત વિષય છે માટે નીતિશાસ્ત્રજ્ઞોએ આગમ–શાસ્ત્રમાં કહેલાં એમનાં લક્ષણ અને કર્મ અત્રે કહેવાશે.

## सेनापतिलक्षणानि ॥

### तद्यथाः—

**सेनापतिर्भवेद्दक्षः यशोराशिर्महाबलः ॥**
**स्वभावतः सदातप्तस्तेजस्वी सात्त्विकः शुचिः ॥ ७७ ॥**
**यवनादिलिपौ दक्षो म्लेच्छभाषाविशारदः ॥**
**ततो म्लेच्छप्रभृतिषु सामदामाद्युपायकृत् ॥ ७८ ॥**
**विचारपूर्वकाभाषो यथावसरवाग्विद् ॥**
**गंभीरमधुरालापी नीतिशास्त्रार्थकोविदः ॥ ७९ ॥**
**जागरूको दीर्घदर्शी सर्वशास्त्रकृतश्रमः ॥**

ज्ञातयुद्धविधिश्चक्रव्यूहाव्यूहविशेषवित् ॥ ८० ॥
साकाहित्थस्यापि तूर्णं दंभादंभादिभाववित् ॥
प्रत्युत्पन्नमतिर्वीरोऽमूढः कार्यशतेष्वपि ॥ ८१ ॥
स्वामिभक्तः प्रजाप्रेष्ठः प्रसन्ननयनाननः ॥
दुर्दर्शनो द्विषां वीररसावेशे भयंकरः ॥ ८२ ॥
लंचादिलोभानाकृष्टः स्वामिकार्यैकसाधकः ॥
सल्लक्षणः कृतज्ञश्च दयालुर्विनयी नयी ॥ ८३ ॥
जेतव्यवर्षे निम्नोच्चजलशैलादिदुर्गवित् ॥
नानाविषमदुर्गाणां भंगादानादिमर्मवित् ॥ ८४ ॥
संधाने प्रतिभिन्नानां संहतानां च भेदने ॥
उपायज्ञो प्रयासेन द्विषतैवं द्विषं जयेत् ॥ ८५ ॥

સેનાપતિ ડાહ્યો, બળવાન અને અનેક યશ સંપાદન કરેલો હોવો જોઈએ, હમેશાં ગરમ મીજાજનો, તેજસ્વી, સત્વગુણી, પવિત્ર, યવન આદી અનેક લીપીયોને લખી વાંચી જાણનાર, મ્લેચ્છ ભાષાઓનું જ્ઞાન ધરાવનાર, મ્લેચ્છાદિ અન્ય વર્ણને સામ દામાદિ ભેદથી વશ કરનાર, અવસરને શોભે તેવી વિચાર પૂર્વક બોલનાર અને અવસરોચિત વચનને જાણનારો, ગંભીર મીઠી મીઠી વાતો કહેનારો, નીતિશાસ્ત્રને સંપૂર્ણ જાણનારો, પંડિત, જાગરૂક, દીર્ઘદર્શી, સર્વ શાસ્ત્રને જાણનાર, યુદ્ધમાં ચક્ર વ્યૂહાવ્યૂહાકાર સૈન્યને ગોઠવવામાં કુશળ, અને તેના ભેદને જાણનારો, આકાર ગુપ્ત મનુષ્યના કપટના તેમજ પ્રમાણિકપણાના અભિપ્રાયને જાણનારો, સમય સૂચકતાવાળો, ચોરના જેવી દૃષ્ટિવાળો, સેંકડો કાર્યમાં પણ ચાલાક, રાજ્યભક્ત, પ્રજાપ્રિય, પ્રસન્ન નેત્ર તથા મુખવાળો, શત્રુઓને તાપ ઉપજાવે તેવા દેખાવવાળો વીરરસના આવેશમાં ભયંકર લાગે તેવો, લાંચ વગેરે લાલચોથી લોભાય નહિ

તેવો, પોતાના સ્વામીનું કાર્ય સાધવામાં કુશળ, સારાં લક્ષણવાળો, કૃતજ્ઞી, દયાળુ, નમ્ર, ન્યાયી, જીતવા યોગ્ય પ્રદેશની નીચી, ઉંચી જમીન, જળાશયો, શૈલાદિ કીલ્લાઓ વગેરેને જાણવાવાળો, અનેક પ્રકારે વિષમ ચડાવના કિલ્લાઓને શીરીતે તોડવા અથવા જીતવા, તેના મર્મને જાણનાર, શત્રુઓને સંધી કરાવાનાં અને મિત્રોને તુટ પાડવાના ઉપાયોને જાણનાર, શત્રુને શત્રુઓવડે પ્રયાસથી જીતનાર એટલા ગુણવાળો સેનાપતિને યોગ્ય છે.

## सेनापतिशिक्षा.

त्वया परबलावेशो बुद्ध्या बाहुबलेन च ॥
भंजनीयो विधेयो न विश्वासः कस्यचित् परं ॥ ८६ ॥
परस्य मंडलं प्राप्य कार्या नानवधानता ॥
अल्पे ऽपि परसैन्ये च महान् कार्य उपक्रमः ॥ ८७ ॥
देशं कालं बलं पक्षं षड्गुण्यं शक्तिसंगमं ॥
विलोक्य भवता शत्रुरभियोज्यो न चान्यथा ॥ ८८ ॥
स्वस्वामिने जयो देयः कार्यं स्वप्राणरक्षणं ॥
दंडनायकमुत्कृष्टमित्येवं शिक्षयेद्गुरुः ॥ ८९ ॥

બુદ્ધિબળથી કિંવા બાહુબળથી શત્રુ લશ્કરને તોડી પાડવું શત્રુ પક્ષનો ભરોંશો રાખવો નહિ. પરરાજ્યમાં જઇને જરા પણ ગાફેલ થવું નહિ, થોડું પણ શત્રુનું સૈન્ય જોઇ મોટો ઉપક્રમ કરી રાખવો. દેશ, કાળ, સૈન્ય, પક્ષ ષડ્ગુણ તથા શક્તિ જોઇને શત્રુઓની સાથે લડવું; વગર વિચારે યુદ્ધ કરવું નહિ. પોતાના રાજાને જય આપવો અને પોતાના પ્રાણનું રક્ષણ કરવું. એ પ્રકારે ઉત્તમ દંડનાયકને ગુરૂ શીખવે છે.

## सामान्यतः सर्वेषां कर्माधिकारिणां तत्कर्म-बोधिकाः शिक्षाः

कुलीनाः कुशला धीराः शूराः शास्त्रविशारदाः ॥
स्वामिभक्ता धर्म्मरताः प्रजावात्सल्यशालिनः ॥ ९० ॥
सर्वव्यसननिर्मुक्ताः शुचयो लोभवर्जिताः ॥
समाशयाश्च सर्वेषु नृपवस्तुसुरक्षकाः ॥ ९१ ॥
परापेक्षाविनिर्मुक्ताः गुरुभक्ताः प्रियंवदाः ॥
महाशया महाभाग्याः धर्मे न्याये सदा रताः ॥ ९२ ॥
अप्रमादाः प्रसन्नाश्च प्रायः कीर्तिप्रिया अपि ॥
कर्माधिकारे योग्याः स्युरीदृशाः पुरुषाःपरं ॥ ९३ ॥
इतिसामान्यतःसर्वेषांकर्माधिकारिणांलक्षणानि
स्वामिना यदि यत्कर्म न्यस्तं विश्वासतस्त्वयि
अत्र प्रमादो नो कार्यो विधेयं स्वामिवांछितम् ॥ ९४ ॥
प्रजा न पीडनीयस्तु स्वयं पत्युर्न कर्म च ।
अजनीयं नयाद्विरं न हेयं सत्यमुत्तमम् ॥ ९५ ॥
प्रजाधने नृपस्वे च न कार्या कर्हिचित्स्पृहा ।
एव शिक्षा सदा देया सर्वकर्माधिकारिषु ॥ ९६ ॥

હવે સામાન્યથી સર્વે રાજ્યકારભારીઓના લક્ષણો કહે છે—કુલીન, કુશળ, ધીર, શુરવીર, શાસ્ત્રજ્ઞ, સ્વામીભક્ત ધર્મમાં શ્રદ્ધાવાળા પ્રજાનું ભલું ચાહનારા, સર્વ વ્યસન રહિત, પવિત્ર, નિર્લોભી, સર્વ પ્રત્યે સમભાવવાળા, રાજાની વસ્તુઓનું રક્ષણ કરવાવાળા પારકાની આશા નહિ રાખનારા, પ્રિય બોલનારા, મહાશય, ભાગ્યશાલી, સર્વદા

ધર્મ તથા ન્યાયને અનુરાગી, આળસ વગરના, આનંદી, બહુધા કીર્તિના ભુખ્યા, એટલા ગુણવાળા પુરૂષો રાજાની નોકરીમા રહેવા યોગ્ય છે. સઘળા નોકર વર્ગનાં એ સામાન્ય લક્ષણ કહ્યાં. સ્વામિએ વિશ્વાસથી જે કામ સોંપ્યુ તેમાં પ્રમાદ ન કરતાં તેની ઇચ્છા પ્રમાણે અવશ્ય કરવું. પ્રજાને પિડવી નહિ અને રાજાનું કાર્ય બગાડવું નહિ; ન્યાયથી ધન મેળવવું; કોઇ દિવસ સર્વોપરી સત્યને છોડવું નહિ. પ્રજા તથા રાજાના ધનપર કદિ ઇચ્છા કરવી નહિ. ઉપર પ્રમાણે સર્વ નોકર વર્ગને સદા શીખામણ આપવી.

## दूतलक्षणानि.

मध्वाम्लकटुतिक्तेषु वागूभेदेषु विचक्षणाः ॥
औत्पत्तिकयादिधीयुक्ताः शीघ्रकार्यविधायिनः ॥ ९७ ॥
विनीताः स्वामिभक्ताश्च स्वामिकार्यैकतत्पराः ॥
सर्वभाषासु दक्षाश्च प्रायेण स्युर्द्विजाश्चराः ॥ ९८ ॥

મીઠી, ખાટી, તીખી તથા કડવી એ પ્રકારના વાણી ભેદમાં વિચક્ષણ, સમય સૂચકતા આદી બુદ્ધિ વાળા, શીઘ્ર કાર્ય કરનારા, વિનય વાળા, સ્વામિભક્ત, ધણીના કાર્યમાં તત્પર, સઘળી ભાષાઓના જ્ઞાન વાળા દૂત હોવા જોઇએ. ઘણું કરીને દૂત બ્રાહ્મણોજ હોઈ શકે.

स्वस्वामिने वृथोत्साहो न देयो रभसात्कदा ॥
परप्रसादो नापेक्ष्यः कार्यं सत्यनिवेदनम् ॥ ९९ ॥
स्वामिप्रतापसंवृद्धिः कार्या सर्वत्र च त्वया ॥
ज्ञात्वान्यभावं तद्वाच्यं यत्स्यात्स्वाम्यर्थसाधकम् ॥१००॥
तेषां विज्ञापनं सम्यक् श्रुत्वा मंत्रियुतो नृपः ॥

हिताहितं विविच्याथ कुर्याद्राष्ट्रहितं भृशं ॥ १०१ ॥

इत्याचार्य श्रीहेमचन्द्रविरचिते चौलुक्यवंशभूषणकुमारपालशुश्रूषिते लघ्वर्हन्नीतिशास्त्रे भूमिकाभूपालादिगुणवर्णनोनाम प्रथमोऽधिकारः ॥ १ ॥

ઉતાવળથી પોતાના સ્વામિને ખોટો ઉત્સાહ કદી આપવો નહિ, પારકી મેહેરબાનીની કદી આશા રાખવી નહિ, સ્વામિ પાસે ખરેખરૂં કહી દેવું. પોતાના રાજાના પ્રતાપની સર્વ સ્થળે અત્યંત વૃદ્ધિ કરવી. બીજાનો ભાવ જાણી લઇ જેથી સ્વામિનો અર્થ સધાય એટલુંજ કહેવું. પ્રધાન સાથે રાજાએ પણ એ દુતોનું વિજ્ઞાપન રૂડે પ્રકારે સાંભળી હિતાહિતનો વિચાર કરી દેશનું અત્યંત હિત થાય તેમ કરવું. ચૌલુકય વંશના ભૂષણ રૂપ કુમારપાળ રાજાએ સાંભળેલા અને આચાર્યશ્રી હેમચંદ્રે રચેલા અર્હન્નીતિ શાસ્ત્રમાંથી ભૂમિકા તથા ભૂપાલ ઇત્યાદિ પુરૂષોના ગુણના વર્ણન રૂપ આ પ્રથમ અધિકાર થયો.

---

जगन्नाथं सनाथं चाद्भुतलक्ष्म्योर्जितप्रभं ॥
प्रत्यूहनाशने दक्षमाजितं समुपास्महे ॥ १ ॥
पूर्वाधिकारे यत्प्रोक्तं हिताहितविचारणं ॥
नीतिप्रवर्त्तनं कृत्यं भूपालस्य तदुच्यते ॥ २ ॥

આશ્ચર્ય યુક્ત લક્ષ્મીથી શોભિતા એવા અને દરેક વિઘ્નને નાશ કરવામાં કુશળ એવા કૃપાળુ જગતના નાથ અજિત ભગવાનને હું ઉપા-

સૂચું. પ્રથમના અધિકારમાં એમ કહી ગયા કે હિતાહિતનો વિચાર કરવો તેના સંબંધમાં નીતિના પ્રવર્તનરૂપ રાજાનું કાર્ય કહે છે.

तत्रादौ नृपेण विचारणा कुत्र कथं कैश्च कर्त्तव्येत्याह ॥

પ્રથમ રાજાએ કયા સ્થળમાં, શી રીતે અને કોની સાથે વિચાર કરવો તે બતાવે છે.

उद्याने विजने गत्वा प्रसादे वा रहःस्थितः ॥
मंत्रयेन्मंत्रिभिर्मंत्रं भूयः स्वस्थः समाहितः ॥३॥ यतः—
मंत्रभेदे कार्यभेदः पार्थिवानां प्रजायते ॥
ऽतोमंत्रणेऽखिलान् मंत्रभेदकानपसारयेत् ॥ ४ ॥

મનુષ્ય વગરના ઉદ્યાનમાં કિંવા મેહેલના એકાન્ત ભાગમાં જઈ રાજાએ મંત્રિઓની સાથે બેસી સાવધાનતાથી અને સ્વસ્થ ચિત્તથી વારંવાર સલાહ વિચારવી. વાત ફુટવાથી રાજાઓનું કાર્ય બગડે છે, માટે બીજાને વાત કરીદે એવા સઘળા ચાડિયાઓને આસપાસથી કાઢી મૂકવા.

विचारानन्तरं नीत्या राष्ट्रहितं कार्यं । तत्र नीतिःकतिधेत्याह॥

વિચાર કર્યા પછી નીતિવડે દેશનું હિત કરવું; તે નીતિ કેટલા પ્રકારની તે કહે છે.

नीतिस्त्रिधा युद्धदंडव्यवहारैरुदाहृता ॥
तत्राद्या कार्यकालीना मध्यान्त्या च निरंतरा ॥ ५ ॥

યુદ્ધ, દંડ તથા વ્યવહાર, એ ત્રણ પ્રકારની નીતિ છે. તેમાં

યુદ્ધ નીતિનો અવસરે ખપ પડે છે; અને વ્યવહાર તથા દંડ નીતિનો ઉપયોગ સતત થયાં કરે છે.

तत्र तावद्यथोद्देशनिर्देशेन युद्धनीतिवर्णनावसरेसंध्यादिगुणानामुपयोगित्वात्स्वरूपमुच्यते ॥

હવે અહીં ઉદ્દેશ નિર્દેશથી યુદ્ધ નીતિના વર્ણનનો પ્રસ્તાવ હોવાથી સંધિ, વિગ્રહ ઇત્યાદિ ગુણોનો ઉપયોગ જાણી તેમનાં સ્વરૂપ લક્ષણ કહીએ છીએ.

संधिर्व्यवस्था वैरं च विग्रहः शत्रुसन्मुख ॥
गमनंयानमाख्यातमुपेक्षणमथासनम् ॥ ६ ॥
द्विधा कृत्वा बलं स्वीयं स्थाप्यं तद्द्वैधमुच्यते ॥
बलिष्टस्यान्यभूपस्याश्रयणं संश्रयः स्मृतः ॥ ७ ॥
इत्येते षड्गुणा नित्यं चिंतनीया महाभुजा ॥
कालं वीक्ष्य प्रयोक्तव्या यथास्थानं यथाविधि ॥ ८ ॥

એક બીજાએ પરસ્પર વ્યવસ્થા કરવી તેનું નામ સંધી, વૈર બાંધવું તે વિગ્રહ, શત્રુના સામા જવું તે યાન; શત્રુની ઉપેક્ષા કરી પોતાના સ્થાનમાં બેસી રહેવું તે આસન. પોતાના સૈન્યની બે ટુંકડીઓ પાડી સ્થાપવી, તે દ્વૈધી ભાવ, શત્રુના ભયથી કોઇ પડોશના બળવાન રાજાનો આશ્રય લેવો તે સંશ્રય કહેવાય. રાજાએ હમેશાં એ છ ગુણો ચિત્તમાં ચિંતવી રાખવા; સમય જોઇ જે સ્થળે જેવા વિધિથી જેનો ઉપયોગ પડે તે પ્રયોજવા.

**यत्किंचिन्निबंधेन परस्परोपकारानियमबन्धव्यवस्था संधिः ॥१॥** કોઈપણ સરતોથી પરસ્પર ઉપકારના નિયમોની વ્યવસ્થા બાંધવી તે સંધિ કહેવાય. **स द्विविधः** તે સંધિ બે પ્રકારનો **सत्यसंधिःमाया संधिश्च** એક સત્ય સાંધ અને બીજો માયા–કપટથી સંધિ.

## यदुक्तम्ः—

**तत्रैकः सत्यसंधिः स्याद्यथोक्तं नान्यथा भवेत् ॥**
**मायासंधिर्द्वितीयस्तु माययायः प्रतन्यते ॥ १ ॥**

સત્ય સંધિમાં કરેલા ઠરાવો યથાસ્થિત પાળવામાં આવે છે વાંકું બોલાતું નથી. અને કપટ સંધિમાં પ્રપંચ જાળ પથરાય છે. **स्वार्थे मित्रार्थे वा युद्धाद्यपकाराचरणं विग्रहः ॥ २ ॥** પોતાને માટે અથવા મિત્રને અર્થે યુદ્ધાદિ અપકાર કરવો તે વિગ્રહ કહેવાય. **एकाकिनः समित्रस्य वा शत्रुं प्रति साधनार्थंगमनं यानम् ॥ ३ ॥** એકલા અથવા મિત્રને લઇ શત્રુની પ્રતે સાધનને અર્થે જવું; તે યાન કહેવાય. **हीनबलयतया मित्रानुरोधेन वोपेक्षासनम् ॥ ४ ॥** ઓછા બળને લઇ વા મિત્રના અનુરોધથી ઉપેક્ષા કરવી તે આસન કહેવાય. **शत्रुरोधार्थे सेनानी कतिपय बलान्वित एकतो दुर्गबहिस्तिष्ठेदन्यतो राजापि कतिचित्सेनाकलितो दुर्गे तिष्ठेत् इति स्वबलस्य द्विधाकरणं द्वैधम् ॥ ५ ॥** શત્રુને અટકાવવા માટે કેટલાક લસ્કર સહિત સેનાધિપતિએ એક બાજુથી કિલ્લાની બ્હાર રહેવું, અને કેટલાક લસ્કર યુક્ત રાજાએ બીજી બાજુથી કિલ્લામાં રહેવું આ પ્રકારે લસ્કરના બે ભાગ પાડવા તેને દ્વૈધ કહે છે. **शत्रुसंकटे सहायेच्छया सांप्रति**

**तात्कालिकदुःखनिवृत्त्यर्थं बलवत्तरान्यभूपाश्रयणं संश्रयः ॥ ६ ॥**
શત્રુથી સંકટ જોઇ સહાયની ઇચ્છાએ તાત્કાલિક તથા ભવિષ્યના દુઃખની નિવૃત્તિ માટે બળવાન રાજાઓનો આશ્રય લેવો તે સંશ્રય કહેવાય.

**एते गुणा यथावसरं यथास्थानं प्रयोगार्हाः, तदेव दर्शयति ॥**

ઉપર દર્શાવેલા ગુણો અવસરોચિત યોગ્યસ્થાને પ્રયોજવા; તે બતાવે છે.

आत्मनश्चेन्नृपः पश्येदैष्यद्वाविफलं शुभम् ॥
विसशाप्यस्यहानिं वै संधिं कुर्य्याद्द्रुतं तदा ॥ ९ ॥
बलोपचितमात्मानं तुष्टामात्यादिसंयुतम् ॥
यदा जानाति भूपाल स्तदाकुर्याद्विग्रहम् ॥ १० ॥
विपक्षपक्षदलनोत्साहभृत्सूर्ज्जितं बलं ॥
पुष्टं प्रकृष्टं जानीयादरिं यायात्तदा नृपः ॥ ११ ॥
पूर्वार्ज्जिता यदा शक्तिबलहीनः प्रजायते ॥
साम दाम भिदोद्युक्त स्तदासीत प्रयत्नतः ॥ १२ ॥
रिपुं बलिष्ठं दुर्धर्षं यदा मन्येत भूधनः ॥
तदा बलं द्विधा कृत्वा दुर्गे तिष्ठेत्समाहितः ॥ १३ ॥
आत्मानं यदि दुर्गोऽपि रक्षितुं न क्षमो भवेत् ॥
तदा बलिष्ठराजानं धर्म्मिष्ठं संश्रयेद्द्रुतम् ॥ १४ ॥
तत्रापि यदि शंका स्यात्सोपि त्याज्यो ध्रुवं तदा ॥

निःशंकः समरे स्थित्वा युद्धमेव समाचरेत् ॥ १५ ॥
जये च लभ्यते लक्ष्मीर्मरणे च सुरांगना ॥
क्षणविध्वंसिनो कायचिंता का मरणे रणे ॥ १६ ॥

રાજાએ વિચારી જોવું કે અત્યારે જરા હાનિ વેઠવાની છે, પરંતુ ભવિષ્યમાં ઘણો લાભ છે તો તુરત શત્રુની સાથે સંધિ કરવો. આમાત્ય, વિગેરે સંતુષ્ટ હોય અને લશ્કર સહિત પોતે હોયતો શત્રુની સાથે વિગ્રહ કરવો. શત્રુના સૈન્યને પરાભવ કરવામાં ઉત્સાહ શક્તિવાળું સૈન્ય પુષ્ટ અને તેજવાળું એવી ખાતરી હોયતો અવશ્ય શત્રુના સન્મૂખ જવું. સેનાએ પ્રથમની લડાઇઓમાં બળ ખર્ચી નાંખ્યું હોય અને શક્તિહિન જણાતું હોય તો લડાઇનો ઉપક્રમ ન કરતાં સામ, દામ, ભેદ વગેરેથી શત્રુને વશ કરવો. શત્રુ બળવાન્, સહન ન થઇ શકાય તેવો છે, એમ જણાય તો રાજાએ પોતાના સૈન્યના બે ભાગ કરી પોતે સાવધાનથી કિલ્લામાં ભરાઇ જવું. કિલ્લો પણ પોતાનું રક્ષણ કરવાને અસમર્થ જણાય તો બળવાન્ તથા ધર્મીષ્ટ રાજાનો આશ્રય લેવો. ત્યાં પણ શંકા માલમ પડે તો તેનો પણ ત્યાગ કરવો. અને નિઃશંક રણમાં પડી શત્રુની સાથે યુદ્ધ કરવું. લડતાં જીત મળે તો આ લોકની લક્ષ્મી ભોગવાય; તેમ કરતાં મરણ થયું તો સ્વર્ગની અપ્સરાઓના વિલાસનુ સુખ પ્રાપ્ત થાય; ક્ષણવારમાં ભાગી જાય એવી કાયાને માટે રણમાં મરવાની શી ચિંતા? કાંઇજ નહિ.

## अथ सामाद्युपायचतुष्कस्वरूपं वर्ण्यते ॥

कार्यसिद्धिः प्रियालापैः साम दानेन दाम च ॥

भिन्नताकरणं भेदो मिथो राज्याधिकारिषु ॥ १७ ॥
दंडो हि वधपर्यन्तोपकारः प्रतिपंथिनाम् ॥
स्यादुपायो नरासाध्ये कार्येकार्योन्यथा न च ॥१८॥
सत्कारादरप्रीतिसंभाषणादिभिः सांत्वनं साम ।
स्वर्णेभवाजिराजतादि दानेन कार्यसाधनं दाम ।
द्रव्यादिलोभदर्शनेन वाक्चातुर्येण वामात्यादीनां ।
परस्परचित्तभेदनोपादनं भेदः ।
धनहरणवधबंधनादिरूपोऽपकारो दंडः ।

મિષ્ટ વચનથી કાર્યની સિદ્ધિ કરવી તેને સામ કહે છે, કંઇ આપીને કાર્ય સિદ્ધિ કરવી તે દામ. રાજ્યાધિકારીઓમાં પરસ્પર એક બીજાને ભીન્નતા કરાવવી તે ભેદ, શત્રુને વધ પર્યંતનો અપકાર કરવો તે દંડ. એ ઉપાય મનુષ્યથી અસાધ્ય કાર્યમાં કરવો; અન્યથા તેનું પ્રયોજન નહિ. આદર સત્કાર તથા પ્રીતિ ભરેલા વચનથી શાંત કરવું તે સામ કહેવાય સોનું, હાથી ઘોડા, રૂપુ વિગેરે આપીને કાર્ય સાધી લેવું, તે દામ કહેવાય; દ્રવ્યાદિકનો લોભ દેખાડી અથવા વાણીના ચાતુર્યથી પ્રધાન વિગેરેને ફોડવા તે ભેદ; ધન લઇ લેવું; વધ કરવો, કેદમાં નાંખવું વગેરે અપકાર કરવો તે દંડ કહેવાય.

अथसामदामभेदसाध्ये युद्धं नविधेय
मन्यत्र विधेयमिति दर्शयन्नाह ॥
साम्ना दाम्ना च भेदेन जेतुं शक्या यदारयः ॥

तदा युद्धं न कर्तव्यं भूपालेन कदाचन ॥ १९ ॥
संदिग्धो विजयो युद्धेऽसंदिग्धः पुरुषक्षयः ॥
सत्स्वन्येष्वित्युपायेषु भूपो युद्धं विवर्ज्जयेत् ॥ २० ॥
सामादित्रितयासाध्ये त्वनन्यगतिको नृपः ॥
युद्धे प्रवृत्तिकामः स्याद्यदा तत्कृत्यमुच्यते ॥ २१ ॥
पूर्वं संप्रेष्यते दूतश्चतुर्मुख उदारधीः ॥
विपक्षव्यूहधीभावगमागमपरीक्षणे ॥ २२ ॥
सोपि गत्वाथ मधुरैः पूर्वं वाक्यैर्निवेदयेत् ॥
तदसिद्धौ पुनर्ब्रूयादाम्लं तिक्तं तथा कटु ॥ २३ ॥
सिद्धासिद्धौ तदाकारै र्भाषणेनेंगितेन च ॥
तदीयचित्ताभिप्रायं बलशक्तिं च सर्वथा ॥ २४ ॥
बुद्धिशक्तिं कलाशक्तिं निर्गमं गमनं तथा ॥
सम्यक् ज्ञात्वा त्वरागत्य यथावत् स्वामिनं वदेत् ॥ २५ ॥
दूतद्वारेण यज्ज्ञातं परोयोद्धुं समीहते ॥
तदा मंत्रिवरैः सार्द्धं मंत्रयित्वा भृशं नृपः ॥ २६ ॥
तथा कुर्याद्यथा न स्याद्विग्रहो बहुनाशकृत् ॥
केनापि नीतिमार्गेण संतोष्यः परभूपतिः ॥ २७ ॥
यदि केनाप्युपायेन परस्त्यजति नो रणम् ॥
तदा वीक्ष्य मिथः साम्यं युद्धायैवोद्यतो भवेत् ॥ २८ ॥

बलिष्ठेन न योद्धव्यं बलिष्ठाश्रयणं विना ॥
तद्युद्धेन जयः प्रायः क्षयश्चानुक्षयः सदा ॥ २९ ॥
हीनेनापि न योद्धव्यं स्वयं गत्वा च सन्मुखम् ॥
तज्जये तु यशो न स्यात् किंतु हानिः पराजये ॥ ३० ॥

સામ, દામ, અને ભેદથી સાધ્યકાર્યમાં યુદ્ધ ન કરવું, બીજે કરવું એમ બતાવતાં નીચે પ્રમાણે કહે છે:—

સામ, દામ અથવા ભેદથી શત્રુઓને જીતી શકાય એમ હોય તો રાજાએ કદી યુદ્ધ કરવું નહિ. લડાઈમાં જય મેળવવો એ નિશ્ચિત નથી, પણ મનુષ્યોનો ક્ષય થશે એ તો નિશ્ચિત છે. તેથી બીજા ઉપાયો હોય તો યુદ્ધનો તો ત્યાગજ કરવો. સામાદિ ત્રણ ઉપાયથી પણ કાર્ય સિદ્ધિ ન થાય તેમ હોય તો, અને અવશ્ય યુદ્ધ કરવુંજ પડશે, એમ જણાય ત્યારે પ્રથમ રાજાએ કેમ કરવું તે બતાવે છે;- પ્રથમ ઉદાર બુદ્ધિવાળા ચતુર દૂતને શત્રુની પાસે મોકલવો. તે શત્રુના સૈન્યની ગોઠવણ અને તેમના આવવા જવાના માર્ગ જાણે એવો હોવો જોઈએ. તેણે જઈ પ્રથમ મધુર વાક્યોથી શત્રુને પોતાનો અભિપ્રાય નિવેદન કરવો. તેમાં ફતેહ ન મળે તો પછી કડવી તથા તીખી વાણી વાપરવી. તેના આકાર, ભાષણ તથા ચેષ્ટિત પરથી કાર્ય સિદ્ધિ અથવા અસિદ્ધિ જાણી લેવી. સર્વથા પ્રકારે શત્રુના વિચારે અભિપ્રાય, તેની બળશક્તિ, બુદ્ધિબળ, કલાશક્તિ, ગમના ગમન વગેરે યથાસ્થિત જાણી લઈ પાછા આવી પોતાના સ્વામિને તે યથાવત કહી દેવું. દૂતદ્વારાએ સામો યુદ્ધની ઇચ્છા કરે છે, એમ જાણ્યા પછી તે રાજાએ મંત્રિવરોની સાથે દૃઢ મસલત કરવી. એવી ગોઠવણ

રાખવી કે જેથી યુદ્ધમાં બહુ માણુસોની ખુવારી થાય નહિ. કોઇ પણ નીતિ માર્ગથી શત્રુનું મન સંતોષ પામે તે કરવું પણ જો કોઇ પણ ઉપાયથી રણસંગ્રામથી તે ના પાછો વળે અને તે બરોબરીઓ હોયતો તેની સાથે યુદ્ધમાં ઉતરવું. આપણાથી શત્રુ બલવાન હોય તો બીજા બળવાન રાજાનો આશ્રય લીધા સિવાય તેની સાથે કદી યુદ્ધ કરવું નહિ. કેમકે બળવાનની સાથે યુદ્ધ કરવાથી જય પ્રાય થતો નથી ને ક્ષય તથા પશ્ચાતાપ થાય છે. પોતાથી હીન હોય તેના સામા પ્રત્યક્ષ રાજાએ જઇને યુદ્ધ કરવું નહિ, કારણ કે તેને જીતવાથી જગતમાં યશ મળતો નથી પરંતુ પરાજય થવાથી હાનિ તો થાયજ **अत्र स्वयमिति पदेनावश्यके कार्ये सेनानी प्रेष्य तज्जयो विधेय इत्यावेदितम्** ત્રીશમા શ્લોકમાં **'स्वयं'** એ પ્રકારનું પદ મૂક્યું છે તેનું તાત્પર્ય એટલું કે પોતાથી હીન બળવાળા રાજાની સાથે બળવાન રાજાએ યુદ્ધમાં ઉતરવું નહિ; યુદ્ધ કરવાનું આવશ્યક હોય તો સેનાધિપતિ મોકળીને જય મેળવવો.

---

## अथ कदा च यानं विधेयमित्याह ॥

**स्वराष्ट्रदुर्गरक्षार्हप्रधानं च तथा बलम् ॥**
**संस्थाप्य च निजे राज्ये संतोष्यात्मीयकान् भृशं ॥३१॥**
**वाहनायुधवर्मादिसामग्रीं संविधाय च ॥**
**देवं गुरुं च संपूज्य शान्तिकर्मपुरस्सरं ॥ ३२ ॥**
**सुमुहूर्त्ते सुशकुने मार्गादौ मासस्सप्तके ॥**

युद्धं कुर्वीत राजेन्द्रो वीक्ष्य कालबलाबलम् ॥ ३३ ॥

હવે પાન ક્યારે અને શા માટે કરવું તે કહે છે. પોતાનો દેશ તથા કીલ્લાનું રક્ષણ કરી શકે એવા પ્રધાન તથા સૈન્યને રક્ષણને અર્થે મૂકી રાજાએ જવું. ભાયાત વર્ગને સારી પેટે સંતોષ આપવો, વાહન આયુધ તથા બખતર વગેરે લઢાઇની સામગ્રી બરોબર તૈઆર રાખવી. શાન્તી કર્મ સહિત દેવ તથા ગુરૂની પૂજા કરવી. સારૂ મુહૂર્ત અને સારા શકુન જોઇને યુદ્ધમાં નીકળવું. માર્ગ શીર્ષ માસથી આરંભી સાત મહીના સુધી પ્રયાણ કરવું વાસ્તવિક છે. કાલનું બળાબલ તપાસી રાજાએ યુદ્ધ કરવું

अत्र मार्गशीर्षादिमाससप्तके युद्धप्रस्थानकाल
इति दर्शनेन वर्ज्यचतुर्मासेषु युद्धनिषेधः सूचितः ॥

ઉપલા શ્લોકમાં માર્ગ શીર્ષ આદિ સાત માસમાં યુદ્ધનો પ્રસ્થાન કાલ દર્શાવ્યો તેણે કરીને વર્જવા યોગ્ય ચારમાસમાં યુદ્ધનો નિષેધ સુચવ્યો એમ જાણી લેવું. मुहूर्तशकुनादिविचारस्तु निमित्तशास्त्रात् ज्ञेयः इति। મુહુર્ત તથા શકુનાદિનો વિચાર નિમિત્ત શાસ્ત્રથી જાણી લેવો.

मंत्रिसामंतसन्मित्रनैमित्तिकभिषग्वर ॥
कोषाध्यक्षादि संयुक्तश्चतुरंगचमूवृतः ॥ ३४ ॥
वेषांतरधरैश्चारैराज्ञातश्च पदे पदे ॥
गच्छेत्समाहितो मार्गे शोधिते चाग्रगामिभिः ॥ ३५ ॥
गतप्रत्यागते भृत्ये गूढभक्तिपरायणे ॥

मित्रे च न हि विश्वासः कार्य्यो भूपेन सर्वदा॥ ३६ ॥
सर्वतो भयसत्वे च दंडव्यूहेन पार्थिवः ॥
पृष्टतो हि भयमाप्तावनोव्यूहेन गच्छति ॥ ३७ ॥
तार्क्ष्यशूकरव्यूहाभ्यां पार्श्वतो भीतिवान् व्रजेत् ॥
मुखे पश्चाद्भये जाते मकरव्यूहसाधनः ॥ ३८ ॥
सूचीव्यूहेन भूमतां संव्रजेदग्रतो भये ॥
यतो हि भयशंकास्याद्वलं विस्तारयेत्ततः ॥ ३९ ॥
पद्मव्यूहे निवासे हि सदा तिष्ठेत्स्वयं नृपः ॥
सेनापतिबलाध्यक्षै रक्षा कार्याः समंततः ॥ ४० ॥

રાજાએ યુદ્ધમાં નીકળવું ત્યારે સાથે મંત્રી, સામંત, સનમિત્ર, જ્યોતિર્વિદ્દ, ઉત્તમ વૈદ્ય, કોષાધ્યક્ષ, અને ચતુરંગી સેના વિગેરે લઇને નીકળવું. કોઇ ઓળખી ન શકે તેવા વેશ બદલેલા દૂતો આગળ જઈ માર્ગ તપાસી ડગલે, ડગલે, રાજાને ખબર આપે અને તેમણે તપાસેલા નિર્ભય માર્ગે સૈન્ય સહિત રાજાએ ગતિ કરવી. આવતા જતા ચાકર પર તેમજ પોતાની એકાંત સેવામાં દૃઢ મમતા રાખતા હોય તેવા મિત્ર પર પણ રાજાએ કદી વિશ્વાસ કરવો નહિ. ચારે પાસથી શત્રુનો ભય જણાતો હોય તો રાજાએ પોતાનું સૈન્ય 'દંડવ્યુહાકાર' રાખી આગળ ચાલવું, પાછલ ભય હોયતો સૈન્યને શકટાકાર રાખી ચાલવું, બેઉ પડખાંથી શત્રુનો ભય હોયતો તાક્ષર્ય, અને શુકર વ્યુહથી સેના ગોઠવી આગળ ગતિ કરવી. આગળ તથા પાછળ બેઉ પા શત્રુનો ભય જણાય તો મકરવ્યૂહની સેના ગોઠવી જવું. ફકત આગળ ભય

હોય તો સેનાને રાજાએ સૂચી વ્યુહથી ગોઠવવી જયાંથી વિશેષભય જણાય તે બાજુએ સેનાને ળાળા વિસ્તારમાં ફેલાવવી જ્યાં પડાવ કરવાનો હોય ત્યાં પદ્માકાર સેના ગોઠવી રાજાએ પડાવ કરવો. ત્યાં સેનાપતિ અને સૈન્યની ટુકડીઓના અધ્યક્ષોએ ચારે પાસથી તેનું રક્ષણ કરવું. **मुखे बलाध्यक्षः मध्ये भूपः पृष्टतः सेनापतिः उभय पार्श्वतश्चेभाः ततोहयाः ततः पदातयः इत्येवं दंडाकाररचनात्मकः सर्वत्र समविस्तारो दंडव्यूहः** આગાડીના ભાગમાં લશ્કરી અમલદારે રહેવું, વચ્ચે રાજાએ તથા પાછળના ભાગમાં સેનાધિપતિએ રહેવું, બન્ને બાજુએ હાથીએ, પછી ઘોડા તથા પછી પાયદળ એવીરીતે દંડની પેઠે સઘળી તરફથી સમાન રીતે પથરાએલી સેનાને દંડાવ્યુહાકાર રચના કહેછે. **संमुखाग्रे सूक्ष्मः पश्चात् पृथुल शकटाकारोऽनोव्यूहः** અગ્ર ભાગમાં થોડી ને પાછલા ભાગમાં વિસ્તાર વાળી ગાડાની આકૃતિ જેવી ગોઠવાએલી સેનાને અનોવ્યુહ એ પ્રકારે કરે છે.

**तद्विपरितो मकरव्यूहः** અનોવ્યુહથી ઉલટું તે મકરવ્યૂહ કહેવાય; **मुक्तामालेव संहततयावस्थापनं गमनं वा सूचीव्यूहः** મોતીની માળાની પેઠે જોડાઇને પડાવ કરવો અથવા જવું તે સૂચી વ્યુહ કહેવાય. **मध्ये स्थितस्य नृपतेः परितो वलयाकारेण पद्मबलस्थापनं पद्मव्यूहः ॥** રાજાને વચમાં રાખીને ચારે પાસ કંકણના આકારમાં સેનાનું સ્થાપન કરવું તે પદ્મ વ્યૂહ કહેવાય.

**एवं संगच्छतस्तस्यानवच्छिन्नप्रयाणतः ॥**
**सीमांतमुपसंपद्य स्कंधावारः प्रजायते ॥ ४१ ॥**

એ પ્રકારે નિર્વિઘ્ન ગતિ કરતા રાજાએ સીમાડાની મર્યાદાપર

આવીને પડાવ કરવો. **कुत्र स्कंधावारो विधेय इत्याह ॥** ક્યાં આગળ સૈન્યનો પડાવ કરવો; તે કહે છે.—

**जलाशयाः प्रभूताश्च तृणधान्येंधनानि च ॥**

**सूलभान्युच्चभूमिश्च तत्र सेनां निवेशयेत् ॥ ४२ ॥**

પુષ્કળ પાણી, ઘાસ, ધાન્ય, તથા સવડ હોય અને ઉંચી પૃથ્વી સુલભ હોય તે જગાએ રાજાએ પડાવ કરવો.

**ततः किंकार्यमित्याह ॥**

**प्रतीपो न समायातोऽभिमुखं चेत्तदा चरः ॥**

**प्रेषणीयः पुनस्तस्याभिप्रायं ज्ञातुमत्र वै ॥ ४३ ॥**

**ज्ञायते युद्धसज्जः स चेत्तर्हि रणभूमिका ॥**

**शोधनीया यथा सेनागतिरस्खलिता भवेत् ॥ ४४ ॥**

**गुल्मान्प्रधानपुरुषाधिष्टितान्निपुणान्युधि**

**स्थाने च कृतसंकेतानभीरून् संस्थापयेन्नृपः ॥ ४५ ॥**

શત્રુ હજુ ન આવી પહોંચ્યો હોય તો ફરીને તેનો અભિપ્રાય જાણવાને દૂત મોકલવો, બરોબર ખબર મળે કે તે યુદ્ધ કરવાને સજ્જ થયો છે તો પછી સેનાની ગતિને વિરોધ ન આવે તેવી રણભૂમી યુદ્ધને માટે સાફ કરવી. યુદ્ધમાં કુશલ, ભય વગરના અને ઉત્તમ પુરુષોથી અધિષ્ટિત ગુલ્મોને સંકેત સહિત રાજાએ યોગ્ય સ્થાને રાખવાં. **गुल्ममाह॥** ગુલ્મનું લક્ષણ કહે છે :—**नव गजाः नव रथाः सप्तविंशत्यश्वाः पंचचत्वारिंशत्पदातयश्चेत्येतत्संख्यान्वितरक्षक-सैन्यसमुदायो गुल्मः ॥**

નવ હાથી, નવ રથ, સત્તાવીશ ઘોડા, અને પીશતાલીસ પાયદલ; એટલી સંખ્યાવાળો રક્ષણ કરનાર સેનાનો સમુદાય તે ગુલ્મ કહેવાય. પ્રત્યેક ગુલ્મને એક, એક ઉપરી એટલે પ્રધાન પુરૂષ હોય છે. **एतत्कृतशंखभेरीपटहादिशब्दानुसारेणैव सेनाया युद्धे स्थानं ततोपसरणं चबोभवीति** સ્થાન પરત્વે રહેલા ગુલ્મ યોદ્ધાઓએ કરેલા શંખ, ભેરી તથા નોબતના શબ્દને અનુસારે સેનાએ વારંવાર યુદ્ધમાં ગોઠવાવવું અને વીખરાવવું.

**देवान्गुरुंश्च शस्त्राणि पूजयित्वा महीधनः ॥**
**शुभं शकुनमादाय वीरान्संतोष्य सर्वथा ॥ ४६ ॥**
**प्रणवतूर्यनिस्वानजयध्वन्यूर्जितस्पृहः ॥**
**सन्नद्धबद्धकवचः राजचिन्हैरलंकृतः ॥ ४७ ॥**
**जयकुंजरमारुढः धृतशस्त्रचमूवृतः ॥**
**पश्येत्परबलं सर्वं किमाकारं व्यवस्थितम् ॥ ४८ ॥**
**आहवे सैव प्राची दिक् यतः * * ॥**
**तत एवं मुखंकुर्यात् स्वसेनायाः इलापतिः ॥ ४९ ॥**
**चक्रसागरव्यूहाद्यैर्विविधा व्यूहनिर्मितिः ॥**
**यतः परबलं भिंद्यात् कल्पयेत्तां निजे बले ॥ ५० ॥**
**स्वल्पान्तसंहतान्कृत्वा योधयेच्च वहून्यथा ॥**
**कामं विस्तार्य वज्रेण सूच्या वा योधयेद्भटान् ॥ ५१ ॥**

દેવ ગુરૂ તથા હથિઆરોની પૂજા કરીને તથા વીરયોદ્ધાઓને ય-

આપ્રકારે સંતોષીને શુભ શકુન જોઈ પ્રણુવ તથા તુરીના શબ્દોથી જય ધ્વનિના આતુર રાજાએ જય કુંજરપર બેસવું. કવચ પહેરી, હથિઆરો સજી સઘળાં રાજ ચિન્હો ધારણ કરવાં. હાથીપર બેઠા પછી શત્રુના સૈન્યમાં નજર કરવી કે તે કેવા આકારથી ઉભું રહેલું છે. સંગ્રામમાં તેજ પૂર્વ દિશામાં × × × × તેથી રાજાએ પોતાના સૈન્યનું મુખ તે તરફ રાખવું. તે સમયે શત્રુના લશ્કરનો કેવી રીતે નાશ થાય એ વીચારી ચક્રસાગરઆદિવ્યૂહની યથાયોગ્ય રચના પૂર્વક પોતાના સૈન્યને ગોઠવવું થોડા એકઠા કરી બહુની સાથે લડાય તેમ કરવું. વજ્ર કે સૂચીવ્યૂહથી શૂરવીરોની સાથે લઢવું. **त्रिधावस्थितबलेन वज्रव्यूहेन पूर्वोक्तेन सूचि व्यूहेन वा योधयेत्** ત્રણ પ્રકારે વેંહેચાઇને રહેલા લશ્કરવાળા વજ્ર વ્યૂહથી અથવા તો પૂર્વે કહેલા સૂચિવ્યૂહથી યુદ્ધ કરવું. **क्षेत्रविशेषे शस्त्रविशेषयुद्धमाह** જુદા જુદા સ્થાનમાં જુદા જુદા શસ્ત્ર વાપરવા સંબંધી કહે છે.—

**खड्गकुंतादिशस्त्रैश्च गर्तादिरहितस्थले ॥**
**नौभिर्द्विपैरनुपे तु समे च रथवाजिभिः ॥ ९२ ॥**
**निकुंजे द्रुमसंकीर्णे बाणैर्युध्येत भूपतिः ॥**
**वैशाखस्थानमाश्रित्य वेध्यवेधनकोविदः ॥ ९३ ॥**

ખાડા ખાઇઆ વગરની જમીનમાં તરવાર તથા ભાલા વગેરે હથિઆરોથી યુદ્ધ કરવું. જળસ્થાનમાં વહાણો અને હાથિઓથી યુદ્ધ કરવું; સમાન પૃથ્વીમાં રથ તથા ઘોડાઓપર બેસી યુદ્ધ કરવું. ઝાડોવાળી નિકુંજમાં રાજાએ બાણોવડે યુદ્ધ કરવું. અને વૈશાખ સ્થાનમાં લક્ષવેધ જાણનારા યોદ્ધાઓએ યુદ્ધ કરવું. **चापयुद्धे वैशाखस्थान-**

स्वरूपं चेत्थं આ યુદ્ધમાં વૈશાખ સ્થાનનું સ્વરૂપ દર્શાવે છેઃ—

स्थानान्यालीढवैशाखप्रत्यालीढानि मंडलम् ॥
समपादं चेति तत्र वैशाखस्थानलक्षणम् ॥ ५४ ॥
पादौ कार्यौ सविस्तारौ सहस्तौ तत्प्रमाणतः ॥
वैशाखस्थानके सद्यः कूटलक्ष्यस्य वेधने ॥ ५५ ॥
शौर्याभिमानिनः शूरान् बलिष्ठान् पृतनामुखे ॥
योजयेद्बंदिभिर्वीररसेनोत्साहयेद्भटान् ॥ ५६ ॥
मांत्रिकेषु च शस्त्रेषु वन्ह्यचादिषु महीधनः ॥
तन्निवृत्तिकरास्त्राणि वारुणादीनि निक्षिपेत् ॥ ५७ ॥
हृष्टत्वं च मलीनत्वं सम्यक् तेषां परीक्षयेत् ॥
तथा सोपधिचेष्टाश्च विपरीतांश्च संगरे ॥ ५८ ॥
नातिरूक्षैर्विषाक्तैर्न नैव कूटायुधैस्तथा ॥
दृषन्मृदादिभिर्नैव युध्येत नाग्नितापितैः ॥५९॥
नीतियुद्धेन योद्धव्यं सर्वैः शस्त्रैश्च वाहनैः ॥
शत्रावन्यायनिष्ठे तु कर्तव्यं समयोचितम् ॥ ६० ॥
नहन्यात्तापसं विप्रं त्यक्तशस्त्रं च कातरं ॥
नश्यंतं व्यसनप्राप्तं क्लीबं नग्नं कृतांजलिम् ॥ ६१ ॥
नायुध्यमानं नो सुप्तं रोगार्तं शरणागतम् ॥
मुखदंततृणं बालं दीक्षेप्सुं च गृहागतम् ॥ ६२ ॥

अयुध्यमानं शत्रुंचावेष्ट्यासीतास्यधान्यज ॥
लेंधनादीनि सर्वाणि दूषयेत्पीडयेज्जनम् ॥ ६३ ॥
भिंद्यात् प्राकारपरिखादुर्गादींश्चतडागकं ॥
शक्तिहीनं विधायैनं घातयेत्सहचारिणः ॥ ६४ ॥
भेदयेन्निखिलान्तस्य सचिवादींश्च वंशजान् ॥
सुमुहूर्ते च भूपालः स्वाज्ञां तत्र प्रवर्तयेत् ॥ ६५ ॥
देवान् गुरूंश्च संपूज्य दाने दत्वा बहुवसु ॥
ख्यापयेदभयं तेषां ये पूर्वनृपसेवकाः ॥ ६६ ॥
विदित्वैषां समासेन सर्वेषां तु चिकीर्षितम् ॥
तद्वंशं स्थापयेत्तत्र यदाज्ञाभक्तितत्परः ॥ ६७ ॥
पारितोषिकदानेन तं संतोष्य भुवःपतिः॥
स्वशासनं स्थिरीकुर्य्यान्नियमादिप्रबंधतः ॥ ६८ ॥

આલીઢ, વૈશાખ, પ્રત્યાલીઢ અને મંડળ અને સમપાદ એ પાંચ પ્રકારના સ્થાનો છે. તેમાં વૈશાખ સ્થાનનું લક્ષણ કહે છે. વૈશાખ સ્થાનમાં કઠિણ લક્ષ્ય વિંધવામાં હાથ સહિત પગોને સપ્રમાણમાં વિસ્તારવા. શૌર્યાભિમાની બલવાન યોદ્ધાઓને સેનાના મોખરે રાખવા–ભાટ ચારણ અને બંદીજનોને તેમની પાસે રાખી વીર રસથી તેમને ઉશ્કેરી ઉત્સાહીત કરાવવા. અગ્નિ આદિક અને માંત્રીક શસ્ત્રોનો મારો શત્રુ તરફથી ચાલતો હોય તો તેનો પરાભવ કરે તેવાં વારૂણાદિ શસ્ત્રો રાજાએ ફેંકવાં. હૃષ્ટપણું અને મલિનપણું તેમનું તપાસવું અને તેઓની કપટ

સહિત ચેષ્ટાઓ તથા વિરૂદ્ધતા પણ યુદ્ધમાં તપાસવી. અત્યંત રૂક્ષ, વિષ ચોપડેલાં અને કૂટ એવાં શસ્ત્રોથી યુદ્ધ ન કરવું. તેમ પથરા માટી કે અગ્નિએ તપાવેલાં હથિઆરોથી પણ યુદ્ધ કરવું નહિ. સઘળાં શસ્ત્ર, વાહનવડે નીતી યુદ્ધથી લઢવું, શત્રુ કેવળ અન્યાયજ કરતો હોય તો પછી સમય પ્રમાણે વર્તવું. તાપસ બ્રાહ્મણ, હથિયાર વગરનો, બીનેલો, રણસંગ્રામ છોડીને નાશી જતો, દુઃખી, નપુંશક, નગ્ન, હાથ જોડેલો, યુદ્ધ ન કરતો, સુતેલો, રોગથી દુઃખ પામતો, શરણે આવેલો, મોઢે તરણાં લીધેલો, બાળક, દીક્ષાની ઇચ્છાવાળો અને ઘર પ્રત્યે પાછો વળેલો, એટલાનો ઘાત કરવો નહી.શત્રુ લડતો ન હોય તો તેને ઘેરી લેઇ તેના ધાન્ય, જળ, લાકડા વગેરેની આવક અટકાવવી અને તેના નગર જનોને પીડા કરવી. શત્રુએ કરેલા કોટ, ખાઇઓ, કીલ્લા તથા તળાવો તોડી નાંખવાં. શત્રુને શક્તિ વગરનો કરી નાંખી તેના સહચારોનો નાશ કરવો—તેના પ્રધાનાદિ સઘળા વંશજોને પોતાના પક્ષમાં લેવા, સારૂ મુહુર્ત્ત જોઇ શત્રુના નગરમાં પોતાની આણ ફેરવવી. તે દિવસે ગુરૂ તથા દેવતાની પૂજા કરવી, બહુ ધન દાનમાં ખર્ચવું. શત્રુ રાજાના પ્રથમના સેવકોને અભયદાન આપવું. રાજ્યના લાગતા વળગતાઓનો એકત્ર વિચાર જાણી જો આજ્ઞા પાળે તેવો હોય અને સેવામાં તત્પર રહેશે એમ જણાય તો શત્રુના વંશજનેજ તેની ગાદી પર બેસાડવો. તેને શીરપાવ કરી સંતોષ પમાડવો. કાયદો ઘડી પોતાની નિયમિત સત્તા તેના પર દૃઢ કરવી.

**अथ जये जाते पौरुषप्राप्तधनं स्वामिना योधेभ्यः किं देयमित्याह ॥**

**जये जाते नृपो दद्याद्योद्धृभ्यो नितरां धनं ॥**

धान्याजागोमहिष्यादि यो यत्प्राप्नोति तस्य तत् ॥ ६९ ॥
स्यंदनाश्वगजामोघरत्नकुप्यपशुस्त्रियः ॥
भटैराज्ञेर्पणीयाश्च रणे प्राप्ताः स्वपौरुषात् ॥ ७० ॥
एवं पूर्वोक्तविधिना जयं प्राप्य सुविस्तृत ॥
यशःसंपूर्णभूचक्रो राजेन्द्रो भुवि विश्रुतः ॥ ७१ ॥
जयवादित्रनिर्घोषबधिरीकृतदिग्मुखः ॥
मंगलाचारनिरतो हर्षेण स्वपुरं व्रजेत् ॥ ७२ ॥
इत्येवं वर्णिता चात्र युद्धनीतिः समासतः ॥
विशेषस्तु महाशास्त्राज् ज्ञेयः सद्बुद्धिसागरैः ॥ ७३ ॥

इतियुद्धनीतिप्रकरणम् ॥

યુદ્ધમાં જય મેળવ્યા પછી શત્રુ તરફથી મળેલા ધનમાંથી યોદ્ધાઓને શું આપવું અને રાજાએ શું લેવું તે કહે છે:—જય મેળવ્યા પછી રાજાએ યોદ્ધાઓને પુષ્કળ ધન આપવું ધાન્ય, બકરી, ગાય, ભેંશો વગેરે જે કંઈ જેણે મેળવ્યું હોય તે તેનેજ આપવું. રથ, ઘોડા હાથી, અમૂલ્ય રત્નો, પશૂ સ્ત્રીઓ વગેરે વીરપુરૂષોએ રણમાંથી સ્વપરાક્રમથી મેળવ્યું હોય તે સઘળું રાજાને આપી દેવું. ઉપર બતાવેલા વિધિ પ્રમાણે સુવિસ્તૃત કીર્તિથી જેણે ભૂમંડળ ભર્યું છે તેવો રાજેન્દ્ર પૃથ્વીમાં યશવાળો થાય છે. મંગળકારી વાદીત્રના ઘોષથી સર્વદિશાઓનાં મુખને બહેરાં કરી નાખી છે એવા તથા મંગળાચારમાં તત્પર રાજાએ હર્ષ વડે પોતાના નગરમાં પ્રવેશ કરવો. ઉપર પ્રમાણે યુદ્ધ નીતિ મેં ટુંકામાં

વર્ણવી છે; જે બુદ્ધિમાનોને વિશેષ જાણવાની ઇચ્છા હોય તેમણે મોટા શાસ્ત્રમાંથી જાણી લેવી. આ યુદ્ધ નીતિ પ્રકરણ સંપૂર્ણ થયું.

**अथ क्रमप्राप्तदंडनीतिप्रकरणमारभ्यते ॥**

હવે અનુક્રમે આવેલું દંડનીતિ પ્રકરણ આરંભીછું.

**प्रणम्य परया भक्त्या संभवं श्रुतसंभवम् ॥**
**प्रजानामुपकाराय दंडनीतिः प्रचक्ष्यते ॥ १ ॥**

શાસનના મૂળરૂપ સંભવનાથ ભગવાનને પરમ ભક્તિવડે વંદન કરીને પ્રજાઓના ઉપકારને માટે દંડનીતિ પ્રકરણ કહીએછીએ.

**तत्र जैनागमे दंडनीतयः सप्तधा स्मृताः ॥**
**ताः स्युर्हाकारमाकारधिक्काराः परिभाषणम् ॥ २ ॥**
**मंडले बंधनं कारान्क्षेपणं चांगखंडनम् ॥**
**अष्टमो द्रव्यदंडोपि स्वीकृतो नीतिकोविदैः ॥ ३ ॥**
**परिभाषणमाक्षेपान् मागा इत्यादि शंसनम् ॥**
**सरोध इंगिते क्षेत्रे मंडले बन्ध उच्यते॥ ४ ॥**

જૈનશાસ્ત્રમાં નીતિ સાત પ્રકારની કહી છે; તે આ પ્રકારેઃ— હાકારા, માકારા, ધિક્કારા, પરિભાષણ, મંડલબંધન, કારાક્ષેપણ તથા અંગ ખંડન; એ સાત અને નીતિશાસ્ત્રમાં નિપુણો એ દ્રવ્ય દંડ એ આઠમો પ્રકાર પણ સ્વીકાર્યો છે. "જતા નહિ" એવા વચનોનું આક્ષેપ પૂર્વક કહેવું તે પરિભાષણ અને નક્કી કરેલા સ્થાનમાં ગુન્હા કરનારને રોકી મૂકવો તે મંડળબંધ કહેવાય.

## यदुक्तं स्थानांगसूत्रे.

**सत्तविहा दंडनीई पणत्ता तं जहा हक्कारे १ मक्कारे २ धिक्कारे ३ परिभासे ४ मंडलीबन्धे ५ कारागारे ६ छविछेदे य ७ अत्र छविछेद इति वधाद्युपलक्षणम् ॥** સ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે કે:—હકાર મકાર, ધિક્કાર, પરિભાષણ, મંડલબંધન, કારાગાર તથા છવિછેદ એ સાત પ્રકારની નીતિઓ છે '**छविछेद**' એ શબ્દથી ઉપલક્ષણથી વધઆદિ સમજી લેવું.

**एताः सत्त्वेभियोगस्यासत्त्वे चापि महीभुजा ॥**
**प्रयुज्यंते प्रजास्थित्यै यथादोषं दुरात्मसु ॥ ५ ॥**

ફરીયાદ થાય કે ન થાય તોપણ પ્રજાના રક્ષણ અર્થે રાજાએ ગુના પ્રમાણે તે દંડ નીતીઓનો અપરાધીઓ પ્રત્યે ઉપયોગ કરવો. **अत एव प्रत्यर्थ्यभियोगोत्था एता वक्ष्यमाणव्यवहाराधिकारे यथावसरं वर्णनीया भविष्यंति ॥ अत्र तु तदभावेपि याः स्वयं नृपेण प्रजादुःखापकरणार्थं प्रयुज्यंते ता एवोपक्रम्यंते ।** સામાવાળાએ કરેલી ફરીયાદમાં જે દંડ નીતિઓ લગાડવાની તેનું વર્ણન આગળ વ્યવહારાધિકાર કહેવામાં આવશે, ત્યા સમયોચિત કરવામાં આવશે. અહીંયાં સામાની ફરીયાદ ન હોય તો પણ પ્રજાઓનું દુઃખ ટાળવાને રાજાએ જે દંડ નીતિ વાપરવી જોઇએ તેનું વિવર્ણ કરવામાં આવે છે.

**तत्राद्यं दंडनीतीनां त्रिकं प्राक् प्रथमार्हतः ॥**
**युग्मिनां कालदोषेण कलौ कुलकरैः कृतं ॥ ६ ॥**

**पश्चात् प्रवृत्ता अपरा भरतेन कृता अपि ॥**
**ततो निश्चीयते दंडनीतिः कालानुसारिणी ॥ ७ ॥**

ઉપર કહેલી સાત નીતિઓમાંથી પ્રથમ ત્રણ નીતીઓ પ્રથમ તીર્થંકર ભગવાનની પૂર્વે જુગલીઆ સારૂ કાળના દોષને લીધે કૂળકરોએ કરી હતી. ત્યાર પછી બીજી ચાર ભરતે કરેલી જગતમાં પ્રવર્તી માટે દંડ નીતી કાળને અનુસરતી હોવી જોઇએ એમ નિશ્ચય થાય છે **अत एव द्रव्य दंड, ज्ञाति दंड, ताडनादि दंडोपि संगृह्यते ॥ यथा दोषं यथा कालं प्रयुक्ता सर्वेपि साध्यासिद्धिदा एवेति ॥** એટલા માટે દ્રવ્ય દંડ, જ્ઞાતિ દંડ, તથા તાડનાદિ દંડનું અત્રે ગ્રહણ કર્યું છે. જેવા જેવા સમય અને જેવા જેવા દોષ તે પ્રમાણે પ્રયોજેલા સઘળા દંડ સાધ્ય સિદ્ધિ આપનારાજ થાય છે.

**यदुक्तम्ः—**

**यथापराधं देशं च कालं बलमथापि वा ॥**
**व्ययं कर्म्म च वित्तं च दंडं दंड्येषु पातयेत् ॥ ८ ॥**
**तत्र द्विजे मेति दंडः हेति क्षत्रियवैश्ययोः ॥**
**धिक्कारः शूद्रमात्रेषु परे वर्णचतुष्टये ॥ ९ ॥**

જેવો અપરાધ, જેવો દેશ, જેવો કાળ, જેવું બળ, જેવો વ્યય, જેવું કર્મ, અને જેવું વિત્ત તેવોજ દંડ અપરાધિઓનો કરવો. તેમાં પણ બ્રાહ્મણને મકાર, ક્ષત્રીય તથા વૈસ્યને હાકાર, સઘળા શૂદ્રોને ધિક્કાર અને બાકીના દંડ ચારે વર્ણને માટે છે.

अत्रैव विशेषमाह

जाते महापराधेपि नारीविप्रतपस्विनां ॥
नांगछेदो वधो नैव कुर्यात्तेषां प्रवासनम् ॥ १० ॥
वैश्यश्चेत्मांसविक्रेता कूटहेम्नश्च विक्रयी ॥
प्रागंगहीनं तं कृत्वा दंडयेद् द्रुतमेव च ॥ ११ ॥
मनुष्यप्राणहर्ता च चौरवद्दंडभाग् भवेत् ॥
ततोर्द्धं गोगजोष्ट्रादिबृहज्जंतुविनाशके ॥ १२ ॥
क्षुद्रजीवविनाशे तु द्विशतं द्रम्म उच्यते ॥
पंचाशद्दंडभागीस्यान्मृगपक्षिविनाशकः ॥ १३ ॥
पंचमाषैस्तु दंड्यः स्यादजाविखरघातकः ॥
माषद्वयेन दंड्यश्च श्वशूकरविनाशकृत् ॥ १४ ॥
अभक्ष्यभक्षके विप्रे दंड उत्तमसाहसं ॥
क्षत्रिये मध्यमं वैश्येंत्यं शूद्रेत्वर्द्धकं भवेत् ॥ १५ ॥
नृपस्याक्रोशकर्त्तारं तस्यैवानिष्टभाषिणम् ॥
भेत्तारं नृपमंत्रस्य राजकोषापहारकम् ॥ १६ ॥
भूपप्रतीपतापन्नं जिव्हां छित्वा प्रवासयेत् ॥
उत्तमेन च दंड्यः स्याद्राजाज्ञालेखकः स्वयम् ॥ १७ ॥
स्वस्त्रीकलंकभीत्या चं राजदंडभयेन च ॥
शतपंचकदंड्यः स्याज्जारश्चौर इति ब्रुवन् ॥ १८ ॥

उपजीव्यधनं लुंचन् दंड्यश्चाष्टगुणैस्ततः ॥
उत्तमेन भवेद्दंड्यश्चौरं जारं च मुंचतः ॥ १९ ॥
मृतांगोत्सृष्टविक्रेता गुरोस्ताडयिता नरः ॥
भूपयानासनस्थायी दंड्यः स्यादुत्तमेन च ॥ २० ॥
नेत्रभेदनकर्ता यो दंड्यःपंचशतेन सः ॥
जीवतो द्विजरूपेण शूद्रस्याष्टशतो द्रम्मः ॥ २१ ॥
पराजितोपि यो मन्ये जितोस्मीत्यभिमानतः ॥
राजद्वारे तमाकृष्य दंडयेद्द्विगुणेन च ॥ २२ ॥

મોટો અપરાધ કર્યો હોય તેમ છતાં પણ સ્ત્રી, બ્રાહ્મણ તથા તપસ્વીઓનાં અંગ છેદ કે વધ કરવો નહિ; પરંતુ દેશ નીકાલ કરવા. વાણીઆ થઇને માંસ વેચે; અથવા ખોટું સોનું વેચે તેનું પ્રથમ અંગ કાપીને જલ્દીથી દંડ કરવો, મનુષ્યના પ્રાણ લેનારા ચોરના જેટલા દંડને યોગ્ય છે. તેના કરતાં અર્ધો દંડ ગાય, હાથી, ઉંટ ઇત્યાદી મોટાં પ્રાણિયોના વધનો છે. નાનાં પ્રાણીને મારનારને બસો દ્રામના સિક્કાનો દંડ કરવો. મૃગ પક્ષીનો નાશ કરનારને પચાસ દ્રામના સિક્કાનો દંડ કરવો, બકરાં, ઘેટાં અને ગધેડાને મારી નાંખનારને પાંચ માસા સોનાથી દંડવો. કુતરા તથા ભુંડિયાને મારનારનો બે માસા દંડ કરવો. ન ભક્ષણ કરવાની વસ્તુ બ્રાહ્મણ ભક્ષણ કરે તો તેને ઉત્તમમાં ઉત્તમ દંડ કરવો. ક્ષત્રીયને મધ્યમ અને વૈશ્યનો કનિષ્ટ દંડ કરવો. શૂદ્રનો વૈશ્યના કરતાં અર્ધો દંડ કરવો. રાજાની નીંદા કરનાર તેનું અનિષ્ટ બોલનાર તથા તેના ખાનગી વિચારોને ઉઘાડા પાડનાર

અને રાજાના ભંડારને લેઇ લેનાર તથા રાજાની શત્રુતા કરનારની જીભ કાપી લઇ દેશમાંથી કાઢી મૂકવો. રાજાના નામથી સહી કરે તેનો ઉત્તમ દંડ કરવો. પોતાની સ્ત્રીને કલંક આવશે એવા ભયથી અથવા રાજાના દંડના ભયથી ઘરમાં જાર પેઠો હોય અને તેને ચોર છે એમ જુઠું કહે તો તે કહેનારનો પાંચસે દંડ કરવો. ચાકરોનું ધન લઇ લે તો આઠ ઘણો દંડ કરવો ચોર તથા વ્યભિચારીને છોડી દે તેને ઉત્તમ દંડ કરવો, મરેલાના શરીરપરથી કાઢી લઇ દાગીના વેચે, ગુરૂને મારે, તથા રાજાના વાહન કે આસન પર બેસે તો તેનો ઉત્તમ દંડ કરવો. માણસનાં નેત્ર ફોડે તો પાંચસેનો દંડ અને શૂદ્ર હોઇ બ્રાહ્મણના વેશથી જીવીકા કરે તો તેના આઠસે દંડ કરવો. હાર્યો હોય તેમ છતાં ખોટા અભિમાનથી કહે કે હું જીત્યો છું તો તેને રાજાની કચેરીમાં ખેંચી બમણો દંડ કરવો.

अन्यायविहितदंडप्राप्तधनगतिमाह ॥

योऽन्यायेन कृतो दंडः भूपालेन कथंचन ॥
कृत्वा त्रिंशद्गुणं तं च धर्म्माय परिकल्पयेत् ॥ २३ ॥

दंडभेदमाह ॥

उदरमुपस्थं जिव्हा हस्तौ कर्णौ धनं च देहश्च ॥
पादौ नासा चक्षु दंडस्थानानि दशधैव ॥ २४ ॥

यद्देहावयवजनितोपराधस्तत्रैव निग्रहः करणीयः ॥
योऽसमर्थो धनं दातुं कारागारे निधाय तं ॥

कारयित्वा स्वकं कर्म धनदंडं विमोचयेत् ॥ २५ ॥
उत्तमो दंड इत्युक्तः सर्वस्वहरणं वधः ॥
पुरान्निर्वासनं चांगछेदनं चांकनं तथा ॥ २६ ॥

અન્યાયથી કરેલા દંડના ધનનું શું કરવું તે કહે છે. રાજાએ અન્યાયથી જે કોઇ દંડ કર્યો હોય તેના ત્રીસગણા કરીને ધર્મ કાર્યમાં ખરચવા. દંડના ભેદ કહે છે:—પેટ, ઉપસ્થ ઇન્દ્રિય, જીભ્હા, હાથ, કાન ધન તથા દેહ, પાદ, નાસિકા તથા ચક્ષુએ દશ પ્રકારનાં દંડ સ્થાન છે. શરીરના જે અવયવ–ભાગથી અપરાધ થયો હોય તે અવયવનોજ દંડ કરવો. જે ધનનો દંડ ન આપી શકે તેવો હોય તેને કેદખાનામાં રાખી સરકારી કામ કરાવી દંડથી મુક્ત કરવો. ધનમતા સર્વ ખુંચી લેવું; નગરમાંથી કાઢી મૂકવું, અંગ છેદવું તથા ડામ દેવો તથા દેહાન્ત શીક્ષા કરવી એટલાંનો ઉત્તમ દંડમાં સમાવેશ થાય છે.

अथ विशेषमाह ॥

ललाटेंकोऽभिशस्तस्य खरे चारोपणं परं ॥
सुरापाने पताका स्याद्भगस्तु गुरुतल्पगे ॥ २७ ॥
श्वपदांकः स्तैन्यकृत्ये तथाकारानिवेशनं ॥
ब्रह्महत्याकारकस्य शिरोमुंडनमेव च ॥ २८ ॥
कारयित्वा चं सर्वस्वमपहृत्य खरोपरि ॥
समारोप्याथ नगरात्प्रवासनमिति स्थितिः ॥ २९ ॥
सत्यं जल्पति यो लिंगं नष्टप्राप्तस्य वस्तुनः ॥

नृपेण तस्मै तद्देयं नो चेत्तत्सम्दंडभाक् ॥ ३० ॥

નિંદક અથવા ચાડિયાને કપાળમાં ડામ દઇ ગધેડાપર બેસાડવો; દારૂ પીનારાને ધજાનું ચિન્હ કરવું, ગુરૂની સ્ત્રી સાથે આડો વ્યવહાર રાખનારના કપાળમાં યોનિનું ચિન્હ કરવું, ચોરી કરનારના કપાળમાં કુતરાના પગ જેવું ચિન્હ કરવું, અને કેદમાં નાખવો. બ્રહ્મહત્યા કરનારનું માથું મુડાવી સર્વ ધન ખુંચી લઇ ગધેડે બેસાડી ગામ બહાર કાઢી મૂકવો. ખોવાઇ ગએલી વસ્તુ જેની હોય અને તે તે વસ્તુની નીશાની બરોબર પુરે તો તેને આપવી. અને ખોટો ધણી થવા આવે તો વસ્તુની કીમ્મત જેટલા પૈસાની દંડની શીક્ષાને લાયક થાય છે.

अदंड्यमाह ॥

वृद्धं बहुश्रुतं बालं ब्राह्मणं गुर्व्विणीं गुरुं ॥
मातरं पितरं चैव प्रवक्तारं तपस्विनं ॥ ३१ ॥
आचार्यं पाठकं चापि गां च घ्नंतं हि घातयेत् ॥
न हि स बहुदोषी स्यादंडार्होऽपि च नो भवेत् ॥ ३२ ॥
धनापहः शस्त्रपाणिः वन्हिदो विषदस्तथा ॥
भार्यातिक्रमकारी च क्षेत्रहृद्दारहृत्तथा ॥ ३३ ॥
पिशुनो रंध्रदर्शी च प्रोद्यतास्त्रश्च गर्भहा ॥
घातेप्येषां न दंडःस्यादेते स्युराततायिनः ॥ ३४ ॥
इत्येवं दंडनीतीनां विचारस्त्वत्र वर्णितः ॥
विशेषतो यथास्थानं वर्णयिष्ये यथाश्रुतं ॥ ३५ ॥

इतिदंडनीतिप्रकरणम् ॥

इत्याचार्यश्रीहेमचन्द्रविरचिते चौलुक्यवंशभूषणकुमारपालशुश्रूषिते लघ्वर्हन्नीतिशास्त्रे युद्धनीतिदंडनीतिवर्णनो नाम द्वितीयोधिकारः ॥ २ ॥

વૃદ્ધ, બહુ શ્રુત, બાળક, બ્રાહ્મણ, ગુરૂની સ્ત્રી, ગુરૂ, માતા, પિતા, ઉપદેશક, તપસ્વી, આચાર્ય, પાઠક તથા ગાય એ સર્વેને મારનારનો નાશ કરવો. તે મારનાર બહુ દોષવાન્ થતો નથી તેમજ દંડને યોગ્ય પણ થતો નથી ધન હરનાર, હાથમાં હથિઆર લઇને મારવા આવેલો અગ્નિથી બાળી મૂકનાર, ઝેર આપનાર, ભાર્યાનો અતિક્રમ કરનાર, ક્ષેત્ર તથા સ્ત્રીનું હરણ કરનાર, પિશુન, છીદ્ર જોનાર ઉગામેલા હથિયારવાળો તથા ગર્ભનો ઘાત કરનાર એટલા આતતાયી ( મહા દોષી ) શત્રુઓ કહેવાય છે; તેને મારનાર દોષવાન્ થતો નથી તેમ તે દંડને યોગ્ય પણ નથી. ઉપર પ્રમાણે દંડનીતિનું વર્ણન કર્યું છે. વિશેષ વર્ણન તત તત્ સ્થાન પરત્વે સાંભળ્યા પ્રમાણે કરવામાં આવશે.

**યુદ્ધ તથા દંડનીતિનો બીજો અધિકાર સંપૂર્ણ થયો.**

विशदशारदसोमसमाननः ॥
कमलकोमलचारुविलोचनः ॥
शुचिगुणः सुतरामभिनंदनो ॥
जयतु भक्तजनेप्सितसिद्धिदः ॥ १ ॥

નિર્મળ એવી શરદ ૠતુના ચન્દ્ર સમાન મુખાકૃતિવાળા, કમલના

સરખાં કોમળ અને સુંદર તેવાં, પવિત્ર ગુણવાળા, ભક્તજનને ઈપ્સિત સિદ્ધિને આપનાર અભિનંદન ભગવાન્ રૂડે પ્રકારે જય પામો.

**हेमपीठसमासीनः सभ्यमंत्रियुतो नृपः ॥**
**व्यवहारपरामर्शं कुर्याद्विद्वज्जनैः सह ॥ २ ॥**

સોનાના આસનપર બેઠેલા, સભાસદ તથા મંત્રિઓ યુક્ત રાજાએ વિદ્વાન્ પુરૂષોની સાથે વ્યવહાર સંબંધી વિચાર કરવો.

**तत्र व्यवहारो नाम एकस्मिन् वस्तुनि परस्परविरुद्धधर्मयोरेकधर्मव्यवच्छेदेन स्वीकृततदन्यधर्मावच्छिन्नस्वपक्षसाधकव्यवस्थापनार्थं साधनदूषणवचनं व्यवहारः ॥**

અત્રે વ્યવહારનું સ્વરૂપ લક્ષણ કહે છેઃ—એકજ વસ્તુમાં પરસ્પર વિરોધી એવા સાધક તથા બાધક ધર્મોનું પ્રતિપાદન કરવાને એક બીજાના વિરોધી પક્ષે સ્વીકારેલાં સાધક બાધક વચનોનું નામ વ્યવહાર કહેવાય છે.

**ननु उभयधर्माधारभूतैकस्मिन्वस्तुनि अन्यधर्मनिरासेन तदन्यधर्मान्तरं व्यवस्थापयितुं वादिना साधनमुच्यते तत्रैव दूषणोद्भावनेन प्रतिवादिनां वादिसाधितपक्षविपक्षीभूतं स्वोक्तिसमर्थनैकहेतुभूतं वचनं कथं संगच्छते मिथो व्याघातादिति ॥**

અહીયાં શંકા કરે છે કેઃ—સાધક તથા બાધક એ બેઉ વિરોધી ધર્મના આધાર ભૂત એકજ વસ્તુમાં બાધક ધર્મને નીરસન કરી પોતાનો સાધક ધર્મ સ્થાપન કરવાને વાદી જે સાધન કહે; તેમાં વાદિના સાધિતપક્ષને તોડી પોતાની બાધક ઉક્તિઓને સમર્થન

કરવામાં હેતુ ભૂત પ્રતિવાદિએ કહેલું વચન કેમ ટકી શકે? એ તો પરસ્પર વ્યાઘાત થયો.

## शंकासमाधानम्

**चेन्न ॥ स्वस्वाभिप्रायानुसारेणैकस्मिन्वस्तुनि वादिप्रतिवादिनिरूपितसाधनदूषणप्रतिपादकवचनकथने विरोधाभावात् ॥ यथा वादी स्वाभिप्रायेण साधनमभिधत्ते पश्चात् प्रतिवाद्यपि स्वाभिप्रायेण तत्रैव दूषणं प्रणिगदति नचात्रैकवस्तुनि साधनं दूषणं च तात्त्विकमस्ति किंतु स्वाभिप्रायकल्पितमेवन्यलम् ॥**

તેમાં પરસ્પર વ્યાઘાત થતો નથી, અત્રે સમાધાન કહે છે:—એકજ વસ્તુમાં વાદિ તથા પ્રતિવાદિ પોતપોતાના મત પ્રતિપાદન કરવાને સાધક તથા બાધક વચનો આપે તેમાં વિરોધનો અભાવ છે કારણ કે વાદિ પોતાના અભિપ્રાયથી જેમાં સાધન કહે તેમાં પાછળથી પ્રતિવાદિ દૂષણ ઘટાવે, વસ્તુતઃ તે એકજ પદાર્થમાં સાધન કે દૂષણ નથી પણ એ વાદિ તથા પ્રતિવાદિના અભિપ્રાય પ્રમાણે કલ્પેલું છે.

## व्यहारभाष्येतुः—

**“ अत्थी पव्वीणं हरणं एगस्स ववइ विइयस्स एएणय ववहारो अहिगारो चेत्थ छविहीए ॥ १ ॥”**

**सद्विविधः** તે વ્યવહાર બે પ્રકારનો છે. **लोकोत्तरो लौकिकश्च** લોકોત્તર અને લૌકિક; **तत्राद्यो व्यवहारसूत्रादिषु वर्णितत्वादत्र नोक्तः** તેમાં આદિ લોકોત્તર વ્યવહાર, વ્યવહાર સૂત્રાદિ ગ્રન્થોમાં વર્ણવેલો છે માટે અહીંયાં તે કહેતા નથી. **इह राजकर्मणि लौकिकस्यै**

**चाधिकारः** આ સ્થળે તો રાજ કર્મ છે માટે લૌકિક વ્યવહારનોજ અધિકાર છે. **स तु द्विविधः** તે લૌકિક વ્યવહાર પણ બે પ્રકારનોછે. **तथा हि.**

**व्यवहारो द्विधा प्रोक्तः संदेहतत्त्वयोगतः ॥**
**आद्यः सत्संगतो ज्ञेयो लोप्तृदर्शनतः परः ॥ ३ ॥**

એક સંદેહાત્મક અને બીજો તત્વાત્મક; તેમાં સંદેહાત્મક વ્યવહાર સતસંગથી જાણવામાં આવે છે અને તત્વાત્મક વ્યવહાર ચિન્હથી જણાય છે **लोप्त्रं लिंगं तत्र संदेहाभियोगः सत्संगाद्भवति तत्वाभियोगस्तु चिन्हदर्शनात् स च विधिनिषेधाभ्यां द्विविधः** તે તત્ત્વાત્મક વ્યવહાર પણ વિધિ તથા નિષેધ એ બે પ્રકારનો છે. **यथा मदीयंक्षेत्रमपहरति** જેમ આ મારૂં ક્ષેત્ર (ખેતર) લઇ જાય છે, તે વિધ્યાત્મક કહેવાય અને **तथायं मत्तो रजतान् गृहीत्वा न ददातीति प्रतिषेधात्मकः** તેજ પ્રકારે આ મારા રૂપૈઆ લઇને આપતો નથી તે પ્રતિષેધાત્મક કહેવાય.

**अथवा**

**यो न्यायं नेच्छते कर्तुमन्यायं च करोति यः ॥**
**व्यवहारविलोपी च श्वभ्रं याति न संशयः ॥ ४ ॥**

જે ન્યાય કરવાને ઇચ્છતો નથી અને અન્યાય કરે છે, તે વ્યવહાર વિલોપી માણસ નર્કમાં જાય છે એમાં કશો સંશય નથી **अत्र न्यायं कर्तुं नेच्छाति अन्यायं च कर्तुं इहते इति प्राड्विवाकापेक्षयापि विधिनिषेधात्मकत्वं स पुनरष्टादशविधस्तथाहि ॥** ઉપલા શ્લોકમાં એમ કહ્યું કે ન્યાય કરવાને ઇચ્છતો નથી અને

અન્યાય કરવાને ઇચ્છે છે; એ વિધિ નિષેધાત્મક વ્યવહાર અધીકારીની અપેક્ષાએ પણ અરાઢ પ્રકારનો હોય છે તે કહે છે:—

ऋणादानं च संभूयो-त्थानं देयविधिस्तथा ॥
दायः सीमाविवादश्च वेतनादानमेव च ॥ ५ ॥
क्रयेतरानुसंतापो विवादः स्वामिभृत्ययोः ॥
निक्षेपः प्राप्तवित्तस्य विक्रयः स्वामिनं विना ॥ ६ ॥
वाक्पारुष्यं च समयव्यातिक्रांतिः स्त्रिया ग्रहः ॥
द्यूतं स्तैन्यं साहसं च दंडपारुष्यमेव च ॥ ७ ॥
स्त्रीपुंधर्मविभागश्चेत्येते भेदाः प्रकीर्तिताः ॥
व्यवहारिकमार्गे ऽस्मिन्नष्टाग्रदशसंख्यया ॥ ८ ॥

ऋणग्रहणं ऋणादानं १ बहुभिर्मिलित्वा कृत्यापादनं २ दातुं योग्यस्यविधिः ३ दायभागः ४ सीमायाः विवादः ५ वेतनादानं ६ क्रयविक्रयपश्चात्तापः ७ स्वामिभृत्ययोर्विवादः ८ प्राप्तवस्तुन उत्तमे पुरुषे स्थापनं निक्षेपः ९ स्वामिनं विना तद्वस्तुवाक्रयः १० वाक्पारुष्यं ११ मर्यादाव्यतिक्रमः १२ परस्त्री ग्रहणं १३ द्यूताभियोगः १४ स्तैन्यवादः १५ साहसपारुष्यं १६ दंडपारुष्यं १७ स्त्रीपुरुषधर्मः १८ इति अष्टादश भेदा अस्मिन्व्यवहारमार्गे स्मृताः ॥

કરજ કરવું અને દેવું આપવું ૧ ઘણાએ મળી કાર્ય કરવું ૨

देयविधि ३ दाय भाग ४ सीमा विवाद ५ वेतना दान ६ क्रयविक्रयनो संताप ७ स्वामि तथा चाकरनो विवाद ८ संपादान करेला द्रव्यनी थापण मूकवी ९ वगर स्वामिनी वस्तुनो विक्रय करवो १० वाक् पारुष्य (वाणीनुं कठोरपणुं) ११ समयनो व्यतिक्रम १२ स्त्रीने लइ जवुं १३ जुगटुं १४ चोरी १५ साहसपणुं १६ दंड पारुष्य (कठण दंड) १७ स्त्री तथा पुरुषना धर्म विभाग १८ ए अराढ प्रकारना व्यवहार कहेला छे,

**एवमन्येपि भेदाः स्युः शतमष्टोत्तरं पुनः ॥**
**क्रियाभेदान्मनुष्याणां बहुशाखो भवेत् ध्रुवं ॥ ९ ॥**

एज प्रकारे व्यवहारना बीजा एकसो अने आठ भेद छे. मनुष्योनी जूदी जूदी क्रियाओना भेदथी व्यवहार पण घणी शाखाओवाळो थाय छे. **यथा बहुवादिनां बहुप्रतिवादिभिर्विरोधः** जेम घणा वादिओने घणा प्रतिवादियो साथेनो कजीओ; **बहुनामेकेन सह विरोधः** बहु वादिओने एक प्रतिवादी साथे विरोध; **एकस्य बहुभिः सह विरोधः** एक वादिने घणा प्रतिवादि संघाते कजीओ; **एकस्यैकेन सह विरोधः** एकने एकनी साथे विरोध; **एवमष्टादशानां चतुर्भिर्गुणने द्विसप्ततिभेदा भवंति ॥** उपरना बतावेलां चार भेदने अराढ भेद साथे गुणवाथी ७२ भेद थाय छे.

**यथा अनेन मत्त एतावद्रजतानि एतन्मिषेण तुर्यमासनियमतया गृहीतानि ॥ अद्य नियतकालव्यतिक्रमे मया अधमर्णो याचितोपि न ददाति ॥ प्रत्युतो योद्धुं प्रवृत्त इति ॥** जेमकेः— अमुक आ माणसे मारी पासेथी अमुक आटला रुपिआ एटला

ટકાથી ચાર માસે આપીશ એવો નિયમ કરીને લીધા, તે મુદત વિતી અને તે કરજદાર પાસે હું માગું છું પણ આપતો નથી અને ઉલટો મારી સાથે લડવાને તૈયાર છે **इति विज्ञप्तिं श्रुत्वा निर्णीय मद्द्रव्यं मामधमर्णकाद्दापयितव्यामिति प्रतिज्ञा ॥ १ ॥** એ પ્રકારની વિજ્ઞપ્તિ સાંભળી નિર્ણય કરી અને મારૂં ધન તે કરજદાર પાસેથી અપાવો એમ વાદી કહે તેનું નામ 'પ્રતિજ્ઞા' કહેવાય **अर्थ्युक्तपक्षसाधनबाधकरूपं यत्प्रत्यर्थिनोक्तं तदुत्तरं ॥ २ ॥** વાદિએ કહેલા સાધક વચનને તોડનારૂં બાધક વચન પ્રતિવાદિ કહે તે ઉત્તર કહેવાય ॥ ૨ ॥ **द्वयोरुक्तिं श्रुत्वा प्राड्विवाकस्य चित्तं दोलायते** વાદિ પ્રતિવાદિનાં પરસ્પર વિરોધી વચનો સાંભળી ન્યાયાધીશનું મન દોલાયમાન થાયછે. **इदं साधनं सत्यं वेदामिति संशयः** વાદિનું સાધક વચન ખરૂં હશે? કિંવા પ્રતિવાદિનું નિષેધ વચન ખરૂં? હશે એમ મનનું દ્વિધા થવું તે સંશય કહેવાય. **एकस्मिन्धर्मिणि विरुद्धनानाधर्मविशिष्टज्ञानं वा(?) संशयः** એકજ વસ્તુમાં વિરૂદ્ધ જુદા જુદા ગુણ વિષયીક જ્ઞાન તે સંશય ॥ ૩ ॥ **अर्थिप्रत्यर्थिनियुक्तसाधनदूषणसमर्थनकारणं हेतुः** વાદિ તથા પ્રતિવાદિએ કહેલાં સાધન તથા દૂષણ વચનોને સમર્થન કરનાર કારણ તે હેતુ કહેવાય. ॥ ૪ ॥ **हेतुद्वयमध्ये कः कस्य साधक इति विचारः परामर्शः** બેઉ હેતુઓમાં કયો કોનો સાધક છે; એ સંબંધી વિચારને પરામર્શ કહેવાય. ॥ ૫ ॥ **साक्ष्यादिभिर्यस्य वाक्यस्य बलप्रतीतिः तत् प्रमाणं** સાક્ષી, લેખ ઇત્યાદિવડે જેના વાકયને બળ મળતું હોય તે પ્રમાણ ॥ ૬ ॥ **भूपो मंत्रिसभ्यैश्च सह सर्वमाद्यंतलेख्यादीन् वाचयित्वा श्रुत्वा वोभयोर्जयपराजयसाधकनिदानज्ञानोत्तरं सर्वानुमत्या चाज्ञां देयादिति**

**निर्णयः ॥** મંત્રિ તથા સભાસદોની સાથે ન્યાયાધીશે વારે, વારે આદિથી અંત્ય સુધી લેખો વાંચીને તથા સાક્ષી સાંભળીને સર્વની સમ્મતિથી જય પરાજય સંબંધી ખરો જવાબ આપવો તે નિર્ણય. ॥ ૭ ॥ **पुनस्तदनुसारेणाधिकार्युभयोराज्ञां श्रावयित्वा तत्प्रवृत्तिकरणं प्रयोजनं** નિર્ણયને અનુસારે ન્યાયાધીશ વાદિ પ્રતિવાદિને હુકમ સંભળાવી તે પ્રકારે અમલમાં મૂકે તે પ્રયોજન કહેવાય. ॥ ૮ ॥ **इत्यष्टप्रकारैर्वादनिर्णयः कार्यः** ઉપર જણાવેલા આઠ પ્રકારથી ન્યાયાધીશે વાદનો નિર્ણય કરવો. **तत्र कथं व्यवहारो विधेयः** વાદ સમયે વ્યવહાર કેમ ચલાવવો ? તે કહે છે:—

**भूपः सदसि संवेगभावमाश्रित्य निस्पृहः ॥**
**राज्यकार्यं करोत्येव गृहीत्वा सभ्यसंमति ॥ १० ॥**
**समदः प्रेक्षमाणोऽसौ नोक्तिं कस्यापि मानयेत् ॥**
**राज्यकृत्ये यथानीति यदीप्सुः सुखमक्षयम् ॥ ११ ॥**

રાજાએ સભામાં સંવેગ ભાવને આશ્રયીને નિસ્પૃહતાથી સભ્યજનોની સમંતિ લઇને રાજ્યકાર્ય કરવું. તેણે તેજસ્વી દૃષ્ટિથી જોવું; અને કોઇની ઉક્તિ માનવી નહિ. જો તેને અક્ષય સુખની ઇચ્છા હોય તો રાજ્યકાર્યમાં યથા નીતિથી વર્તવું. **एवं भूपे राज्यकर्मणि प्रवृत्ते कस्मिंश्चित् अर्थिन्यागते चरस्तस्माद्विज्ञप्तिपत्रं गृहीत्वा मंत्रिणं देयात् । मंत्री च तत्पत्रं भूपं निवेद्य अव्येतरनिर्णयानन्तरं पत्रोपरि चाज्ञां लिखेत् ॥** વાદિ અરજ કરવાને આવે એટલે તેની અરજીનો કાગળ દૂતે તેની પાસેથી લઇ મંત્રિને આપવો. મંત્રીએ રાજાને તે જણાવી તે સાંભળવા લાયક છે કે નહિ તેનો નિર્ણય કર્યા

પછી તે પત્રપર આજ્ઞા લખવી.

**का तत्र योग्यतायोग्यता वेत्याह ॥**

અરજીની યોગ્યતા અગ્યોયતા કહે છે.

**सार्थकं च समग्रार्थं साध्यधर्मेण संयुतं ॥**
**स्फुटं संक्षिप्तसच्छब्दमात्मप्रत्यर्थिनामयुक् ॥ १२ ॥**
**साध्यप्रमाणसंख्यावद्देशभूपाभिधान्वितम् ॥**
**यन्निवेदयते राज्ञे तद्योग्यमिति कथ्यते ॥ १३ ॥**

અરજીની લેખન પદ્ધતિ સાર્થક, સઘળી મતલબ આવી ગએલી, દાદ માગનારી, સ્ફુટ, ટુંકી અને સારી શબ્દ રચના વાળી, પોતાના તથા પ્રતિવાદિના નામ વાળી, સાધ્ય પ્રમાણ ( પુરાવા ) ની સંખ્યા યુક્ત, દેશ તથા રાજાના નામ વાળી હોવી જોઇએ. એવી જે અરજી રાજાને કરવામાં આવે છે તે યોગ્ય કહેવાય છે.

**स्फुटोऽर्थः । जंगमविषयिकव्यवहारे त्वियं रीतिः** જંગમ વિષયક વ્યવહારમાં તો અરજી આપવાની આ રીતિ છે, **स्थावर विषयाभियोगेतु** અને સ્થાવર મીલ્કતના લેણ દેણ સંબંધમાં તો નીચે બતાવ્યા પ્રમાણે છેઃ—

**देशस्थानाख्यजातिस्वसन्निवेशप्रमाणयुक् ॥**
**पितामहस्वपितानुजजेष्ठाद्यभिधान्वितम् ॥ १४ ॥**
**राजमुद्रांकितं पत्रं स्थावरे श्राव्यमुच्यते ॥**
**ऽन्यथा तु वादिविज्ञप्तिर्न श्रोतव्याधिकारिणा ॥ १५ ॥**

દેશ, ગામ, જાતિ, મિલકતના ખુટ તથા માપ વાળી અને બાપ દાદા તથા નાના મોટા ભાઇઓનાં નામ વાળી તથા રાજાની મહોરછાપ-વાળી અરજી હોય તોજ સ્થાવર મીલકતના મુકરદમામાં અધિકારીએ સાં-ભળવી અને એવી ના હોય તો રાજાએ તે અરજી સાંભળવી નહિ. **तत्र देशो मध्य देशो वा द्राविडांगबंगादयः** દાખલા તરીકે મધ્ય દેશ, દ્રવિડ દેશ, અંગ દેશકે બંગાલ, **स्थानं वाराणस्यादि** ગામ કાશી આદિ **जातिःक्षत्रियादयः** જાત ક્ષત્રી આદિ, **संनिवेशः पूर्वापर दक्षिणोत्तरविभागावच्छिन्नः** ખુંટ તે પૂર્વ, પશ્ચિમ દક્ષિણ એને ઉ-ત્તરની મર્યાદા, **प्रमाणं दशरज्जुमितमायतं बाणरज्जुमितविस्तृतं** માપઃ—દાખલા તરીકે દશ રાશવા લાંબુ પાંચ રાશવા પ્હોળું **पि-तृपितामहादिनामयुतं** બાપદાદાના નામ વાળું **क्षेत्रं यवक्षेत्रं वा शालि क्षेत्रं** જવનું ખેતર અથવા ડાંગર વાવવાનો કયારો **इत्येतद्रीत्या लिखिता विज्ञप्तिः श्रोतव्या अन्यथा न पक्षाभासत्वात्** એ પ્રકારે ગોઠવીને લખેલી અરજી ન્યાયાધિશે સાંભળવી; એથી ઉલટી હોય તો સાંભળવી નહિ કારણકે તે પક્ષાભાસપણાવાળી હોય છે. **के पक्षा-भास इत्याह** પક્ષાભાસ કોને કહેવા તે કહે છેઃ—

**असाध्यमप्रसिद्धं च विरुद्धं निष्प्रयोजनं ॥**
**निरर्थकं निराबाधं पक्षाभासं विवर्जयेत् ॥ १६ ॥**

અસાધ્ય, અપ્રસિદ્ધ, વિરૂદ્ધ, પ્રયોજન વગરની, નિરર્થક, કોઇને બાધ ન કરે તેવી, એટલાં લક્ષણ વાળી અરજી પક્ષા ભાસ વાળી કહેવાય છે માટે અધિકારીએ તે લેવી નહિ.

**यथा अनेन मां दृष्ट्वा निष्ठीवनं कृतमित्यसाध्यं** જેમકે આ

માણસ મને જોઇને થુંકયો; એ અસાધ્ય **मद्गृहस्थंखपुष्पं गृहीत्वा-यमगमत्तदहं याचयामि परं नो ददातीत्यप्रासिद्धं** જેમકે–મારા ઘરમાં રહેલું આકાશ પુષ્પ આ માણસ લઇને ચાલ્યો ગયો. તે હું પાછું માગું છું છતાં આપ તો નથી; એ અપ્રસિદ્ધ વાત છે. **अनेनाहशप्त इति-विरुद्धं** આણે મારા સોગન ખાધા એ વિરૂદ્ધ કહેવાય **मत्पित्रा पूर्व मस्याधिकारः कृतोस्ति भूयो मां न ददाति इति निष्प्रयोजनम्** મારા બાપે પૂર્વે આનો અધિકાર ચલાવ્યો છે તે અધિકાર તેમને હવે આપ તો નથી આ નિષ્પ્રયોજન વાત છે. **यथा तथा प्रलपनं नि-रर्थकं** જેમ તેમ બકવું તે નિરર્થક છે **मद्गृहस्थदीपप्रकाशेनायं स्वगृहकार्यं करोति इति निराबाधं ॥** મારા ઘરમાં રહેલા દીવાના પ્રકાશથી આ માણસ પોતાના ઘરનું કામ કરે છે, એ 'નિરાબાધ' કહેવાય ઉપરના સઘળા દાખલા 'પક્ષાભાસ'ના છે **एतादृशं पक्षा भासं वर्जयेत् न श्रृणुर्यादित्यार्थः** તેવી પક્ષા ભાસ વાળી અરજીનો અ-ધિકારીએ ત્યાગ કરવો અર્થાત્ કાઢી નાખવી. **तथा चानेकव्यवहार विषयगर्भिता विज्ञप्तिरपि न श्रोतव्या** વળી અનેક વિષય જેમાં સ-માએલા હોય તેવી અરજી પણ ન સાંભળવી. **किंतु प्रत्येकविषयग-र्भिता इत्याह** પણ પ્રત્યેક વિષય વાળી સાંભળવી કહ્યું છે કેઃ—

**विज्ञप्ति र्नहि श्रोतव्या क्रियाभेदसमान्विता ॥**
**अनेकाविषयार्कीर्णा श्रूयेताथाधिकारिभिः ॥ १७ ॥**

જૂદી, જૂદી ક્રિયાના ભેદવાળી વળી અનેક વિષયોથી ભરેલી અરજી અધિકારીએ સાંભળવી નહિ **कस्मिंश्चित् काले भिन्नविषय-भूतैकविज्ञप्तिरपि श्रोतव्या भवतीत्याह** કોઇ સમયે ભિન્ન, ભિન્ન

વિષયોથી ભરેલી એક અરજી પણ અધિકારિઓને સાંભળવી પડે છે તે કહે છેઃ—

**एकैकविषयासक्तोऽनेकक्रियसमन्वितः ॥**
**आद्यो वाद्यभियोगश्चान्यद्ग्रामजनहेतुकः ॥ १८ ॥**

વાદિ બીજા ગામનો રહીશ હોય તો અનેક ક્રિયાઓએ યુક્ત અને ભિન્ન, ભિન્ન, વિષયોથી ભરેલી દાવા અરજી પણ અધિકારિએ સાંભળવી.

**साक्ष्यादिहेतुभिः सिद्धं तद्विमृश्याधिकारिभिः ॥**
**शीघ्रमाज्ञा प्रदेया हि जयपराजययोरिति ॥ १९ ॥**

સાક્ષી ઇત્યાદિ લઇ જેનું કામ પુરૂં થયું હોય તે અધિકારિઓએ વિચારી તેનું જય, પરાજયનું જજમેન્ટ તુરત આપી દેવું. **यद्यपि व्यवहाराभियोगे न्यायेन एकविषयैकक्रियायुता विज्ञप्तिरेकैककाले च देया इत्युक्ता परंतु केनचिदन्यपत्तनीयानेकपुरुषैर्नियोगे तद्विज्ञप्तिरवश्यं श्रोतव्या भवत्येव इति श्रोतव्यं चेत् पराव्हानाय समुद्राज्ञाछदं दूतद्वाराप्रत्यर्थिसमीपे प्रेषयेदन्यथा तु तत्पत्रं राज्यपत्रकोषे क्षिपेत् ॥ तथाहि ॥** જો કે વ્યવહાર સંબંધી દાવામાં સામાન્ય રીતે એક વિષય અને એકજ ક્રિયાવાળી અરજી એક કાળે ગ્રહણ કરવી એમ કહ્યું, તથાપિ કોઇક સમયે બીજા નગરના રહીશ અનેક પુરૂષોનો તેમાં સંબંધ જોડાએલો હોય તો તેવી અરજી પણ અવશ્ય સાંભળવા યોગ્ય થાય છે. તેવી સાંભળવા યોગ્ય અરજી હોય તો પ્રતિવાદીને બોલાવા માટે રાજાની મોર શીક્કાવાળો સમન્સ દૂતની દ્વારાએ તેમનીપર મોકલાવવો. તેમ ન હોય તો તે પત્ર રાજપત્રની ટપાલમાં નાંખવા.

**श्रोतव्या यदि विज्ञप्तिस्तस्यामाज्ञां लिखेत्परा ॥**
**व्हानाद्यर्थं समुद्रां चाधिकारी तां प्रवर्तयेत् ॥ २० ॥**
**नृपाज्ञापत्रं तत्रैव गच्छेद्दूतोह्यनाकुलं ॥**
**योग्यतायोग्यते दृष्ट्वा नेतुं योग्यं तमानयेत् ॥ २१ ॥**

જો અધિકારિએ તે અરજી સાંભળવા જેવી હોય તો તે પ્રતિવાદીને બોલાવાનો સમન્સ કાઢવો; તે સમન્સપર રાજાનો મોર શિક્કો કરી તે દૂતને આપી મોકલવો. એ હુકમ લઇ દૂતે જલદી ત્યાં જવું; દૂતે તેની યોગ્યતા અયોગ્યતા જોઇ જો તે આવવા યોગ્ય સ્થિતિમાં હોય તો તેને લાવવો. **के अनाहूया इत्याह** કોણ નહિ લાવવા યોગ્ય તે જણાવે છે:—

**अशक्ताः स्थविरा बाला कुलजा हीनपक्षकाः ॥**
**अज्ञातस्वामिनो क्रूरा राज्यकार्यसमाकुलाः ॥ २२ ॥**
**आवश्यकक्रियोद्युक्ता उन्मत्ता भूतडाकिनी ॥**
**गृहीता वातपितोग्रा अनाहूयाः स्मृता बुधैः ॥ २३ ॥**
**देशकालानुसारेण कृत्यसाधनदूषणे ॥**
**ज्ञात्वा यानैरशक्तादीन् बलादाव्हाययेन्नृपः ॥ २४ ॥**

અશક્ત, ઘરડા થયેલા, બાલક, સદ્કુલમાં ઉત્પન્ન થયેલા, લુલા લંગડા, જેનો સ્વામી જાણ્યામાં ન આવ્યો હોય એવા, ક્રૂર, રાજ્ય કાર્યમાં ગુંથાએલા, આવસ્યક કર્મમાં ગુંથાએલા, ગાંડા, ભૂત તથા ડાકેણથી પીડાએલા, વાયુ, પિત્તાદિના રોગથી પીડાતા; એવાઓને બોલવવા યોગ્ય, વિદ્વાનોએ ગણેલા નથી. દેશ કાલાનુસાર ન્યાયનાં સાધનોમાં ખામી રહે છે એમ જણાય તો વાહન મોકલીને તે અશકતાદિને પણ બલથી બોલાવી મંગાવવા. **एतद्रीत्या दूतेन प्रत्यर्थि-**

**न्यानीते किं तत्पितृभ्रात्रादयोपि तत्र वक्तुं शन्कुवन्ति न वेत्याह** ઉપર બતાવેલી રીતિ પ્રમાણે દૂત (બેલીફ અથવા પોલીસ) દ્વારા પ્રતિવાદિને બોલાવી આણે ત્યારે શું તેના પિતા, ભાઇ વગેરે તે કામમાં બોલી શકે છે કે નહિ; તે કહે છે:—

**पिता भ्राता न पौत्रो वा न सुतो न नियोगकृत् ॥**
**व्यवहारेषु शक्तः स्याद्वक्तुं दंड्यो हि विब्रुवन् ॥ २५ ॥**

પિતા, ભાઇઓ, છોકરો કે છોકરાનો છોકરો મુખ્તીઆર અથવા કોઇ પણ ચાલતા કામમાં બોલવાને યોગ્ય નથી અને તેમ છતાં બોલે તો અવશ્ય તે દંડને પાત્ર થાય છે. **स्वाम्यभावे तु दत्तपूर्णाधिकारित्वेन सर्वे वक्तुं शन्कुवन्ति इति स्थितिः** સ્વામી એટલે વાદિ કિંવા પ્રતિવાદિ જાતે ન હોય અને તેઓને બોલવાનો પૂર્ણ અધિકાર કોર્ટથી મળ્યો હોય તો બોલવાને સર્વે શક્તિમાન્ થાય છે એવો કાયદો છે. **ततोधिकारी अर्थिदत्तं प्रतिज्ञापत्रमुत्तरं गृहीतुं प्रत्यर्थिने दर्शयेत्** ત્યાર પછી અધિકારિએ વાદિએ આપેલી અરજીનો કાગળ ઉત્તર મેળવવાને પ્રતિવાદિને દેખાડવો **तदाभिप्रायं निवेदयेच्च** અને તેનો અભિપ્રાય પણ પ્રતિવાદિને સમજાવવો.

## तथाहि

**कुलजातिवयोवर्षमासपक्षादिनान्वितं ॥**
**अर्थिनिवेदितं यच्च तत्सर्वं हि निवेदयेत् ॥ २६ ॥**

કુલ, જાતિ, વય, વર્ષ, માસ, પક્ષ તથા દિવસ વગેરે વાદિએ જે જણાવ્યું હોય તે સઘળાથી પ્રતિવાદિને વાકેફ કરવો. **स च तत्पत्रं सुतरामालोच्य शोधनार्थमवधिं याचेत शोधनं च यावदुत्त-**

रदर्शनं ततः प्राड्विवाको यथाकृत्यमवधिं देयात् ॥ તે વાદિની અરજી પ્રતિવાદિ સારી રીતે વાંચીને તેના શોધનને માટે મુદત માગે તો ન્યાયાધિશે કામનું સ્વરૂપ જોઇ ઘટતી મુદત આપવી. તે શોધવાનું કામ ઉત્તર આપ્યા પછી બંધ થાય છે. तथाहि તે નીચે પ્રમાણેઃ—

ऋणाद्युत्तरदाने चावधौ देयाद्दिनत्रयम् ॥
भूपो विशेषकृत्ये तु पक्षं नातः परं दिशेत् ॥ २७ ॥
गोर्वधे ताडने स्तेये पारुष्ये साहसेऽपि वा ॥
स्त्रीचरित्रे न कालोस्ति गृह्णीयादुत्तरं लघु ॥ २८ ॥
शोधयेद्वादिपत्रं च यावन्नोत्तरलेखनम् ॥
लिखिते तु यथानीति निवृत्तं शोधनं भवेत् ॥ २९ ॥

કરજ આદિ બાબતના મુકરદમામાં પ્રતિવાદીને ઉત્તર દેવાની ત્રણ દિવસની મુદત આપવી. જો મુકરદમો ભારે હોય તો વધારેમાં વધારે પંદર દિવસની મુદત રાજાએ આપવી; તે ઉપરાંતની મુદત આપવી નહિ. ગાયનો વધ, મારામારી, ચોરી, વચનપારૂષ્ય, ( ગાળાગાળી ) સાહસ, ( ઝેર દેવું વગેરે ) અથવા સ્ત્રીચરિત્ર સંબંધી મુકરદમો હોય તો તેમાં મુદત આપવી નહિ; તુરતજ જવાબ લઇ લેવો. જ્યાં સુધી પ્રતિવાદિનો જવાબ ન લખાયો હોય ત્યાં સુધી પ્રતિવાદી અરજી તપાસી શકે પરંતુ પ્રતિવાદિનો જવાબ થઇ ગયા પછી નીતિ પ્રમાણે અરજી તપાસવાનો કાંઇ હક નથી.

ऋणादिव्यवहारे उत्तमर्णनिरूपितविषयशोधनपूर्वकोत्तरदानार्थं प्राड्विवाको दिनत्रयावधिं देयात् । विशेषकृत्ये तु भूपः

**पक्षैकमितावधिं देयात् । अतः परं न दिशेत् । गोवधे मारणे ताडने यष्ट्यादिप्रहारे स्तेये चौर्ये पारुष्ये क्रोधेन कटुवाक्यादिकथने साहसे विषशस्त्रादिकृतप्राणघाते स्त्रिया दुश्चरिते एतद्विषयाभियोगे उत्तरदानार्थं प्रतिवादिनं प्रत्यवधिं न देयात् । तत्क्षण एवोत्तरं गृह्णीयात् । अन्यथा असत्यसाक्ष्यादिना कृत्यविपर्ययः ॥**

દીવાની મુકરદમામાં મુદત આપવાને વાંધો નહિ પરંતુ ફોજદારી મુકરદમામાં મુદત આપવાથી જૂઠા સાક્ષીઓ ઉભા થાય છે અને ન્યાયને બદલે અન્યાય થવાનો સંભવ બને છે. **प्रत्यर्थी वादिपत्रं यावदुत्तरलेखनं शोधयेत् लिखिते तु शोधनं निवृत्तं भवेत् अतो गृहीतावधौ प्रतिज्ञापत्रं विविच्य यथातथमुत्तरं देयात् ॥**

પ્રતિવાદિ પણ વાદિની અરજીનો જવાબ લખતા સુધી જવાબમાં ફેરફાર કરી શકે, પરંતુ જવાબ લખી આપ્યા પછી, ફેરફાર કરવાનો કશો હક તેનો નથી. માટે મળેલી મુદત સુધીમાં પ્રતિજ્ઞા પત્રને વિચારી યથાસ્થિત ઉત્તર આપવો. **यदि रागाद्द्वेषाल्लोभाद्वान्यथोत्तरं देयात्स दंडयः** જો રાગ દ્વેષ કે લોભથી ખોટો જવાબ આપે તો તે દંડને યોગ્ય થાય છે. **तदुत्तरं द्विविधं श्राव्यमश्राव्यं चेति** તે ઉત્તર બે પ્રકારનું છે એક ન્યાયાધીશે સાંભળવા યોગ્ય અને બીજું નહિ સાંભળવા યોગ્ય. **तत्र श्राव्यं तु** તેમાં સાંભળવા યોગ્ય ઉત્તર પણઃ—ચાર પ્રકારનું છે.

**अर्थिप्रतिज्ञां दृष्ट्वैव प्रत्यर्थी चोत्तरं लिखेत् ॥**
**तद्वै चतुर्विधं सत्यं प्रतिभु व्यापकं तथा ॥ ३० ॥**

**असंदिग्धमिति प्रोक्तं सूत्तरं निर्णये बुधैः ॥**

**येन प्रकृतसाध्यार्थसिद्धिः प्रत्यार्थिनः स्फुटं ॥ ३१ ॥**

વાદિની પ્રતિજ્ઞા જોઇનેજ પ્રત્યર્થી (પ્રતિવાદિ) જે ઉત્તર આપે તે ચાર પ્રકારનો હોવો જોઇએ. સત્ય, પ્રતિભુ, વ્યાપક તથા અસંદિગ્ધ તેવા ઉત્તરને નિર્ણય કરવામાં ડાહ્યા પુરૂષોએ સારો ઉત્તર માન્યો છે તેના ઉત્તરથી ચાલતા વિષયમાં પ્રતિવાદીને સાધ્ય અર્થની સિદ્ધિ થાય છે. **यथा शतमुद्रा एतस्माद्याचयामीत्यर्थिनोक्ते सत्यं दातव्याः संतीति सत्योत्तरं** જેમકે હું આની પાસે સો રૂપિયા માગુંછું; એમ વાદિ કહે એટલે પ્રતિવાદિ કહેશે કે હા; તે મારે આપવાના છે. એ ઉત્તરનું નામ સત્ય ઉત્તર (૧) કહેવાય. **अर्थिलेखकं दृष्ट्वातद्विरुद्धधर्महेतुप्रतिपादनं प्रतिभूः** પ્રતિવાદિ વાદિનું લખાણ જોઇ તેનાથી વિરૂદ્ધ ધર્મવાળા હેતુનું પ્રતિપાદન કરે તે પ્રતિભૂ (૨) કહેવાય. **देशग्रामादिनामयुतं व्यापकं** દેશ, ગામાદિ નામ યુક્ત જે ઉત્તર તે વ્યાપક (૩) કહેવાય. **सत्यमेतावन्मुद्रैतस्य दातव्या परं मयैतस्यैतत्कृत्यं कृतमस्तीत्यसंदिग्धं ।** મારે વાદિને એટલા રૂપિઆ દેવા છે પરંતુ તેના બદલામાં મેં તેનું આટલું કામ કર્યું છે તે અસંદિગ્ધ (૪) ઉત્તર કહેવાય. **अश्राव्यं च पंचविधं ।** અશ્રાવ્ય ઉત્તર પાંચ પ્રકારનાં છેઃ—

**संदिग्धं प्रकृताद्भिन्नमत्यल्पमतिभूरि च ॥**

**पैक्षकदेशव्याप्यं यच्छ्राव्यं नैवोत्तरं हि तत् ॥ ३२ ॥**

સંદિગ્ધ, પ્રકૃતથી ભિન્ન, અતિઅલ્પ, અતિઘણુ, મુખ્યનો એક ભાગ, એ પાંચ પ્રકારનો ઉત્તર અશ્રાવ્ય એટલે અધિકારિએ સાંભળવા યોગ્ય નથી. **यथा शतमुद्रा अनेन गृहीता इत्युक्ते सति**

**शतमुद्रा वा शतपणा इति संदिग्धं** જેમકે આ મનુષ્યે સો સોના મહોરો લીધી છે એમ કહે, પ્રતિવાદિ કહે કે સો મોરો કે સો રૂપીયા એ ઉત્તર સંદિગ્ધ કહેવાય.

**सुवर्णशताभियोगे पणशतं धारयामीतिप्रकृतादिन्नं** સો સોનામોરોનો દાવો છતાં હું તો સો રૂપિયાનો દેવાદાર છું આવો પ્રતિવાદિનો ઉત્તર તે પ્રકૃતથી ભિન્ન એટલે ચાલતી બાબતથી જુદો કહેવાય **सुवर्णशताभियोगे पंचैव धारयामीति अत्यल्पम्.** સો સોના મોરોનો દાવો છે તેમ છતાં હું તો પાંચનોજ દેવાદાર છું એ પ્રતિવાદિનો ઉત્તર અતિ અલ્પ કહેવાય **सुवर्णशताभियोगे सहस्रं धारयामीति अतिभूरि** સો મોરોનો દાવો છે પણ હું એક હજાર મોરોનો દેવાદાર છું એવો પ્રતિવાદિનો જે ઉત્તર તે તે 'અતિભૂરિ' એટલે હદથી બહારે ઉત્તર કહેવાય **भूषणवस्त्राद्यभियोगे वस्त्राणि गृहीतानि न भूषणानि इति पक्षैकदेशव्यापि** વાદિ કહે કે મેં એને વસ્ત્ર તથા ઘરેણાં બેઉ આપ્યાં છે, ત્યારે પ્રતિવાદિ કહેશે કે મને વસ્ત્રોજ આપ્યાં છે, ઘરેણાં નથી આપ્યાં, એ ઉત્તરનું નામ 'એક દેશ વ્યાપિ,' એટલે લેણાના એક ભાગની કબુલતવાળો ઉત્તર કહેવાય **एतादृशं प्रत्यार्थिलिखितमुत्तरं प्राड्विवाको न श्रृणुयादित्यर्थः** એ પાંચ પ્રકારથી લખેલો પ્રતિવાદીનો અશ્રાવ્ય ઉત્તર અધિકારીએ સાંભળવો નહિ **ततश्च** ત્યાર પછીઃ—

**प्रत्यर्थ्युत्तरमादाय तदालोच्याधिकारभृत् ॥**
**पुनरावेदयेज्ज्ञातुमर्थिनं च तदुत्तरं ॥ ३४ ॥**
**तदालोच्य पुनश्चार्थी ऋणिलेखाभिघातकृत् ॥**
**देयादुत्तरमेतावद्यत्कार्ये पुष्टिदं भवेत् ॥ ३५ ॥**

**विरुद्धमन्यथा पूर्वापरत्वेन स्मृतं ततः ॥**
**प्रतिज्ञाभंगहीनत्वे स्यातां कृत्यार्थहानिदे ॥ ३६ ॥**

પ્રતિવાદિનો જવાબ લઇ અધિકારીએ તપાસવો અને પછી વાદિને વંચાવવો, તે ઉત્તરનો જવાબ વાદિ પાસેથી અધિકારીએ ફરી લેવો. પછી તે ઉત્તરને જોઇને વાદિ પ્રતિવાદિના ઉત્તરને નષ્ટ કરે એવો ઉત્તર આપે તો તે ઉત્તર તેના મુકદ્દમાને પુષ્ટિકારક થાય છે. વાદિએ કરેલી પ્રતિજ્ઞાનો લેખ અને પ્રતિવાદિએ આપેલા જવાબનો પ્રતિઉત્તર પૂર્વાપર વિરોધી ન હોવાં જોઇએ, જો વાદિનો જવાબ વિરોધી થાય તો તેની પ્રતિજ્ઞાનો ભંગ થાય છે અને પક્ષની હીનતા થાય છે અને તેના કેશને હાની પહોંચે છે. **वादिना प्रतिज्ञापत्रे पूर्वं यल्लिखितं तथैव सविस्तरं प्रतिवाद्युक्तोत्तरदानकाले पुनर्लेख्यं अन्यथा पूर्वापरविरुद्धत्वेन प्रतिज्ञाभंगः पक्षहीनता च** વાદિએ પ્રતિજ્ઞાપત્રમાં પૂર્વે જે લખેલું તેજ પ્રમાણે વિસ્તાર સહિત પ્રતિવાદિના કહેલા જવાબનો પ્રત્યુત્તર આપવા વખતે વાદિએ ફરીને લખવું. વાદિ તેવો પ્રત્યુત્તર ન આપે તો પૂર્વાપર વિરોધ થવાથી પ્રતિજ્ઞાનો ભંગ થાય. અને પક્ષની હીનતા થાય.

**हीनता पंचधा स्यात्** હીનતા પાંચ પ્રકારની છે **तथा हि** તે આ પ્રકારેઃ—

**निरुत्तरः क्रियाद्विष्टो नोपस्थातान्यदुत्तरः ॥**
**आहूतः प्रपलायेत भवेद्धीनस्तु पंचधा ॥ ३७ ॥**

નિરૂત્તર, ક્રિયાદ્વિષ્ટ, નોપસ્થાતા, અન્યદુત્તર, આહુત પ્રપલાયન; એ પાંચ પ્રકાર હીનતાના છે. **पृष्टे सति किंचिदपि न वदति स**

**निरुत्तरः** પુછવા છતાં કંઇ ઉત્તર ન આપે તે નિરૂત્તર; **लेखनक्रिया चातुर्येणान्यथा लिखन् क्रियाद्विष्टः** લખવાની ક્રિયામાં ચાતુર્યપણાથી ઉલટું લખે તે ક્રિયાદ્વિષ્ટ; **उत्तरे पृष्टे प्रकृताच्चलेत् स नोपस्थाता** ઉત્તર પુછતાં ચાલતા વિષયથી ખસી જાય તે નોપસ્થાતા. **पृष्टे सत्यन्यथा वदेत् सोन्यदुत्तरः** પુછતાં છતાં કંઇ જૂદોજ ઉત્તર આપે તે અન્યદુત્તર; **आहूते सति पलायेत स पंचमः** બોલાવ્યે સતે નાશી જાય તે પ્રપલાયન, એ પાંચ પ્રકારની પક્ષહીનતા દર્શાવી.

**पुनश्चाधिकारी तल्लेखं प्रत्यर्थिने निवेदयेत् ॥ ततः**
**प्रत्यर्थ्यपि च तल्लेखं वाचयित्वोत्तरं लिखेत् ॥**
**सत्यं चेत्सिद्धिमाप्नोति विपरितमथोन्यथा ॥ ३८ ॥**

ફરીને અધિકારિએ વાદિનો તે લેખ પ્રત્યર્થી ( પ્રતિવાદિને ) દેખાડવો, પ્રતિવાદિએ તે લેખ વાંચીને પ્રત્યુત્તર લખવો.

તે લેખ મુદ્દાસર હોય તો ખરો થાયછે નહિ તો ખોટો થાયછે.

**ततोधिकारी पत्रचतुष्टयं गृहीत्वा प्राड्विवाकाग्रे स्थापयेत् स च सभ्यैः सह विविच्य उभौ प्रति साक्ष्यादिसाधननिर्देशं कुर्यात्** પછી અધિકારીએ ( સીરસ્તેદારે ) વાદિ પ્રતિવાદિના ઉત્તર પ્રત્યુત્તરના ચારે કાગળો ન્યાયાધીશની પાસે મૂકવા. ન્યાયાધીશે સભ્યોની સાથે તેનું બરોબર વિવેચન કરી વાદિ પ્રતિવાદિ બેઉ પક્ષને સાક્ષી આદિ પુરાવો આપવાને ફરમાવવું. **तत्र सभ्याः कीदृशाः कियंतो भवंति इत्याह** તે સભામાં સભ્યો કેવા અને કેટલા જોઇએ, તે કહેછે:—

शत्रौ मित्रे समाः शांताः निस्पृहाः सत्यवादिनः ॥
श्रुताध्ययनसंपन्नाः परलोकभयान्विताः ॥ ३९ ॥
निःक्रोधाश्च निरालस्या धर्मज्ञाः कुलजाः सतः ॥
पंचसप्ताथ भूपेन शुद्धाः कार्याः सभासदः ॥ ४० ॥

શત્રુ તથા મિત્રને સમાન ન્યાય આપનારા, શાન્ત, નિસ્પૃહ, સત્યવાદી, શાસ્ત્રના ભણેલા, પરલોકનો ભય રાખનારા, ક્રોધરહિત, આળસ વગરના, ધર્મને જાણનારા, અને સત્કુળમાં ઉત્પન્ન થએલા એવા પાંચ અથવા સાત સભાસદો રાજાએ નીમવા. **एते सभ्याश्चेल्लोभादिहेतुभिः कृतमन्यथा कुर्वन्ति तदा दंड्याः स्युरित्याह** તે સભાસદો લોભ આદિ હેતુથી ખોટું કરે તો દંડને પાત્ર થાય છે તે કહેછે:–

लोभाद्द्वेषाद्बृहन्मित्रकथनेन क्रुधान्यथा ॥
कृतिं कुर्वन्ति ये सभ्या दंड्या भूपेन ते सदा ॥ ४१ ॥

રાજાના તે સભાસદો લોભથી, દ્વેષથી કે કોઇ મોટા મિત્રની વગથી અથવા ક્રોધ પામી ન્યાયને બદલે અન્યાય કરે તો રાજાએ હમેશાં તેવા સભાસદો દંડ કરવા યોગ્ય છે. **लोभादिहेतोरन्यथावादिभ्य एवदंडग्रहणमुचितं न पुनरज्ञानाद्विरुद्धवादिभ्यस्ते त्वयोग्यत्वेन सभातो निर्वास्या एवेति** લોભાદિક હેતુથી જો તે સભાસદો જૂઠું બોલીને અન્યાય કરે તો રાજાએ દંડ કરવા યોગ્ય છે પરંતુ અસમજણથી વિરૂદ્ધ બોલીને અન્યાય કરે તો તેઓ સભ્યપણાને લાયક નથી એમ જાણીને સભામાંથી કાઢી મૂકવા. **ततस्तौ स्वस्वसाक्षी नामानि लिख्य भूपसदसि प्रवेशयेत् इत्याह** પૂર્વે આજ્ઞા કરેલા

વાદિ પ્રતિવાદિઓ પોત પોતાના સાક્ષીઓનાં નામ લખી તેમની સાથે સભામાં પ્રવેશ કરે.

**श्रुत्वोभौ साधनाज्ञां तां स्वस्वपक्षसमर्थक ॥**
**साक्षिनामानि संलिख्य स्थापयेत्तां पुरः प्रभोः ॥ ४२ ॥**
**उभयोः साक्षिणो ग्राह्या निस्पृहाः शुद्धवंशजाः ॥**
**देशकालविचारज्ञा अपौगंडा निरन्वयाः ॥ ४३ ॥**

એ પ્રકારના સાધનની આજ્ઞા સાંભળીને પોત પોતાના પક્ષને સમર્થ ન કરે એવા સાક્ષીઓનાં નામ લખી તે પત્રને ન્યાયાધીશની સમક્ષ મુકવું. બેઉ પક્ષના સાક્ષીઓ પવીત્ર વંશમાં ઉત્પન્ન થએલા, કોઇની સ્પૃહા નહિ રાખનારા, દેશકાળનો વિચાર કરનારા, પુખ્ત ઉમરના તથા તટસ્થ, તેવા પુરૂષો સાક્ષી આપવા યોગ્ય ગણાય છે. **ते स्वग्रामजा भिन्नग्रामजा वा** ગમે તો તે પોતાના ગામમાં જન્મેલા હો, કિંવા બીજા ગામમાં જન્મેલા હો. **प्राड्विवाक एताभ्यो यावन्निर्णयं वेतनं साक्ष्यैश्वर्यानुसारेणोभाभ्यां दापयेदिति** તે કેસનો નીકાલ થાય ત્યાં સુધી તે સાક્ષીની લાયકાત મુજબ ભથ્થું ન્યાયાધીશે વાદિ પ્રતિવાદી પાસેથી અપાવવું. **अथ तत्कृत्यमुच्यते** હવે સાક્ષીઓનું કામ કહે છેઃ—

**आगत्य साक्षिणो ब्रूयुः साक्ष्यतां कृत्यसाधने ॥**
**धर्मेण स्वस्वपक्षे च यथानीति द्वयोरपि ॥ ४४ ॥**

વાદિ તથા પ્રતિવાદી બેઉ પક્ષના સાક્ષીઓ આવીને તે કાર્યના સાધન અર્ગે પોત પોતાના પક્ષમાં ધર્મથી નીતિ પ્રમાણે સાક્ષી આપે. **साक्षिण**

**आगत्य पक्षद्वये साक्ष्यतां वक्तुमुद्युक्ता भवंति तदाप्राड्विवाको राज्यप्रबंधतया तान् भिन्नान् स्थापयित्वा स्वेष्टशपथादिनियमं च कारयित्वा साक्ष्यं गृह्णियात् ॥** બે પક્ષના સાક્ષીઓ કચેરીમાં આવીને સાક્ષી પુરવાને તૈયાર થાય ત્યારે ન્યાયાધીશે કાયદા પ્રમાણે તેમને જૂદા જૂદા રાખી, તેમને ઇષ્ટ દેવના સોગન આપી સાક્ષી લેવી.

**आहूतान् साक्षिणः सर्वान्स्थापयेच्च पृथक् पृथक् ॥**
**सभान्तोविदिताचारान्मंत्रीयाज्ञार्थसाधकान् ॥ ४५ ॥**
**कृतस्नानार्चनान्पूर्वं नियम्य शपथैर्नृपः ॥**
**पृच्छेत्सत्कृत्य संबंधं तत्कृत्ये च यथाविधि ॥ ४६ ॥**

બોલાવેલા બેઉ પક્ષના સઘળા સાક્ષીઓને જૂદા જૂદા રાખવા, તે સાક્ષીઓ સભામાં વર્તાતા નિયમોના જાણનારા અને મંત્રિની આજ્ઞા પ્રમાણે યથાસ્થિત વર્તનારા હોવા જોઇએ. પ્રથમ તેઓ સ્નાન કરી (ઇષ્ટદેવનું) અર્ચન કરી રહે ત્યાર બાદ રાજાએ તેમને પ્રથમ સોગન આપવા. તેમનો સત્કાર કરી તે મુકરદમાના સંબંધમાં જે સત્ય તેઓ જાણતા હોય તે યથાસ્થિત ન્યાયાધીશે પૂછવું. કયા વર્ણને કેવા સોગન આપવા તે કહે છેઃ—

**विप्रं यज्ञोपवीतेन क्षत्रियं च कृपाणतः ॥**
**गोदेवब्राह्मणैर्वैश्यं शपेच्छूद्रं तु पातकैः ॥ ४७ ॥**

બ્રાહ્મણને જનોઇના સોગન આપવા, ક્ષત્રીને તલવારના, અને વૈશ્યને ગાય, દેવ તથા બ્રાહ્મણના આપવા; શૂદ્રને તો 'અમુક પાતક તને લાગશે' એમ કહી પાતકના સોગન આપવા. શૂદ્રને ક્યાં ક્યાં

પાતક કહેવાં તે દર્શાવે છે:—

स्त्रीबालगर्भघाते यज्जीवानामग्निपातने ॥
पापं तत्सर्वमाप्नोति यः साक्ष्यमनृतं वदेत् ॥ ४८ ॥

સ્ત્રી હત્યા, બાળ હત્યા, ગર્ભપાત તથા જીવોને અગ્નિમાં બાળવાથી જે પાપ થાય છે તે સઘળાં પાપ જે સાક્ષી જૂઠું બોલશે તેને લાગશે.

दानपूजादिजं पुन्यमसत्येन विनश्यति ॥
ज्ञात्वेति साधनं ब्रूयुः साक्षिणस्ते यथायथम् ॥ ४९ ॥

જે આગળ દાન, પૂજા ઈત્યાદિ કરીને પુન્ય ઉપાર્જન કરેલું હશે તે જૂઠી સાક્ષી પુરવાથી નાશ પામશે માટે જે જાણતા હોય તે બરોબર આ કામના સંબંધમાં સાક્ષીઓએ કહેવું.

कीदृशाः साक्षिणो मान्या भवंतीत्याह ॥

કેવા સાક્ષીઓની સાક્ષી માનવા યોગ્ય છે તે કહે છે:—

यथार्थवादी निर्लोभः क्षमाधर्मपरायणः ॥
निर्मोहो निर्भयस्त्यागी साक्षी मान्य उदाहृतः ॥ ५० ॥
लोभी गद्गदवाग् दुष्टो रुद्धकंठो विरुद्धवाक् ॥
क्रोधी व्यसनसेवी च साक्ष्यमान्यः स्मृतो बुधैः ॥५१॥

યથાર્થ બોલનારો, નિર્લોભી, ક્ષમાવાળો, મોહરહિત, નિર્ભય તથા ત્યાગી ( દાન પુન્ય કરનાર ) એટલાં લક્ષણવાળો સાક્ષી માન્ય કરવા યોગ્ય છે. લોભી, ગદ્ગદ્ વાણી બોલનારો, દુષ્ટ, બોલતાં કંઠ રૂંધાઇ

જાય તેવો, વિરૂદ્ધ બોલનારો, ક્રોધી તથા વ્યસની એટલાં અપલક્ષણ વાળો સાક્ષી માન્ય કરવા યોગ્ય વિદ્વાનોએ ગણ્યો નથી.

**वादिसाक्ष्यभवनानंतरं प्रत्यर्थिसाक्षिणो ब्रूयुरित्याह ॥**

વાદિની સાક્ષી થઇ રહ્યા પછી પ્રતિવાદિની સાક્ષી લેવી, તે કહે છેઃ—

**एकपक्षस्वरूपाप्तिं साक्ष्यं स्यात्पूर्ववादिनः ॥**
**तन्निवृत्तौ पुनर्ब्रूयात्साक्षी प्रत्यर्थिनः स्फुटं ॥ ५२ ॥**

એક પક્ષનું સ્વરૂપ જાણવામાં આવે માટે પ્રથમ વાદિની સાક્ષી થાય; તે પુરી થાય એટલે પ્રતિવાદિની જાહેર રીતે સાક્ષી લેવી. **एतद्रीत्या प्राड्विवाकेन पूर्ववादिसाक्ष्यादाने प्रारब्धे प्रत्यर्थी तत्साक्षिनिमित्तं तदनुचरत्वादिदोषप्रतिपादनपूर्वकत्वेनाप्रमाणत्वं वदेत्तदाधिकारी किं कुर्यादित्याह ॥** ઉપર કહ્યા પ્રમાણે પ્રથમ વાદિના સાક્ષીઓની જુબાની શરૂ કર્યા પછી સાક્ષી વાદિનો નોકર છે એમ દોષ બતાવી તે જુબાની પ્રમાણીભૂત નથી તેમ તે પ્રતિવાદી કહે તો અધિકારીએ શું કરવું.

**अर्थिनोऽनुचरो मित्रं सहवासी कुटुंबजः ॥**
**ऋणार्त्तश्चेति तत्साक्ष्यं गृह्णीयाद्दिव्यपूर्वकं ॥**
**दिव्ये गृहीतेऽसत्यत्वं साक्षिणां च स्फुटं भवेत् ॥**
**दंड्याः पृथक् पृथक् द्रम्मैर्यथादोषं च धर्मतः ॥ ५३ ॥**

વાદિનો કોઇ ચાકર, મિત્ર, પાડોસી, સગો અથવા દેવાદાર સાક્ષી આપવાને આવ્યો હોય તો તેની સોગનપર જુબાની લેવી; સોગન

લીધા છતાં તે સાક્ષી જૂઠી પુરે છે એમ પ્રત્યક્ષ જણાય તો જે સાક્ષીનો જેવો દોષ એટલે ગુન્હો હોય તે પ્રકારે તેમનો ભિન્ન, ભિન્ન દંડ ( સિક્ષાનો ) ન્યાયાધીશે કરવો. **एवं वादिसाक्ष्यभवनान्ते प्रतिवादिसाक्षिणोऽपि साक्ष्यं ददाति ततः प्राड्विवाक उभयसाक्षिणां साक्ष्यं गृहीत्वा पुनः किं कुर्यादित्याह ॥** રીત પ્રમાણે વાદિની સાક્ષી થઇ રહ્યા પછી પ્રતિવાદિ પોતાના તરફના સાક્ષીઓ પણ આપી રહે ત્યાર પછી બેઉની સાક્ષીઓ લઇને ન્યાયાધીશે શું કરવું તે કહે છે:—

**साक्ष्युक्तं प्राड्विवाकश्च विमृश्य सुतरां द्वयोः ॥**
**कस्य वाक्यस्य प्रामाण्यमिति सभ्यैर्विवेचयेत् ॥ ५४ ॥**

બેઉ તરફના સાક્ષીઓએ આપેલી જુબાનીઓને ન્યાયાધીશે સારી પેઠે વિચારી જોવી. પછી કોનું વાક્ય પ્રમાણ છે; એ બાબત સભ્યોની સાથે વિવેચનપૂર્વક તપાસવું **यद्यर्थी साक्ष्यादिभिः स्वोक्तिसमर्थनं कर्तुं न शक्नुयात्तदा दंड्यः ॥** જો વાદિ પોતાના સાક્ષીઓથી પોતાનો દાવો સાબીત કરવાને સમર્થ ન થાય તો તે દંડ કરવાને પાત્ર થાય છે તે કહે છે:—

**न शक्नोति नियोगं स्वमर्थी साक्ष्यादिहेतुभिः ॥**
**समर्थयितुमेषः स्याद्राज्यदंड्यश्च प्रत्युत ॥ ५५ ॥**
**मिथ्याभियोगी पक्षार्थं निन्हुते चेदमुं भयात् ॥**
**तदपि दंड्यतामायात् नियोगद्विगुणैर्धनैः ॥ ५६ ॥**

પોતાના સાક્ષી ઇત્યાદિ હેતુઓથી વાદિ દાવો સાબીત ન કરી શકે તો તે ઉલટો રાજ્ય દંડને થાય છે. પોતાના ખોટા પક્ષને સાબી

त करवाने वादि अथवा प्रतिवादि सत्यने गोपवी राखेते। तेओ दावा-
नी रकमथी बमणी रकमना दंडने पात्र थाय छे. **यदि नियमिताः साक्षिणोऽपि अनृतं वदंति तदा किं स्यादित्याह** सोगन खाधेला
साक्षीओ कदी जूठुं बोले तो शुं करवुं ते कहे छेः—

**वादिनः साक्षिणोऽसत्यं वदेयुश्चन्नृपाग्रतः ॥**
**दंड्याः पृथक् पृथक् रुप्यैर्यथाशक्ति यथाकुलं ॥ ५७ ॥**

वादिना साक्षीओ राजा–न्यायाधीशनी समक्ष जूठुं बोलेते। तेमनी
जाति तथा शक्तिने अनुसारे दरेकने। रूपामोरथी दंड करवो.

**प्रत्यर्थिसाक्षिणोऽपि असत्याः स्युस्तदा किं करोति मंत्री तदाह ॥**

प्रतिवादिना साक्षीओ पण जूठा होय त्यारे मंत्री शुं करे
ते कहे छेः—

**साक्षिणो वादिनः सत्या असत्याः प्रतिवादिनः ॥**
**इषु[५] वेदा[४] ग्नि[३] समिषं सव्ययं स्वं नृपोऽर्थिने ॥५८॥**
**दापयेद्दणिना द्रव्यं साक्षिणस्ते पृथक् पृथक् ॥**
**दंडनीयाः पुनर्नैवादेयाः स्युः साक्षिकर्मणि ॥ ५९ ॥**

वादिना साक्षीओ खरा होय अने प्रतिवादिना साक्षीओ जूठुं
बोल्या होयते। करजदारना देवानी रकम पांच, चार अथवा त्रण ट-
काना व्याज तथा खरच साथे करजदार पासेथी वादिने एटले लेण-
दारने अपाववी अने साक्षीओने। जुदो जुदो दंड करवो अने फरीने
तेओने साक्षीना कामभां बोलाववा नहि. **कश्चित्साक्षी कृत्यस्वरूपं**

**जानन्नापि मूको भवेत्तदा किंकार्यमित्याह** ॥ કોઇ સાક્ષી કામનું સ્વરૂપ જાણ્યા છતાં પણ કહે નહિતો શું કરવું તે કહે છેઃ—

**यो नरः कूटसद्भावं जानन्नपि वदेन्न वै ॥**
**स कूटसाक्षिवद्दंड्यो नृपेण शतरौप्यकैः ॥ ६० ॥**

જે સાક્ષી ખરૂં કિંવા ખોટું છે એમ ખાતરી પૂર્વક જાણતો હોય તેમ છતાં કહે નહિ; તે જૂઠા સાક્ષીની પેઠે સો રૂપિયાના દંડને પાત્ર છે. **उभयसाक्षिणामसत्यत्वे नृपेण किंकार्यमित्याह** ॥ ઉભય પક્ષના સાક્ષીઓ જુઠા હોયતો ન્યાયાધીશે શું કરવું તે કહે છેઃ—

**उभयोः साक्षिणोऽसत्याश्चेदन्यैर्गुणवत्तमैः ॥**
**नृपेण निर्णयः कार्यः स्वाहूतैः साक्षिभिस्तदा ॥ ६१ ॥**

**ब्राह्मणक्षत्रियविशः कृत्येऽसत्यं वदंति चेत् ॥**
**दंडयित्वा प्रवास्याश्च न शूद्रे साक्ष्ययोग्यता ॥ ६२ ॥**

વાદિ તથા પ્રતિવાદિ બેઉના સાક્ષીઓ જૂઠા હોયતો બીજા ગુણવાન્ સાક્ષીઓને રાજાએ બોલાવી પોતાએ બોલાવેલા સાક્ષીઓથી કામનો નિર્ણય કરી લેવો. બ્રાહ્મણ, ક્ષત્રી તથા વૈસ્ય જાતિનો સાક્ષી જુઠું બોલે તો તેમનો દંડ કરી ગામ બહાર કાઢી મૂકવા. શુદ્રને સાક્ષી પુરવાની યોગ્યતા નથી. **अन्यसाक्षिणामभावे नृपेण किंकार्यमित्याह** ॥ બીજા સાક્ષીઓના અભાવે રાજાએ શું કરવું તે કહે છેઃ

**उभानुमतिमादाय कार्यः साक्षी स्वधर्मभृत् ॥**
**एक एव हि शुद्धस्तु गुणवान् सत्यवाक् शमी ॥ ६३ ॥**

વાદિ તથા પ્રતિવાદિ બેઉનો અભિપ્રાય લઇ ન્યાયાધીશે પવિત્ર, ગુણવાન્, સત્ય બોલનારો તથા શાન્તિ ગુણવાળો સ્વધર્મી એવો એક સાક્ષી કરવો. **ननु सीमावादादिविषयेषु भूप स्वस्थापितसाक्षिभिर्निर्णयं कर्तुं शक्नोति अन्येषु च ऋणादानादिव्यवहारेषु साक्ष्यभावे लेखपत्राद्यभावे च कथं निर्णयं कुर्यादित्याह ॥** અત્રે શંકાકાર શંકા ઉઠાવશે કે સીમાડા સંબંધી તકરારો વગેરે કામમાં રાજાએ પોતે મેળવેલા સાક્ષીઓથી કામનો નિર્ણય કરી શકે છે પરંતુ બીજા લેણા દેણા વગેરેના કજીઆઓમાં સાક્ષી તથા લેખપત્રનો અભાવ સતે શી રીતે નિર્ણય કરી શકે, તે કહે છે:—

**अर्थिप्रत्यर्थिनोः स्यातां साक्षिणौ चेन्न भूपतिः ॥**
**कृत्यतत्त्वमजानानः शपथं तत्र कारयेत् ॥ ६३ ॥**

**तद्देववन्हियात्रापोगुरूणां नियमात् क्रमात् ॥**
**द्विजक्षत्रियवैश्येभ्यः शपथं कारयेत्ततः ॥ ६४ ॥**

**मासपक्षावधिं कृत्वा कारयेच्छपथं नृपः ॥**
**तज्जाधिव्याधिवन्ह्यापोमरणं जायते न चेत् ॥ ६५ ॥**

**लोकाधिकारिभिर्दिव्यं प्रमाणमिति मन्यते ॥**
**सत्यमंतर्भवेत्कष्टं तच्चेद्भवति चान्यथा ॥ ६६ ॥**

**महीपालस्ततः सम्यक् परीक्ष्योभयसत्यतां ॥**
**सभ्यसंमतिमादाय वदेज्जयपराजयौ ॥ ६७ ॥**

इत्थं समासतः प्रोक्तो व्यवहारविधिक्रमः ॥
यस्य स्मरणमात्रेण मानवो वंच्यते न कैः ॥ ६८ ॥

इति व्यवहारकृतिप्रकरणम् ॥

વાદિ તથા પ્રતિવાદી બેઉના કામમાં સાક્ષીઓ ન મળી આવે તો તે બેઉને તે તેનું રહસ્ય નહિ જાણનારા રાજાએ સોગન આપવા. બ્રાહ્મણ, ક્ષત્રી તથા વૈશ્યોને તેમના દેવ, અગ્નિ, જાત્રા, પાણી અને ગુરૂના સોગન ક્રમ પ્રમાણે આપવા; એક માસ કે પખવાડીઆનો અવધી બાંધી તે શપથ ન્યાયાધીશે આપવા. તેટલી મુદતમાં તે જૂઠા શપથ લેનારને તે કૃત્યથી કંઇ વ્યાધિ અથવા અગ્નિ કે જળ સંબંધી પીડા અથવા મરણ થાય છે કે કેમ તે જોવું કારણ કે લોકના અધિકારીઓ તે પીડાને દીવ્ય પ્રમાણ રૂપ માને છે. જો જૂઠા સોગન ખાય તો અવશ્ય કષ્ટ થયા વિના રહેતું નથી. ઉપર પ્રમાણે દિવ્ય શપથ આપી રાજાએ બેઉનું સત્ય તપાસી જોવું; પછી સભાસદોનો મત લઇ જય પરાજય જાહેર કરવો. ઉપર પ્રમાણે ટુંકામાં વ્યવહાર વિધિનો ક્રમ કહ્યો; જેને સ્મરણમાં રાખવાથી માણસ કદી ઠગાતો નથી.

## એ પ્રકારે વ્યવહાર વિધિ સંપૂર્ણ થયો.

# अथ ऋणस्वरूपमुच्यते ॥

सुवर्णवर्णोऽभ्रनरेन्द्रसूनुः क्रौंचांकितः श्रीसुमतिर्जिनेन्द्रः ॥
ऋणप्रदानग्रहणाधिकारं प्रवक्तुकामं सुमतिं प्रदेयात् ॥ १ ॥

સોનાના જેવા વર્ણવાળા ક્રૌંચ પક્ષીના લાંછનવાળા અભ્રરાજાના પુત્ર શ્રી સુમતિ જિનેન્દ્ર દેવા લેણાની આપલે સંબંધી અધિકારનું રૂડે પ્રકારે વિવેચન કરવામાં મને સદ્બુદ્ધિ આપો. **तत्र किं नाम ऋणम्** રૂણ કોને કહેવું ?

याचितेन धनिनाथ केनचित् दीयते सनियमं पराय यत् ॥
तदृणं निगदितं बुधैर्मिषलोभतः प्रतिदिनं सुवृद्धिकृत् ॥ २ ॥

કોઇ માણસ ધનવાનની યાચના કરે કે ' મને અમૂક રકમ આપો ' તેનું વચન સાંભળી ધનવાન વ્યાજની લાલચથી અમુક વ્યાજ ઠરાવી તેને અમુક નિયમથી નાણાં ધીરે તેને વિદ્વાનોએ ' રૂણ ' એ પ્રકારનું નામ આપેલું છે. તે પ્રતિદિન વૃદ્ધિ પામે છે. **तत्केन कदा ग्राह्यं तदाह ॥** કરજ કોણે અને ક્યારે લેવું તે કહે છે:—

कुटुंबावनधर्मापन्मित्राद्यावश्यकर्मणि ॥
निर्द्धने नान्यथावाप्तौ ऋणं ग्राह्यं च ऋक्थिनः ॥ ३ ॥

प्रतिमासं मिषं दद्यात् वृद्धौ दुःखं महद्भवेत् ॥
पुनश्च नियते काले देयात् स्वं सोऽधमर्णकः ॥ ४ ॥

**काले व्यतीते नियते ह्युत्तमर्णेन याचितो ॥**
**ऽपि नो दद्यात् तदा ऋक्थी राजानं स्वं निवेदयेत् ॥५॥**

કુટુંબનું રક્ષણ કરવા રૂપ ધર્મમાં આપત્તિ આવી હોય ત્યારે અને મિત્રનું અવશ્ય કર્મ હોય અને બીજી કોઇ રીતે નાણાં ન મળે તો નિર્ધનને ગૃહસ્થની પાસેથી નાણાં વ્યાજે લેવાં પડેછે. લીધા પછી કરજદારે પ્રતિમાસે તેનું વ્યાજ આપી દેવું જોઇએ, તે ન આપે અને દેવી રકમ વધી પડે તો વધારે દુઃખ થાય. કરજદારે ઠરાવેલી મુદતે નાણાં ભરી દેવા. નાણાં ભરવાની ઠરાવેલી મુદતે કરજદારથી નાણાં ન ભરી શકાય અને લેણદાર માગણી કરે તે છતાં નાણાં ન આપી શકે તો પછી તે લેણદાર રાજાને ફર્યાદ કરેછે. **धनी कया रीत्या द्रव्यं देयात्** ધની કેવી રીતે નાણું ધીરેછે તે કહે છેઃ—

**अर्थी स्वनामयुक्लेखपत्रं प्रत्यर्थिनः पुरा ॥**
**स्वसाक्षिपितृपैतामहादिनामयुतं स्फुटं ॥ ६ ॥**
**लेखयित्वा धनी देयाद्रजतानि यथाविधि ॥**
**समिषं सप्रतिज्ञं च मिषं भिन्नं च वर्णशः ॥ ७ ॥**

ધનવાન્ પુરૂષે પોતાના નામના લખાણવાળા પત્રમાં પૈસા વ્યાજે લેનારની રૂબરૂમાં તેના સાક્ષી તથા બાપદાદાના નામ, વ્યાજનો દર, રકમ, તથા પ્રતિજ્ઞા ( પૈસા પાછા આપવાની મુદત ) વિગેરે ચોખી રીતે લખાવીને રૂપિઆ વિગેરે યથાવિધિ ધીરવું, જાતિ પ્રમાણે વ્યાજ જુદું છે. તે આ પ્રમાણેઃ—

**ब्राह्मणक्षत्रविट्शूद्रान् शुल्कलोभेन चेद्धनी ॥**
**देयाद्रौप्यान् लेखरीत्या द्वित्रिवेदेषुसंमितं ॥ ८ ॥**

मिषं वृद्धितया ग्राह्यं प्रतिमासं प्रतिज्ञया ॥
पुनश्चतुर्विधा प्रोक्ता सा वृद्धिः शक्त्यपेक्षया ॥ ९ ॥
चक्रवृद्धिः स्मृता चाद्या कालिका कारिता तथा ॥
कायिका चेति विज्ञेया सर्वसंपत्प्रवर्द्धनी ॥ १० ॥
आप्रतिज्ञांतमेकापि न दत्ता चेद्वराटिका ॥
तदैकीकृत्य तां वृद्धिं तद्वृद्धिः प्रथमा मता ॥ ११ ॥
मासपक्षदिनेष्वेतद्व्रजतानामिमामहं ॥
वृद्धिं दास्यामि नियतां कालिका सा स्मृता बुधैः ॥१२॥
मासकृतप्रतिज्ञायां नो चेद्दास्यामि किंचन ॥
दास्यामि द्विगुणान् रौप्यानिति वृद्धिस्तु कारिता ॥१३॥
कृतमासप्रतिज्ञोपि मिषं दातुमशक्नुयात् ॥
देहेन सेवां धनिनो वृद्धिः सा कायिका मता ॥ १४ ॥

બ્રાહ્મણને, ક્ષત્રીને, વૈશ્યને કે શૂદ્રને; ધની વ્યાજના લોભથી જેને રૂપિયા ધીરે તેની પાસેથી બે, ત્રણ ચાર અથવા પાંચ ટકાના વ્યાજની ઉપર પ્રમાણે રૂપિયા આપવા, નક્કી કર્યા પ્રમાણે વ્યાજની રકમ પ્રતિમાસે ચઢેચઢી લેવી. શક્તિની અપેક્ષાએ વ્યાજ લેવાની પદ્ધતિ ચાર પ્રકારની છે. એક ચક્રવૃદ્ધિ વ્યાજ, બીજું કાલિકા, ત્રીજું કારિતા અને ચોથું કાયિકા; આ ચારે વ્યાજની પદ્ધતિઓ સંપત્તિને વધારનારી છે. કરેલી મુદ્દત સુધી વ્યાજની એક કોડી પણ દેવાદાર ન ભરે તો તે વ્યાજની રકમ મુડી સાથે ઉમેરી તે રકમ થાય તેનું વ્યાજ ગણવું

એમ ઉત્તરોત્તર વ્યાજનું વ્યાજ ગણવું તે ચક્રવૃદ્ધિ કહેવાય. અમૂક માસ, પક્ષ અથવા દિવસને સારૂ આટલા રૂપિયાની અમુક ચોકસ વૃદ્ધિ આપીશ, એવી વૃદ્ધિને વિદ્વાનોએ કાલિકા કહેલી છે.

અમુક માસની મુદત કરી હોય તે મુદતની અંદર જો ન આપી શકાય તો મુડીને બમણી કરી રૂપિઆ આપવા તે કારિતા કહેવાય છે. અમુક માસની મુદતથી રૂપિયા લીધા તેનું વ્યાજ આપવાને શક્તિમાન નથી, પરંતુ તેના બદલામાં પોતાના દેહથી તેની ચાકરી કરે તે કાયિકા કહેવાય છે. **यद्दणं गृहीत्वा देशांतरं गच्छेत्तद्रीतिमाह ॥** કોઇ મનુષ્ય રૂપિયા લઇ દેશાન્તરમાં નાશી જાય તો પછી શું કરવું તે કહે છે:—

**गृहीत्वार्णं ऋणी गच्छेद्देशाद्देशान्तरं तदा ॥**
**तदागतेऽब्दे मासवृद्धिर्द्विगुणा स्यादितिस्थितिः ॥ १५ ॥**

કદાચિત્ કરજદાર નાણાં લઈ દેશમાંથી બીજા દેશમાં નાશી જાય તો આવતા વર્ષમાં એટલે બીજા વર્ષમાં તેની પાસેથી બમણું વ્યાજ દર માસે લેવું એવી રીતિ છે. **स्वदेशस्थोऽपि ऋणी धनिना याच्यमानो धनं न देयाच्चेत्किं कुर्याद्धनीत्याह ॥** કરજદાર દેશમાં હોય, લેણદાર તેની પાસે ઉઘરાણી કરતો હોય તેમ છતાં ધન ન આપે તો લેણદારે શું કરવું તે કહે છે:—

**गत्वाभिप्रायसर्वस्वं राजानं प्रतिबोधयेत् ॥**
**तद्विविच्य नृपः सभ्यैरुभावप्याह्वयेत्ततः ॥ १६ ॥**
**आदानाह्नो नियोगाहःपर्यन्तमिषयुक् धनं ॥**

दापयेद्धनिने भूपः सव्ययं चाधमर्णकात् ॥ १७ ॥

લેણદારે પોતાની સઘળી હકીકત રાજાને નિવેદન કરવી, રાજાએ સભ્યોની સાથે તે બાબત પર પુખ્ત વિચાર કરી વાદિ પ્રતિવાદીને બોલાવવા. પ્રતિવાદી પાસેથી પૈસા ઉછીના લીધા તે દીવસથી તે દાવાનો દીવસ સુધીના વ્યાજ સાથે અને વાદિને થએલા ખરચ સાથે નાણાં અપાવવા. आधिभेदेन वृद्धिभेदानाह ॥ ગીરો મૂકેલી થાપણના ભેદ પ્રમાણે વ્યાજનો ભેદ દર્શાવે છેઃ—

हिरण्यधान्यवस्त्राणां द्वित्रितुर्यगुणा स्मृता ॥
धौ वृद्धिर्धनिना सर्वं वस्तु रक्ष्यं प्रयत्नतः ॥ १८ ॥
यो शक्तो पालितुं नैव मानवो गोधनं स्त्रियं ॥
चाधिं रक्षेद्यदा तौ च वृद्धिं दास्यत्यनेकशः ॥ १९ ॥

हिरण्याद्याधौ क्रमशो द्विगुणा त्रिगुणा तुर्यगुणा वृद्धिर्दातव्या धनिना सर्वं धनं यत्नतो रक्षणीयं गोमहिष्यादिकं स्त्रियं वा पालितुमशक्तः सन् कस्यचिदाधिं रक्षेत्तदानेकधा मिषं देयं इत्यर्थायत्तमोचनकाले मूलद्रव्यं दत्वा गवाद्याधिं मोचयेत् तदा तद्वृद्धिं मिषतया देयात् स्त्रीसंततिवृद्धौ तु पुत्रं देयात् न कन्यां मूल्यं दत्वा मोचयेत् स्त्रियं कायेन धनिनोऽनुचर्यां कृत्वा स्वात्मानं मिषदानतो मोचयेत् ॥

સુવર્ણ ધાન્ય વસ્ત્રની થાપણમાં બમણું તમણું અથવા ચારગણું વ્યાજ લેવાય છે. સર્વ વસ્તુનું પ્રયત્નથી રક્ષણ કરવું; જે મનુષ્ય ગોધન અથવા સ્ત્રી વિગેરે પાળવાને અશક્ત હોય તે છતાં તે આધિનું

રક્ષણ કરે તો અનેક પ્રકારે થાપણ મુકનાર વૃદ્ધિ આપે.

**ટીકા:**—સુવર્ણમાં બમણી વૃદ્ધિ, ધાન્યમાં ત્રમણી અને વસ્ત્રમાં ચારગણી વૃદ્ધિ લેવાય છે. ધનવાન્ પુરૂષે યત્નથી થાપણ જાળવી રાખવી. જે મનુષ્ય ગાય ભેંસ વિગેરે પશુ તથા સ્ત્રીને પાળવાને અશક્ત છતાં કોઇની થાપણનું રક્ષણ કરે તો અનેક પ્રકારે તેને વ્યાજ આપવું. જો થાપણ છોડવતી વખત મૂળ રકમ આપીને ગાય વિગેરે થાપણને છોડવે તો વ્યાજને પેટે વૃદ્ધિ (વધારો) આપવી. સ્ત્રીની સંતતીના સંબંધમાં વૃદ્ધિને પેટે પુત્ર આપવો, પણ કન્યા આપવી નહિ. મૂલ્ય આપીને સ્ત્રીને છોડવવી. તેણે શરીરથી ધણીની સેવા–ચાકરી કરી પોતાના દેહને વ્યાજથી મુક્ત કરવો.

**नन्वाधिद्रव्यं चौरैर्हृतं चेद्भूपो निश्चित्य चौरेभ्यस्तद्धनं दापयेत् ।**

ગીરો મૂકેલું ધન ચોરાઇ જાય તો રાજાએ તેનો નિશ્ચય કરી ચોર ખોળી કાઢી તે ધન અપાવવું. **यद्यशक्तस्तदा स्वकोषाद्दापयेत्** ચોર ખોળી કાઢવામાં રાજા શક્તિમાન્ ન થાય તો ગીરો રકમ જેટલું ધન રાજાએ પોતાના ભંડારમાંથી આપવું.

**प्रत्याहर्त्तुमशक्तश्चेच्चौराद्भूपो हि यद्धनं ॥**
**स्वकोषात्तन्मितं द्रव्यं युक्तं दातुं च ऋक्थिनः ॥ २० ॥**

ચોરોએ ચોરેલું ધન રાજાથી મેળવી ન શકાય તો તેટલીજ કીંમતનું દ્રવ્ય રાજાએ પોતાના ભંડારમાંથી કાઢી લેણદારને આપવું એ યોગ્ય છે. **प्रीतिदत्तर्णस्य वृद्धिर्न भवति इत्याह** પરસ્પર મિત્રાચારીના સંબંધમાં આપેલા ધનની વૃદ્ધિ થતી નથી તે કહે છેઃ—

**प्रीत्या दत्तं तु यद्द्रव्यं वर्द्धते नैव तत्कदा ॥**
**याचिते वर्द्धते दत्तं प्रतिमासं मिषक्रमात् ॥ २१ ॥**

પ્રીતિથી આપેલું ધન તો કાંઇ વધતું નથી પણ યાચના કરવાથી આપેલું હોય તેનું પ્રતિમાસે વ્યાજ વધે છે. **पितृऋणं पुत्रैर्देयमिति नियततया क्लीबत्वादिदोषयुक्तानामपि ऋणदातृत्वप्रसंगे तद्वारणा-याह.** બાપનું દેવું છોકરાઓએ આપવું એ નિયમથી નપુંસકાદિ દોષ-વાળા રોગીષ્ટ પુત્રોને પણ દેવું આપવાનો પ્રસંગ આવે તેના નિવા-રણને અર્થે વિશેષ કહે છેઃ—

**सत्सु पुत्रेषु तेनैव ऋणं देयं सुतेन च ॥**
**येन पितृवसु प्राप्तं क्लीबांधबधिरादिषु ॥ २२ ॥**

ઘણા છોકરાઓ છતાં દેવું તેજ છોકરાએ આપવું કે જેણે નપુંસક, આંધળા તથા બહેરા ઇત્યાદિક ભાઇઓ પાસેથી બાપનું ધન મેળવ્યું હોય, **अविभक्तभ्रातृभिर्दंपतीभ्यां पितृपुत्राभ्यां वावश्यककृत्यार्थमृणं सर्वानुमत्यैव ग्राह्यं विभक्तेभ्यस्तु धनी प्रातिभाव्यतयैव देयात् तदाह॥** અવિભક્ત થએલાં એટલે જૂદાં નહિ થએલાં ભાઇઓ, દંપતી (સ્ત્રી, પુરૂષ) પિતા પુત્ર વગેરેને આવશ્યક કામને માટે દેવું કરવું પડે તો તે કરજ સર્વની અનુમતિથી કરવું. અને વહેંચાયું હોય તો ધનીએ જામીનગીરીથી દ્રવ્ય ધીરવું તે કહે છેઃ—

**भ्रातृणामविभक्तानां दंपत्योः पितृपुत्रयोः ॥**
**ऋणलाभस्त्वेकमत्या विभक्ते प्रातिभाव्यतः ॥ २३ ॥**

ભાઇઓ, સ્ત્રી પુરૂષ, પિતા પુત્ર; તેમને વેંહચણ ન થઇ હોય

તો દેવું કરતાં સર્વની અનુમતિ લેવી; વહેંચાઇ ગયું હોય તો ધનીએ જામીનગીરીથી નાણાં ધીરવાં.

**अविभक्तानां ऋणलाभः सर्वानुमत्या स्यात् विभक्तानां तु प्रातिभाव्यतः । दीनत्वादिति लाभः ॥ इति दानस्याप्युपलक्षणं ॥** અવિભક્તોને ઋણનો લાભ સર્વની અનુમતિથી થાય છે. અને વિભક્તોનેતો જામીનગીરીથી થાય છે. દીનપણું હોવાથી લાભ શબ્દ કહ્યો છે. દીનને આપવું તે દાન એ દાનનું ઉપલક્ષણ જાણવું. **किं नाम प्रातिभाव्यमित्याह** હવે જામીનગીરીનું લક્ષણ શું તે કહે છેઃ—

**प्रतिभूः सदृशस्तस्य भावस्तद्धर्मशक्तिता ॥**

**प्रातिभाव्यं त्रिधा प्रोक्तं दृष्टिप्रत्ययदानतः ॥ २३ ॥**

જામીન લાયક હોવો જોઇએ. જામીનપણું અથવા જામીનના ગુણ અને શક્તિ તેને પ્રાતિભાવ્ય કહે છે. તે જામીનપણું દૃષ્ટિ, પ્રત્યય અને દાન; એ ત્રણ પ્રકારે જાણવું. **दर्शने यथा यस्मिन् काले त्वमेनं याचयिष्यसि तदैवेनं दर्शयिष्यामि इति.** જામીન લેણદારને કહે છે કે જ્યારે તું એ માણસને મારી પાસે માગીશ તેજ વખતે હું તને તેને બતાવીશ; એ દૃષ્ટિ પ્રતિભૂ કહેવાય. **प्रत्यये यथा अयमेतत्पुत्रः सपुत्रः कुलीनोस्तीति मत्प्रत्ययेनास्मै यथायाञ्चां द्रव्यं प्रयच्छायं त्वां कदापि न वंचयिष्यत इति** નાણાં ધીરનારને જામીન કહે છે આ અમુક માણસનો પુત્ર છે; છોકરાવાળો છે; કુલવાન છે મારી ખાત્રીથી તે માગે એટલી રકમ આપ; એ તને કદાપિ ઠગે તેવો નથી; એવું કહેવું તે પ્રત્યય પ્રતિભૂ કહેવાય. **दाने यथा त्वमेनं प्रति किंचिद्याचसे अयं दास्यति शिघ्रमेव अन्यथैतत्कालेऽहं दास्यामि इति** તું એની પાસે લગાર માગણી કરીશ કે તે તેને તુ-

રત આપી દેશે. અને જો તે નહિ આપેતો તેની વતી હું તને આ-
પીશ એ દાન પ્રતિભૂ કહેવાય. એ પ્રકારે જામીનગીરી ત્રણ પ્રકારની છે
**किंचः—**

**गृहीतद्रव्यो निःस्वश्चेत् प्रतिभूर्धनवान्यदा ॥**
**मूलं दत्त्वैव सर्वं तत्कुर्यात्तं निर्ऋणं तथा ॥ २४ ॥**

કરજદાર ખાલી થઈ ગયો હોય અને જામીન ધનવાન હોયતો લેણદારેને જામીને દેવું આપી તેને દેવાથી મુક્ત કરવો. **ऋणी यदि निःस्वः प्रतिभूश्च धनवान्तदा सर्वमूलं दत्त्वैव तं ऋणिनं निर्ऋणं कुर्यादिति भावः ।** રૂણી નિર્ધન થઇ ગયો હોય અને જામીન ધન-વાન્ હોય તો તેણે સઘળું મૂલ લેણદારને આપીને તે કરજદારને રૂણ મુક્ત કરવો એ ભાવ છે.**यदि एकस्मिन् कृत्ये बहवः प्रतिभुवस्तदा स्वस्वांशानुसारेण द्रव्यमेकीकृत्य धनिनं दद्युः** જો એક કૃત્યમાં ઘણા જામીન હોય તો પોત પોતાને ભાગે જેટલી રકમ આવે તે ર-કમને એકઠી કરી ધનવાનને આપવીઃ—

**एककृत्ये प्रतिभुवः बहवः स्युः परस्परं ॥**
**स्वस्वशक्त्यनुसारेण धनिने दद्युरेकशः ॥ २५ ॥**

એકજ કૃત્યમાં જામીન ઘણા હોય તો તેમણે પરસ્પર ભાગે પડતાં નાણાં એકઠાં કરી લેણદારના લેણા પૈસા આપી દેવાં. **दर्शनप्रतिभूर्धनितृप्तये कृतकालावधेर्ऋणिनो देशान्तरगतत्वात्तदंते तं दर्शयितुमशक्तश्चेद्धनी तस्माद्रजतानि गृह्णीयात्तद्युक्तं परं न्यायरीत्या पक्षत्रयावधिं पुनर्दद्यात्तदवधौ प्रतिभूस्तं दर्शयेत्तदा प्रातिभाव्यत्वेन मुक्तो भवेत् अन्यथा रजतानि देयादेव तथाहि ॥**

કરજદારને દેખાડવાની જામીનગીરી કરેલો જામીન કરજદાર દેશાન્તર ગએલો હોવાથી દેવાની મુદત પુરી થયા છતાં દેખાડી શકે નહિ, તો લેણદારે જામીન પાસેથી તે રૂપિયા લેવા તે યોગ્ય છે, પરંતુ ન્યાય વિચારીએ તો લેણદારે જામીનને કરજદારને શોધવા બીજી ત્રણ પખવાડીયાંની મુદત આપવી જોઇએ; અને તે આપેલી મુદતમાં જો દેખાડી શકેતો તે પોતાની જામીનગરીમાંથી છૂટી શકે છે. અને ન દેખાડી શકે તો કરજના પૈસા તે જામીનને આપવા પડે જ. તે આપ્રમાણે;—

**प्रतिभूरधमर्णार्थं गृह्णात्पक्षत्रयं प्रभोः ॥**
**दर्शयित्वा स्वयं काले मुक्तः स्वोक्तेर्भवेदलं ॥ २६ ॥**

જામીન કરજ દારને દેખાડવા ત્રણ પખવાડિયાંની મુદત માગે. તે મુદતમાં તેને દેખાડી શકે તો તે પોતાની બોલીમાંથી સર્વથા પ્રકારે મુક્ત થાય છે.

## आधिविषयमुच्यते

**विश्रंभाय प्रभोर्वस्तु दत्वा गृह्णाति रौप्यक्यान् ॥**
**स आधिर्द्विविधः प्रोक्तो नियतेतरभेदतः ॥ २७ ॥**
**गोप्यभोग्यतया सोऽपि द्विविधः संप्रकीर्तितः ॥**
**वर्द्धिष्ण्वितरभेदाभ्यां पुनः स द्विविधः स्मृतः ॥ २८ ॥**

હવે આધિના સંબંધમાં કહે છે;—ધનીને વિશ્વાસ આવે માટે કંઇ વસ્તુ તેને ત્યાં અડાણે મૂકી કરજદાર રૂપિયા લે તે આધિ કહેવાય. આધિ બે પ્રકારનો હોય છે. એક નિયત અને બીજો અનિયત. વળી તે બે પ્રકારનો હોય છે; એક રક્ષણીય અને

બીજો ભોગ્ય, વળી તે વધી શકે તેવો અને ન વધી શકે તેવો એમ બે પ્રકારનો હોય છે. **प्रभोर्विश्वासार्थं यद्वस्तु धनिनिकटे स्थाप्यते सआधिर्नियतोऽनियतश्चेति द्विविधोऽपि गोप्यभोग्यभेदेन द्विविधः यथायमाधिर्वैशाखशुक्लसप्तम्यां रजतान् दत्वा मोचयिष्यतेऽन्यथा तवैवेति नियतः। स्वेच्छयैव गृह्यते सोऽनियत एव। गोप्यस्तुहेमरजत रत्नादिको भोगानर्हो नियतकालांते प्रणश्येत् भोग्यः ॥ क्षेत्रारामादिर्न नश्यति तस्य त्रिंशद्वर्षावधित्वात् ॥** લેણદારને વિશ્વાસ આવે માટે દેવાને પેટે જે વસ્તુ તેને ત્યાં અડાણે મૂકવામાં આવે તે આધિ કહેવાય. તે નિયત તથા અનિયત બે પ્રકારનો છે. છતાં તે ભોગ્ય તથા ગોપ્ય એમ બે પ્રકારનો હોય છે. જેમકે આ અડાણે આપેલી વસ્તુ વૈસાખ સુદ સાતમે તમારા રૂપિયા આપી હું લઈ જઈશ નહિતો તે તમારીજ છે તે નિયત કહેવાય અને કરજદાર મરજીમાં આવે ત્યારે રૂપિયા ભરી અડાણ વસ્તુ છોડાવે તે અનિયત કહેવાય–ગોપ્ય એટલે સોનુ, રૂપુ તથા રત્નાદિ વગેરે કે જે ભોગવવા યોગ્ય નહિ પરંતુ રક્ષણીય છે. ભોગ્યઃ– નક્કી કરેલા સમય પછી નાશ થઇ જાય છે તે ભોગ્ય; ખેતર અથવા બાગ ઇત્યાદિ નાશ થતાં નથી તેમનો ત્રીશ વર્ષનો (ભોગવટો) અવધિ છે.

**आधिस्तु नैव भोक्तव्यो भुक्ते तु वृद्धिहानिता ॥**
**गोप्यस्य नियते कालेऽतीते स्वामी धनी भवेत् ॥ २९ ॥**
**नष्टे तु मौल्यं देयं स्याद्दैवभूपापदं विना ॥**
**भोग्यस्यावधिपूर्तौ च ऋक्थी स्वामी न जायते ॥ ३० ॥**

અડાણે મૂકેલી વસ્તુને લેણદારે ઉપયોગમાં લેવી નહિ અને જો

તે લે તો તેને વ્યાજની હાનિ થાય. ઠરાવેલી મુદત સુધી તે અડાણનું રક્ષણ કરવું; મુદત વિતી જવા પછી લેણદાર તે ગોપ્ય વસ્તુનો સ્વામી થાય છે. રાજા તરફથી કે દૈવ તરફથી આકસ્માત્ શિવાય કરજદારે અડાણે મૂકેલી વસ્તુ લેણદારના ઘરમાંથી નાશ થાય તો તે વસ્તુનું મૂલ કરજદારને ભરી આપવું. થાપણની મુદત પુરી થાય તો પણ ભોગ્યવસ્તુનો ધણી લેણદાર થઇ શકતો નથી. **आधिवस्तुनि भुज्यमाने ऋणिना दृष्टे वृद्धिहानिः ॥** અડાણ વસ્તુનો લેણદાર ઉપભોગ કરેછે તે કરજદારે નજરોનજર જોયું તો તેને વ્યાજની હાનિ થાય છે અર્થાત્ વ્યાજ મળતું નથી.

**तन्नाशे तु तन्मूल्यं धनिना देयमेव ॥** અડાણ વસ્તુ ખોવાઈ જાય કે જતી રહે તો તેનું મૂલ્ય ધનીએ કરજદારને ભરી આપવુંજ જોઇએ. **यदि तन्नाशे दैवभूपापत्कारणं न स्यात्** જો તે નાશમાં દૈવ આપત્તિ કે રાજ આપત્તિ કારણ ન થતું હોય તો **गोप्यस्य हेमरजताद्यर्थस्य नियतकालव्यतिक्रान्तौ धनी स्वामी स्यात्** સોના અથવા રૂપાના દાગીનાનો ઠરાવેલી મુદત વિત્યા બાદ લેણદાર ધણી થાય છે. **भोग्याधेः स्थावरधनस्य त्ववधिसमाप्तावपि धनी स्वामी न भवति जंगमस्य तु भवत्येवेति विशेषः । यदि केनचिदृणिना क्षेत्रमाधिं कृत्वा धनिनो रजतानि गृहीतानि पुनर्दैवयोगेन तत् क्षेत्रं नद्याद्यपहृतं तदा ऋणिनान्य आधिः स्थापनीयोऽन्यथा रजतानि देयादित्याह ॥** સ્થાવર ધનમાં તો મુદત થઈ ગયા છતાં પણ લેણદાર સ્વામી થઇ શકતો નથી. જંગમ મીલકતના અડાણમાં સ્વામી થઇ શકેછે. જો કે કરજદારે ખેતર લખી આપીને લેણદાર પાસેથી નાણાં લીધાં હોય અને તે ખેતર નદીના ધડાપરનું હોય અને

દવયોગે નદી ખેંચી જાય તો કરજદારે તેની જગોએ અડાણમાં બીજી બદલાની વસ્તુ આપવી. નહિતો તેના દેવા રૂપિયા ભરી દેવા.

**नद्या भूपेन वा क्षेत्रं हृतं चेदृणिना पुनः ॥**
**आधिरन्यः प्रदेयो वा दीनत्वे धनिने धनम् ॥ ३१ ॥**
**स्वक्षेत्रविषये वादो न कार्य ऋणिना कदा ॥**
**धनिनो नापराधोऽत्र स्वकर्मफलमेव तत् ॥ ३२ ॥**

ખેતરને નદી ખેંચી જાય કે રાજા હરી લે તો કરજદારે તે ખેતરને બદલે બીજી કંઇ વસ્તુ અડાણે મૂકવી અથવા તેનું માગતું ધન આપી દેવું; પોતાના ક્ષેત્ર સંબંધી કરજદારે કાંઇ તકરાર કરવી નહિ. કારણ કે એમાં ધનીનો દોષ કાંઇજ નહિ પણ કેવળ પોતાના કર્મનું ફળ છે.

**अन्यच्च.**

**पुराणतीर्थयात्रादिबंधकांतमृणी धनं ॥**
**प्रतिमासं मिषं दत्वा काले द्रव्यं समर्पयेत् ॥ ३३ ॥**

**पुराणतीर्थयात्रादिबंधकगृहीतधनं ऋणी समिषं दद्यादेव ॥** પુરાણ શ્રવણ, તીર્થયાત્રા વિગેરે સમાપ્ત થયે આપવાની શરતથી જો ધન લીધું હોય તો દેવાદારે દરેક મહિને વ્યાજ આપીને યોગ્ય કાળે મૂળ દ્રવ્ય આપવું.

**यदि कश्चित् प्रपंचेनाधिं गृहीत्वा रजतनियुक्तलेखं च कारयित्वा रौप्यान्न ददाति तदा ऋणी किं कुर्यादित्याह** જો કોઇ પ્રપંચી લેણદાર કરજદાર પાસેથી પ્રપંચ કરી અડાણ વસ્તુ પણ લઇ

લે અને ખત પણ લખાવી લે અને રૂપિઆ આપે નહિ તો પછી શું કરવું તે કહેછે:—

**ज्ञापयित्वा तदुदंतमृणी भूपाधिकारिणं ॥**
**गृह्णीयादाधिलेखं स्वं स दंड्यः शतरूप्यकैः ॥ ३४ ॥**

તે સમયે કરજદારે રાજાના અધિકારીને સદરહુ વૃતાન્ત જાહેર કરી દેવું; તે અડાણુ અને ખત પાછાં કરજદારે લેવાં; તથા તે પ્રપંચી સો રૂપિયા દંડને પાત્ર છે.

**ऋणविषये मिषग्रहणप्रकारमाह ॥**

હવે કરજ દેવામાં વ્યાજ શી રીતે લેવું તેનો પ્રકાર દર્શાવેછે:—

**रजतशते दत्ते खलु रौप्ययुगं ग्राह्यमेव मिषवृद्धौ ॥**
**प्रतिमासं दत्तं चेन्मिषं तदा मूलमवधौ च ॥ ३५ ॥**

સો રૂપિયા કરજદારને આપે તો તેનાપર દરમાસે વ્યાજવૃદ્ધિ સારૂ બે રૂપિયા વ્યાજ લેવું; પ્રતિમાસે ઠરાવ મુજબ વ્યાજ આપે જતો હોય તો તે મુદ્દત થયે મૂળ રકમ લેવી.

**आधिविषये कथं मिषं ग्राह्यमित्याह ॥**

ગીરોપર શી રીતે વ્યાજ લેવું તે બતાવેછે:—

**सौवर्णं राजतं चाधिं लात्वा चेद्रौप्यमुत्सृजेत् ॥**
**राजतेऽर्द्धांशमादेयं सौवर्णे तुर्यमंशकम् ॥ ३६ ॥**

સોનાની કે રૂપાની જણુશ લઇને રૂપિયા ધીર્યાં હોય તો સોનાની જણુશ પેટે એક ચતુર્થાંશ વ્યાજ અને રૂપાની જણુશ પેટે એક

દ્વિતિયાંશ વ્યાજ લેવું. अधमर्ण आवश्यककार्यवशेन मुद्राद्वयं दत्वा शतमुद्रा गृह्णाति तत्कृत्ये राज्यगते उक्तमिषमेव दास्यति तथाहि ॥ કરજદાર જરૂરના કામ માટે સેંકડે દર માસે બે રૂપિયા વ્યાજ આપી ધન કરજે લાવેછે; તેની ફર્યાદ સરકારમાં ગએ ઠરાવેલું વ્યાજ આપવું પડેછે તે કહેછે:—

अधमर्णः स्वयं लाति मिषमुक्त्वा ततोऽधिकम् ॥
नृपांतिके गते वादे तूत्तमर्णप्ररूपणात् ॥ ३७ ॥
नृपो लेखं निरीक्ष्यैव विविच्य सहसाकृतिं ॥
न्यायादुक्तमिषं चैव दापयेदधमर्णकात् ॥ ३८ ॥

કરજદાર વધારે વ્યાજ કરીને લેણદાર પાસેથી રૂપિયા લઇ આવ્યો હોય અને તે કજીઓ લેણદારના કથનથી રાજા પાસે જાય, તો રાજાએ લેખ તપાસી કામનું સ્વરૂપ જોઇ ન્યાયથી કરેલા વ્યાજનાં નાણાં કરજદાર પાસેથી અપાવવાં.

गवाद्याधिविषयमाह ॥

ગાય વગેરે પશુ અડાણે મુકી કરજ લેવાનો વિધિ કહેછે:—

गोऽजाविमहिषीदासाश्वाधिं कृत्वा गृहीतराः ॥
पुनर्दातुमशक्तश्चेन्न याचेताधिमृक्थिनः ॥ ३९ ॥
पूर्णेऽवधौ पुनः प्राप्ते वित्ते गृह्णाति ऋक्थिनो ॥
ऽधमर्णस्थापितं यावत्तावद्गृह्णाति सर्वशः ॥ ४० ॥
धनी नो दद्याद्वृद्धिं तु ऋणी गृह्णाति नैव तां ॥
भक्ष्यमूल्ये प्रदत्तेऽपि नैव दद्याद्धनी तकां ॥ ४१ ॥

ગાય, બકરી, ઘેટી કે ભેંશ તથા ચાકર અડાણે મૂકી અને કરજદાર રૂપિયા લે; ફરીથી તે આપવાને તે શક્તિવાળો ન હોય તો લેણદાર પાસેથી તે અડાણ વસ્તુ માગી શકે નહિ. અવધિ પુરો થયે, કરજદારને ધન પ્રાપ્ત થાય તો લેણદાર પાસેથી પોતાની સઘળી અડાણ વસ્તુ લઇ શકે. ધનવાન જો વૃદ્ધિ (ગાય, ભેંસના વાછરડા) ન આપે તો કરજદાર તે ગ્રહણ ન કરે. કરજદારે ચારા વિગેરેનું ખર્ચ આપ્યું હોય તોપણ તે ધનવાન્ આપે નહિ.

सप्रतिज्ञं धृतं यच्चेत् गोमहिष्यादिकं वसु ॥
रौप्यान्दत्वा गृहीष्यामि पूर्णे काले तवैव तत् ॥ ४२ ॥

પ્રતિજ્ઞાપૂર્વક ગાય, ભેંસ વિગેરે મારૂં ધન, જે મુકેલું છે તે રૂપીયા આપી હું ગ્રહણ કરીશ. મુદત થાય એટલે એ વસ્તુઓ તમારી છે. **यदि ऋण्याधिश्चौरैर्ह्रियते तदा धनी तन्मौल्यं ऋणिनो देयात् तदाह** જ્યારે કરજદારે અડાણ મૂકેલું ધન ચોર ચોરી જાય ત્યારે ધનીએ તેની કીમત કરજદારને ભરી આપવી; તે કહેછે:—

मध्ये तत्र हृते चौरैर्गोधने तूत्तमार्णिकः ॥
तन्मौल्यं सकलं दत्वा स्वमादत्तेऽधमर्णकात् ॥ ४३ ॥

જો આપ્યા પછી વચમાં લેણદારને ત્યાંથી તે અડાણ ગોધન ચોરાઇ જાય તો લેણદારે તેનું સઘળું મુલ્ય ભરી આપી પોતાના માગતા પૈસા કરજદાર પાસેથી વસુલ કરવા. **वस्त्राधिविषयमाह** વસ્ત્ર અડાણ હોય તો કેમ કરવું તે કહેછે:—

न भोक्तव्योंऽशुकाद्याधिर्धनिना सुखमिच्छता— ॥
न्यथा मौल्यं प्रदेयं स्यान्मिषहानिर्भवेत्पुनः ॥ ४४ ॥

ऋक्थी वासांसि भूषाश्च भुंक्ते चेदाधिरूपतो ॥
दृष्ट्वा ऋणी न वार्येति न तदा मौल्यमाप्नुयात् ॥ ४५ ॥
क्षेत्रग्रामतडागादि वाटस्वं दासदासिका ॥
भुज्यमाना न नश्यंति तद्वृद्धिर्धनिनः स्मृता ॥ ४६ ॥

ધનવાન્ જો પોતાનું સારૂ ઇચ્છતો હોય તો અડાણ મૂકેલાં કરજદારનાં વસ્ત્રાદિક પોતાના ઉપભોગમાં લેવાં નહિ. જો તે બગડે કિંવા ફાટી જાય તો તેનું મુલ્ય આપવું પડે અને વળી વ્યાજની હાની થાય તે જૂદી. ધની કરજદારનાં વસ્ત્રાભૂષણ ઉપભોગમાં લેતો હોય તે કરજદાર દીઠાં છતાં સામો ન થાય તો મૂલ મેળવી શકે નહિ. ખેતર, ગામ, તળાવ, વાડીરૂપ ધન તથા દાસ, દાસી વગેરે ધનવાન ઉપયોગમાં લે તેથી તે નાશ પામતા નથી; તેની વૃદ્ધિ તો ધનીની છે.

धान्यविषयमाह ॥

હવે ધાન્યનો વિષય કહે છેઃ—

प्रतिमासं धान्यवृद्धिः प्रस्थयुग्मं मण प्रति ॥
प्रतिज्ञांत न शक्नोति दातुं वृद्धिमृणं च चेत् ॥ ४७ ॥
पुनर्वृद्धेश्च वृद्धिः स्यात् मध्ये किंचिद्ददाति नो ॥
सार्द्धवर्षे व्यतीते तु तद्धान्यं द्विगुणं भवेत् ॥ ४८ ॥

કરજદાર ધની પાસેથી એક મણ ધાન લાવે તેના પર પ્રતિ માસે બશેર ધાન વ્યાજનું ચઢે. મુદત પુરી થએ વ્યાજ કે મુંડી જો તે આપવાને શક્તિમાન્ ન થાય અને વચ્ચમાં કાંઇ આપ્યું ન હોય તો વ્યાજને પેટે જે ધાન્ય ચઢયું હોય તે મુંડીમાં મેળવી તેનું વ્યાજ લે-

વામાં આવે એટલે ચક્રવૃદ્ધિ વ્યાજ થાય. દોઢ વર્ષે તે ધાન બમણું થાય છે.

**मृते स्वामिनि तत्पुत्र ऋणं देयादित्याह ॥**

કરજદાર મૃત્યુ પામે તો તેના પુત્રો દેવું આપે તે કહે છેઃ—

**मृते स्वामिनि तत्पुत्रो लेखं दृष्ट्वाधमर्णकः ॥**
**स्वतातकरमुद्रांकं द्रव्यमृक्थिनमर्पयेत् ॥ ४९ ॥**

બાપ મરી જાય તો તેના છોકરાએ પોતાના બાપના હાથનો લખી આપેલો દસ્તાવેજ તથા પિતાનાં હાથની સહી જોઇને ધનીને બાપે કરેલું દેવું આપવું.

**मद्यादिकृतर्णं पुत्रैर्न देयमित्याह ॥**

દારૂ પીવા વગેરે નઠારા કામમાં બાપે દેવું કર્યું હોય તે પુત્રોએ ન આપવું તે કહે છેઃ—

**सुराकैतवद्यूतार्थं परस्त्रीहेतुकं तथा ॥**
**ऋणं पितृकृतं पुत्रो देयान्नैव कदाचन ॥ ५० ॥**
**आर्तातिवृद्धबालास्वा-धीनोन्मत्तकमद्यपैः ॥**
**याच्यते च ऋणं नैव धनी दद्यात् कदापि तान् ॥ ५१ ॥**

દારૂ પીવામાં, ઠગાઇમાં, જૂગટામાં, અને પરસ્ત્રીની બાબતમાં બાપે દેવું કર્યું હોય તો છોકરે તે કદી પણ આપવું નહિ. રોગી, ઘણો વૃદ્ધ થએલો, બાળક, પરતંત્ર, ગાંડો તથા દારૂડિયો એટલા ધનવાન્ પાસે દ્રવ્ય કરજે લેવા યાચના કરે તોપણ ધનીએ તેમને કદી આપવું નહિ. **कुटुंबपालननिमित्तं पितृकृतमृणं तत्मृतौ पुत्रैरेव**

**देयमित्याह ॥** કુટુંબનું પાલણ-પોષણ કરવા નિમિત્તે બાપે કરજ કર્યું હોય અને બાપ મરી જાય તો પુત્રોએ તે બાપનું કરેલું દેવું આપવું તે કહે છેઃ—

**कुटुंबार्थं कृतं पित्रा ज्येष्टभ्रात्रा ऋणं यदि ॥**
**तयोर्मृत्यौ समत्वेन दद्युस्तें सर्वबांधवाः ॥ ९२ ॥**
**विभक्ता वा अविभक्ता वा इति शेषः ॥**

પિતાએ કે મોટા ભાઇએ કુટુંબને અર્થે જે દેવું કર્યું હોય તેઃ તે બેઉ મરી ગયા પછી તેના સઘળા ભાઇઓએ સરખે ભાગે દેવું આપવું. ( વેંચણ થઇ હોય અગર ન થઇ હોય તોપણ ) **स्वाम्यसत्वे दासकृतं ऋदणं स्वामी देयादित्याह** સ્વામિ ન હોય અને ચાકરે કરેલું દેવું સ્વામીએ આપવું તે કહે છેઃ—

**प्रभ्वसत्वे कुटुंबार्थमृणं दासेन यत्कृतम् ॥**
**तत्स्वामी वितरेत्सर्वं सामिषं चससाक्षिकं ॥ ९४ ॥**

સ્વામી ન હોય અને કુટુંબને અર્થે ચાકરે દેવું કર્યું હોય તો તે વ્યાજ સહિત સાક્ષી પૂર્વક સ્વામી આપે. **बलेन कारितं लेखं व्यर्थमित्याह ॥** બળાત્કારથી લખાવેલો દસ્તાવેજ વ્યર્થ છે તે કહે છેઃ—

**ऋक्थिनो स्वगृहे कस्माद्गुप्तं लेखं न कारयेत् ॥**
**भूम्याद्याधियुतं दत्तं सर्वं तच्च वृथा भवेत् ॥ ९९ ॥**

ધનીએ પોતાના ઘરમાં ઘાલી કોઇની પાસેથી છાનોમાનો લેખ લખાવી લેવો નહિ. અને તેવી રીતે લેખ લખાવી જમીન વગેરે કબ-

જામાં લીધેલું અને તેના બદલામાં ધીરેલું તે સર્વ ખોટું થાય છે. **योग्यं त्यक्त्वायोग्यं गृह्णन् भूपो निंद्यो भवतीत्याह** યોગ્યનો ત્યાગ કરી જે અયોગ્ય ગૃહણ કરે છે તે લોકમાં ભારે નિંદાને પાત્ર થાય છે, તે કહે છેઃ—

**न गृह्णीयादनादेयं क्षीणशक्तिरपि प्रभुः ॥**
**समृद्धोऽपि न चादेयमल्पमप्यर्थमुत्सृजेत् ॥ ५६ ॥**
**ग्राह्यस्याग्रहणाद्भूयोऽग्राह्यस्य ग्रहणादपि ॥**
**लोके निंदामवाप्नोति प्रत्युतो निर्धनो भवेत् ॥ ५७ ॥**

શક્તિહીન હોય છતાં ન લેવાની વસ્તુ કદી ગૃહણ કરવી નહિ તેમ સમૃદ્ધ છતાં પણ ન આપવા લાયક વસ્તુ જરા પણ આપવી નહિ. લેવા યોગ્યનું ન લેવું; અને ન લેવા યોગ્યનું લેવું; તેમ કરનારો જગત્માં નિંદાય છે અને ઉલટો નિર્ધન થાય છે.

**स्थानमार्गविषयमाह ॥**

સ્થાન માર્ગનો વિષય કહેછેઃ—

**द्वारमार्गविवादेषु जलश्रेणिप्रवृत्तिषु ॥**
**भुक्तिरेव हि गुर्वी स्यान्न दिव्यं न च साक्षिता ॥५८॥**
**सर्वार्थाभियोगे च बलिष्टा पूर्वजा क्रिया ॥**
**आधौ प्रतिग्रहे कुप्ये साक्षिणां च प्रधानता ॥ ५९ ॥**

બારણું મૂકવાના સંબંધમાં, રસ્તાના સંબંધમાં અને પાણી જવાના સંબંધમાં ભોગવટો એજ બળવાન છે, તેમાં સાક્ષી કે સોગનની જરૂર

નથી. સર્વ પ્રકારની મીલકતના વિવાદ નિર્ણયમાં બાપદાદાથી ચાલી આવેલી ક્રિયા બળવાન થાય છે અને થાપણ પ્રતિગ્રહ તથા ધાતુ વગેરેના ભોગવટામાં સાક્ષીઓની પ્રધાનતા છે. **यथा केनचिदेकं क्षेत्रं कस्यचित्पार्श्वे आधिं कृत्वा द्रव्यं गृहीतं पुनरन्यत्र तदेवाधिः कृतः पुनः कालान्तरे कारणवशाद्विग्रहोत्पत्तौ जातेऽभियोगे भूपः साक्ष्यादिभिः पूर्वापरनिर्णयं कृत्वा पूर्वस्य एव द्रव्यं दापयेत् भुक्तिप्रामाण्याऽवसरे तु यथाशास्त्रं विधेयमित्याह ॥**

કોઇ માણસે પ્રથમ એક ખેતર કોઇને લખી આપી તેની પાસેથી નાણાં લીધાં અને તેનું તે ખેતર બીજાને લખી આપી તેની પાસેથી નાણાં લે, અને કેટલોક વખત જવા પછી તેમાં કજીઓ ઉત્પન્ન થાય અને ફરીયાદ થાય. બેઉ પક્ષની સાક્ષીઓ લઇ પહેલો ધીરનાર કોણ અને પછીથી આપનાર કોણ ? તેનો નિર્ણય કરી પ્રથમના લેણદારનેજ નાણાં રાજાએ અપાવવાં. ભોગવટાના કજીઆનો નિર્ણય કરતી વેળા તો યથાશાસ્ત્ર ( ન્યાય ) કરવો તે કહેછે:—

**परेण भुज्यमाने ज्यां पश्यन्यो न निषेधते ॥**
**विंशत्यब्देषु पूर्णेषु ऋणी प्राप्नोति नैव तां ॥ ६० ॥**
**हस्त्यश्वादिधनस्यापि मर्यादा दशवार्षिकी ॥**
**ततः परं न शक्तः स्यादवाप्तुं तद्धनं प्रभुः ॥ ६१ ॥**

બીજો માણસ પોતાની જમીન ભોગવતો હોય તેમ છતાં જમીનનો માલેક તેનો નિષેધ કરે નહિ; અને તે બીજાનો ભોગવટો પુરાં વીશ વર્ષનો થાય, પછીથી તે જમીન તેના મૂળ માલેકને મળી શકે નહિ. હાથી ઘોડા વિગેરે દ્રવ્યની બાબતમાં મર્યાદા દશ વર્ષની

છે. તે મુદત પછી તેનો સ્વામી તે ચીજો મેળવી શકે નહિ. **आधिनिह्नवकर्ता मौल्यदो दंड्यश्चेत्याह** ॥ થાપણ છુપાવી રાખનારને મૂલ આપવું પડેછે તથા દંડને પાત્ર થાય છે તે કહેછે.

**आध्यादिद्रव्यं लोभान्निन्हुते साक्षिनिर्णये ॥**
**ऋणिने दापयित्वा तन्मौल्यं दंडयेन्नृपः ॥ ६२ ॥**

સાક્ષી લીધા પછી એવો નિર્ણય થાય કે કરજદારનું ગીરો મૂકેલું ધન લેણદારે લોભથી સંતાડેલછે તો તે મૂલ કરજદારને અપાવવું; અને લેણદારનો દંડ કરવો.

**पैतामहार्जितवस्तुविषयमाह ।**

વડવાઓની પેદા કરેલી વસ્તુ વિષય કહેછેઃ—

**पैतामहार्जिते वस्तौ साम्यं वै पितृपुत्रयोः ॥**
**राज्ये नियोगे पितरं वारयेत्तत्कृतौ सुतः ॥ ६३ ॥**

વડવાએ સંપાદન કરેલી વસ્તુપર પિતા પુત્રનો સરખો હક છે. રાજ્યમાં નિયોગમાં તે કાર્ય કરતાં પુત્ર પિતાને વારી શકે.

**इति संक्षेपतः प्रोक्त ऋणादानक्रमो ह्ययं ॥**
**विस्तारो बृहदर्हन्नीतिशास्त्रे वर्णितो भृशं ॥ ६४ ॥**

ઉપર પ્રમાણે 'રૂણાદાન' નો ક્રમ કહ્યો; વિશેષ વર્ણન બૃહદર્હન્નીતિ નામના ગ્રન્થમાં કહ્યું છે.

**॥ इति ऋणादानप्रकरणम् ॥**

**पूर्वप्रकरणे ऋणादानं प्रपंचितं तल्लब्धधनाश्चानेकेप्येकीभूय व्यवहाराद्यपि कुर्वंति इति संभूयोत्थानं विरच्यते ॥** ગયા પ્રકરણમાં 'ૠણાદાન' નો વિષય કહી ગયા, તે રીતે ધન મેળવીને કેટલાક એકઠા મળી પંતીઆળો વ્યાપાર કરેછે તેવો વ્યવહાર સંભૂયોત્થાન—એટલે કંપની રૂપે થાય છે તેનું વિવેચન કરેછે:—

**पद्मप्रभं जिनं-नत्वा पद्माभं पद्मलांछनम् ॥**
**संभूय च समुत्थानक्रमं वक्ष्ये समासतः ॥ १ ॥**

કમળના સરખી જેમની કાન્તિ છે, અને પદ્મ ( કમળ ) નું જેમને ચિન્હ છે એવા પદ્મપ્રભુ જિન ભગવાન્‌ને નમસ્કાર કરી મંડળી રૂપ પંતીઆળા વ્યવહારનો ક્રમ ટુંકામાં કહીએ છીએ.

**सर्वैर्मिलित्वा लाभार्थं वणिजो नृत्यकारिभिः ॥**
**क्रियते वृत्तिरन्योन्यसंमत्या सद्भिरुच्यते ॥ २ ॥**
**समवायस्तत्र मुख्यो वणिग्गौणा नटादयः ॥**
**यो भक्ष्यवस्त्रधान्यादीन् दत्ते स मुख्यतां भजेत ॥ ३ ॥**

સર્વ નાટકકારો આદિક એકઠા મળીને પોતાના લાભને માટે વ્યપાર કરે તેવા વેપારને સદ્‌પુરૂષો એક બીજાની સંમતિથી થએલી આજીવિકા કહે છે. તેમાં મુખ્ય બાબત ઐક્યતા છે અને ગૌણ બાબત નટ વિગેરે ભાગીઆ છે, એ પંતીઆળા વ્યાપારમાં જે માણસ ભક્ષ્ય—ધાન્યાદિ તથા વસ્ત્ર વગેરે ( પ્રથમ ) આપે છે તે મુખ્ય મંડળીનો વહીવટ કરનાર ગણાય છે.

सर्वैर्वणिग्भिर्हिरण्यरजताहिफेनकार्पासधान्यघृततैलगुडादीना क्रयो विक्रयो वा क्रियते ॥

तज्जलाभालाभौ यथाद्रव्यं गृह्णन्ति । यदि तेषु द्रव्यदातैकोऽन्ये निर्धनाश्चेत्तदा सर्वे धनिद्रव्यमिषांशं स्वस्वद्रव्यान्निस्सार्यावशेषं यथाप्रतिज्ञं विभजेरन् तत्र विसंवादे उत्पन्नेऽभियोगे च राज्ञा दिव्यादिक्रियया विसंवादनिवृतिः क्रियते अत एवायं व्यवहारे गणितोऽस्तीति । एवं नटादिभिरामक्रीडाकारकनर्तकादिभिश्चा-पिसंभूयवृत्तिः क्रियते । तैरपि यथाप्रतिज्ञं यथाव्ययं लब्धद्रव्यं विभज्यते ।

ઘણા વ્યાપારીઓ એકઠા થઇને સુવર્ણ રૂપું, અફીણ, ઘાસ, ધાન્ય ઘી તેલ ગોળ આદિનો ક્રયવિક્રય કરે, અને પોતાની મુડી પ્ર-માણે તેમાંથી થતો નફો તથા નુકશાન વ્હેંચી લેછે. હવે જો તેઓમાં મુડી આપનાર એક હોય અને બાકીના નિર્ધન હોય તો તેઓ સઘળા પોતાના દ્રવ્યમાંથી કાઢી તે મુડી આપનારને વ્યાજનો પોતાનો હિ-સ્સો આપે છે, અને ઠરાવેલી મુદતે બાકીનું વ્હેંચી લેછે; જો તેમાં તકરાર થાય અને દાવો થાય તો રાજા સોગન વિગેરે ક્રિયા વડે તે તકરારનો નીવેડો લાવે છે. તેટલા માટે આ વિષયને પણ વ્યવહારમાં ગણ્યો છે. તેજ પ્રમાણે નટાદિકો એકઠા થઇ આ જીવિકા ચલાવે છે; તેઓ ખરચ પ્રમાણે તેમજ કરાર મુજબ મળેલું ધન વ્હેંચી લેછે.

राजाज्ञातो विरुद्धं यत्कृत्यं मुद्रांकनादिकं ॥
परद्रव्यापहरणमेतेष्वेकः करोति चेत् ॥ ४ ॥
जाते विवादे दंड्याः स्युः सर्वेऽनुमतिदानतः ॥

**यथाद्रव्यं यथैश्वर्यं भूपेन न्यायवर्त्तिना ॥ ५ ॥**

સઘળી મંડળીની અનુમતિથી તે મંડળીમાંનો કોઇ એક માણસ રાજ્ય કાયદાથી વિરૂદ્ધ શીક્કા પાડવા તથા પરદ્રવ્યનું હરણ કરવું વગેરે ગુન્હો કરે તો તે કજીઆમાં મંડળીના સઘળા મનુષ્યોને તેમના દ્રવ્યના હિસ્સા પ્રમાણે તથા સત્તા પ્રમાણે ન્યાયી રાજા એ દંડવાને યોગ્ય છે.

**अपुत्रे निधनं प्राप्तेऽनेकैस्तज्ज्ञातिजैर्नरैः**
**रक्ष्यते तद्धनं धर्मवत्सरावधि यत्नतः ॥ ६ ॥**
**ततः परमनायाते तत्संबंधिनि मानुषे ॥**
**ऽकृत्वाभियोगं सर्वे ते भागं कुर्वंति दंड्यतां ॥ ७ ॥**
**प्राप्नुवंति तदा सर्वे यथाभागं नृपः पुनः ॥**
**पत्रं प्रचारयेदेकाब्दं तत्स्वामिगवेषणे ॥ ८ ॥**
**नायाति कोपि चेद्भूयो भूपस्तज्ज्ञातिभोजने ॥**
**प्रतिष्ठादिविधौ सर्वं द्रव्यं संयोजयेत्तदा ॥ ९ ॥**

આ પંતીઆળા વ્યાપારની મંડળીમાંથી કોઇ ભાગીઓ મરી ગયો અને તેને પુત્ર નહોય તો તો તેની જાતિના અનેકે મળી તેના ભાગનું ધન દશ વર્ષ સુધી યત્નથી જાળવી રાખવું તે પછી પણ મરનારનો કોઇ સંબંધી હકદાર ન જણાય અને ભાગીદારો દાવો કર્યા સિવાય વ્હેંચી લેતો સર્વે પોતાના ભાગ પ્રમાણે દંડને પાત્ર થાય છે. રાજાએ તેનો હકદાર ખોળવાને એક વર્ષની મુદતની જાહેર નોટીસ કરવી. તેમ છતાં કોઇ હકદાર ન મળી આવે તો રાજાએ તે સઘળું

ધન તેની જ્ઞાતિના ભોજનમાં વાપરવું. અથવા પ્રતિષ્ઠાદિવિધિમાં વાપરવું, પરંતુ રાજાએ ગ્રહણ ન કરવું.

**आगतश्चेत्कोऽपिभूपो निश्चित्य सकलं धनं ॥**
**दापयेद्रक्षकेभ्यश्च चतुर्थांशं प्रदाप्य वै ॥ १० ॥**

કદાચિત્ તે ધનનો કોઇ તેનો સગો વારસ જણાય તો રાજાએ નિશ્ચય કરીને એક ચતુર્થાંશ ભાગ તેના સાચવનારાને આપી બાકીનું તેના હકદારને સોંપી દેવું.

**गौर्वत्सामिव भूपोपि प्रीत्या स्वाः पालयेत्प्रजाः ॥**
**अन्यायेन च द्रव्यार्थं चित्ते नो लोभमाचरेत् ॥ ११ ॥**
**संभूयोत्थानमेतच्च संक्षेपादत्र वर्णितं ॥**
**यतः सर्वैः प्रतिज्ञातकार्ये वीतिर्नलंघ्यते ॥ १२ ॥**

ગાય જેમ પોતાના વાછરડાનું રક્ષણ કરે છે તેમ પ્રીતિવડે રાજાએ પોતાની પ્રજાઓનું રક્ષણ કરવું અન્યાયથી દ્રવ્ય પેદા કરવાનો લોભ ન આચરવો–આ મંડલી અથવા પંતીઆલા વ્યાપારનું પ્રકરણ ટુંકામાં વર્ણવ્યું કે જેથી સર્વએ કબુલ કીધેલા કાર્યનો પ્રવાહ અટકે નહિ.

**॥ इति संभूयोत्थानप्रकरणम् ॥**

---

## अथदेयप्रकरणमारभ्यते.

હવે દેય પ્રકરણનો આરંભ થાય છે.

**श्रीसुपार्श्वजिनं नत्वा सप्तमं तीर्थनायकम् ॥**

**देयादेयविधिं सम्यग् विवृणोमि समासतः ॥ १ ॥**

સાતમા તીર્થંકર ભગવાન શ્રી સુપાર્શ્વ જિનેશ્વરને નમસ્કાર કરીને ' દેયાદેય' વિધિનુ સંક્ષેપથી રૂડે પ્રકારે વર્ણન કરૂં છું.

**पूर्वप्रकरणे संभूयोत्थानं प्रतिपादितं तत्र कश्चित्तत् साधारणद्रव्याद्दानमपि करोति अतो देयादेयव्यवस्थानिरूपणाय देयविधिरधुना व्याख्यायते** ગયા પ્રકરણમાં મંડલી સંબંધી વ્યવહારનું પ્રતિપાદન કર્યું; તેમાંથી કોઇક સાધારણ દ્રવ્યથી દાન પણ કરે છે. માટે તે દેયાદેયવ્યવસ્થાના નિરૂપણને અર્થે હવે દેયવિધિનું વિવેચન કરીએ છિયે.

**व्यवहारविधौ देयविधिः स द्विविधः स्मृतः ॥**
**दत्ताप्रदानिकं नाम दत्तस्यानपकर्म च ॥ २ ॥**
**द्रव्यं दत्वा च यः सम्यगादातुं पुनरिच्छति ॥**
**दत्ताप्रदानिकाख्यः स विकल्पः प्रथमो मतः ॥ ३ ॥**
**सम्यग् दत्तं च यद्द्रव्यमाहर्तुं तन्न शक्यते ॥**
**व्यवहारपदे दत्तानपकर्मेति नामतः ॥ ४ ॥**
**पुनश्चतुर्विधं दानं प्रोक्तं दत्तं तथेतरं ॥**
**अदेयं देयमिति च व्यवहारे विचक्षणैः ॥ ५ ॥**

વ્યવહાર વિધિમાં દેય વિધિ બે પ્રકારનો કહ્યો છે. એક દત્તાપ્રદાનિક નામે અને બીજો દત્તાનપકર્મ. સારી રીતે દ્રવ્ય આપીને ફરી તે પાછું લેવાને ઇચ્છે તે **પ્રથમ** કહેલો દત્તાપ્રદાનિક ભેદ જાણવો રૂડે

પ્રકારે ધન આપ્યું અને તેને પાછું ન લઇ શકે તે બીજો દત્તાનપ કર્મ જાણવો. વળી વ્યવહારમાં કુશળ પુરૂષોએ દાનવિધિ ચાર પ્રકારે કહેલો છે. દત્ત,[1] અદત્ત,[2] દેય,[3] તથા અદેય.[4]

**तत्राप्रत्याहरणीयं दत्तं**—પાછું ન લઇ શકાય તે દત્ત. ॥ १ ॥

**व्यावर्तनीयमदत्तं**—પાછું લઇ શકાય તે અદત્ત. ॥ २ ॥

**परकीयं साधारणं च द्रव्यमदेयं**—પારકું અને સાધારણ દ્રવ્ય તે અદેય. ॥ ३ ॥

**स्वकीयमसाधारणं च द्रव्यं देयं**—પોતાનું અને અસાધારણ દ્રવ્ય તે દેય. ॥ ४ ॥

**क्रीतमूल्यं वेतनं च प्रीत्या दानं च कीर्त्तये ॥**
**धर्मे प्रत्युपकारे च दानं दत्तं हि षड्विधम् ॥ ६ ॥**

**तत्र दत्तं षड्विधं** તેમાં દત્ત દાન ૬ પ્રકારનું છે. **तथाहि** તે નીચે પ્રમાણે

વસ્તુને બદલે કિમત આપવી તે, ૧ કામ કરાવીને આપવું તે; ૨ પ્રીતીથી આપવું તે; ૩ કીર્તિને માટે આપવું તે; ૪ ધર્મને માટે આપવું તે; ૫ ઉપકારના બદલામાં આપવું તે; ૬ એમ દત્તદાન છ પ્રકારનું છે **अदत्तं षोडशविधं** અદત્ત દાન સોળ પ્રકારનું છે તે કહે છેઃ—

**भयात् क्रोधेन शोकेनोत्कोचेन परिहासतः ॥**
**बलाद्दत्यासतश्चैव मत्तोन्मतार्त्तबालकैः ॥ ७ ॥**

परतंत्रेण मंदेन प्रतिलाभेच्छया पुनः ॥
कुपात्रे पात्रबुद्धया च कुधर्मे धर्मबुद्धितः ॥ ८ ॥
दत्तं द्रव्यं च यत्तद्वै वस्तुतोऽदत्तमेव च ॥
कथ्यतेऽत्र कलामानमिदं व्यवहृतौ सदा ॥ ९ ॥

ભયથી આપવું ૧ ક્રોધથી આપવું, ૨ શોકથી આપવું, ૩ લાંચમાં આપવું, ૪ મશકરીથી આપવું, ૫ બળાત્કારે આપવું, ૬ ભ્રમથી આપવું, ૭ મત્તદશામાં આપવું, ૮ ગાંડપણમાં આપી દેવું, ૯ રોગી અવસ્થામાં દેવું, ૧૦ બાલકબુદ્ધિથી આપી દેવું, ૧૧ પરતંત્રાવસ્થામાં આપી દેવું, ૧૨ મંદપણાથી દેવું, ૧૩ બદલો મેળવવાની ઇચ્છાએ આપવું, ૧૪ કુપાત્રમાં પાત્ર બુદ્ધિએ આપવું, ૧૫ કુત્સિત ધર્મમાં ધર્મ બુદ્ધિએ આપવું, ૧૬ આ સોળ પ્રકારે આપેલું દાન વસ્તુતઃ ન આપ્યા જેવુંજ છે. અને વ્યવહારમાં હમેશાં કળામાન ( સોળ પ્રકારનું ) કહે છે. **अत्रार्तदत्तमदत्तमदत्तं धर्मार्थमंतरा बोध्यं धमार्थदत्तं तु तन्मृतावपि तत्पुत्रेणावश्यं दानीयं** એ સોળ પ્રકારનાં અદત્તદાનમાં રોગીએ આપેલું પણ ગણાવ્યું છે તેમાં અપવાદ એટલો કે જો રોગીએ ધર્મને માટે આપ્યું હોય તો તે 'દત્ત' દાનમાંજ ગણાય છે, તેણે ધર્મને અર્થો આપ્યું હોય તો તેના મરી જવા પછી તેના પુત્રે અવસ્ય તે વસ્તુનું દાન કરી દેવું યોગ્ય છે—**यदुक्तं बृहदर्हन्नितौ** બૃહદ્ અર્હન્નિતિમાં પણ કહ્યું છે કેઃ—

रोगाउरेण दिण्णं जं दाणं मुरकधम्मकज्झस्स ॥
तस्सय मरणेवि सुओ जुग्गोचियं तं धणं दातुं ॥

મોક્ષ અથવા ધર્મના કાર્ય માટે રોગી મનુષ્યે જે દાન આપવા કહ્યું હોય તે તેના મરણ પછી પણ તેના છોકરાએ આપવું એ યોગ્ય છે.

**अदेयं नवविधं तद्यथा** અદેયદાન નવ પ્રકારનું છે તે નીચે પ્રમાણેઃ

**साधारणं च निक्षेपः पुत्रोदाराश्च याचितं ॥**
**आधिरन्वाहितं चैवान्वये सर्वस्वमेव च ॥ १० ॥**
**प्रतिज्ञातं तथान्यस्मै एतन्नवविधं नृभिः ॥**
**महापद्यपि नो देयमदेयमिति शासनम् ॥ ११ ॥**

સાધારણ દ્રવ્ય.[૧] થાપણ મૂકેલું ધન,[૨] પુત્ર,[૩] દારા,[૪] માગી આણેલું દ્રવ્ય,[૫] ગીરો મુકેલું ધન,[૬] અન્વાહિત[૭] કુટુંબનું સર્વસ્વ દ્રવ્ય[૮] અને બીજાને આપવા નક્કી થએલું[૯] એ નવ પ્રકારનું ધન મોટી આપત્તિ છતાં પણ દાન કરવા યોગ્ય નથી કારણ કે તે અદેય છે એવું શાસ્ત્ર કહે છે.

**यत्केनचिद्वस्त्राभरणादि विवाहादौ याचित्वानीतमन्यहस्ते निहितं तेनाप्यन्यहस्ते स्वामिने देहीतिबुद्ध्या निहितं तत्तस्यान्वाहितं स्वामिनमंतरान्यस्मै न देयमित्यर्थः ॥**

કોઇક મનુષ્યે વિવાહાદિ પ્રસંગમાં કોઇકનાં વસ્ત્ર તથા ઘરેણાં વગેરે માગી આણ્યું. તે તેણે બીજાને આપ્યું તે બીજાએ વળી 'તેના મૂળ સ્વામીને તું આપજે' એમ કહી કોઇ ત્રીજાને આપ્યું તે તેનું અન્વાહિત ધન થયું કહેવાય તે અન્વાહિત દ્રવ્ય તેના સ્વામી શીવાય બીજાને આપી શકાય નહિ.

**तथा पुत्रपौत्राद्यन्वये सति सर्वस्वं न देयं किंतु तद्धर-**

**णपोषणावशिष्टं देयमित्यर्थः** તેજ પ્રકારે વંશમાં પુત્ર, પુત્રનો પુત્ર એમ વિસ્તારવાળું કુટુંબ હોય તો સઘળું ધન દાનમાં આપી દેવું નહિ. પણ તેનું ભરણ પોષણ થતાં અવશેષ રહે તે દાનમાં આપવું. **तद्वृत्तिकल्पनाया आवश्यकत्वात्** કુટુંબની આજીવિકા કલ્પવી એ આવશ્યક કાર્ય છે. **तथा चोक्तं** કહ્યું છે કેઃ—

**मातापितरौ वृद्धौ पुत्रो बालः प्रतिव्रता पत्नी ॥**
**एते सर्वे पोष्याः नित्यं यत्नेन निश्चयतः ॥ १२ ॥**

વૃદ્ધ માતા પિતા, બાળક, પુત્ર, તથા પતિવ્રતા સ્ત્રી. એ સઘળાં સતત યત્નથી અવસ્ય પોષણ કરવા યોગ્ય છે.

**अथ देयमाह ॥**

**देयं तदेव विज्ञेयं यस्यापहरणं नहि ॥**
**यत्रात्मीयविरोधो न दत्तवत्सप्तभेदयुक् ॥ १३ ॥**

**यस्मै प्रतिश्रुतं यच्च तत्तस्मै देयमेव च ॥**
**धर्मार्थं यदि स धर्मात्प्रच्युतो नैव जायते ॥१४॥**

**प्रतिग्रहो ह्यदेयस्य सप्रकाशो विशेषतः ॥**
**स्थावरस्य तथा वादी यथा वैफल्यमश्नुते ॥१५॥**

**भाव्युपाध्याधिदानप्रतिग्रहक्षेपविक्रयाः ॥**
**कृता यस्य तदंते तत् सर्वं च विनिवर्तयेत् ॥१६॥**

દેય દાન તેનેજ જાણવું કે જાણવું કે જે પાછું લઈ શકાય નહિ

અને જે આપવાથી કુટુંબીઓમાં વિરોધ થાય નહિ તે દેય દાન દત્ત દાનની પેઠે સાત પ્રકારના ભેદવાળું છે. જે વસ્તુ જેને ધર્મને અર્થે આપવા કહ્યું હોય તે ધર્મથી ચળ્યો ન હોય તો તેનેજ તે વસ્તુ આપવી. અદેય વસ્તુ ગ્રહણ કરવી તો ખુલ્લી રીતે ગ્રહણ કરવી. સ્થાવર મીલ્કત તો વિશેષે કરીને જાહેરમાં લેવી કે જેથી કરીને તકરારી મનુષ્ય નિષ્ફળ જાય. ભવિષ્યની દેશકાળની શરતે જેનું ગીરો, દાન, લેવડ, થાપણ, વેચાણ વિગેરે કર્યું હોય તે સર્વ તે શરતના અંતે રદ કરવું.

**अथ योऽदत्तं गृह्णाति यश्चादेयं प्रयच्छति तद्दंडमाह**

હવે જે અદત્ત એટલે નહી લેવા યોગ્ય વસ્તુનું ગ્રહણ કરે છે; અને જે અદેય એટલે ન આપવા યોગ્ય વસ્તુ આપે છે તેમનો દંડ કહે છે:—

**अदत्तग्राहको लोभात्तथादेयस्य दायकः ॥**
**एतावुभौ दंडनीयौ यथादोषं महीभुजा ॥ १७ ॥**
**एवं देयाविधिः प्रोक्तः सभेदो विस्तरेण वै ॥**
**महार्हन्नीतिशास्त्राच्च ज्ञेयस्तदभिलाषिभिः ॥ १८ ॥**

**॥ इति देयविधि प्रकरणम् ॥**

લોભથી અદત્ત દાન ગ્રહણ કરે છે અને અદેય વસ્તુ આપે છે તે બેઉને રાજાએ તેમના ગુના પ્રમાણે દંડવા યોગ્ય છે. એ પ્રકારે દેયવિધિ વર્ણવ્યો, ભેદ સહિત વિસ્તારથી જાણવાની અભિલાષાવાળા પુરૂષોએ મોટા અર્હન્નિતિ શાસ્ત્રમાંથી અવશ્ય જાણી લેવું.

**દેયવિધિ સંપૂર્ણ થયો.**

# अथ दायभाग प्रकरणप्रारभ्यते ।

હવે દાયભાગ પ્રકરણનો આરંભ કરીએ છીએ.—

**लक्ष्मणातनयं नत्वा घुसदेन्द्रादिसेवितं ॥**
**गेयामेयगुणाविष्टं दायभागः प्ररूप्यते ॥ १ ॥**

દેવ તથા ઇન્દ્રાદિકે સેવાએલા, ગાન કરવા લાયક અનેક ગુણો-થી યુક્ત લક્ષ્મણાના પુત્ર શ્રી **ચંદ્રપ્રભુને** નમસ્કાર કરી દાય ભાગનું પ્રરૂપણ કરીએ છીએ **पूर्वप्रकरणे देयविधिः प्रकाशितस्तत्रादेय-साधारणद्रव्यव्ययीकरणकारणोद्भूतकलहे भ्रातृणां परस्परं दा-यभागः स्यात् अतस्तद् विचारः संप्रति विधीयते ॥** ગયા પ્ર-કરણમાં દેય વિધિ કહી ગયા; તેમાં અદેય એવું જે સાધારણ દ્રવ્ય; તેને ખરચવામાં કારણથી ભાઇઓ વચ્ચેનો પરસ્પર કલહ થયે સતે દાયભાગ થાય છે. અને તેટલા માટે તે દાય ભાગના સંબંધમાં હવે વિંચાર ચલાવીએ છિયે.

**स्वस्वत्वापादनं दायः स तु द्वैविध्यमश्नुते ॥**
**आद्यः सप्रतिबंधश्च द्वितीयोऽप्रतिबंधकः ॥२॥**

પોતાનું સ્વકીયત્વ પ્રતિપાદન કરવું તે દાય કહેવાય, તે દાય બે પ્રકારનો છે પહેલો સપ્રતિબંધ, અને બીજો અપ્રતિબંધક **दायो नाम मातृपितृपितामहादिवस्तूनां स्वस्वत्वापादनं येन तद्व्ययादौ कोपि निषेद्धुं न शक्नोति स द्विविधः सप्रतिबंधकोऽप्रतिबंधकश्च तत्रपितृव्यभ्रातृजादीनां पुत्रादिप्रतिबंधकभावेन यत्स्वत्वं स सप्रति-**

बंधकः ॥ तत्रपुत्रादीनां प्रतिबंधकत्वात् । पुत्रपौत्रादीनां त्वप्रतिबंधकः पुत्रत्वेन तत्स्वामित्वे नहि कोपि प्रतिबंधकोस्तीति ॥

માતા પિતા તથા દાદા વગેરે એ વંશપરંપરાથી ઉપાર્જન કરેલી વસ્તુઓ ઉપર પોતાનું સ્વકીયત્વ–પ્રતિપાદન કરવું કે જે સ્વકીયત્વ સત્તાથી તેને ખરચ અથવા ઉપભોગ કરતાં કોઇ નિષેધ કરી ન શકે; તેનું નામ 'દાય' કહેવાય તે'**દાય**'બેપ્રકારનોછે, એક સપ્રતિબંધક અને બીજો અપ્રતિબંધક; તેમાંજે કાકા, અગર કાકાના છોકરા વગેરેનો પ્રતિબંધ હોયતો સ્વકીયત્વ (પોતાપણું) તે સપ્રતિબંધકદાય કહેવાય; કારણ કે તેમાં કાકાના પુત્રાદિકોનું પ્રતિ બંધકપણું છે. પોતાના પુત્ર પૌત્રાદિકના સ્વકીયત્વમાં તો અપ્રતિ બંધક છે કેમકે પુત્ર પણાને લઇ તે દ્રવ્યના સ્વામિપણામાં કોઈ પણ બીજો પ્રતિબંધ નથી.

दायो भवति द्रव्याणां तद्द्रव्यं द्विविधं स्मृतं ॥
स्थावरं जंगमं चैव स्थितिमत् स्थावरं मतम् ॥ ३ ॥
गृहारामादिवस्तूनिं स्थावराणि भवंति च ॥
जंगमं स्वर्ण रौप्यादि यत्प्रयोगेण गच्छति ॥ ४ ॥
न विभाज्यं न विक्रेयं स्थावरं च कदापि हि ॥
प्रतिष्ठाजनकं लोके आपदाकालमंतरा ॥ ५ ॥
सर्वेषां द्रव्यजातानां पिता स्वामी निगद्यते ॥
स्थावरस्य तु सर्वस्य न पिता न पितामह ॥ ६ ॥
जीवत्पितामहे तातो दातुं नो स्थावरं क्षमः ॥
तथा पुत्रस्य सद्भावे पितामहमृतावपि ॥ ७ ॥

દાયભાગ દ્રવ્યના પડે છે તે દ્રવ્ય બે પ્રકારનું છે; સ્થાવર તથા જંગમ ઘર બાગ, બગીચા, તથા ખેતર વગેરે જે સ્થીર વસ્તુ તે સ્થાવર દ્રવ્ય, અને સોનું, રૂપું વગેરે જે પ્રયોગથી બીજી જગાએ જઇ શકે, એવી મીલકત જંગમ કહેવાય. સ્થાવર ધન લોકમાં પ્રતિષ્ઠા જનક કહેવાય છે આપત્તિ આવ્યા સિવાય સ્થાવર દ્રવ્યને કદી વ્હેંચવું કે વેચવું નહિ. સઘળાં ધનનો સ્વામી પિતા કહેવાય છે ખરો; છતાં સ્થાવર મીલકતનો માલેક તો પિતા કે પિતામહ થતો નથી. દાદો જીવતો હોય તો પિતાને સ્થાવર મીલ્કત આપવાનો કે વેચવાનો અધિકાર નથી; દાદો મરી ગયો હોય અને પોતાનો પુત્ર હોય તો પણ બાપને સ્થાવર મીલ્કત આપી દેવાની કે વેચવાની સત્તા નથી. **अत्र दातुमिति विक्रयस्याप्युपलक्षणम् ॥** ઉપરનાં શ્લોકમાં '**दातुं**' એ પ્રકારનું પદ મૂક્યું છે તે પરથી વેચવાના સંબંધમાં પણ એ નિયમ સમજી લેવો.

**पिता स्वीया जिंतं द्रव्यं स्थावरं द्विपदं तथा ॥**
**दातुं शक्तो न विक्रेतुं गर्भस्थेऽपि स्तनंधये ॥ ८ ॥**
**वाला जातास्तथाजाता अज्ञानाश्चशवाअपि ॥**
**सर्वे स्वजीविकार्थं हि तस्मिन्नंशहराः स्मृताः ॥ ९ ॥**
**आप्राप्तव्यवहारेषु तेषु माता पितापि वा ॥**
**कार्येत्वावश्यके कुर्यात्तस्य दानं च विक्रयम् ॥ १० ॥**

પિતા, પોતે પેદા કરેલી સ્થાવર અને દ્વિપદરૂપ મીલકત પુત્ર ગર્ભમાં હોય કે ધાવણો હોય તેમ છતાં કોઇને આપી કે વેચી શકે નહિ. પુત્ર બાળક હોય કે પ્રસૂત ન થયો હોય, અજ્ઞાન હોય તથા નિર્માલ્ય કે ખોડવાળા

હોય પરંતુ પિતાના દ્રવ્યમાં આજીવિકાને માટે તે ભાગીયા કહેલા છે. પુત્રો વ્યાપાર રોજગારમાં વળગેલા હોય, ત્યારે માતાપિતા, જરૂરના કાર્ય સારૂ તે આપી શકે અથવા તેનું વેચાણ કરી શકે. **धर्मज्ञातिकुटुंब कार्य्यार्थमापन्निवृत्यर्थं च मातापि पितापि च स्थावरधनस्य दानं विक्रयं च कर्तुं शक्नोति । अत्र मातृपितृशब्दस्योपलक्षणत्वेन भ्राताप्येकोऽनुमतिदानासमर्थेषु शेषबालभ्रातृष्वावश्यककार्ये दानादिं कर्तुं समर्थ एव बोध्यं ॥**

ધર્મ, જ્ઞાતિ તથા કુટુંબના કાર્યને માટે અને સંકટ દૂર કરવાને અર્થે માતા તેમ પિતા પણ સ્થાવર ધનનું દાન તથા વિક્રય કરી શકે. આ સ્થળે માતાપિતા એવો શબ્દ કહ્યો છે, તેપરથી મોટાભાઇને પણ જાણી લેવો, કારણ કે બાકીના ભાઇઓ નાની ઉમરના હોવાથી અનુમતિ આપવાને લાયક નહોય તો, આવશ્યક કાર્યમાં તે પોતે દાનાદિક કરવા સમર્થ થાય.

**दुःखागारे हि संसारे पुत्रो विश्रामदायकः ॥**
**यस्मादृते मनुष्याणां गार्हस्थ्यं च निरर्थकं ॥११॥**
**यस्य पुण्यं बलिष्ठं स्यात्तस्य पुत्रा अनेकशः ॥**
**संभूयैकत्र तिष्ठंति पित्रोः सेवासु तत्पराः ॥ १२ ॥**
**लोभादिकारणाज्जाते कलौ तेषां परस्परं ॥**
**न्यायानुसारिभिः कार्या दायभागविचारणा ॥ १३ ॥**

કેવળ દુ;ખનાજ નિવાસ રૂપ સંસારમાં પુત્ર એક વિસામો છે. જેમને પુત્ર નથી તેમનો ગૃહસ્થાશ્રમ નકામો છે. જેનું પુન્ય બળવાન

છે તેને અનેક છોકરા હોય છે અને તેઓ એકઠા રહી માતા, પિતાની સેવામાં તત્પર રહે છે જ્યારે પરસ્પર ભાઇઓમાં લોભ વગેરે કારણોથી ક્લેશ ઉત્પન્ન થાય ત્યારે ન્યાયાધીશોએ દાય-ભાગનો વિચાર કરવાનો છે.

**साचेत्थं**—તે વિચારણા નીચે પ્રમાણે.

**ननु पुत्राणां कथं दायभागः स्यादत आह** શંકા કરે છે કે-પુત્રોનો દાય ભાગ શી રીતે? તે કહે છે:—

**पित्रोरूर्ध्वं तु पुत्राणां भागः सम उदाहृतः ॥**
**तयोरन्यतमे नूनं भवेद्भागस्तदिच्छया ॥ १४ ॥**

માતા પિતાના મરણ પછી તેમના દ્રવ્યમાં સઘળા પુત્રોનો સરખો ભાગ કહેલો છે. તેમાંથી એક જીવતું હોય તો ભાગ વેહેંચી આપવા તે માતા પિતાની મરજી ઉપર છે. **मातृपित्रोर्मरणानंतरं पुत्राणां समो भागो भवति ।** માતા પિતાના મરી જવા પછી સઘળા છોકરાઓનો દ્રવ્યમાં સરખો ભાગ છે.

**तयोरन्यतमेऽपि सति द्वयोर्वा सतोस्तदिच्छयैव भागः स्यात् ॥** તે બેમાંથી એક અગર બેઉ જીવતાં હોય તો ભાગ તેમની ઇચ્છાનુસાર પડે છે. **या त्वन्यत्र जेष्ठाय द्विगुणं दद्यादित्यादिविषमभागकल्पना पित्रेच्छानुसारिण्युक्ता सा तु पैतृके धने एव न तु पैतामहे ॥** બીજા ગ્રન્થોમાં મોટાભાઇને બેવડો ભાગ આપવો; ઇત્યાદિ જે વિષમ કલ્પના છે તે પણ માતાપિતાની મરજી ઉપર આધાર રાખીને કહેલી છે. તે પણ પિતાએ પોતે સંપાદન કરેલા ધનમાંજ; પણ વડિલોપાર્જિત ધનમાં તે કલ્પના લાગુ પડી શકે નહિ.

**पित्रोर्ऋणं कैः कथं च देयमित्याह** ॥ માતાપિતાનું દેવું કોણે અને શી રીતે આપવું તે કહે છેઃ—

**विभक्ता अविभक्ता वा सर्व्वे पुत्राः समांशतः ॥**
**पित्रोर्ऋणं प्रदत्त्वैव भवेयुर्भागभागिनः ॥ १५ ॥**

ભાગ પડ્યા હોય અથવા ન પડ્યા હોય તે છતાં માતાપિતાનું દેવું સઘળા પુત્રોએ સરખે હિસ્સે આપીનેજ તેમના દ્રવ્યના ભાગિયા થવું. **ननु पितृविहितविषमभागस्य प्रमाणत्वाप्रमाणत्वे को हेतुरित्याह** ॥ પિતાએ પાડેલા વિષમ ભાગના પ્રમાણપણા અથવા અપ્રમાણપણામાં શો હેતુ છે? તે કહે છેઃ—

**धर्मतश्चेत् पिता कुर्यात्पुत्रान् विषमभागिनः ॥**
**प्रमाणं वैपरीत्ये तु तत्कृतस्याप्रमाणता ॥ १६ ॥**

જો ધર્મથી પિતાના પુત્રોને સમ વિષમ ભાગ આપે તો તે પ્રમાણભૂત વ્હેંચણ ગણાય; પરંતુ અધર્મથી તેમ આચરે તો તે તેનું કૃત્ય અપ્રમાણભૂત છે. **ननु कीदृशः पिता वैपरीत्येन भागं करोति येन तत्कृतो भागोऽप्रमाण स्यादित्याह** ॥ કેવો પિતા એ પ્રકારે વિપરિત વેંહેચણી કરે છે કે જેથી તેણે કરેલા ભાગ અપ્રમાણભૂત ગણાય છે તે કહે છેઃ—

**व्यग्रचित्तोऽतिवृद्धश्च व्यभिचाररतस्तु यः ॥**
**द्यूतादिव्यसनासक्तो महारोगसमन्वितः ॥ १७ ॥**
**उन्मत्तश्च तथा क्रुद्धः पक्षपातयुतः पिता ॥**
**नाधिकारी भवेद्भागकरणे धर्मवर्जितः ॥ १८ ॥**

વ્યગ્ર ચિત્તવાળો, અતિશય વૃદ્ધ, વ્યભિચારમાં આસક્ત થએલો, જુગટું ઇત્યાદિ વ્યસનમાં મચેલો, મોટા વ્યાધિવાળો, ગાંડો, ક્રોધી પક્ષપાતી તથા ધર્મ રહિત પિતા ભાગ પાડવાને અધિકારી ગણાતો નથી. **ननु विभागकालस्थासंस्कृतसंततिसंस्कारः केन कार्य इत्याह** વેંચણ સમયે નહિ સંસ્કારને પામેલા છોકરાંઓનો સંસ્કાર કોણે કરવો તે કહે છે.

**असंस्कृतान्यपत्यानि संस्कृत्य भ्रातरः स्वयम् ॥**
**अवशिष्टं धनं सर्वे विभजेयुः परस्परम् ॥ १९ ॥**

વેંચણ સમયે જે નાનાં બાળકોને સંસ્કાર ન થયા હોય તે બાલકોનો ભાઇઓએ પિતાના ધનમાંથી સંસ્કાર કરીને, બાકી રહેલું ધન વેંચી લેવું **ननु लघिष्ठेषु भ्रातृषु ज्येष्ठस्य कियानधिकार इत्याह** બીજા ભાઇઓ નાની ઉમરના હોય ત્યારે મોટા ભાઇનો શો અધિકાર છે તે કહે છે:—

**अनुजानां लघुत्वेऽनुमतो चाप्यग्रजो धनं ॥**
**सर्वं गृह्णाति तत्पैत्र्यं तदा तान् पालयेत् सदा ॥२०॥**
**विभक्तानविभक्तान् वै भ्रातॄन् ज्येष्ठःपितेव सः ॥**
**पालयेत्तेऽपि तं ज्येष्ठं सेवंते पितरं यथा ॥ २१ ॥**
**पूर्वजेन तु पुत्रेण अपुत्रो पुत्रवान्भवेत् ॥**
**ततो न देयः सोऽन्यस्मै कुटुंबाधिपतिर्यतः ॥ २२ ॥**

નાના ભાઇઓ ઉમર લાયક થયા ન હોય તો તેમની અનુમતિથી પિતા તરફથી તેમના ભાગમાં મળેલું ધન મોટો ભાઇ પોતે

સંઘરી રાખે, અને તે ઉમર લાયક થાય ત્યાં સુધી તેમનું પાલન પોષણ તે કરે, ગમે તો વેંચાયા હોય અગર ન વેંચાયા હોય તો પણ અવશ્ય મોટોભાઇ પિતા તુલ્ય તેમનું પાલન કરે અને તેઓ પણ મોટાભાઇની પિતાની પેઠે સેવા કરે. પ્રથમ ઉત્પન્ન થએલા પુત્ર વડે અપુત્રવાન પુત્રવાળો ગણાય છે, માટે તે પુત્ર બીજાને આપવો નહિ. કારણકે તે કુટુંબનો અધિપતિ થાય છે.

**अत एव कैश्चिदुक्तं** એટલા માટે કોઇએ કહ્યું છે કેઃ—

**ज्येष्ठ एव हि गृह्णीयात्पैत्र्यं धनमशेषतः ॥**

**शेषास्तदनुसारित्वं भजेयुः पितरं यथा ॥ २३ ॥**

પિતાનું સઘળું ધન મોટા ભાઇએજ લેવું; અને નાના ભાઇ-ઓએ પિતાની પેઠે તેની આજ્ઞામાં રહીને ચાલવું. **ननु विभाग कालोत्तरजातकन्याविवाहः पित्रोः प्रेतयोः कैः कार्य इत्याह ॥** હવે વિભાગ પાડ્યા પછી જન્મેલી બ્હેનનું લગ્ન સંબંધી કાર્ય માત પિતાના મરણ પછી કોણ કરે તે કહે છે.

**एकानेका च चेत्कन्या पित्रोरूर्ध्वे स्थिता तदा ॥**

**स्वांशात्पुत्रैस्तुरीयांशं दत्वावश्यं विवाह्यते ॥ २४ ॥**

માતા પિતા મરી જવા પછી એક અથવા તેથી વધારે કન્યા કુંવારી હોય તો ભાઇઓએ પોતાના ભાગમાંથી ચોથો, ભાગ આ-પી તે કન્યાઓને અવશ્ય પરણાવવી **यदि पित्रोर्धनं पुत्रैर्गृहीतमनवशिष्टं वा तदा विभक्तैर्भ्रातृभिः भगिनीविवाह उत्कर्षतः स्वांशात्तुरीयांशमेकीकृत्य कार्यः इति निष्कर्षः** જો બાપનું ધન છોકરાઓએ વેંચી લીધું હોય અગર અવશેષ ન રહ્યું હોય ત્યારે દ-

રેકે પોતાનો એક ચતુર્થાંશ એકઠો કરી બેનોનો વિવાહ સારી રીતે કરવો એવો નિષ્કર્ષ છે. **ननु कन्याया अपि दाये भागोऽस्ति न वेत्याशंकायामाह ॥** હવે કન્યાનો દાયમાં ભાગ છે કે નથી; એ શંકાના સમાધાન માટે કહે છે.

**विवाहिता च या कन्या तस्या भागो न कर्हिचित् ॥**
**पित्रा प्रीत्या च यद्दत्तं तदेवास्या धनं भवेत् ॥ २५ ॥**

પરણાવેલી જે કન્યા છે તેનો ભાગ ગણાતો નથી, પણ માતા પીતાએ પ્રીતિથી જે કંઇ આપ્યું હોય તે તેનું છે. **प्रीत्या च इत्यत्र चकारेण विवाहादिकालजन्यनैमित्तिकदानमपि समुच्चीयते** ઉપલા શ્લોકમાં '**प्रीत्याच**' એ પદમાં **चकारनुं** ગૃહણ કર્યું છે માટે વિવાહાદિ કાલે કરેલું નૈમિત્તિક દાન પણ ગણી લેવું. **ननु विभागसमये भर्त्रा कियतांशेन स्वसवर्णाः स्त्रियो भाज्या इत्याह** વેંચણ વખતે સ્વામીએ પોતાની સવર્ણા સ્ત્રિયોને ભાગ શા પ્રમાણે આપવો તે કહે છે:—

**यावतांशेन तनया विभक्ता जनकेन तु ॥**
**तावतैव विभागेन युक्ताः कार्या निजस्त्रियः ॥ २६ ॥**

પિતાએ જે પ્રમાણે પોતાના પુત્રોના ભાગ પાડયા હોય તેટલાજ વિભાગથી પોતાની સ્ત્રીઓનો પણ ભાગ આપવો. **ननु च पितृमरणोत्तरकालिकपुत्रकृतविभागावसरे मातुर्भागः कीदृशः स्यात् तन्मृतौच तद्धनस्य कः स्वामीत्याकांक्षायामाह** પિતાના મરણ થવા પછી પુત્રો પિતાનું ધન વેંચી લેતા હોય તે સમયે માતાનો ભાગ કેટલો; અને તે માતા મરી ગયા પછી તેના ભાગનો સ્વામી

કોણ ? તેવી આકાંક્ષાના સમાધાન માટે કહે છેઃ—

**पितुरूर्ध्वे निजांबायाः पुत्रैर्भागश्च सार्थकः ॥**
**लौकिकव्यवहारार्थं तन्मृतौ ते समांशिनः ॥ २७ ॥**

પિતાના મરી ગયા પછી પુત્રોએ પોતાની માનો અર્ધો અર્ધ ભાગ પાડવો કારણ કે લોક વ્યવહાર સઘળો માતાને સાચવવો પડેછે. તે માતા મરી જાય પછી તે ધન સઘળા છોકરા સરખે ભાગે વેંચી લે. **पितृमरणानन्तरं विभागकरणोद्यतैः सवर्णाया ज्येष्ठामातुर्विशेषाधिको भागः कार्यो यतः पूज्यत्वेन ज्ञातिव्यवहारादिकार्ये तस्या एवाधिकारस्तन्मरणे च दुहितृदौहित्रकस्य चाभावे तद्द्रव्यसमांशभागिनः पुत्राः भवंतीति** ॥ બાપના મરી જવા પછી પિતાનું ધન વેંચવાને તૈયાર થએલા પુત્રોએ ઘણી માતાઓ હોય તેમાંથી જ્યેષ્ટ–મોટી અને સમાન જાતિની માતાને વધારે ભાગ આપવો, કારણ કે તે મોટી હોવાને લીધે જ્ઞાતિ ઇત્યાદિ વ્યવહાર કાર્યમાં તેનો જ અધિકાર છે. તે મોટી માના મરી ગયા પછી તેને દીકરી કે દીકરીનો દીકરો ન હોય તો તેનું ધન સઘળા ભાઇઓએ સરખે ભાગે વેંચી લેવું. **ननु युग्मजातयोः पुत्रयोः कस्य ज्येष्ठत्वमिति दर्शयन्नाह** ॥ જોડવે ઉત્પન્ન થએલો છોકરાઓમાં મોટો કોને કહેવો, તે કહે છે.—

**पुत्रयुग्मे समुत्पन्ने यस्य प्रथमनिर्गमः ॥**
**तस्यैव ज्येष्ठता ज्ञेया इत्युक्तं जिनशासने ॥ २८ ॥**

બે પુત્રો જોડવે ઉત્પન્ન થયા હોય તેમાં જે પેહેલો પ્રસૂત થાય તેનેજ મોટો જાણવો એવું જિન શાસ્ત્રમાં કહેલું છે. **ननु यस्य**

**सुताभवनानंतरं पुत्रजन्म स्यात् तत्र कस्य ज्येष्ठत्वमिति सूचयन्नाह** કદાચિત્ પ્રથમ પુત્રીનો જન્મ થયો અને પછી પુત્રનો જન્મ થાય તે બેઉમાં મોટું કોણ ગણાય તે સૂચવે છેઃ—

**दुहिता पूर्वमुत्पन्ना सुतः पश्चाद्भवेद्यदि ॥**
**पुत्रस्य ज्येष्ठता तत्र कन्याया न कदाचन ॥ २९ ॥**

પુત્રી પહેલી ઉત્પન્ન થાય અને પુત્ર પછી જન્મે તોપણ પુત્રને જ મોટો ગણાય. કન્યાને કદિ મોટી કહેવાયજ નહિ. **ननु यस्यैकैव कन्या नापरा संततिस्तद्द्रव्यस्वामी कः स्यादित्यावेदयन्नाह** જેને એકજ પુત્રી હોય, અને બીજી કશી પ્રજા ન હોય તેના ધનનો સ્વામી કોણ થાય તે જણાવાને કહે છેઃ—

**यस्यैकायां तु कन्यायां जातायां नान्यसंततिः ॥**
**प्राप्तं तस्याधिपत्यं तु सुतायास्तत्सुतस्य च ॥ ३० ॥**

જેને એકજ પુત્રી થએલી હોય, અન્ય–બીજી કંઈ પ્રજા નહોય તો તેના ધનની માલેક તે પુત્રી અને પછી તેનો એટલે પુત્રીનો પુત્ર માલેક થાય. **तदाधिपत्यप्रतिबन्धकीभूतपत्न्यादीनामभाव आत्मज संबंधित्वेन पुत्रिकाः दौहित्रकाश्च दाये समा एवातस्तत्सत्वे न ह्यन्यो धनहरणे शक्तः स्यात् यदुक्तं** સ્વામી મરી જવા પછી, તેના દ્રવ્યના સ્વામીપણામાં રોધ. કરનારાં, બીજાં સ્ત્રી ઇત્યાદિકનો અભાવ સતે, આત્મજપણાના ( પોતાથી ઉત્પન્ન થવાપણાના ) સંબંધને લીધે દીકરીઓ તથા દીકરીના દીકરાઓ દાયભાગમાં સમાન હકવાળાં છે. દીકરી અને દીકરીનો દીકરો છતાં બીજો કોઇ ધન હરણ કરવામાં શક્તિમાન્ નજ થાય. કહ્યું છે કેઃ—

**आत्मा वै जायते पुत्रः पुत्रेण दुहिता समा ॥**
**तस्यामात्मनि तिष्ठंत्यां कथमन्यो धनं हरेत् ॥ ३१ ॥**

પોતે પુત્ર રૂપે ઉત્પન્ન થાય છે; પુત્રી પુત્રના સરખી છે; તો પછી આત્મ રૂપ પુત્રી હયાત છતાં બીજો ધન શી રીતે લઇ શકે!

**नन्वपुत्रपित्रोर्मरणे तद्द्रव्यस्वामित्वं सामान्यतो दुहितुर्दौहित्रस्य चोक्तं तत्रापि मातृद्रव्यस्य कः स्वामी पितृद्रव्यस्य च क इति विशेषजिज्ञासायामाह** વગર છોકરે માતાપિતા મરણ પામે તેમના દ્રવ્યનું સ્વામિત્વ દીકરી તથા દીકરીના દીકરાને સામાન્યપણે કહ્યું; તેમાં પણ માતાના દ્રવ્યનું સ્વામીપણું કોને અને પિતાના દ્રવ્યનું સ્વામીપણું કોને, એ વિશેષ જાણવાની ઇચ્છાથી કહે છેઃ—

**गृह्णाति जननीद्रव्यमूढा च यदि कन्यका ॥**
**पितृद्रव्यमशेषं हि दौहित्रः सुतरां हरेत् ॥ ३२ ॥**
**पौत्रदौहित्रयोर्मध्ये भेदोऽस्ति न हि कश्चन ॥**
**तयोर्देहे हि संबंधः पित्रोर्देहस्य सर्वथा ॥ ३३ ॥**

પરણેલી કન્યા જો માતાનું ધન લેતો પિતાનું સઘળું ધન દીકરીનો દીકરો સુખથી લે; પુત્રનો પુત્ર અને પુત્રીનો પુત્ર એ બેઉમાં કંઇ તફાવત નથી. કારણ કે તે બેઉના દેહમાં માતાપિતાના દેહનો સંબંધ સર્વથા પ્રકારે છે. **ननुपरिणीतपुत्रीमरणे पुत्राभावे तद्धनाधिपतिः कः स्यादित्याह** ॥ પરણેલી પુત્રી મરી જાય અને તેને પુત્ર ન હોય તો પછી તેના ધનનો સ્વામી કોણ થાય તે કહે છેઃ—

**विवाहिता च या कन्या चेन्मृतापत्यवर्जिता ॥**
**तदा तद्द्युम्नजातस्याधिपतिस्तत्पतिर्भवेत् ॥ ३४ ॥**

પરણાવેલી કન્યા છોકરાં વગર મરી જાય ત્યારે તે સઘળા સ્ત્રીધનનો સ્વામી તેનો પતિ થાય. **ननु पितृविहितविभागोत्तरकालजातपुत्रः कस्यांशं प्राप्नोतीत्याह ॥** પિતાએ પુત્રોના ભાગ વેંચી નાખ્યા અને ત્યાર પછી પાછો પુત્રનો જન્મ થયો તો તે પુત્રને કોનો ભાગ મળે તે કહે છે.

**विभागोत्तरजातस्तु पुत्रः पित्र्यंशभाग् भवेत् ॥**
**नापरेभ्यस्तु भ्रातृभ्यो विभक्तेभ्योंऽशमाप्नुयात् ॥ ३५ ॥**

પિતાએ પુત્રોને ધન વહેંચી આપ્યા પછી તેને બીજો પુત્ર ઉત્પન્ન થાય તો તે પિતાના ધનમાં ભાગ મેળવી શકે, અર્થાત્ પિતાના ધનનો ભાગીઓ થાય, પરંતુ પ્રથમ વેંચાએલા ભાઇઓના ધનમાંથી તેને કંઇ ભાગ મળે નહિ. **यदि विभागात्पूर्वं उत्पन्नस्तदा तु सर्वसोदरसमभागग्राही संभवत्येवेति फलितार्थः ॥** જો વિભાગ પાડયા પહેલાં પુત્રનો જન્મ થયો હોય તો સર્વે ભાઇઓ સમાન ભાગ લેનારા થાય છે એવો અર્થ ઉપરના શ્લોકથી ખુલ્લો જણાય છે. **ननु पितृमरणानन्तरं विभक्तेषु पुत्रेषु समुत्पन्नपुत्रस्य कथं भागः इत्याह ॥** પિતાનું મરણ થયા પછી, વિભક્ત–વેંચાએલા ભાઇઓ સતે, પછી જન્મેલા પુત્રનો ભાગ શી રીતે તે કહે છેઃ—

**पितुरूर्ध्वं विभक्तेषु पुत्रेषु यदि सोदरः ॥**
**जायते तद्विभागः स्यादायव्ययविशोधितात् ॥ ३६ ॥**

**स्वांशादितिशेषः ॥**

ભાઇઓના ભાગ વેંચાઇ ગયા હોય અને પિતાના મરણ પછી,

સોદર (ભાઇ)ને જન્મ થાય તો આવક તથા ખરચને હીસાબ કરી સઘળા ભાઇઓએ પોતપોતાના ભાગમાંથી તે નાના ભાઇને ભાગ કાઢી આપવો. **विभागकालेऽस्पष्टगर्भायां मातरि विभक्तभ्रातृभिः पश्चादुत्पन्नपुत्रायायव्यये विशोध्य स्वांशेभ्यः स्वसमानभागो देयः स्पष्टगर्भायां तु प्रसवं प्रतीक्ष्य भागो कार्य इति तत्त्वं ॥** વિભાગ સમયે માતા સગર્ભા છે એમ સ્પષ્ટ જાણ્યામાં આવ્યું ન હોય તો તો વિભક્ત ભાઇઓએ પછવાડેથી જન્મેલા ભાઇને આવક તથા ખરચને હીસાબ કરીને પોત પોતાના ભાગમાંથી સમાન ભાગ કરી આપવો. વિભાગ કાળે માતા સગર્ભા છે એમ સ્પષ્ટ જણાય તો પ્રસવની વાટ જોઇ પ્રસૂત થયા પછી ભાગ પાડવો એવો તાત્પર્યાર્થ છે. **ननु ब्राह्मणादिवर्णत्रयस्य सवर्णासवर्णस्त्रीसंभवेन तज्जातपुत्राणां भागः कथं विधेय इति दिदर्शयिषुराह ॥** બ્રાહ્મણ આદિ ત્રણવર્ણ એટલે બ્રાહ્મણ, ક્ષત્રી તથા વૈશ્ય એત્રણે વર્ણે સવર્ણ અને અસવર્ણ સ્ત્રીથી ઉત્પન્ન થએલા પુત્રોને ભાગ શી રીતે પાડવો તે કહે છેઃ—

**ब्राह्मणस्य चतुर्वर्णाः स्त्रियः संति तदा वसु ॥**
**विभज्य दशधा तज्जान् चतुस्त्रिद्व्यंशभागिनः ॥ ३७ ॥**
**कुर्यात्पिताबशिष्टं तु भागं धर्म्ये नियोजयेत् ॥**
**शूद्राजातो न भागार्हो भोजनांशुकमंतरा ॥ ३८ ॥**

બ્રાહ્મણને જો ચારે વર્ણની સ્ત્રીઓ હોય અને તેમના પુત્રોને ભાગ વેંચી આપવા હોયતો પોતાની મીલકતના દશ સરખા ભાગ કરવા; તેમાંથી બ્રાહ્મણીથી ઉત્પન્ન થએલા પુત્રને ચાર ભાગ આપવા, ક્ષત્રાણીથી જન્મેલા પુત્રને ત્રણ ભાગ; અને વૈશ્ય સ્ત્રીથી ઉત્પન્ન થએલા

પુત્રને બે ભાગ આપવા. એક દશમો ભાગ રહ્યો તે ધર્મ કાર્યમાં ખરચવો. શૂદ્રીથી ઉત્પન્નથએલો પુત્ર ભાગ ગ્રહણ કરવા યોગ્ય થતો નથી, માત્ર તેને અન્ન વસ્ત્ર મળે છે.

क्षत्राज्जातः सवर्णायामर्धभागी विशात्मजा ॥
—जातस्तुर्यांशभागी स्याच्छूद्रोत्पन्नोऽन्नवस्त्रभाक् ॥ ३९ ॥
वैश्याज्जातः सवर्णायां पुत्रः सर्वपतिर्भवेत् ॥
शूद्राजातो न दायादो योग्यो भोजनवाससां ॥ ४० ॥
वर्णत्रये यदा दासीवर्गेशूद्रात्मजो भवेत् ॥
जीवत्तातेन यत्तस्मै दत्तं तत्तस्य निश्चितम् ॥ ४१ ॥
मृते पितरि तत्पुत्रैः कार्यं तेषां हि पालनम् ॥
निर्बंधश्च तथा कार्यस्तातं येन स्मरंति हि ॥ ४२ ॥
शूद्रस्य स्त्री भवेच्छूद्री नान्या तज्जातसूनवः ॥
यावंतस्तेऽखिला नूनं भवेयुः समभागिनः ॥ ४३ ॥

ક્ષત્રીને ક્ષત્રાણીથી ઉત્પન્ન થએલા પુત્રને પિતાના ધનમાંથી અર્ધો ભાગ મળે, અને વાણીઅણથી ઉત્પન્ન થએલાને ચોથો ભાગ મળે ક્ષત્રીથી શુદ્રીમાં ઉત્પન્ન થએલા પુત્રને ભાગ ન મળે, માત્ર અન્નવસ્ત્રનો તે ભાગી થાય. વૈસ્યને વૈસ્યા (વાણિયણ) થી થએલા પુત્રને સઘળું ધન મળે; શુદ્રીના પુત્રને ભાગ નહિ તે તો માત્ર ભોજન તથા વસ્ત્રને જ યોગ્ય છે. બ્રાહ્મણ, ક્ષત્રી તથા વૈસ્ય એ ત્રણે વર્ણમાં જો શુદ્રી દાસી રાખેલી હોય અને તેને પુત્ર થાય તો પિતાએ જીવતાં જે તેને આપી

દીધું હોય તેજ તેનું કહેવાય. પિતાના મરી જવા પછી તેના પુત્રોએ દાસી પુત્રોનું પાલન કરવું; અને તેમને માટે એવી ગોઠવણ કરવી કે જેથી તેઓ પણ પોતાના પિતાને સંભાર્યા કરે. શુદ્રને તો પોતાની જાતની શુદ્રીજ સ્ત્રી હોય બીજી જાતની ન હોય અને જેટલા પુત્ર તેને ઉત્પન્ન થયા હોય તે સઘળા પિતાના ધનમાં સમાન ભાગવાળા છે. **ब्राह्मणस्य चातुर्वर्ण्यस्त्रीभ्यो यदि चत्वारः पुत्राः संजातास्तदा तद्भागं चिकीर्षुः पिता स्वीयधनं दशधा विभज्य सवर्णापुत्राय भागचतुष्कं क्षत्रियाजाताय भागत्रयं वैश्याजाताय च भागद्वयं ददाति अवशिष्टमेकं भागं च धर्मकार्ये व्ययति शूद्रायां जातस्तु न भागयोग्य' केवलं भोजनवस्त्रयोग्य एव आद्यश्लोके 'क्रमशः' इति पदमध्याहार्य्यमन्यत् सर्वं स्पष्टम्** ॥ ઉપલી ટીકાનો અર્થ મૂલ અર્થમાં સ્પષ્ટ થએલો છે એટલે ફરી લખતા નથી. **ननु शूद्रेणाविवाहितदास्यामुत्पन्नस्य कीदृशो भागः स्यादित्याह** હવે શુદ્રે નહિ પરણેલી એવી દાસીથી ઉત્પન્ન થયેલા પુત્રને શી રીતે ભાગ મળે તે કહે છે.

**दास्यां जातोऽपि शूद्रेण भागभाक् पितुरिच्छया ॥**
**मृते तातेऽर्धभागी स्यादूढाजाभ्रातृभागतः ॥ ४४ ॥**

શૂદ્રથી દાસીને પેટે ઉત્પન્ન થયેલા પુત્રને પિતા જીવતો હોય તો પિતાની ઇચ્છા મુજબ ભાગ મળે, પિતાના મૃત્યુ પછી તો પરણેલી સ્ત્રીથી ઉત્પન્ન થએલા પુત્રોના ભાગમાંથી અર્ધોભાગ મળે. **पितरि जीवति तदिच्छया भागो मृते च विवाहितपत्नीपुत्रापेक्षया दासेरोऽर्धभागं प्राप्नोति । सर्वदायादाभावे दौहित्राद्यभावे स**

**एव सर्वस्वामीत्यर्थः** ॥ સર્વ ભાગીઆ ન હોય અને દીકરીનો દીકરો પણ ન હોય તો તે દાસી પુત્ર સર્વ ધનનો માલીક થાય છે એવો અર્થ છે.

**ननु कश्चित् सवधूकस्सपुत्रोऽपुत्रो वात्युग्रव्याधिग्रसितः स्वजीवनाशां विमुच्य स्वकीयधनरक्षार्थं चेदन्यमधिकारिणं करोति स कीदृशो योग्यः स्यादित्याह** ॥ કોઇ માણસ સ્ત્રીવાળો હોય; પુત્ર હોય અગર ન હોય પરંતુ ભયંકર વ્યાધિથી પીડાતો હોય અને પોતે જીવવાની આશા છોડી હોય તો પોતાના ધનનું રક્ષણ થવાને કોઇને અધિકારી એટલે ત્રસ્ટી નીમવો હોય તો તે કેવો નિમવો તે કહે છેઃ—

जीवनाशाविनिर्मुक्तः पुत्रयुक्तोऽथवापरः ॥
सपत्नीकः स्वरक्षार्थमधिकारिपदे नरं ॥ ४५ ॥

दत्वा लेखं स्वनामांकं राजाज्ञासाक्षिसंयुतं ॥
कुलीनं धनिनं मान्यं स्थापयेत्स्त्रीमनोनुगं ॥ ४६ ॥

હું જીવીશ એવો ભરોંસો ન હોય; પુત્રવાળો અગર પુત્ર વગરનો હોય, પત્ની જીવતી હોય, અને પોતાની મિલકતના રક્ષણને માટે તે મિલકતના વહીવટનો અધિકાર સોંપવાને કુળવાન, ધનવાન તથા આબરૂદાર અને સ્ત્રીને અનુકૂલ વર્તિને ચાલનારો હોય તેવા પુરૂષને અધિકાર સોંપવો, તે અધિકારીને એટલે ત્રસ્ટીને રાજાની આજ્ઞાવાળો પોતાના નામનો લેખ સાક્ષીઓ કરાવીને સોંપવો. **अत्र नर इति ज्ञातिविशिष्टशब्दोक्त्याधिकारिबाहुल्यमपि सूचितम्** ॥ આ શ્લો-

કમાં 'નર' એવું પદ મૂક્યું છે તે જાતિવાચક એક વચન છે માટે એક કરતાં વધારે વહીવટદાર નીમવા હોય તો પણ એજ પ્રકારે સમજી લેવું. **ननु स्वामिनि मृते स पुरुषोऽधिकारं प्राप्य धनं विनाशयेद्भक्षयेद्वाथवा विधवायाः प्रतिकूलतां भजेत् तदा किं कर्त्तव्यमित्याह** ॥ સ્વામી મરી જવા પછી તે અધિકારી વહીવટ કરનાર ત્રસ્ટી અધિકાર મેળવીને ધનને ઉડાવી દે, ખાઈ જાય અથવા મરનારની વિધવાથી પ્રતિકૂળ અવળો ચાલે ત્યારે શું કરવું તે કહે છે:—

**प्राप्याधिकारं पुरुषः परासौ गृहनायके ॥**
**स्वामिना स्थापितं द्रव्यं भक्षयेद्वा विनाशयेत् ॥ ४७ ॥**

**भवेच्चेत्प्रतिकूलश्च मृतवध्वाः कथंचन ॥**
**तदा सा विधवा सद्यः कृतघ्नं तं मदाकुलं ॥ ४८ ॥**

**भूपाज्ञापूर्व्वकं कृत्वा स्वाधिकारपदच्युतं ॥**
**नरैरन्यैः स्वविश्वस्तैः कुलरीतिं प्रचालयेत् ॥ ४९ ॥**

**तद्द्रव्यमतियत्नेन रक्षणीयं तया सदा ॥**
**कुटुंबस्य च निर्वाहस्तन्मिषेण भवेद्यथा ॥ ५० ॥**

**सत्यौरसे तथा दत्ते सुविनितेऽथवासति ॥**
**कार्ये सावश्यके प्राप्ते कुर्याद्दानाधिविक्रयम् ॥ ५१ ॥**

ઘરનો સ્વામી મરી જવા પછી ત્રસ્ટીને સઘળો અધિકાર મળ્યો; પછી તે ત્રસ્ટી તેના દ્રવ્યને ઉડાવે કે ખાઇ જાય અથવા મરનારની

વિધવાથી પ્રતિકૂલ ચાલે કે તુરત તે મદોન્મત્ત કૃતધ્નીને રાજાની આજ્ઞા લઇ પદચ્યુત–એટલે વહિવટના અધિકારથી દૂર કરી પોતાને જેમનો વિશ્વાસ હોય તેવા ત્રસ્ટીઓ મરનારની વિધવાએ નીમવા; તથા કૂલની રીતિ પ્રમાણે વ્યવહાર ચલાવવો. તે વિધવાએ હમેશાં સ્વામીએ પેદા કરેલા દ્રવ્યનું ઘણા યત્નથી રક્ષણ કરવું. તે એવી રીતે કે મુડીના વ્યાજમાંથી કુટુંબનું પોષણ થયાં કરે. તે વિધવાને સારો વિનયવાળો ઔરસપુત્ર હોય કે દત્તક પુત્ર હોય કે નહોય તોપણ તેણી જરૂરનું કામ પડે ત્યારે ( પોતાની મીલકતનું ) દાન, ગીરો તથા વેચાણ કરી શકે. **ननु भर्तुर्मरणादौ तद्धनस्वामित्वे कस्याधिकार इत्याह** ॥ સ્વામિનુ મરણ વગેરે થયા પછી તેના ધનનું માલિક કોણ; તે કહે છે:—

**भ्रष्टे नष्टे च विक्षिप्ते पतौ प्रव्रजिते मृते ॥**
**तस्य निःशेषवित्तस्याधिपा स्याद्वरवर्णिनी ॥ ५२ ॥**
**कुटुंबपालने शक्ता ज्येष्ठा या च कुलांगना ॥**
**पुत्रस्य सत्त्वेऽसत्त्वे च भर्तृवत्साधिकारिणी ॥ ५३ ॥**

સ્વામિ ભ્રષ્ટ—પતિત થયો હોય, નાશી ગયો હોય, ગાંડો થયો હોય, દિક્ષા લીધી હોય અગર મરી ગયો હોય તો તેના સમસ્ત ધનની માલેક તેની પત્ની છે. સદ્‌કુલમાં ઉત્પન્ન થએલી અને કુટુંબનું પાલન કરવામાં શક્તિ વાળી એવી મરનારની જેયષ્ટ પત્ની પુત્ર વાળી હોય અગર પુત્ર વગરની હોય તોપણ સ્વામીની પેઠેજ તે દ્રવ્યની અધિકારિણી થાય છે. **नन्वौरसपुत्राभावे तया कः पुत्रो दत्तत्वेन ग्राह्य इत्याह** ॥ વિધવાને ઔરસ પુત્ર ન હોય તો તેણે કયો પુત્ર દત્તક પણાથી સ્વીકારવો તે કહે છે:—

**भ्रातृव्यं तदभावे तु स्वकुटुंबात्मजं तथा ॥**
**असंस्कृतं संस्कृतं च तदसत्त्वे सुतासुतम् ॥ ५४ ॥**
**बन्धुजं तदभावे तु तस्मिन्नसति गोत्रजं ॥**
**तस्यासत्त्वे लघुं सप्तवर्षसंस्थं च देवरम् ॥ ५५ ॥**
**विधवा स्वौरसाभावे गृहीत्वा दत्तरीतितः ॥**
**अधिकारपदे भर्तुः स्थापयेत्पंचसाक्षितः ॥ ५६ ॥**
**यदि स दत्तकः पित्रोः प्रीत्या सेवासु तत्परः ॥**
**विनयी भक्तिनिष्ठश्च भवेदौरसवत्तदा ॥ ५७ ॥**

ભત્રીજાને દત્તક લેવો, ભત્રીજો ન હોય તો પોતાના કુટુંબનો સંસ્કાર થએલો અગર ન થએલો પુત્ર લેવો, કુટુંબનો પણ ન હોય તો દીકરીના દીકરાને લેવો, તે પણ ન હોય તો વિધવાએ પોતાના ભાઇના દીકરાને લેવો, તેનો પણ અભાવ હોયતો ગોત્રમાં ઉત્પન્ન થએલાને લેવો; તે પણ ન હોય તો નાનો સાત વર્ષની ઉમરનો દીઅર દત્તક લેવો. ઔરસ પુત્ર ન હોયતો વિધવાએ શાસ્ત્ર રીતિથી દત્તક ગ્રહણ કરી પંચની સાક્ષીથી સ્વામીના અધિકાર પર સ્થાપન કરવો. તે દત્તક પુત્ર પણ વિનયી થાય અને ભક્તિ ભાવથી પ્રીતિવડે માતા તથા પિતાની સેવામાં તત્પર રહે તો સગા પુત્રની બરોબર થાય છે **ननु दत्तपुत्रग्रहणे का रीतिरित्याह** દત્ત પુત્ર ગ્રહણ કરવાની રીતિ શી? તે કહે છે—

**अप्रजा मनुजः स्त्री वा गृह्णीयाद्यदि दत्तकं ॥**
**तदा तन्मातृपित्रादेर्लेख्यं बंध्वादिसाक्षियुक् ॥ ५८ ॥**

राजमुद्रांकितं सम्यक्कारयित्वा कुटुंबजान ॥
ततो ज्ञातिजनांश्चैवाहूय भक्तिसमन्वितः ॥ ५९ ॥
सधवागीततूर्यादिमंगलाचारपूर्वकम् ॥
गत्वा जिनालये कृत्वा जिनाग्रे स्वस्तिकं पुनः ॥ ६० ॥
प्राभृतं च यथाशक्ति विधाय सुगुरुं तथा ॥
नत्वा दत्त्वा च सद्दानं व्याघुट्य निजमंदिरं ॥ ६१ ॥
आगत्य सर्व्वलोकेभ्यस्तांबूलश्रीफलादिकम् ॥
दत्वा सत्कार्य स्वस्रादीन् वस्त्रालंकरणादिभिः ॥ ६२ ॥
आहूतगृह्यगुरुणा कारयेज्जातकर्म सः ॥
ततो जातोऽस्य पुत्रोयमिति लोकैर्निगद्यते ॥ ६३ ॥
तदैवापणभूवास्तुग्रामप्रभृतिकर्मसु ॥
अधिकारमवाप्नोति राज्यकार्येष्वयं पुनः ॥ ६४ ॥

કોઇ મનુષ્ય અથવા સ્ત્રી સંતતી વિનાનાં હોય અને તેમને જો દત્તક પુત્ર લેવો હોય તો સ્ટાંપના કાગળ પર બંધુ વર્ગની સાક્ષિએ સહિત તે પુત્રનાં માતા પિતા વગેરેની પાસેથી દસ્તાવેજ કરાવી લેવો ત્યાર પછી રૂડે પ્રકારે કુટુંબીઓને તથા જ્ઞાતિનાં મનુષ્યોને પોતાને ઘેર આદર સત્કારથી બોલાવવાં સૌભાગ્યવતી સ્ત્રીઓ પાસે મંગળગીત ગવડાવવાં, વાજતે ગાજતે મંગળાચાર પૂર્વક જિન મંદીરમાં જવું, પ્રભુજીની સાનિધ્ય એક સાથીઓ પુરવો. જિન ભગવાનના મોં આગળ પોતાની શક્તિ પ્રમાણે ભેટ મૂકવી, સદ્દગુરૂને વાંદના

કરવી સારાં દાન કરી પછી પોતાને ઘેર આવવું, જે સઘળા લોકોને આ કાર્યમાં નોતર્યા હોય તેમને તાંબુલ તથા શ્રીફળ આપવાં, બેનો ઇ-ત્યાદિ સંબંધીને વસ્ત્ર તથા અલંકારોથી સંતોષવાં, કુલ ગુરૂને બોલાવી જાત કર્મ કરાવવું આ બધું કર્મ થઇ ગયા પછી લોકો એમ કહે કે "આ આનો પુત્ર થયો" ઉપર બતાવ્યા પ્રમાણે દત્તક સંબંધી વિધિ થવા પછી હાટ પૃથ્વી વાસ્તુ ગ્રામાદિક સર્વ કાર્યમાં તેમજ રાજ્ય કાર્યમાં પણ તેને અધિકાર પ્રાપ્ત થાય છે **नन्वौरसोत्पत्तौ पूर्वात्तदत्तकस्य काभागयोग्यतेत्याह** દત્તક લીધા પછી ઔરસ પુત્રનો જન્મ થાય તો પછી દત્તકના ભાગની શી યોગ્યતા, તે કહે છે:

**सवर्णाख्यौरसोत्पत्तौ तुर्यांशार्हो भवत्यापि ॥**
**भोजनांशुकदानार्हो असवर्णा स्तनंधयाः ॥ ६५ ॥**

જો સવર્ણા એટલે પોતાની જાતિની પરણુત સ્ત્રીમાંથી (દત્તક લીધા પછી) ઔરસ પુત્ર ઉત્પન્ન થાય તો દત્તક મીલકતનો ચોથો ભાગ મળે અસમાન જાતીની સ્ત્રીથી પુત્રો ઉત્પન્ન થાય તો તે પુત્રો માત્ર અન્ન, વસ્ત્રના દાનને યોગ્ય છે. **ननु दत्तकगृहणानंतर मौरसोत्पत्तावुष्णीष-बंधयोग्यता कस्येत्याशंकायामाह** ॥ શંકા-દત્તક ગ્રહણ કર્યા પછી ઔરસ પુત્ર થયો હોય તો (પાટવી મુખ્ય મોટાપણામાં) પાઘડી બાંધવાની યોગ્યતા કોને તે કહે છેઃ—

**गृहीते दत्तके जात औरसस्तर्हि बंधनं ॥**
**उष्णीषस्य भवेत्तस्य न हि दत्तस्य सर्वथा ॥ ६६ ॥**
**तुर्यांशं प्रदाप्यैव दत्तः कार्यः पृथक् तदा ॥**
**पूर्वमेवोष्णीषबन्धे यो जातः स समांशभाक् ॥ ६७ ॥**

દત્તક લીધા પછી ઔરસ પુત્ર ઉત્પન્ન થયો તો પાટવીપણાની પાઘડી તો ઔરસજ બાંધી શકે સર્વ પ્રકારે દત્તકથી નજ બંધાય તેને તો મીલકતનો ચોથો ભાગ આપી જૂદો રાખવો; જેણે પ્રથમથી પાઘડી બાંધી હોય તે સરખો ભાગીયો થાય છે. **ननु पुत्राः कतिविधाः किंच तल्लक्षणानीत्याह** ॥ પુત્ર કેટલી પ્રકારના અને તેમનાં લક્ષણ શાં તે કહે છે:—

औरसो दत्रिमश्चेति मुख्यौ क्रीतः सहोदरः ॥
दौहित्रश्चेति गौणास्तु पंचपुत्रा जिनागमे ॥ ६८ ॥

જૈનશાસ્ત્રમાં પાંચ પ્રકારના પુત્ર ગણ્યા છે તેમાં ઔરસ તથા દત્તક એ બેઉ મુખ્ય છે; અને વેચાથી લીધેલો, સહોદર તથા દૌહિત્ર એ ત્રણ પુત્રો ગૌણ છે.

अथ तल्लक्षणम् ॥

धर्मपत्न्यां समुत्पन्न औरसो दत्तकस्तु सः ॥
यो दत्तो मातृपितृभ्यां प्रीत्या यदि कुटुंबजः ॥ ६९ ॥
क्रयक्रीतो भवेत्क्रीतः लघुभ्राता च सोदरः ॥
सौतः सुतोद्भवश्चेमे पुत्रा दायहराः स्मृताः ॥ ७० ॥
पौनर्भवश्च कानीनः प्रच्छन्नः क्षेत्रजस्तथा ॥
कृत्रिमश्चापविद्धश्च दत्तश्चैव सहोढजः ॥ ७१ ॥
अष्टावमी पुत्रकल्पा जैने दायहरा न हि ॥
तीर्थांतरीयशास्त्रे च कल्पिताः स्वार्थसिद्धये ॥ ७२ ॥

धर्म पत्नीथी उत्पन्न थएलो ते औरस कहेवाय, कुटुंबमां उत्पन्न थयेलो पुत्र तेनां माता पिताए खुशीथी आप्यो होय ते दत्तक, मूल्य आपीने वेचाथी लीधेलो ते क्रीत पुत्र, नानो भाइ ते सोदर, अने दीकरीनो दीकरो ते सौत (दौहित्र) ए पांच पुत्रो दायना भागीआ थाय छे पौनर्भव, कानीन, प्रच्छन्न, क्षेत्रज, कृत्रिम, अपविद्ध, दत्त तथा सहोढज; ए आठ प्रकारना पुत्रो अन्य मार्गीओए स्वार्थ सिद्धिने माटे कल्प्या छे परंतु जैन शास्त्रमां ते दाय भागना अधिकारी थता नथी.

**एतेषां लक्षणमिदम् ॥**

उपरना आठ पुत्रोनुं लक्षण.

**भर्तृमरणांनन्तरं तत्पत्न्यामन्येनोत्पन्नः पौनर्भवः** ॥ १ ॥ स्वामीना मरी जवा पछी तेनी परणुत स्त्रीने बीजा पुरुषथी उत्पन्न थयेलो पुत्र ते पौनर्भव कहेवाय. **कन्यायामुत्पन्नः कानीनः** ॥ २ ॥ कुंवारी कन्याने उत्पन्न थएलो ते 'कानीन.' **परपुरुषात् जीवति भर्तरि गुप्तवृत्योत्पन्नः प्रच्छन्नः** ॥ ३ ॥ पोतानो स्वामी जीवतां छतां छानी रीते पर पुरुषथी पुत्र उत्पन्न थयेलो ते 'प्रच्छन्न जाणवो. **स्वस्त्रियां देवरात्सपिंडजादुत्पन्नः क्षेत्रजः** ॥ ४ ॥ पोतानी स्त्रीने विषे सपिंड देवर थकी पुत्रनी उत्पत्ति थाय ते क्षेत्रज कहेवाय. **ग्रामादिजीविकालोभदर्शनेन स्वायत्तीकृतः कृत्रिमः** ॥ ५ ॥ गाम वगेरे जीविकानो लोभ देखाडी पोतानो करी ले ते 'कृत्रिम' पुत्र गणाय. **मातृपितृत्यक्तशिशुरनेन केनापि गृहीतोऽपविद्धः** ॥ ६ ॥ माता पिताए त्याग करेलो जे कोइए पण लीधो होय ते अपविद्ध; **मातृपितृनिष्कासितः तद्वर्जितो वा स्वयमागतो दत्तः**

॥ ७ ॥ માતા પિતાએ કાઢી મૂકેલો અથવા તેમણે ત્યાગ કરેલો પોતાની મેળે આવેલો તે 'दत्त' ગણાય. **सगर्भाकन्याविवाहोत्तर-कालजातः सहोढजः** ॥ ८ ॥ સગર્ભા કન્યાનો વિવાહ કર્યા પછી ઉત્પન્ન થએલો તે 'સહોઢજ' પુત્ર ગણાય. **एतेऽष्टावपि भेदा अन्यतीर्थीयैर्दायादाः पिंडदाश्चोक्ता जैनशास्त्रे जारजादिदोषगर्भितत्वेन न दायादाश्चेति** ઉપર ગણાવેલા એ આઠે પુત્રો અન્ય દર્શનીકોએ દાય ભાગ તથા પિંડ દાનના અધિકારી ગણ્યા છે, પરંતુ જારપણાથી ઉત્પન્ન થવા વગેરે દોષને લઇ જૈન શાસ્ત્રમાં તેમને દાયના અધિકારી ગણ્યા નથી **ननु स्वामिमरणानन्तरं तद्धनस्वामित्वं केन क्रमेण स्यादित्याह** ॥ સ્વામિના મરી જવા પછી તેના ધનનું સ્વામી પણું કીયા ક્રમે કરીને થાય તે કહે છેઃ—

**पत्नी पुत्रश्च भ्रातृव्याः सपिंडश्च दुहितृजः ॥**
**बंधुजो गोत्रजश्च स्वस्वामी स्यादुत्तरोत्तरं ॥ ७३ ॥**
**तदभावे च ज्ञातियैस्तदभावे महीभुजा ॥**
**तद्धनं सफलं कार्यं धर्ममार्गे प्रदाय च ॥ ७४ ॥**

સ્વામીના મરી ગયા પછી સ્ત્રી ધનની માલેક, પછી પુત્ર, તે ન હોય તો સપિંડભાઇઓ; તેને અભાવે દીકરીનો દીકરો તેને અભાવે બંધુનો છોકરો તે ન હોય તો ગોત્રજ; એમ એક પછી એક ધનના માલેક થાય છે. સંબંધી વર્ગમાં કોઇ ન હોય તો જ્ઞાતિના પુરૂષો માલેક થાય છેવટે કોઇ ન હોય તો રાજાએ તે ધન લઇ ધર્મ માર્ગમાં ખરચી દઇ તેને સફળ કરવું **मृतभर्तृद्रव्यस्य सर्वस्य पूर्वं स्त्री स्वामिनी** સ્વામીના મરી જવા પછી તેના ધનની

હકદાર પ્રથમ સ્ત્રી; **तदभावे पुत्रः** સ્ત્રી ન હોય તો પુત્ર; **तदभावे भ्रातृजः** તે ન હોય તો ભાઇનો છોકરો; **तदभावे सपिंडः आसप्तमपुरुषवंश्यः** તેમને અભાવે સપિંડો એટલે સાત પેડી સુધીના પિત્રાઇ પુરૂષો, **तदभावे दौहितः** તે નહોય તો દીકરીનો દીકરો, **तदभावे बंधुजः आचतुर्दशपुरुषवंश्यः** તે ન હોય તો બંધુજ એટલે ચૌદ પેઢી સુધીનો પુરૂષ, **तदभावे गोत्रजः** તેને અભાવે ગોત્રમાં ઉત્પન્ન થએલો પુરૂષ માલેક થાય. **इति क्रमशः पूर्वाभावे परः स्वामी भवति** એ પ્રમાણે અનુક્રમે એકને અભાવે બીજો ધનનો સ્વામી થાયછે. **एतेषामभावे ज्ञातिजनाः** તેમને અભાવે જ્ઞાતિના પુરૂષોને અધિકાર પ્રાપ્ત થાય છે. **सर्वेषामभावे नृपेण च मृतद्रव्यं धर्मकार्ये प्रयोक्तव्यं** સર્વનો અભાવ હોયે તો મરનારનું દ્રવ્ય રાજાએ લઇ ધર્મ માર્ગે ખરચવું. **ननु विधवास्त्री ज्येष्ठदेवरादिभ्यो यदि प्रतिकूला कुशीला वा स्यात् तदा किं कर्तव्यमित्याह ॥** મરનારની વિધવા સ્ત્રી ધનની માલીક થયા પછી પોતાના દીયર તથા જેઠથી અવળી ચાલે અગર નઠારા આચરણવાળી નીવડે તો કેમ કરવું તે કહે છે:—

**प्रतिकूला कुशीला च निर्वास्या विधवापि सा ॥**
**ज्येष्ठदेवरतत्पुत्रैः कृत्वान्नादिनिबंधनम् ॥ ७९ ॥**

મરનારની વિધવા પ્રતિકૂળ ચાલતી હોય અગર નઠારા આચરણની હોય તો તેનો અન્નાદિક વગેરેનો બંદોબસ્ત કરી જેઠ, દીયર, તથા તેના પુત્રોએ તેણીને ઘરમાંથી બહાર કાઢવી. **अधिकारच्युतौ यदि कियता कालेन सा सुचरिता स्यात् तदा पुनरप्यधिकारं प्राप्नुयादिति विशेषः यदुक्तं ॥** વિધવા પાસેથી અધિકાર ખુંચી લીધાપછી થોડા

વખતમાં તે સુધરી જાય, તો પાછો પોતાનો અધિકાર તે મેળવી શકે તે કહે છે કેઃ—

**सुशीलाप्रजसः पोष्या योषितः साधुवृत्तयः ॥**
**प्रतिकूला च निर्वास्या दुश्शीला व्यभिचारिणी ॥ ७६ ॥**

સાધુ વૃત્તિ વાળી સુશીલા અને પ્રજા વગરની સ્ત્રીઓનું પોષણ કરવું જોઇએ નઠારાં આચરણ વાળી વ્યભીચારિણી પ્રતિકૂલા સ્ત્રીને ઘરમાંથી કાઢી મૂકવી. **नन्वप्रजा विधवा भूतावेशादिदोषसद्भावेन यदि स्वरक्षाकरणेऽसमर्था तदा केन तद्रक्षा विधेयेत्याह ॥** સંતાન વગરની વિધવા ભૂત પિશાચાદિ દોષો વડે જો પીડાતી હોય અને પોતાના ધનનું રક્ષણ કરવાને અસમર્થ હોય તો તેના ધનનું રક્ષણ કોણે કરવું તે કહેછે.

**भूतावेशादिविक्षिप्तात्युग्रव्याधिसमन्विता ॥**
**वातादिदूषितांगा च मुकांधास्पष्टभाषिणी ॥ ७७ ॥**
**मदांधा स्मृतिहीना च धनं स्वीयं कुटुंबकं ॥**
**त्रातुं न हि समर्था या सा पोष्या ज्येष्ठदेवरैः ॥ ७८ ॥**
**भ्रातृजैश्च सपिंडैश्च बंधुभिर्गोत्रजैस्तथा ॥**
**ज्ञातिजैरक्षणीयं तद्धनं चातिप्रयत्नतः ॥ ७९ ॥**

ભૂત પિશાચાદિની પીડાથી વિક્ષિપ્ત ચિત્તવાળી અગર ભયંકર રોગથી પીડાતી અથવા વાયુ ઇત્યાદિ રોગથી દૂષિત અંગવાળી, મુગી, આંધળી, બોબડી, મદમાં આંધળી થએલી, વિસ્મરણવાળી, એવી વિધવા, કુટુંબનું તથા પોતાના ધનનું રક્ષણ કરવાને અસમર્થ હોય તો તેવી સ્ત્રીનું જેઠ તથા દીયરોએ પોષણ કરવું. તેમને અભાવે ઉત્તરોત્તર

ભત્રીજા, સપીંડો, બંધુવર્ગ, ગોત્રીઓ તથા જ્ઞાતીલાઓએ તેના ધનનું સારી રીતે રક્ષણ કરવું. **अत्राप्यसत्वेन प्रतिकूलतया वा पूर्वाभावे परैरिति बोध्यं ॥** આ સ્થળે અભાવથી અથવા પ્રતિકુલતાથી પ્રથમ ન હોય તો બીજાએ રક્ષણ કરવું; એ પ્રકારે જાણી લેવું. **नन्वनपत्य विधवाधनग्रहणे तत्पितृपक्षीयानामपि कोप्यधिकारोऽस्ति न चेत्याह ॥**સંતતી વિનાની વિધવાનું ધન ગૃહણ કરવાનો અધિકાર તેનાં માબાપ તરફનાં સબંધીઓને છે કિંવા નથી તે કહે છે.

**यच्च दत्तं स्वकन्यायै यज्जामातृकुलागतम् ॥**
**तद्धनं न हि गृह्णीयात् कोपि पितृकुलोद्भवः ॥ ८० ॥**
**किंतु त्राता न कोपिस्यात्तदा तां तद्धनं तथा ॥**
**रक्षेत्तस्या मृतौ तच्च धर्ममार्गे नियोजयेत् ॥ ८१ ॥**

જે ધન કન્યા દાનમાં અપાયું હોય અને જે જમાઇના કુલમાંથી આવ્યું હોય તે ધન વિધવાના પિતાના કુલમાં ઉત્પન્ન થએલા કોઇએ લેવું નહિ. જો કદાપિ તે વિધવાનું કોઇ રક્ષણ કરી શકે તેમ ન હોય તો તે વિધવાનું તથા તેના ધનનું પિતા તરફનાં સગાએ રક્ષણ કરવું; તે વિધવાના મરણ પછી તેના ધનનો ધર્મ માર્ગે ઉપયોગ કરવો. **असुरादिपापविवाहविवाहितकन्याधनं तु पुत्राभावे मातृपितृभ्रातरो गृह्णंति तैरदत्वादितिविशेषः ॥** જે વિવાહોમાં 'કન્યાદાન' નો સમાવેશ થતો નથી; એવા આસુરાદિ પાપરૂપ વિવાહોથી કન્યાનું લગ્ન કરવામાં આવ્યું હોય અને તેને પુત્ર નહોય તેવી કન્યાના મૃત્યુબાદ કન્યાનાં માતા, પિતા તથા ભાઈભાંડુ તેનું ધન ગૃહણ કરી શકે છે કારણ કે તેમણે કન્યાનું દાન કરેલું નથી.

**ननु मातृसत्वे पुत्रस्य कियानधिकार इत्याह** માતા વતી હોય તો પુત્રને કેટલો અધિકાર તે કહે છેઃ—

**आत्मजो दत्रिमादिश्च विद्याभ्यासैकतत्परः ॥**
**मातृभक्तियुतः शान्तः सत्यवक्ता जितेन्द्रियः ॥ ८२ ॥**
**समर्थो व्यसनापेतः कुर्यांद्रीतिं कुलागतां ॥**
**कर्तुं शक्तो विशेषं नो मातुराज्ञां विमुच्य वै ॥ ८३ ॥**

ઔરસ અથવા દત્તકાદિ પુત્રોએ પોતાના વિદ્યાભ્યાસમાં બરોબર સાવધાન રહેવું, માતાની ભક્તિ રાખવી, શાન્ત, સત્યવાદી તથા જિતેન્દ્રિય થવું, પુરૂષાર્થી; અને વ્યસન રહિત થવું, કુલ પરંપરાથી ચાલતી આવેલી સદ્રીતિ પ્રમાણે વર્તવું. માતાની આજ્ઞા શિવાય તેને કંઇ પણ વિશેષ કરવાનો અધિકાર નથી. **अत्र समर्थ इति षोडशवर्षातिगो ज्ञेयस्तदन्तर्बालभावेनासमर्थत्वात् ॥** ઉપલા શ્લોકમાં '**समर्थ**' એ પ્રકારનું પદ મૂકયું છે તેથી કરીને સોળ વર્ષની ઉમર થઇ ગએલો પુત્ર જાણવો. તે કરતાં નીચી ઉમરનો બાલક ગણાય છે માટે તે અસમર્થ છે. **ननु जननीसत्वे पुत्रः पैत्र्यपैतामहादिवस्तूनां दानं विक्रयं वा किं कर्तुं शक्नोतीत्याह** માતા હયાત છતે પિતા અથવા વડુવાએ સંપાદન કરેલી પિતાદિકની વસ્તુઓનું પુત્રદાન કે વિક્રય કરી શકે ? તે કહે છેઃ

**पितुर्मातुर्द्वयोःसत्त्वे पुत्रैः कर्तुं न शक्यते ॥**
**पित्रादिवस्तूजातानां सर्वथा दानविक्रये ॥ ८४ ॥**

માતા, પિતા બેઉ હયાત હોયતો વડિલોપાર્જિત વસ્તૂઓનુ પુત્રો સર્વથા પ્રકારે વેચાણ કે દાન કરી શકે નહિ **ननु औरसो दत्तको**

वा यदि प्रतिकूलः स्यात्तर्हि मातृपितृभ्यां किं कर्त्तव्यमित्याह ॥
ઔરસ અથવા દત્તક પુત્ર જો માતા, પિતાથી પ્રતિકૂલ ચાલે તો તે માતા પિતાએ કેમ કરવું તે કહે છેઃ—

पितृभ्यां प्रतिकूलःस्यात्पुत्रो दुष्कर्मयोगतः ॥
ज्ञातिधर्माचारभ्रष्टोऽथवा व्यसनतत्परः ॥ ८५ ॥
संबोधितोऽपि सद्वाक्यैर्न त्यजेद्दुर्मतिं यदि ॥
तदा तद्वृत्तमाख्याय ज्ञातिराज्याधिकारिणः ॥ ८६ ॥
तदीयाज्ञां गृहीत्वा च सर्वैः कार्यो गृहाद्बहिः ॥
तस्याभियोगः कुत्रापि श्रोतुं योग्यो न कर्हिचित् ॥ ८७ ॥
पुत्रीकृत्य स्थापनीयोन्यं डिंभं सुकुलोद्भवम् ॥
विधीयते सुखार्थं हि चतुर्वर्णेषु संततिः ॥ ८८ ॥

નઠારાં કર્મના યોગથી પુત્ર માતા પિતાથી પ્રતિકૂલ ચાલનારો થાય, ન્નાતિ ધર્મના આચાર થકી ભ્રષ્ટ થાય, અથવા નઠારા વ્યસનમાં પડે, તેનાં તેવાં આચરણને લીધે સદ્ વાક્યોથી રૂડે પ્રકારે તેને બોધ કરવામાં આવે તેમ છતાં જો તે પોતાની પાપ બુદ્ધિનો ત્યાગ ન કરે તો તેનાં આ નઠારાં આચરણ સંબંધી સઘળી હકીકત ન્નાતિને તથા રાજ્યના અધિકારીને જાહેર કરી તેમની આજ્ઞા લઇ તે સર્વેએ તેને ઘર બહાર કાઢી મૂકવો; તેવી રીતે ઘર બહાર કાઢી મૂકેલા પુત્રની અરજી કયારેય પણ કોઇએ સાંભળવી નહિ. તે કાઢી મૂકેલા પુત્રની જગોએ બીજો સારી કુલમાં ઉત્પન્ન થએલો બાળક પુત્ર કરીને સ્થાપન કરવો. અવશ્ય સમજવું કે ચારે વર્ણને વિષે સંતતિ સુખને અર્થે

કહેલી છે. **नन्वविभक्तेषु भ्रातृष्वेको दीक्षां गृह्णाति तदा तद्भाग गृहणे तत्पत्नी शक्ता न वेत्याह** ધનની વેંચણ ભાઈઓમાં થઈ ન હોય અને તેવામાં એક ભાઈએ દીક્ષા લીધી તો પછી દીક્ષા લેનારની સ્ત્રીને પોતાના સ્વામી તરફનો હીસ્સો મળે કે નહિ તે કહે છેઃ—

**परिव्रज्यागृहीतैकेनाविभक्तेषु बन्धुषु ॥**
**विभागकाले तद्भागं तत्पत्नी लातुमर्हति ॥ ८९ ॥**

ભાઈઓ ભાગ વેંચાયા ન હોય અને તેવામાં એક ભાઈએ દીક્ષા લીધી તો ધન વેંચતી વખતે તેનો ભાગ તેની એટલે દીક્ષા લેનારની સ્ત્રી લેવાને યોગ્યછે. **एवमेव तत्पुत्रोपि मात्रभावे भागगृहणेऽधिकारीतिज्ञेयं** ॥ એજ પ્રમાણે દીક્ષા લેનારનો પુત્ર હોય અને તે પુત્રની માતા મરી ગઇ હોય તો પિતાનો ભાગ તે પુત્ર પણ લેવાને યોગ્ય છે એમ જાણી લેવું. **ननु विभक्तेषु भ्रातृषु यदि कोपि विपन्नः प्रव्रजितो वा तदा तद्धनं के गृह्णंतीत्याह** ॥ ભાઈ ભાગની વેંચણ થઇ ગઇ હોય અને પછી કોઇ ભાઇ મરી ગયો અગર દિક્ષા લીધી તો પછી તેની મિલકત કોણ લે તે કહે છેઃ

**पुत्रस्त्रीवर्जितः कोऽपि मृतः प्रव्रजितोऽथवा ॥**
**सर्वे तद्भ्रातरस्तज्जा गृह्णीयुस्तद्धनं समं ॥ ९० ॥**

દીક્ષા લેનાર કે મરનાર ભાઇને સ્ત્રી કે પુત્ર ન હોય તો તેના સઘળા ભાઈઓ અથવા ભાઇના છોકરાઓ તેનું ધન સરખે ભાગે વેંચી લે. **ननु भ्रातृषून्मत्तत्वादिदोषास्यापि किं भागार्हत्वमित्याह ॥** સઘળા ભાઈઓમાંથી કોઇ ગાંડપણ ઇત્યાદિ દોષવાળો હોય તોપણ શું તે ભાગ મેળવવાને યોગ્ય છે; તે કહે છેઃ—

**उन्मत्तो व्याधितः पंगुः षंडोऽधः पतितो जडः ॥**
**स्रस्तांगः पितृविद्वेषी मुमूर्षुर्बधिरस्तथा ॥ ९१ ॥**
**मूकश्च मातृविद्वेषी महाक्रोधो निरिंद्रियः ॥**
**दोषत्वेन न भागार्हाः पोषणीयाः स्वभ्रातृभिः ॥ ९२ ॥**
**एषां तु पुत्रपत्न्यश्चेच्छुद्धा भागमवाप्नुयुः ॥**
**दोषस्यापगमे त्वेषां भागार्हत्वं प्रजायते ॥ ९३ ॥**

ગાંડો, વ્યાધિવાળો, પાંગળો, નપુંસક, આંધળો, વટલેલો, મૂર્ખ, ખોડવાળો, પિતાની સાથે વેર કરનારો, આપઘાત કરવાને તૈયાર થએલો, બેરો, બોબડો, માની સાથે દ્વેષ કરનારો, મહાક્રોધી, તથા ઇંદ્રિયો વગરનો એટલા દોષને લીધે ભાઇઓ પિતાના ધનમાં ભાગ મેળવવાને લાયક નથી; ભાઇઓએ મળી તેવા ભાઇઓનું પોષણ કરવું. તે દોષયુક્ત ભાઇઓની સ્ત્રી કે પુત્ર સારી સ્થીતિમાં હોય તો તે તેનો ભાગ લઇ શકે. ઉપર બતાવેલા દોષમાંથી તેઓ મુક્ત થાય ત્યારે તેમને ભાગ મેળવવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

**ननु विवाहितोऽपि दत्तको यदि मातृपितृभ्यां प्रतीपः स्यात्तदा किं कार्यमित्याह** પરણાવેલો છતાં દત્તક પુત્ર જો માતાપિતાની સામો થાય તો પછી શું કરવું; તે કહે છે:—

**विवाहितोपि चेद्दत्तः पितृभ्यां प्रतिकूलभाक् ॥**
**भूपाज्ञापूर्वकं सद्यो निस्सार्यो जनसाक्षितः ॥ ९४ ॥**

પરણાવ્યા પછી પણ જો દત્તકપુત્ર માતાપિતાની આજ્ઞાથી અવળો ચાલે તો માણસોની સાક્ષી રાખી રાજાની આજ્ઞા પૂર્વક તેને ઘ-

રમાંથી કાઢી મૂકવો. **ननु कोपि पत्नीपुत्रभ्रातृसंमतिमंतरा पैतामहं धनं कस्मैचिद्दातुमीश्वरः स्यान्न वा इत्याह** કોઈ પુરૂષ વડિલોપાર્જિત ધન પત્ની, પુત્ર તથા ભાઈઓની સંમતિ લીધા સીવાય કોઈને આપી દેવાને સમર્થ થાય કિંવા ન થાય તે કહે છેઃ—

**पैतामहं वस्तुजातं दातुं शक्तो न कोऽपि हि ॥**
**अनापृच्छ्य निजां पत्नीं पुत्रान् भ्रातृगणं च वै ॥ ९५ ॥**
**पितामहार्जिते द्रव्ये निबंधे च तथा भुवि ॥**
**पितुः पुत्रस्य स्वामित्वं स्मृतं साधारणं यतः ॥ ९६ ॥**

વડિલ પિતાએ પેદા કરેલું ધન પોતાની પત્ની, પુત્રો તથા ભ્રાતૃગણને પૂછ્યા સીવાય કોઈને પણ આપી દેવાનો હક નથી. પિતા મહે (વડવાએ) પેદા કરેલા દ્રવ્ય, જાગીર તથા પૃથ્વીમાં પિતાનો તથા પુત્રનો સમાન હક એટલે સ્વામીપણું કહેલું છે. **ननु बहुस्त्रीष्वेकस्याः पुत्रो जातोऽस्ति स एव सर्वपुत्रवतीनां धनस्य स्वामी स्याद्वा नेत्याह ॥** કોઇ પુરૂષની ઘણી સ્ત્રીઓમાંથી એક સ્ત્રી પુત્ર વાળી હોય તો તે એકનો પુત્ર સઘળી પુત્ર વગરની સ્ત્રીઓના ધનનો સ્વામી થઇ શકે કે કેમ તે કહે છેઃ—

**जातेनैकेन पुत्रेण पुत्रवत्योऽखिलाः स्त्रियः ॥**
**अन्यतरस्या अपुत्राया मृतौ स तद्धनं हरेत् ॥ ९७ ॥**

એક સ્ત્રીને પુત્ર થવાથી તે સઘળી સ્ત્રીઓ પુત્રવાળી ગણાયછે. વગર પુત્રવાળી તે સઘળી સ્ત્રીઓમાંથી જે મરણ પામે તેનું ધન તે પુત્ર લઇ શકે. **एक एव पुत्रो दुहित्रभावे सर्वासामनपत्यानां**

**धनस्य स्वामी स्यादिति ॥** તેમાં અપવાદ એટલો કે તે પુત્ર વગરની સ્ત્રીઓને પુત્રી પણ ન હોય તો સઘળી છોકરા વગરની સ્ત્રીઓના ધનનો સ્વામી થઇ શકે. **ननु पैतामहे द्रव्ये पौत्राणां भागः कथं स्यादित्याह ॥** વડવાના ધનમાં પૌત્રોનો ભાગ શી રીતે તે કહે છે.

**पैतामहे च पौत्राणां भागाः स्युः पितृसंख्यया ॥**
**पितुर्द्रव्यस्य तेषां तु संख्यया भागकल्पना ॥ ९८ ॥**

વડવાના ધનમાંથી પિતૃ સંખ્યા પ્રમાણે ધનનો ભાગ મળે; એટલે વડવાને જેટલા પુત્ર હોય તેમાંથી પોતાના બાપનો જે ભાગ આવ્યો હોય તેમાંથી સરખે હીસ્સે તેમને મળે; અને બાપના દ્રવ્યમાંથી તો પોતે જેટલા ભાઇઓની સંખ્યા હોય તેટલા પ્રમાણમાં સરખે હીસ્સે મળે.

**ननु बहुषु भ्रातृष्वेकस्य पुत्रोत्पत्तावपरेषां तु पुत्राभावे किं स एव सर्वधनस्वामी स्यादित्याह ॥** ઘણા ભાઇઓમાંથી એક ભાઇ પુત્રવાળો હોય અને બીજા ભાઇઓને પુત્ર ન હોય તો તે એક ભાઇનો પુત્રજ સર્વ કાકાઓની મીલકતનો સ્વામી થઇ શકે કે ? તે કહે છે:—

**पुत्रस्त्वेकस्य संजातः सोदरेषु च भूरिषु ॥**
**तदा तेनैव पुत्रेण ते सर्वे पुत्रिणः स्मृताः ॥ ९९ ॥**

ઘણા સગાભાઇઓમાં એકને પુત્ર થયો એટલે તે પુત્રવડે સઘળા ભાઇઓ પુત્રવાળા ગણાય છે. **अत्र पुत्रत्वसंबंधप्रतिपादनेन सर्वधनस्वामी स एवैकः पुत्रः स्यादित्यावेदितम् ॥** ઉપરના શ્લોકમાં પુત્ર પણાનો સંબંધ પ્રતિપાદન કરવાથી સઘળાંના ધનનો સ્વામી

તે એકજ પુત્ર થાય એમ જણાવ્યું. **मन्वविभक्तकुलक्रमागतद्रव्ये श्वश्रूसत्त्वे पुत्रपत्न्याः कीदृशोऽधिकार इत्याह ॥** વેંચણ ન થએલું વંશપરંપરાથી ચાલ્યું આવેલું દ્રવ્ય હોય તેમાં સાસુની હયાતીમાં પુત્રની વહુનો કેવો અધિકાર તે કહે છે:—

**अविभक्तं क्रमायातं श्वसुरस्वं न हि प्रभुः ॥**
**कृत्ये निजे व्ययीकर्तुं सुतसम्मतिमंतरा ॥ १०० ॥**

વંશ પરંપરાથી ચાલ્યું આવેલું વગર વેંચાએલું સસરાનું ધન પુત્રની સંમતિ લીધા સીવાય તેણી પોતાના કાર્યમાં વાપરવાને સમર્થ થતી નથી.

**विभक्ते तु व्ययं कुर्याद् धर्मादिषु यथारुचि ॥**
**तत्पत्न्यपि मृतौ तस्य कर्तुं शक्ता न तद्व्ययम् ॥ १०१ ॥**
**निर्वाहमात्रं गृह्णीयात् तद्द्रव्यस्य च मिषतः ॥**
**प्राप्तोधिकारं सर्वत्र द्रव्ये व्यवहृतौ सुतः ॥ १०२ ॥**
**तथापीशो व्ययं कर्तुं न ह्यंबानुमतिं विना ॥**
**सुते परासौ तत्पत्नी भर्तुर्धनहरी स्मृता ॥ १०३ ॥**
**यदि सा शुभशीला स्त्री श्वश्रूनिर्देशकारिणी ॥**
**कुटुंबपालने शक्ता स्वधर्मनिरता सदा ॥ १०४ ॥**
**सानुकूला च सर्वेषां भर्तुर्मचकसेविका ॥**
**श्वश्रूं याचेत पुत्रं हि विनयानतमस्तका ॥ १०५ ॥**
**न हि सापि व्ययं कर्तुं समर्था तद्धनस्य वै ॥**

**निजेच्छया निजां श्वश्रूमनापृच्छ्य च कुत्रचित् ॥१०६॥**
**विभक्तधनव्ययीकरणे तु सर्वेषामधिकारोऽस्त्येवेति ॥**

ધનની વેંચણ થયા પછી તો ધર્માદિકાર્યમાં તેની સ્ત્રી પણ પોતાની ઇચ્છા મુજબ તે વાપરી શકે છે, પોતાનો સ્વામી મરી ગયા પછી તે મુડીમાંથી ખરચ કરી શકે નહિ. માત્ર પોતાનો નિર્વાહ તેના વ્યાજમાંથી કરી લે. મૂળ ધનપર સઘળો અધિકાર તે મરનાના પુત્રનોજ છે. જો કે સઘળો અધિકાર પુત્રનો પ્રાપ્ત થાય છે, તથાપિ માતાની આજ્ઞા લીધા સીવાય તેમાંથી ખરચ કરવાને તે શકિતમાન થતો નથી. તે છોકરાનું પણ મૃત્યુ થઇ જાય તો તેની વિધવા સ્ત્રી પોતાના સ્વામીનું ધન લઇ શકે; જો તે સારાં આચરણ વાળી હોય, સાસુની આજ્ઞામાં રહેતી હોય, કુટુંબનું પાલન કરવાને શકિતવાળી હોય, સ્વધર્મમાં સતત તત્પર રહેતી હોય, કુટુંબ વર્ગ અને લાગતાં વળગતાં સર્વને અનુકૂળ હોય તથા સ્વામી મરી ગયા છતાં તેનીજ શય્યાને સેવતી હોય એવાં આચરણ વાળી પુત્ર વધુ પોતાની સાસુ તથા પુત્રની પાસેથી વિનયથી માથું નમાવીને યાચના કરે, પરંતુ તેપણ સાસુને પુછ્યા સીવાય સ્વામીના ધનનો સ્વતંત્ર પણે કદિ વ્યય કરી શકે નહિ. વેંચાયા પછી તો સર્વને ખરચ કરવાનો અધિકાર છે.
**ननु यदि पूर्वोक्तगुणयुता विधवावधूर्नस्यात्तदा श्वश्रूसत्त्वे तस्याः श्वशुरस्थापितद्रव्ये कियानधिकार इत्याह** જો કે પૂર્વે દર્શાવેલા ગુણવાળી વિધવા પુત્ર વધુ ન હોય તો સાસુ જીવતાં છતાં સસરાએ સ્થાપિત કરેલા દ્રવ્ય પર તે વિધવા વધુનો કેટલો અધિકાર તે કહે છેઃ—

**श्वशुरस्थापिते द्रव्ये श्वश्रूसत्त्वेऽधवा वधूः ॥**
**नाधिकारमवाप्नोति भुक्त्याच्छादनमंतरा ॥ १०७ ॥**

સાસુ જીવતાં છતાં સસરાએ મૂકેલા ધનમાં વિધવા પુત્ર વધુનો ધાન લુગડા સિવાય બીજો કશો અધિકાર નથી.

**दत्तगृहादिकं सर्वं कार्यं श्वश्रूमनोनुगं ॥**
**करणीयं सदा वध्वा श्वश्रूर्मातृसमा यतः ॥ १०८ ॥**

**नन्वपुत्रस्य समातृकस्य सपत्नीकस्य पंचत्वे कस्याः पुत्रग्रहणाधिकारोऽस्ति इत्याह ॥** સાસુ પોતાની મરજીથી ઘરનું જે કામ સોંપે તે સઘળું તે વિધવા વધુએ કરવું; કારણ કે સાસુને મા સરખી કહેલી છે. પોતાની મા, તથા સ્ત્રી બેઉ હયાત હોય અને પુત્ર ન હોય તો તેવા પુરૂષના મરણ પછી, તેની મિલકતને માટે સાસુ તથા વહુ એ બેઉમાંથી દત્તક પુત્ર કોણ લઇ શકે તે કહે છેઃ—

**गृह्णीयाद्दत्तकं पुत्रं पतिवद्विधवा वधूः ॥**
**न शक्ता स्थापितुं तं च श्वश्रूर्निजपतेः पदे ॥ १०९ ॥**

વિધવા પુત્ર વધુ પોતાના પતિની પેઠે દત્તક લઇ શકે, પરંતુ તેની સાસુ પોતાના સ્વામીના પદપર દત્તકને સ્થાપન કરી શકે નહિ.

**ननु श्वश्रूश्वशुरहस्तगतं स्वभर्तृद्रव्यं विधवावधूर्गृहीतुं शक्ता न वेत्याह ॥** સાસુ, સસરાના હાથમાં ગએલું પોતાના સ્વામીનું દ્રવ્ય વિધવા પુત્ર વધુ લઇ શકે કે નહિ તે કહે છેઃ—

**स्वभर्त्रोपार्जितं द्रव्यं श्वश्रूश्वशुरहस्तगं ॥**
**विधवाप्तुं न शक्ता तत्स्वामिदत्ताधिपैव हि ॥ ११० ॥**

પોતાના સ્વામિએ મેળવેલું ધન સાસુ સસરાને હાથ જવા પછી

વિધવા પુત્ર વધુ તે ધન મેળવી શકે નહિ; તેના સ્વામીએ જીવતાં જે તેને આપ્યું હોય તેનીજ તે અધિકારી થાય. **ननु जनको मातृपुत्रौ विरुद्धस्वभावत्वेन विभज्य पृथक् कृत्वा च परलोकं गतः पश्चात् पुत्रेऽपि निस्संताने मृते तद्भागं को गृह्णीयादित्याह ॥** મા દીકરાના વિરૂદ્ધ સ્વભાવને લઇને મરનાર પુરૂષ પોતાના પુત્ર તથા સ્ત્રીને ધન વેંચી આપી જુદા રાખી મરી જાય, ત્યાર પછી તે મરનારનો પુત્ર વગર સંતાને મરી જાય તો તેના ધનનો ભાગ કોને મળે તે કહે છેઃ—

**अपुत्रपुत्रमरणे तद्द्रव्यं लाति तद्वधूः ॥**
**तन्मृतौ तस्य द्रव्यस्य श्वश्रूः स्यादधिकारिणी ॥ १११ ॥**

તે માતાથી જૂદો રહેલો પુત્ર વગર પુત્રે મરી જાય તો તેના દ્રવ્યની માલેક તેની સ્ત્રી થાય. પછીથી તે વહુ મરી જાય તો તેના ધનનો અધિકાર સાસુને મળે. **ननु पत्युपार्जितं धनं श्वश्रूसत्त्वे विधवावधूः व्ययीकर्तुं शक्नोति न वेत्याह** પતિએ મેળવેલા ધનને સાસુ હયાત છતાં વહુ ખરચી શકે કે નહિ તે કહેઃ—

**रमणोपार्जितं वस्तु जंगमस्थावरात्मकम् ॥**
**देवयात्राप्रतिष्ठादिधर्मकार्ये च सौहृदे ॥ ११२ ॥**
**श्वश्रूसत्त्वे व्ययीकर्तुं शक्ता चेद्विनयान्विता ॥**
**कुटुंबस्य प्रिया नारी वर्णनीयान्यथा न हि ॥ ११३ ॥**

વિનયવાળી, કુટુંબને વહાલી તથા વખાણવા યોગ્ય વિધવા પુત્ર વધુ, સ્વામીએ મેળવેલી સ્થાવર તથા જંગમ મીલકતને, દેવયાત્રા, પ્ર-

વિધા, ધર્મ કામમાં તથા સગાં સહોદરના કામમાં સાસુની હયાતી છતે વાપરી શકે, અન્યથા ન વાપરી શકે. **ननु काचिदप्रजा विधवा पुत्रीप्रेमतो दत्तकमनादाय मृता तदा तद्धनस्वामिनी तत्सुता जाता तस्यामपि परेतायां तद्धनस्वामी कः स्यादित्याह ॥** કાઇક પુત્ર વગરની વિધવા પુત્રી પરના પ્રેમને લીધે દત્તક લીધા સિવાય મૃત્યુ પામે ત્યારે તેના ધનની સ્વામી તે દીકરી થઈ; તે પણ મરી ગઇ તો તેના ધનનું સ્વામીત્વ કોને મળે તે કહે છેઃ—

**अनपत्ये मृते पत्यौ सर्वस्य स्वामिनी वधूः ॥**
**सापि दत्तमनादाय स्वपुत्रीप्रेमपाशतः ॥ ११४ ॥**

**ज्येष्ठादिपुत्रदायादाभावे पंचत्वमागता ॥**
**चेत्तदा स्वामिनी पुत्री भवेत्सर्वधनस्य च ॥ ११५ ॥**

**तन्मृतौ तद्धवः स्वामी तन्मृतौ तत्सुतादयः ॥**
**पितृपक्षीयलोकानां न हि तत्राधिकारिता ॥ ११६ ॥**

સંતતી સીવાયનો સ્વામી મરી જાય તો તેના ધનની માલકી તેની સ્ત્રી થાય, તે વિધવા સ્ત્રી, પોતાના દીયર જેઠ ઇત્યાદિના પુત્રને અભાવે અને પોતાની પુત્રી પરના અત્યંત પ્રેમને લીધે દત્તક પુત્ર લીધા સીવાય મરણ પામે ત્યારે તેની પુત્રીને તેના સર્વ ધનનો અધિકાર મળે. તે પુત્રી પણ મરી જાય તો તેના દ્રવ્યનો સ્વામી તે પુત્રીનો પતિ થાય. તે સ્વામી મરી જવા પછી તેના પુત્રાદિને તે મીલકત મળે; પરંતુ તે સ્ત્રીના પિતૃ પક્ષીઓને તેમાં કશો અધિકાર મળે નહિ. **नन्वत्र के दायानधिकारिण इत्याह** ઉપરના દ્રવ્યમાં કોણ

અધિકારીઓ નથી તે કહે છેઃ—

जामाता भागिनेयश्च श्वश्रूश्चैव कथंचन ॥
नैवैतेऽत्र दायादाः परगोत्रत्वभावतः ॥ ११७ ॥

જમાઇ, ભાણેજ તથા સાસુ પરગોત્રને લીધે તે દ્રવ્યમાં ભાગ મેળવી શકતાં નથી.

साधारणं च यद्द्रव्यं तद्भ्राता कोऽपि गोपयेत् ॥
भागयोग्यः स नास्त्येव प्रत्युतो राज्यदंडभाक् ॥ ११८ ॥

જે સાધારણ દ્રવ્ય છે તે કોઇ ભાઇ છાનુ રાખે તો તેને પોતાનો ભાગ પણ ન મળે અને ઉલટો રાજ્ય દંડને લાયક થાય.

सप्तव्यसनसंसक्ताः सोदरा भागभागिनः ॥
न भवंति यतो दंड्या धर्मभ्रंशेन सज्जनैः ॥ ११९ ॥

સોદર એટલે સગા ભાઇઓ સાતે વ્યસનમાં પુરા હોય તો તેમને ભાગ મળી શકે નહિ અને ધર્મ ભ્રષ્ટતાને લીધે સજ્જન પુરૂષોએ તેઓને દંડવા જોઇએ. ननु कयाचिदनपत्यया दत्तकमादाय स्वाधिकारो दत्तः स चाविवाहित एव मृतः तत्पदेऽन्यपुत्रस्थापनयोग्यता विधवाया अस्ति न वेत्याह કોઇક છોકરાં વિનાની વિધવાએ દત્તક પુત્રે લીધો અને તેને મીલકતનો અધિકાર આપ્યો પછી તે દત્તક પરણ્યા વગરનો મરી જાય તો તેની જગોપર બીજો દત્તક લેવાની તે વિધવાની યોગ્યતા છે કે નહિ તે કહે છેઃ—

गृहीत्वा दत्तकं पुत्रं स्वाधिकारं प्रदाय च ॥
तस्मायात्मीयवित्तेषु स्थिता स्वधर्मकर्मणि ॥ १२० ॥

**कालचक्रेण सोऽनूढः चेन्मृतो दत्तकस्तदा ॥**
**न शक्ता स्थापितुं सा हि तत्पदे चान्यदत्तकं ॥ १२१ ॥**

દત્તક પુત્ર લઇ, પોતાના ધનનો અધિકાર સર્વ પ્રકારે તેને સોંપી અને કોઇ વિધવા સ્વધર્મ કર્મમાં ગુંથાય તેવામાં કાલ ચક્રના પ્રભાવથી પરણ્યા વગરનો દત્તક ગુજરી જાયતો તે વિધવા બીજા દત્તકને તેને સ્થાને સ્થાપન કરવાને શક્તિવાળી થતી નથી.

**जामातृभागिनेयेभ्यः सुतायै ज्ञातिभोजने ॥**
**अन्यस्मिन् धर्मकार्ये वा दद्यात्स्वं स्वं यथारुचि ॥१२२॥**

તેવે સમયે તે વિધવાએ જમાઇ, ભાણેજ, દીકરી અથવા જ્ઞાતિ ભોજન અથવા હરકોઇ ધર્મ કાર્યમાં જ્યાં મરજી થાય ત્યાં તે પોતાના દ્રવ્યનો વ્યય કરી દેવો.

**युक्तं वै स्थापितुं पुत्रं स्वीयभर्तृपदे तया ॥**
**कुमारस्य पदे नैव स्थापनाज्ञा जिनागमे ॥ १२३ ॥**

વિધવાએ પોતાના સ્વામીના પદપર દત્તક સ્થાપન કરવો તે વાસ્તવિક છે પરંતુ તેણીએ પોતાના કુમાર-પુત્રની જગોએ દત્તક સ્થાપન કરવાનો અધિકાર જિનશાસ્ત્રમાં નથી. **ननु विधवा विभक्ताविभक्ता वा पुत्रे ऽसति सति व्ययं दानं विक्रयादि च कर्तुं समर्था न वेत्याह** વિધવા જૂદી થઇ હોય અગર ભેગી રહેતી હોય અને તે પુત્રવાળી અથવા વિનાની હોય તો પોતાની મીલકતને ખરચી શકે અથવા દાન કે વિક્રય કરી શકે કે નહિ તે કહે છે:—

विधवा हि विभक्ता चेत् व्ययं कुर्यात् यथेच्छया ॥
प्रतिषेद्धा न कोऽप्यत्र दायादश्च कथंचन ॥ १२४ ॥
अविभक्ता सुताभावे कार्ये त्वावश्यकेऽपि वा ॥
कर्तुं शक्ता स्ववित्तस्य दानमाधिं च विक्रयं ॥ १२५ ॥

વિધવા જો જૂદી થએલી હોય તો પોતાની ઇચ્છા પ્રમાણે અવશ્ય પોતાનું ધન વાપરી શકે; તેમાં તેને કોઇ ભાગીઓ અટકાવી શકે નહિ. પુત્ર ન હોય અને ભેગી રહેતી હોય તેમ છતાં જરૂરીઆત કામ માટે તે પોતાની મીલકતનું વેચાણ, ગીરો તથા દાન કરવાને શક્તિમાન્ છે.

यदुक्तं बृहदर्हन्नीतौ—બૃહદ્ અર્હનીતિમાં કહ્યું છે કે—

पइ मरणे तब्भज्जा दव्वस्साहि वा भवणेणूणं
पुत्तस्स य सब्भावे तहय अहावेवि विसाविहवा ॥ १ ॥
जइ सा होइ सुसीला गुणढावस्स रायकरणिज्जे
विक्कय दाणादियं कुज्जा न हु कोवि पडिवंहो ॥ २ ॥

ननु यः कन्यावाग्दानं कृत्वा पुनस्तामन्यत्र लोभवशेन दद्यात्तस्य कः प्रतीकार इत्याह ॥ કોઇ માણુસ પોતાની કન્યાનું વાગ્દાન-વિવાહ કરીને લોભને ખાતર ફરીને તે કન્યા બીજી જગોએ આપે તેનો શો દંડ તે કહે છે:—

वाचा कन्यां प्रदत्वा चेत्पुनर्लोभेन तां हरेत् ॥
स दंड्यो भूभृता दद्याद्वरस्य तद्धनं व्यये ॥ १२६ ॥

કોઇ મનુષ્ય કન્યાનું વાગ્દાન–વિવાહ કરીને ધનના લોભથી તે કન્યાને પાછી લઇ લે, તે મનુષ્યને રાજા દંડ કરે; અને તે દંડની રકમ વરને જે ખરચ થયો હોય તેને પેટે અપાવે.

**कन्यामृतौ व्ययं शोध्य देयं पश्चाच्च तद्धनं ॥**

**मातामहादिभिर्दत्तं तद्धरंति सहोदराः ॥ १२७ ॥**

વિવાહ કરેલી કન્યા મરી જાય તો પરસ્પર ખરચનો હીસાબ કરી વર તરફનું જે ધન લેણું નીકળે તે તેને પાછું પામવું; અને કન્યાની માના બાપ વગેરે એ જે ધન કન્યાને આપ્યું હોય તે ધન કન્યાના ભાઇઓએ લઇ લેવું. **ननु जाते विभागे यदि कोऽप्यपलपति तन्निराकरणहेतूनाह ॥** ભાઇઓ ભાગની વેંચણ થઇ હોય તે કોઇ ભાઇ છૂપાવે તો તેના નિરાકરણનો હેતુ દર્શાવે છેઃ—

**निन्हुते कोऽपि चेज्जाते विभागे तस्य निर्णयः ॥**

**लेख्येन बंधुलोकादिसाक्षिभिर्भिन्नकर्मभिः ॥ १२८ ॥**

**अविभागे तु भ्रातृणां व्यवहार उदाहृतः ॥**

**एक एव विभागे तु सर्वः संजायते पृथक् ॥ १२९ ॥**

ભાગ પડયા પછી જો કોઇ ભાઇ તે વાત છૂપાવે તો તેનો નિર્ણય લેખી ફારગતિ, બંધુ વર્ગની સાક્ષી તથા તેમના પરસ્પર ભિન્ન ભિન્ન વ્યવહાર પરથી કરી લેવો. જ્યાં સુધી વેંચણ થઇ ન હોય ત્યાં સુધી સર્વ ભાઇઓનો વ્યવહાર ભેગો–એકજ હોય છે અને વેંચણ થવા પછી તેમનો સઘળો વ્યવહાર પૃથક્ પૃથક્ થાય છે.

**ननु भ्रातृभिर्भ्रातृजाया कथं माननीयेत्याह** હવે ભાઇઓએ

ભાઈની સ્ત્રીને કેવી માનવી તે કહે છેઃ—

**भ्रातृवद्विधवा मान्या भ्रातृजाया सुबंधुभिः ॥**
**तदिच्छया सुतस्तस्य स्थाप्यो भ्रातृपदे च तैः ॥१३०॥**

સારા બંધુઓએ પોતાની વિધવા ભોજાઈને ભાઈની પેઠેજ માનવી, અને તેની મરજી મુજબ તેના પુત્રને તેઓએ ભાઈના સ્થાન પર સ્થાપન કરવો. **अथाविभागीयधनमाह ॥** જેના ભાગ ન પડી શકે તેવા ધનનું સ્વરૂપ વર્ણવે છેઃ—

**यत्किंचिद्वस्तुजातं हि स्त्ररामाभूषणादिकं ॥**
**यस्मै दत्तं पितृभ्यां च तत्तस्यैव सदा भवेत् ॥ १३१ ॥**
**अविनाश्य पितुर्द्रव्यं भ्रातृणामसहायतः ॥**
**हृतं कुलागतं द्रव्यं पित्रा नैव यदुद्धृतम् ॥ १३२ ॥**
**तदुद्धृत्य समानीतं लब्धं विद्याबलेन च ॥**
**प्राप्तं मित्राद्विवाहे वा तथा शौर्येण सेवया ॥ १३३ ॥**
**अर्जितं येन यत्किंचित्तत्तस्यैवाखिलं भवेत् ॥**
**तत्र भागहरा न स्युरन्ये केऽपि च भ्रातरः ॥ १३४ ॥**

જે કંઈ આભૂષણાદિક એટલે ઘરેણા વસ્ત્ર વગેરે માતા પિતાએ તેમની સ્ત્રીઓને પહેરવા આપ્યું હોય તે હમેશાં તેનું માલકીનુંજ થાય છે તે વેંચણમાં ગણાતું નથી. પિતાના દ્રવ્યનો નાશ કર્યા સિવાય અને ભાઈઓની સહાયતા વગર કુલ પરંપરાથી ચાલ્યું આવેલું હરણ થયેલું દ્રવ્ય, પિતાએ પણ જેનો ઉદ્ધાર ન કર્યો હોય તેનો ઉદ્ધાર

કરી આણેલું એવું, વિદ્યાના બળથી પોતે જાતે સંપાદન કરેલું, વિવાહમાં મળેલું, મિત્ર તરફથી બક્સીસ મળેલું, શૌર્ય ( બળ ) થી અથવા ચાકરી કરી મેળવેલું; એટલી પ્રકારનું ધન જે ભાઇએ મેળવ્યું તે હમેશાં મેળવનારનુંજ છે તેમા ભાઇઓ ભાગ પાડી શકતા નથી. **अथाविभाज्यस्त्रीधनमाह** ॥ હવે વેંચી ન શકાય તેવું સ્ત્રી ધન કહે છે:—

**विवाहकाले वा पश्चात् पित्रा मात्रा च बन्धुभिः ॥**
**पितृव्यैश्च बृहच्छ्वस्रा पितृस्वस्रा तथा परैः ॥ १३५ ॥**
**मातृस्वस्रादिभिर्दत्तं तथैव पतिनापि यत् ॥**
**भूषणांशुकपात्रादि तत्सर्वं स्त्रीधनं भवेत् ॥ १३६ ॥**

લગ્ન સમયે અથવા પછીથી માતા પિતા, ભાઇઓ, કાકાઓ, વડીઆઇ, ફોઇ, મારી તથા બીજા કોઈ અને કન્યાનો પતિ; એટલાંએ જે વસ્ત્ર, ઘરેણાં તથા પાત્રાદિક કન્યાને આપ્યાં હોય તે તેનું સ્ત્રી ધન કહેવાય. **तदनेकविधमपि समासतः पंचविधं तथाहि** તે સ્ત્રી ધન અનેક પ્રકારનું છે છતાં ટુંકામાં તેના પાંચ ભાગ પાડયા છે તે આ પ્રમાણે છે.

**विवाहे यच्च पितृभ्यां धनमाभूषणादिकं ॥**
**विप्राग्निसाक्षिकं दत्तं तदध्यग्निकृतं भवेत् ॥ १३७ ॥**
**पुनः पितृगृहाद्वध्वानीतं यद्भूषणादिकम् ॥**
**बंधुभ्रातृसमक्षं स्यादध्याहवनिकं च तत् ॥ १३८ ॥**
**प्रीत्या स्नुषायै यद्दत्तं श्वश्वा च श्वशुरेण च ॥**
**मुखेक्षणांघ्रिनमने तद्धनं प्रीतिजं भवेत् ॥ १३९ ॥**

पुनर्भ्रातुः सकाशाद्यत्प्राप्तं पितृगृहात्तथा ॥
उढाया स्वर्णरत्नादि तत्स्यादौदयिकं धनम् ॥ १४० ॥
परिक्रमणकाले यद्दत्तं रत्नांशुकादिकं ॥
जायापतिकुलस्त्रीभिस्तदन्वाधेयमुच्यते ॥ १४१ ॥

વિવાહ સમયે માતાપિતાએ અગ્નિ તથા બ્રાહ્મણોની સમક્ષ જે ધન અથવા ઘરેણાં વગેરે કન્યાને આપ્યાં હોય તે 'અધ્યગ્નિકૃત' સ્ત્રી ધન કહેવાય. ફરીને માતાપિતાને ઘેરથી ભાઇઓની સાક્ષીએ જે ઘરેણાદિક ધન કન્યા લાવે તે 'અધ્યાહવનિક' સ્ત્રી ધન કહેવાય. છોકરાની વહુનું મોઢું જોતાં તથા પગે પડતાં સાસુ સસરાએ જે ધન વહુને પ્રીતીથી આપ્યું હોય તે 'પ્રીતિજ' સ્ત્રીધન કહેવાય. પરણ્યા પછી ફરીથી પીતાના ઘરથી ભાઇ તરફથી તેણીને જે સોનું તથા રત્ન વગેરે મળ્યાં હોય તે 'ઔદયિક' સ્ત્રી ધન કહેવાય. ચોરીમાં વર કન્યા ફેરા ફરે છે તે ટાણે કોઇ દંપતિએ અથવા કૂલની સ્ત્રીઓએ રત્ન વસ્ત્રાદિક જે કંઇ આપ્યું હોય તે 'અન્વાધેય' સ્ત્રીધન જાણવું.

एतत्स्त्रीधनमादातुं न शक्तः कोऽपि सर्वथा ॥
भागानर्हं यतः प्रोक्तं सर्वैर्नीतिविशारदैः ॥ १४२ ॥
धारणार्थमलंकारो भर्त्रा दत्तो न केनचित् ॥
ग्राह्यः पतिमृतौ सोऽपि व्रजेत्स्त्रीधनतां यतः ॥ १४३ ॥

ઉપર બતાવેલા પાંચ પ્રકારનું 'સ્ત્રી ધન' સર્વથા પ્રકારે કોઇ પણ લઇ શકે નહિ. કારણ કે સઘળા નીતિશાસ્ત્રકારોએ તે ધન ભાગાનર્હ એટલે વેંચવાને યોગ્ય ગણ્યું નથી. કોઇક પતિએ પોતાની

પત્નીને કોઇ દાગીનો પેહેરવા આપ્યો હોય તે દાગીનો સ્વામીના મરણ પછી કોઇ પણ ગ્રહણ કરી શકે નહિ કારણ કે તેનો સ્ત્રી ધનમાંજ સમાવેશ થાય છે.

**ननु स्त्रीधनमपि भर्त्रा कदाचित् गृहीतुं शक्यते न वेत्याह ॥** સ્ત્રી ધનને પણ સ્વામી કોઇ વખતે લઇ શકે કિંવા ન લઈ શકે તે કહે છેઃ—

**व्याधौ धर्मे च दुर्भिक्षे विपत्तौ प्रतिरोधके ॥**
**भर्तानन्यगतिः स्त्रीस्वं लात्वा दातुं न चार्हति ॥ १४४ ॥**

મોટો વ્યાધિ થયો હોય, ધર્મ કાર્ય હોય, કાળ પડયો હોય, વિપત્તિ આવી હોય, કેદમાં પડવું પડ્યું હોય, તેવે સમયે બીજો રસ્તો નહિ જડવાથી સ્ત્રી ધન લેઇને પાછું આપવાની ફરજ નથી. અર્થાત્ ન આપે તો ચાલે. **अथ देशाचारादिवैपरीत्ये कस्य बलाबलत्वं तदाह** દેશાચારાદિના ભેદમાં કોનું બલાબલ છે તે કહે છેઃ—

**संभवेदत्र वैचित्र्यं देशाचारादिभेदतः ॥**
**यत्र यस्य प्रधानत्वं तत्र सो बलवत्तरः ॥ १४५ ॥**

દેશાચાર ભેદથી ન્યાયમાં વિચિત્રતા જણાય તો જે દેશમાં જે વ્યવહાર મુખ્ય ગણાતો હોય ત્યાં તે બલવત્તર માનવો. **अथोपसंहारमाह** હવે આ વ્યવહાર પ્રકરણનો ઉપસંહાર કરે છેઃ—

**इत्येवं वर्णितस्त्वत्र दायभागः समासतः ॥**
**यथाश्रुतं विशेषश्च ज्ञेयोऽर्हन्नीतिशास्त्रतः ॥ १४६ ॥**

ઉપર પ્રમાણે શાસ્ત્ર પ્રમાણે દાય ભાગ ટુંકામાં વર્ણવ્યો; વિશેષ જાણવાની ઇચ્છા હોય તેણે બૃહદર્હન્નીતિશાસ્ત્રમાંથી જાણી લેવું.

॥ दायभाग प्रकरणं संपूर्ण ॥

## ॥ अथ सीमाविवादप्रकरणमारभ्यते ॥

योगीन्द्रं सच्चिदानन्दं स्वभावध्वस्तकल्मषं ॥
प्रणिपत्य पुष्पदंतं सीमानिर्णय उच्यते ॥ १ ॥

યોગીઓના પતિ એવા સત, ચિતને આનંદ સ્વરૂપ તથા સ્વભાવથીજ જેમણે કાયિક, માનસિક તથા વાચિક પાપોને ટાળી દીધાં છે એવા પુષ્પદંત પ્રભુને નમસ્કાર કરીને 'સીમાનો નિર્ણય' કહીએ છીએ.

पूर्वप्रकरणे दायभागो निरूपितः । तस्मिन् जाते भ्रातृणां सीमाविवादः स्यात् । अतस्तन्निर्णय उच्यते ॥ પૂર્વ પ્રકરણમાં દાય ભાગ વર્ણવ્યો, તેમાં ભાઈઓને પરસ્પર સીમાને માટે તકરાર થાય તેટલા કારણ માટે તેનો નિર્ણય કહીએ છિએ.

तत्र सीमा भवेद्भूमिमर्यादा सात्वनेकधा ॥
ग्रामक्षेत्रगृहारामर्नावृतप्रभृतिभेदतः ॥ २ ॥

તે સીમા એટલે ભૂમિની મર્યાદા તે અનેક પ્રકારની છે. ગામની મર્યાદા, ખેતરની મર્યાદા, ઘરની મર્યાદા, બાગની મર્યાદા તથા રાજ્ય વગેરેની મર્યાદા એવા જૂદા જૂદા ભેદથી મર્યાદાઓ બહુ પ્રકારે

છે. **पुनः सा प्रत्येकं पंचधा** ॥ વળી તે પ્રત્યેક પાંચ પ્રકારની છે.

**पिछिला मिथिला राजलता स्याद्भामिनी तथा ॥**
**कासिका चेति भूसीमा पंचधा क्लेशनाशिनी ॥ ३ ॥**

પિછિલા, મિથિલા, રાજલતા, ભામિની તથા કાસિકા એવી રીતે ક્લેશને નાશ કરનારી ભૂમિ મર્યાદા પાંચ પ્રકારની ગણેલી છે. **तत्र पिछिला नदीसरोवरादिजलाशयलक्षिता ॥ १ ॥** તેમાં પિછિલા એટલે નદી અથવા સરોવર આદિ જલાશયોની મર્યાદાથી ઓળખાય તેવી. **मिंथिला वृक्षादिचिन्हिता ॥ २ ॥** મિથિલા એટલે વૃક્ષો આદિની નીશાનીથી ઓળખાય તેવી. **राजलता वादिप्रातिवादिभ्यां मिथः स्वीकारस्थापिता ॥ ३ ॥** રાજલતા એટલે વાદિ તથા પ્રતિવાદીએ મળી નક્કી કરેલી, **भामिनी मृत्पाषाणाद्युच्चयसूचिता ॥४॥** ભામિની એટલે માટી અથવા પથરાના ઢગલાથી સૂચવેલી મર્યાદા, **कासिका चिन्हासत्वे भूपेनात्ममनीषिकया कल्पिता ॥ ५ ॥** કાસિકા એટલે કંઇ પણ નીશાની વગરની હોવાથી રાજાએ પોતાની બુદ્ધિ વડે કલ્પેલી મર્યાદા. **इति पंचधा** એ પ્રકારે સીમા મર્યાદા પાંચ પ્રકારની છે. **अत्र विवादः षड्विधस्तथा ॥** એમાં વિવાદ ૭ પ્રકારનો છે.

**विवादोऽत्र भवेत् षोढा नास्ति चास्त्युभयं च वै ॥**
**न्यूनताधिकता चैव भुक्तिराभोगतस्तथा ॥ ४ ॥**

સીમા મર્યાદામાં વિવાદ ७ પ્રકારનો હોય છે. એક નાસ્તિવાદ, બીજો અસ્તિવાદ, ત્રીજો ઉભયવાદ, ચોથો ન્યુંનતાવાદ, પાંચમો અધિકતાવાદ અને છઠો આભોગભુક્તિવાદ. **तद्यथा**–તે આ પ્રકારે–**वा-**

दिनेयं भूमिर्मदीयास्ति इत्युक्ते प्रत्यर्थी वदत्यस्य जनकस्यापि किं भूरभूदित्यस्तिवादः વાદિ એમ બોલે કે આ પૃથ્વી મારી છે એટલે પ્રતિવાદી કહે કે શું આ પૃથ્વી એના બાપની પણ હતી ? આવા વાદને અસ્તિવાદ કહેછે. अत्र भुवि पंचग्रंथिमितो मदीयोंऽशो ऽस्तीत्युक्तेऽस्यैकोऽप्यंशो नास्तीति नास्तित्ववादः ॥ આ પૃથ્વીમાં મારો પાંચ ગુંઠા જેટલો ભાગ છે એમ વાદી કહે એટલે પ્રતિવાદી કહેશે કે તેમાં તેનો એક ગુંઠા જેટલો ભાગ પણ નથી; તેનું નામ નાસ્તિ વાદ કહેવાય. इदं क्षेत्रं सर्वं मदीयमित्युक्तेऽन्यो जल्पतेऽर्द्धं ममेत्युभयवादः વાદી કહે કે આ ક્ષેત્ર મારૂં છે એટલે પ્રતિવાદી કહેશે કે તેમાં મારો અર્ધો ભાગ છે; એ વાદને ઉભય વાદ કહે છે. एतत्क्षेत्रं मम बहुवर्षेभ्योऽष्टरज्जुमितमस्तीत्युक्ते परः प्रत्यवतिष्ठते नाष्टरज्जुमितं किंतु पंचरज्जुमितमस्तीति न्यूनतासंवादः ॥ એક કહે કે-બહુ વર્ષથી આ મારૂં ખેતર આઠ દોરી જેટલું છે ત્યારે બીજો કહેશે કે નહિતે આઠ દોરીવા નથી પરંતુ પાંચ દોરીવા જેટલું છે. એનું નામ ન્યૂનતા વાદ કહેવાય. तत्रैव केनचिदुक्तमधिकं वर्तते इत्यधिकसंवादः ॥ તેમાંજ કોઇ એમ કહે કે ના એથી અધિક છે; તેનું નામ અધિકવાદ કહેવાય. मदीयेयं भूमिः प्राचीनभोगसत्वेनेदानीमपि भुज्यत इत्युक्ते प्रतिवादिनोक्तं नास्य भोगः प्राचीन इत्याभोगभुक्तिविवादः ॥ વાદિ કહે કે આ પૃથ્વી મારી છે પ્રાચીન કાળથી ભોગવતો આવ્યો છું અને હાલ પણ હું ભોગવું છું; એટલે પ્રતિવાદિ કહેશે કે એનો પ્રાચીન ભોગવટો નથી એવા વાદને આભોગ ભુક્તિવાદ કહે છે.

एष्वन्यतमविवादेन विवदमानयोरर्थिप्रत्यर्थिनोर्निर्णयार्थं

स्थेयमुपस्थितयोस्तन्निर्णयं कर्तुकामेन स्थेयेन पूर्वं निर्मलकाले विवादास्पदभूमिं दृष्ट्वा तन्निकटवर्तिसाक्षिणः समाहूय प्रष्टव्याः तद्वाचा निर्णयं विधाय तत्र चिन्हं कार्य्यं यथा पुनः कलहो न प्रसज्येत तथाहि ઉપર દર્શાવેલા ૭ વાદોમાંથી હરકોઇ વિવાદમાં વાદિપ્રતિવાદિ નિર્ણય કરાવવાને (સ્થેય) પંચ પાસે જાય તે પંચે તેમનો નિર્ણય થવા સારૂ પ્હેલાં તો વર્ષાઋતુ ગયાબાદ તકરારી જમીન જાતે જોઇને પાસેની જમીનના માલીકોને બોલાવી તેમની સાક્ષી લેવી તેમના બોલવા પરથી નિર્ણય કરી નક્કી કરી આપેલી જમીનને હદની શાન કરવું કે જેથી કરીને પુનઃ તકરાર થાય નહિ; તે માટે કહેછે કેઃ—

सीमावादे समुत्पन्ने राजकर्माधिकारिणः ॥
विवादास्पदस्थाने हि गत्वा काले च निर्मले ॥ ५ ॥
चिन्हं निर्णयकृत्तत्र द्रष्टव्यं प्राक्तनं भृशं ॥
तदभावे च तत्रत्यान् पार्श्वस्थानपि साक्षिणः ॥ ६ ॥
प्राचीनमंत्रिणो वृद्धान् गोपालांश्च कृषीवलान् ॥
नियोगिनश्च सामंतान् ग्रामीणान् वनवासिनः ॥ ७ ॥
प्रातिवेश्मिकतापन्नान् सत्यधर्मपरायणान् ॥
आहूय शपथं धर्म्यं दत्वा वृत्तं च प्राक्तनम् ॥ ८ ॥
पृष्ट्वा तद्वचसा कृत्वा सीमासंवादनिर्णयं ॥
चिन्हं तत्र तथा कार्यं यथा स्यान्न पुनः कलिः ॥ ९ ॥

સીમાડાની બાબતનો કજીઓ ઉત્પન્ન થયો હોય તો ન્યાયધીશે ચોમાસુ ગયા બાદ તે તકરારી જમીનમાં જવું, પૂર્વે નક્કી કરેલા તે જ-

ગાના ખુંટ-અથવા બાણ બરોબર તપાસીને જોવાં; તે ન જણાતાં હોય તો સાક્ષી તરીકે તેની પાડોશમાં રહેતા જુના મંત્રીઓ વૃદ્ધ પુરૂષો, ગોવાળીઆ, ખેડુતો, અમલદારો, સામંતો ગ્રામના લોકો વનવાસી લોકો અને સત્ય બોલનારા તથા ધર્મિષ્ટ પડોશીઓને બોલાવી ધર્મના સોગન આપી પાછલું વૃત્તાંત પુછવું. અને તેમના બોલવાપરથી નિર્ણય કરવો. પછી ત્યાં અધિકારીએ મર્યાદાને માટે એક નવું ચિન્હ—નીશાન કરી આપવું કે જેથી ફરીને તકરાર ઉઠે નહિ. **'काले च निर्मले' इति यस्मिन् काले जलपुरादिव्याघाताभावेन चिन्हं स्फुटतया ज्ञातुं शक्यते स एव निर्मलो ज्ञेयः** મૂળ શ્લોકમાં નિર્મલકાલ કહ્યો છે તે જલ, પુર ઇત્યાદિ હરકત કરનારના અભાવે જે સમયે નીશાની બરોબર દેખી શકાય તે જાણવો. **केन चिन्हं कार्य्यमित्याह ॥** અધિકારીએ શાણે કરીને નીશાની કરી આપવી તે કહે છે:—

**सेतुना च तडागेन देवतायतनेन च ॥**
**पाषाणैः सरसा वाप्यावटेनापःश्रवेण वा ॥ १० ॥**
**माकंदपिचुमंदैश्च किंशुकाश्वत्थवेणुभिः ॥**
**न्यग्रोधशाल्मलीशालशमीतालैश्च शाखिभिः ॥ ११ ॥**
**राज्याधिकारिणा कार्यं तत्सीमास्थलमंकितम् ॥**
**विपर्ययो यथा नृणां सीमाज्ञाने न संभवेत् ॥ १२ ॥**

સેતુ એટલે ખેતરના છેડાની પાળથી, તળાવથી, દેવમંદિરથી પત્થરથી, સરોવરથી, વાવથી, ખાડાથી, પાણીના પ્રવાહથી, આંબાના વૃક્ષથી, લીમડાના ઝાડથી, ખાખરાના ઝાડથી, પીંપળાના ઝાડથી, વાં-

સની ઝાડીથી, વડના ઝાડથી, શીમલાના ઝાડથી, શાલના ઝાડથી, સમીના ઝાડથી, તથા તાડના ઝાડથી રાજ્યના ન્યાયાધીશે હદ બાંધી આપવી કે જેથી કરીને મનુષ્યોને ફરી મર્યાદા સંબંધી વિભ્રમ એટલે ભ્રાન્તિ રહે નહિ.

**सीमासंधिषु गर्तासु कारीषांगारशर्कराः ॥**

**वालुकाश्च नृपः क्षिप्त्वा गुप्तचिन्हानि कारयेत् ॥ १३ ॥**

વળી બે ખેતરના સંધિ એટલે જોડાણપર ખાડો ખોદાવી તેમાં છાણાં, અંગારા, પથ્થરના કકડા તથા રેત વગેરે પુરાવી છાની નિશાની અધિકારીએ કરાવી રાખવી. **यदि साक्षिणो न स्युस्तदा किं कार्यमित्याह ॥** જ્યારે સાક્ષી નહોય ત્યારે કેમ કરવું તે કહે છેઃ—

**साक्ष्यभावे महीपालः स्थापयेद्द्वौमिथस्तयोः ॥**

**यो रक्तवासा निर्याति यावता तावतावधिः ॥ १४ ॥**

**नृपस्तत्रैव सीमाया लिंगानि कारयेद्द्रुतम् ॥**

**प्लक्षनिंबादिवृक्षैश्च ग्रावाद्युपचितस्थलैः ॥ १५ ॥**

સીમાડાની તકરારમાં સાક્ષી મળી શકે તેમ ન હોય તો વાદિ પ્રતિવાદિ બેઉ જે જમીન માટે પરસ્પર તકરારી છે તે બેઉને અધિકારીએ ઉભા રાખી કહેવું કે રાતું *ભીનું વસ્ત્ર ઓડી અને જે જે-

---

* આગળના વખતમાં રાતુ ભીનું વસ્ત્ર ઓડવું તે આળું ચામડું ઓડયા બરોબર ગણાતું; લોકો એટલા પવિત્ર અને દયાળુ હતા કે પોતાનો ભાગ જતો હોય તો ખેતર પરંતુ રાતુ વસ્ત્ર કે જે આળા ચામડાના પ્રતિકરૂપે તે પણ ખરી બાબત છતાં ઓડવાને ડરતા હતા. આ ઉપરથી જણાશે કે આર્ય લોકોના અંતઃકરણમાં કેટલી દયા હતી ? ભા—ક.

ટલી જગામાં ફરે તેટલી જગા તેની પછી જેણે તેમ કર્યું હોય તેને નીશાનીને માટે ખાખરો, લીમડા વગેરે વૃક્ષો અગર પથરા ઇત્યાદિક જે વસ્તુ તે જગોએ નીશાનીકારક હોય તેની નીશાની રાજાએ એટલે ન્યાયાધીશે કરી આપવી-**यदि तयोर्मध्ये नैकोऽपि निष्क्रान्तस्तदा किं कार्यमित्याह ॥** જો વાદિપ્રતિવાદિ બેઉમાંથી એક પણ રાતુ કપડું ઓઢી ન નીકળે તો પછી કેમ કરવું તે કહે છે:—

**निर्यातौ नोभयौ चेत्तत्समंताद्ग्रामभूमिपाः ॥**
**चत्वारोऽष्टौ दश स्थाप्याः सीमानिर्णयकर्मणि ॥ १६ ॥**
**तेऽपि रक्तांशुकं धार्य निष्क्रामंति यतस्ततः ॥**
**सीमावधिं विनिश्चित्य चिन्हानि कारयेन्नृपः ॥ १७ ॥**

જો તે બેઉ રાતું વસ્ત્ર ઓઢીને ન નીકળે તો ચારે પાસના ગામેતીઓને બોલાવી તેમાંથી ચાર, આઠ અથવા દશને સીમા નક્કી કરવાના કામમાં નીમવા. તેમણે પણ રાતુ ભીનું વસ્ત્ર ઓઢીને ચારે પાસ હદ નક્કી કરવાને નીકળવું. તેઓ જે હદ નક્કી કરે તે પ્રમાણે હદ ઓળખવાને રાજાએ પૂર્વે કહ્યાં તેવાં નીશાન કરી આપવાં.

**अत्र ग्रामभूमिपपदस्योपलक्षणेन ग्रामसीमानिर्णये समंताद्ग्रामाधिपाः क्षेत्रसीमाविवादे समंतात् क्षेत्राधिपा देशसीमासंवादे समंताद्देशाधिपा गृहसीमाविवादे पार्श्ववर्तिगृहाधिपाश्च स्थाप्यास्तेषां रक्तवस्त्रधारणं तु बहुलोकसमक्षं विलक्षणवेषेण तत्कार्यं कुर्वतां लज्जया मृषाभाषणं न स्यादित्यर्थः यत्रैतेऽपि न सन्ति तत्र वनवासिनो व्याधभिल्लगोचारकादीन् समाहूत्र पृष्ट्वा च तत्वनिर्णयः कार्य्य इति विशेषः ॥**

ઉપરના શ્લોકમાં 'ગ્રામ ભૂમિપ' કહ્યા છે તે પરથી નીચે પ્રમાણે વ્યવસ્થા સમજી લેવી.

ગામોના સીમાડાની હદ નક્કી કરવી હોય તો ચારે પાસના ગામ ધણીઓને બોલાવવા. ખેતરની હદ નક્કી કરવી હોય તો ચારે પાસનાં ખેતરના ધણીઓને બોલાવવા. દેશની હદ નક્કી કરવી હોયતો ચારે પાસના દેશ ધણીઓને બોલાવવા અને ઘરની બાબતની તકરાર હોયતો ઘરની પાસે રહેતા પાડોસીઓને બોલાવી હદ નિર્ણય કરાવવી. બહુ લોકની સમક્ષ તેમને રકત વસ્ત્ર ધારણ કરી અને વિલક્ષણ વેશ વડે કરીને તે કાર્ય કરતાં તેમને લજ્જા આવવાથી મિથ્યા ભાષણ ન કરે એટલું તાત્પર્ય જણાય છે.

જ્યારે તેવા પણ ન મળે ત્યારે તે વનમાં રહેનારા, પારધિ, ભિલ્લ, અને ગાયો વગેરે ચારનારા ગોવાળિઆઓને બોલાવી તેમની સાક્ષીથી ન્યાયાધીશે નિર્ણય કરી લઇ હદ નીશાન કરી આપવાં એટલો વિશેષાર્થ છે. **अथ विगतचिन्हासु भूमिषु तन्निर्णयार्थमुपायमाह ॥** જે પૃથ્વી–એટલે ખેતરોમાંથી બાણ વગેરે નીશાનીઓ નિર્મૂળ થઈ ગઈ હોય તેવી જમીનની હદ નક્કી કરવાનો ઉપાય દર્શાવે છે:—

**नद्यादिध्वस्तचिन्हेषु भूप्रदेशेषु वासतः ॥**
**दिशाप्रमाणभोगेभ्यः कुर्याद्भूपो विनिश्चयम् ॥ १८ ॥**

નદિ ઇત્યાદિ જળ પ્રવાહથી નીશાનીઓ નાબુદ થઇ હોય તેવા ભૂ પ્રદેશમાં, રહેવાના સ્થાનથી, અમૂક દિશાનું પ્રમાણ તથા ભોગવટાના પ્રમાણ ઉપરથી રાજાએ નીશ્ચય કરવો. **यथा** જેમ કે **अस्य**

**क्षेत्रं** આ મનુષ્યનું ખેતર **ग्रामादमुकदिशीयद्दूरे चास्ति** ગામથી અમુક દિશામાં આટેલે દૂર છે. **इत्यनुमानतः** એ પ્રકારના અનુમાનથી **तद्भोगतश्च** અને તેના ભોગવટાથી **निश्चयो विधेयः** નિશ્ચય કરવો. **अथैतत्कृत्ये कीदृशाः साक्षिणो योग्या इति दर्शयति ॥** નિશ્ચય કરવામાં કેવા સાક્ષીઓ યોગ્ય છે, તે કહે છે.

**प्रमाणमागमं चैव कालं भोगं च लक्षणं ॥**
**भूमिभागं तथा नाम जानीयुस्तेऽत्र साक्षिणः ॥ १९ ॥**
**साक्षिणः सोम्त्रि पृष्टव्या अर्थिप्रत्यर्थिनोः पुरः ॥**
**पार्श्वगग्रामवृद्धानां समक्षं धर्मपूर्वकम् ॥ २० ॥**
**समस्तास्ते हि पृष्टाश्च वदंत्येकां गिरं यदि ॥**
**तर्हि सीमां निबध्नीयात्तन्नामसहितां नृपः ॥ २१ ॥**

પ્રમાણ, શાસ્ત્ર, કાળ, ભોગવટો, લક્ષણ, ભૂમિ ભાગ તથા ખેતરનું નામ એટલાં વાનાં જાણતા હોય તે આ કામમાં સાક્ષીઓ હોઇ શકે. સીમાડાની હદ નક્કી કરવા સંબંધી કામમાં વાદિ પ્રતિવાદિને મોં આગળ ઉભા રાખી પાસેના ગામના વૃદ્ધોની સમક્ષ ધર્મના સોગન પૂર્વક તેવા સાક્ષીઓ લેવા. તે સઘળા સાક્ષીઓને પૂછતાં તે સર્વની જૂબાની જો એકજ પ્રકારની હોય તો રાજાએ તેના નામ સહિત સીમા બાંધી આપવી. **अथ साक्ष्येऽनृतभाषिणां दंडमाह ॥** જો સાક્ષીઓ જૂઠું બોલે તો તેમનો દંડ શું કરવો તે કહે છેઃ—

**चेत्साक्षिणोऽनृतं ब्रूयुः सीमाकृत्ये कथंचन ॥**
**सामंताः शतदंड्याः स्युः शेषाः शक्त्यनुसारतः ॥ २२ ॥**

સીમાડાની મર્યાદા બાબતમાં સાક્ષીઓ જૂઠી સાક્ષી આપે તો સામંતોનો સો રૂપિઆ દંડ કરવો અને બાકીનાઓની શક્તિ જોઇ તે પ્રમાણે દંડ કરવો. **कूटसाक्ष्ये प्रत्येकं दंडो देय इति स्थितिः एष दंडो ऽज्ञानतोऽनृतभाषणेऽस्ति यस्तु जाननृतं लोभादिना भाषते स त्वितोऽपि विशेषदंडेन दंड्य इति ज्ञेयं ॥** જૂઠી સાક્ષી પુરનારા દરેક જણનો દંડ કરવો, એવો કાયદો છે; ઉપર બતાવેલો દંડ અજાણતાં જૂઠી સાક્ષી પુરે તેને માટે છે પરંતુ જે જાણી જોઇને જૂઠી સાક્ષી પુરે તે તો તેથી પણ વિશેષ દંડને યોગ્ય છે એમ જાણવું. **अथ यत्र चिन्हज्ञातारो न संति तत्र किं विधेयमित्याह ॥** હવે જે સીમાડાની તકરારમાં નીશાની જાણનારા સાક્ષીઓ મળે નહિ ત્યાં અધિકારીએ ન્યાયશી રીતે કરવો તે કહે છેઃ—

**चिन्हज्ञाता न कोऽप्यस्ति यत्र तत्र महीधनः ॥**
**आरामदेवतास्थाननिपानोद्यानवेश्मभिः ॥ २३ ॥**
**वर्षाजलप्रवाहैश्च सीमां निर्णीय चाभितः ॥**
**कुर्याच्चिन्हं यथा न स्यात्तयोर्हि कलहः पुनः ॥ २४ ॥**

જે જગોનાં ચિન્હ—એટલે નિશાની જાણનાર કોઇ મળી શકે નહિ, ત્યાં રાજાએ બાગ, દેવમંદીર, જળાશય, ઉદ્યાનગૃહ તથા વર્ષાદનો જલ પ્રવાહ જે જગોએ થઇને જતો હોય તે પરથી ચારે પાસની સીમાનો નિર્ણય કરી ચિન્હ કરી આપવું, કે જેથી વાદિપ્રતિવાદિને ફરીને પરસ્પર કજીઓ થાય નહિ.

**जयपत्रं ततो देयं सीमासत्यार्थवादिने ॥**

भूमिप्रमाणवित्तेन दंड्योऽन्यो भवति ध्रुवं ॥ २५ ॥
नाशयेद् भूमिलोभेन सीमाचिन्हानि यो नरः ॥
दंडनीयः स भूभुग्भीरौप्यैः पंचशतैः पणैः ॥ २६ ॥
अज्ञानेन प्रमादेन यो नाशयति तानि च ॥
स पणद्विशतं दंड्यो दीनश्चेद्मुनिमुष्टिभिः ॥ २७ ॥

સીમાની બાબતમાં સત્ય બોલનારને જય પત્ર આપવું; અને જૂઠું બોલનારને તકરારી જમીનના મૂલ પ્રમાણે દંડ રાજાએ અવશ્ય કરવો. કદાચિત્ કોઈ મનુષ્ય પૃથ્વી વધારવાના લોભથી પૂર્વની નિશાનીઓ-બાણ, ખુંટ વગેરે ચિન્હો ભાગી નાખે તો રાજાઓએ તેને પાંચસો રૂપિયા સુધીનો દંડ કરવો, અજ્ઞાનથી અથવા આળસથી હદ નિશાનને નાશ કરે તો તેનો બસો રૂપિયા દંડ કરવો. અને તે જો ગરીબ હોય તો સાત મુક્કીઓ મારવી. **अथ प्रसंगतः सेतुकूपक्षेत्र विषये विशेषमाह** અત્રે પ્રસંગ છે માટે પૂલ, કૂવો અને ક્ષેત્ર વિષયમાં વિશેષ કહે છેઃ—

सेतुः कूपश्च क्षेत्रेऽपि न निषेध्यो हि क्षेत्रिभिः ॥
स्वल्पबाधाकरास्तेऽपि बहुलोकोपकारकाः ॥ २८ ॥
यः सेतुः पूर्वनिष्पन्नः संस्कारार्हो भवेद्यदा ॥
तदा तत्स्वामिनं पृष्टवा तद्वंश्यं वाथ भूभुजम् ॥ २९ ॥
तं संस्करोति चेत्कोऽपि तर्हि तत्फलभाग् भवेत् ॥
अन्यथा तत्फलं स्वामी गृह्णीयाद्वा महीपतिः ॥ ३० ॥

પુલ, કે કૂવો પોતાના ખેતરમાં આવેલો હોય તોપણ ખેતરના ધણીઓએ તેનો વાપરવાનો નિષેધ કોઇને કરવો નહિ; કારણ કે તેથી ખેતરના ધણીને થોડી અડચણ થાય પણ તેથી ઘણા લોકોને ઉપકાર થાય છે. પ્રાચીન સમયમાં બનાવેલો તેવો સેતુ (પુલ) જીરણ થવાથી સમરાવા લાયક થયો હોય તો તેના સ્વામીને અગર તે પુલના કરાવનારના વંશમાં કોઈ હોય તો તેને અગર રાજાને પૂછી કોઇ સમરાવે તો તે તેમાંથી ઉત્પન્ન થતા ફળનો ભાગી થાય છે. નહિતો તેનું ફળ રાજા અથવા સ્વામી ગ્રહણ કરે. **परक्षेत्रसेतुविषयोऽयं विधिः** પારકા ક્ષેત્રમાં પુલ હોય તે સંબંધી ઉપરનો વિષય છે.

**अंगीकृतेऽपि क्षेत्रे नो कृषिं कुर्यान्नकारयेत् ॥**
**तेनापि देयं तन्मूल्यं फलं स्यादथवा न हि ॥ ३१ ॥**

પોતે લીધેલાં ખેતરોમાં ખેતી કરે અથવા ન કરાવે તો પણ તેનું મૂલ્ય આપવુંજ જોઇએ. પછી તેમાં ફળ થાઓ કિંવા ન થાઓ,

**इति संक्षेपतः प्रोक्तः सीमावादस्य निर्णयः ॥**
**ज्ञेयोविशेषो धीमद्भिर्महार्हन्नीतिशास्त्रतः ॥ ३२ ॥**

ઉપર પ્રમાણે ટુંકામા સીમા વાદનો નિર્ણય કહ્યો, બુદ્ધિમાનોને વિશેષ જાણવાની ઇચ્છા હોયતો બૃહત અર્હન્નીતિ શાસ્ત્રમાંથી જાણી લેવો.

**॥ इति सीमावादप्रकरणम् ॥**

# अथ वेतनादानस्वरूपं लिख्यते ॥

**नत्वा श्रीशीतलं देवं संसारांबुधितारकं ॥**
**वेतनादानवृत्तान्तो वर्ण्यतेऽत्र समासतः ॥ १ ॥**

સંસાર રૂપી સમુદ્રને તારનાર એવા શ્રી શીતલ દેવ પ્રભુને નમસ્કાર કરીને ટુંકામાં 'વેતનાદાન' નું વૃત્તાન્ત વર્ણવીએ છીએ. **पूर्वप्रकरणे सीमावाद उक्तस्तत्र भृत्या अप्यपेक्षिता भवंति इत्यत्र तद्वर्णना तद्वेतनादियुतोच्यते तत्रादौ सेवकभेदानाह ॥** પૂર્વ પ્રકરણમાં સીમાવાદનું વર્ણન કર્યું, તેમાં ચાકરોનો ખપ પડે છે તેથી આ પ્રકરણમાં તેમનું તથા તેમના રોજનું સ્વરૂપ વર્ણવે છે. પ્રથમ ચાકરોના ભેદ કહે છેઃ—

**सेवकाः पंचधा प्रोक्ताः शिष्यांतेवासिभृत्यकाः ॥**
**अधिकर्मकरास्तुर्याः स्मृता दासास्तु पंचमाः ॥ २ ॥**
**चत्वारः प्रथमे तत्र शुभकर्मकराः स्मृताः ॥**
**पंचमो दासको ह्यत्र सर्वकर्मकरो भवेत् ॥ ३ ॥**

સેવક પાંચ પ્રકારના ગણેલા છે, શિષ્ય, અંતેવાસિ, ભૃત્ય, ચોથા અધિકર્મકર અને પાંચમા દાસ; તેમાંના પહેલા ચાર શુભ કર્મ કરનારા અને છેલ્લો એટલે પાંચમો દાસ વર્ગ તે સર્વ કામનો કરનાર હોય છે. **तत्र विद्याध्ययनतत्परः शिष्यः ॥ १ ॥** તેમાં જે વિદ્યા ભણવામાં સાવધાન તે શિષ્ય કહેવાય. **शिल्पविद्यार्थी अंतेवासी ॥ २ ॥** શિલ્પ વિદ્યાનો શીખનાર તે અંતે વાસી જાણવો. **भृत्या कर्मकरो भृत्यः ॥३॥** રોજ લઇ કામ કરે તે ભૃત્ય **कर्मकराणाम-**

धिष्ठाताधिकर्मकर: ॥४॥ ચાકરોનો ઉપરી તેનું નામ અધિકર્મ કર; गृहद्वारस्थोच्छिष्टविण्मूत्राद्यशुचिस्थानशोधकः स्वामिगुह्यांगशोधकश्च दास: ॥ ५ ॥ ઘરની બાર આંગણામાં રહેલા ઉચ્છિષ્ટ (એઠવાડ) મલ મૂત્રાદિ અપવિત્ર વસ્તુને સાફ કરનાર તથા શેઠનાં ગુહ્ય અંગોને ધોઇને સાફ રાખનાર તે દાસ કહેવાય.

भृत्यस्तु त्रिविधस्तत्रायुधिकः प्रोक्त उत्तमः ॥
मध्यमः कृषिकश्चैवाधमो भारस्य वाहकः ॥ ४ ॥
दासाः पंचदश ख्याता गृहजः क्रीत आधितः ॥
लब्धो दायागतश्चैव दुर्भिक्षे पोषितस्तथा ॥ ५ ॥
युद्धे पणे च विजित ऋणभाग् ऋणमोचितः ॥
रक्षितो भुक्तिदानेन प्रव्रज्याप्रच्युतस्तथा ॥ ६ ॥
स्थितो यः स्वयमागत्य वडवालोभतः स्थितः ॥
अमातृपितृको यस्तु विक्रेता स्वयमात्मनः ॥ ७ ॥

ભૃત્ય (ચાકર) ત્રણ પ્રકારનો કહેવાય છે; તેમાં પ્રથમ આયુધિક (શસ્ત્ર ધારણ કરનાર) ઉત્તમ પ્રકારનો ગણેલો છે. ખેડુતને મધ્યમ કહેલો છે. અને ભારવહન કરનારો કનિષ્ટ કહેવાય છે. દાસ જાતના ચાકરો પંદર પ્રકારના છે. ઘરની દાસી થકી ઉત્પન્ન થએલો, વેચાથી લીધેલો, થાંપણમાં મૂકાએલો, પ્રાપ્ત થએલો, પહેરામણીમાં બદલે મળેલો, દુકાળમાં પોષણ કરેલો, યુદ્ધમાં કે સરતમાં જીતેલો, ઋણ ભાક, રૂણમોચિત, રક્ષિત, દિક્ષાથી ભ્રષ્ટ થએલો, કન્યા પરણવાનો લાલચુ, પોતાની મેળે આવીને રહેલો, માત પિતા વગરનો હોવાથી પોતાની જાતને વેચનાર એ પંદર પ્રકાર દાસ-

ના હોય છે. **गृहदास्यां जातो गृहजः** ॥ १ ॥ ઘરની દાસીને પેટે ઉત્પન્ન થએલો તે ગૃહજ, **मूल्येन गृहीतः क्रीतः** ॥ २ ॥ મૂલ્ય આપીયે વેચાથી લીધેલો તે ક્રીત, **स्वामिना धनगृहणार्थमाधितो नीत आधितः** ॥ ३ ॥ સ્વામીએ ધીરેલું ધન પાછું લેવાને. થાપણમાં લીધો હોય તે આધિત, **मार्गेऽनाधारः सार्थभ्रष्टो वा प्राप्तो लब्धः** ॥ ४ ॥ આધાર વગરનો વા કાફલાથી છૂટો પડેલો માર્ગમાંથી જડયો હોય તે લબ્ધ, **विवाहे दाये समागतो दायादः** ॥ ५ ॥ લગ્નની પેરામણીમાં દાસ તરીકે મળ્યો હોય તે દાયાદ, **दुर्भिक्षे पोषितः** ॥ ६ ॥ દુઃકાળમાં પોષણ કરેલો, **संग्रामे जितो युद्धप्राप्तः** ॥ ७ ॥ સંગ્રામમાં જીતાએલો તે યુદ્ધ પ્રાપ્ત, **द्यूतेजितः** ॥ ८ ॥ જૂગટામાં જિતાએલો, **ऋणापनयनं यावत् दास ऋणभाक्** ॥ ९ ॥ દેવું પુરૂં થાય ત્યાં સુધી રાખવામાં આવેલો તે રૂણ ભાક્, **ऋणमोचनैन दासः कृत ऋणमोचितः** ॥ १० ॥ દેવાને છોડવવા પેટે દાસ કરી લીધો હોય તે ઋણમોચિત, **भोजननिबंधेनैव रक्षितः** ॥ ११ ॥ ફક્ત ખાવાનુ આપવું એવા સાટાથી રાખેલો, **प्रवज्याच्युतः** ॥ १२ ॥ દીક્ષાથી ભ્રષ્ટ થએલો, **स्वयमागतः** ॥ १३ ॥ પોતાની મેળે આવેલો, **तत्पुत्रीपरिणयनलोभेनागतः** ॥ १४ ॥ સ્વામીની પુત્રીને પરણવાના લોભથી આવીને દાસપણું કરતો હોય તેવો, **अमातृपितृको यः स्वयमात्मानं विक्रीणाति** ॥ १५ ॥ માબાપ વગરનો પોતે પોતાની જાતે વેચાએલો. **अथदासधर्मोपकरणे हेतुविशेषानाह** ॥ કયા ચાકરોને દાસ પણાના ધર્મમાં છોડવા તેનો હેતુ વિશેષ કહે છેઃ—

**चौरैर्हृत्वा तु विक्रीतो बलाद्दासीकृतश्च यः ॥**
**दासत्वं तस्य नो युक्तं बलात्तं मोचयेन्नृपः ॥ ८ ॥**

ચોરોએ કોઇ માણસને ચોરી કરી લાવી વેચ્યો હોય અને તેને જબરદસ્તીથી દાસપણું કરાવવામાં આવ્યું હોય તેવો માણસ દાસપણાને યોગ્ય નથી માટે રાજાએ તેવા દાસને સખતાઇથી છોડી દેવરાવવો.

**स्वामिनं मोचयेद्यस्तु प्राणसंशयसंकटात् ॥**
**मुच्यते दासभावेन पुत्रवद्भागभाक् च सः ॥ ९ ॥**

પોતાના ધણીને પ્રાણસંકટ આવ્યું હોય તેવે સમયે સ્વામીને તે સંકટથી છોડાવે તે દાસપણામાંથી છુટી પુત્રની પેઠે તેના ધનમાં ભાગીઓ થાય છે. **अयं साधारणः सर्वदासविषयिको विधिः** ઉપરનો શ્લોક સર્વપ્રકારના દાસને મુક્ત કરવાના સાધારણ વિષયનોછે. **अथ विशेषं दर्शयति** ॥ હવે વિશેષભેદ દેખાડે છેઃ—

**सवृद्धिधनदानाद्वै आधिता ऋणमोचिताः ॥**
**दासभावात्प्रमुच्येरन्नकालेपोषितस्तथा ॥ १० ॥**
**भुक्तिदासोऽपि तद्भुक्तद्रव्यं दत्वा च मुच्यते ॥**
**युद्धे पणे जयप्राप्तस्तथा च स्वयमागतः ॥ ११ ॥**
**तुल्येन कर्मणा दास्यान्मुच्येद्दासीकृतोऽपि च ॥**
**दासीनिग्रहतश्चान्ये न मुच्यंते कृतिं विना ॥ १२ ॥**
**प्रव्रज्याप्रच्युतं तत्र दासं कुर्याद्बलान्नृपः ॥**
**आनुपूर्व्या च वर्णानां दास्यं नो प्रातिलोम्यतः ॥१३॥**

દેવાને પેટે રખાએલા દાસો; વ્યાજ સુદ્ધાં દેવાનું ધન આપી દેવામાં આવે એટલે તેઓ દાસપણામાંથી મુક્ત થાય છે. તેજ પ્રમાણે દુકાળમાં પોષણ કરેલા અને ખાવા પેટે રહેલા ચાકરો ખોરાકી ખ-

લના પૈસા આપી દેવાથી દાસ પણામાંથી મુક્ત થઇ શકે છે. તેમજ યુદ્ધમાં કે શરતમાં જીતાયેલા અથવા પોતાની મેળે આવીને રહેલા ચાકરો ચાકરી કરવાને રાખેલા હોય તેમ છતાં ઉપર મુજબ ખોરાકી ના પૈસા ધણીને ભરી દેવાથી ચાકરીથી છૂટી શકે છે. દાસ પણાથી બંધાએલા બીજાઓ શેઠને કૃત્યનો બદલો આપ્યા સીવાય મુક્ત થઇ શકતા નથી. તેમાં પણ જે દીક્ષાથી ભ્રષ્ટ થઇ રહેલો હોય તેની પાસે રાજાએ બળ વાપરી દાસપણું કરાવવું. આ સઘળાં દાસપણાં વર્ણના એટલે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય તથા શૂદ્રના જાતિક્રમ પ્રમાણે ઘટિત રીતે કરાવવું; નહિ કે પ્રતિલોમ્ય પણે એટલે જે વર્ણને જે અધિકાર નથી તેવી વર્ણને તે ન કરવાનું કામ સોંપીને દાસપણું કરાવવું નહિ. એવો આશય જણાય છે.

**अथ दासत्वनिराकरणविधिमाह ॥** હવે ચાકરપણું છોડાવાનો વિધિ કહે છે.

**दासं स्वीयमदासं यः कर्त्तुमिच्छेत्प्रसादतः ॥**
**तस्यांसतः स आदाय सांभःकुंभं च भेदयेत् ॥ १४ ॥**
**छत्राधस्तं च संस्थाप्य मार्जयित्वा च तच्छिरः ॥**
**पुष्पाक्षतानि तच्छीर्षे किरेद्ब्रूयाच्च त्रिर्विभुः ॥ १५ ॥**
**अदासस्त्वमतो जातो दासत्वं च निराकृतं ॥**
**वर्तितव्यं शुद्धचित्ताभिप्रायेण निरंतरम् ॥ १६ ॥**

જે શેઠ દાસપર મેહેરબાની કરીને પોતાના દાસપણામાંથી છૂટવાને ચાકરપર કૃપા કરે છે ત્યારે તેણે ચાકરના ખભાપરથી લેઇને જળનો ભરેલો ઘડો કાણો કરી ચાકરને છત્રી નીચે રાખી

ઘડાના જળવડે તેના માથાપર માર્જન કરવું; અને તેના માથા પર ફરી ફરીને ત્રણ વખત પુષ્પ તથા અક્ષત વેરવા વળી ત્રણ વખત શેઠે કહેવું કે "આજથી તું ચાકરપણામાંથી છૂટયો. તારૂં દાસપણું ગયું. હવે તારે હમેશાં તારા પવિત્ર અન્તઃકરણના વિચારથી વર્તવું, અર્થાત્ તું સ્વતંત્ર મતનો થયો." **अथ भृत्यवेतनविषयमाह** ॥ હવે ચાકરોના પગારના સંબંધમાં કહે છેઃ—

**भृत्याय स्वामिना देयं यथाकृत्यं च वेतनं ॥**
**आदौ मध्येऽवसाने वा यथा यत्रस्य निश्चितं ॥ १७ ॥**
**अनिश्चिते वेतने तु कार्यायाद्दशमांशकं ॥**
**दापयेद्भूपतिस्तस्मै स ह्युपस्कररक्षकः ॥ १८ ॥**

જેવું કામ તે પ્રકારે પ્રથમ પરઠયા મુજબ શેઠે ચાકરને કરેલો પગાર કામ કરવાના આરંભમાં, મધ્યમાં કે કામ કરી રહ્યા પછી આપવો. પગારનો ઠરાવ પ્રથમ ન કર્યો હોયતો શેઠના નફામાંથી દશમો ભાગ રાજાએ ચાકરને આપવો; કારણ કે તે ચાકર શેઠની માલ મતાનો રક્ષક હોય છે. **यदुक्तं बृहदर्हन्नीतौ** બૃહદર્હન્નીતિમાં કહ્યું છે કે **किसिवाणिज्जपसूहिं जं लाहो हवइ तस्स दसमंसं दावेइ निवो मिच्चं अणिच्छिए वेज्जणे तस्स ॥१॥**

**व्यापारे स्वामिवित्तस्य हानिवृद्धिकरः स्वयं ॥**
**योऽस्ति तस्मै भृतिर्देया स्वामिवांछानुसारतः ॥ १९ ॥**

વ્યાપારમાં શેઠના દ્રવ્યની હાની અથવા વૃદ્ધિ કરનાર નોકર હોય તેને શેઠે પોતાની ઇચ્છાનુસાર પગાર આપવો. **हानौ हीनां वृद्धा-**

वधिकां चानिश्चितवेतनत्वात् स्वछंदत्वाच्च तस्य જે ચાકરનો પ-ગાર નીશ્ચય કર્યો ન હોય તેમાં સ્વચ્છંદપણું હોય છે માટે દ્રવ્યમાં હાની થયે ઓછો અને વૃદ્ધિ થયે વધારે પગાર આપવો એ શેઠની મરજી પર અધાર રાખે છે.

अनेककृतकार्ये तु दद्याद्भृत्याय वेतनं ॥
यथाकर्म तथा साध्ये देयं तस्मै यथाश्रुतं ॥ २० ॥

અનેક પુરૂષોએ મળી કામ કર્યું હોય ત્યારે કામના પ્રમાણમાં તેને યોગ્ય પગાર આપવો. અને તે કામ પુરાં થયે સરત મુજબ આપવું

अथ भृत्यदंडमाह ॥ હવે ચાકરના દંડના સંબંધમાં કહે છેઃ—

संप्राप्ते वेतने भृत्यः स्वकं कर्म करोति न ॥
द्विगुणेन च स दंड्योऽप्राप्ते भृतिसमेन च ॥ २१ ॥

પગાર પ્રથમથી લીધો છે છતાં જે ચાકર પોતાને સોંપેલું કામ કરતો નથી, તે બમણા દંડને પાત્ર છે. પ્રથમથી ચાકરીના બદલામાં પગાર લીધો નહોય તેપણ સોંપેલું કામ ન કરે તો તે કરેલા પગારના દ્રવ્ય બરોબર દ્રવ્યના દંડને પાત્ર છે.

अनेकसाध्ये कार्ये तु देयं भृत्याय वेतनं ॥
यथाकार्यं तथासिद्धे सिद्धे देयं यथाश्रुतं ॥ २२ ॥

અનેક વડે સાધ્ય થતું હોય તેવા કાર્યમાં જો કાર્ય સિદ્ધ ન થાય તો નોકરને કાર્ય પ્રમાણે પગાર આપવો અને કાર્ય સિદ્ધ થયે ઠરવ્યા મુજબ દ્રવ્ય આપવું.

भांडं तु नाशयेत्किं चित्प्रमादात् भारवाहकः ॥

तन्मूल्यप्रमितं द्रव्यं दापयेत्स्वामिनं नृपः ॥ २३ ॥
प्रस्थाने नियतो भृत्यो लग्ने विघ्नकरो भवेत् ॥
भृतिद्विगुणदंड्यः स दोषो हि बलवत्तरः ॥ २४ ॥
दंड्यः सप्तमभागेन लग्नात्पूर्वं परित्यजन् ॥
मार्गे तु त्रयभागेन विना व्याध्यादिकारणम् ॥ २५ ॥

ભાર ઉંચકનારો મજુર પોતાની ગફલતથી ઉંચકેલા વાસણો ભાગી નાંખેતો રાજાએ તે વાસણની કીમત મજુર પાસેથી માલિકને અપાવવી. પ્રસ્થાનમાં જોડાએલો નોકર મુકરર કરેલા વખતે વિઘ્ન કરનારો થાય તો તેના કરેલા મૂલ્યથી તે બમણા દંડને પાત્ર થાય છે કારણ કે તે ઘણો મોટો અપરાધ છે મુકરર કરેલા સમય પહેલાં ચાકર જો પોતાના કામ પરથી મૂકીને નાશી જાયતો તે પગારના સાતમા ભાગ જેટલા દ્રવ્યના દંડને પાત્ર છે. વ્યાધિ આદિ ખાસ કારણ સીવાય માર્ગમાંથી અધવચ મૂકીને નાસી જાય તો ત્રીજા ભાગનો દંડ કરવા યોગ્ય છે.

मार्गार्द्धे समतिक्रान्तं कुर्वंतं निजकर्म च ॥
भृत्यं त्यजति यः स्वामी स दद्यात्सकलां भृतिं ॥ २६ ॥

અર્ધે માર્ગે પહોચ્યો હોય અને ચાકર પોતને સોંપેલું કામ બરોબર કરતો હોય તેમ છતાં શેઠ તેને અર્ધેથી કાઢી મુકેતો તેણે ચાકરને સઘળા કરેલા પૈસા આપીને વિદાય કરવો.

इत्येवं वेतनादानस्वरूपं चात्र वर्णितम् ॥
संक्षिप्तं श्रुतपाथोधिमध्याद्रत्नमिवोद्धृतम् ॥ २७ ॥

સમુદ્રમાંથી જેમ રત્ન કાઢી લે તેમ જ્ઞાન રૂપી સમુદ્રમાંથી આ વેતનાદાન ' રૂપી રત્ન કાઢીને તેનું સ્વરૂપ અત્રે સંક્ષેપથી વર્ણવ્યું છે.

**इति वेतनादानप्रकरणम् ॥**

## अथ क्रयेतरानुसंतापप्रकरणम् लिख्यते ॥

**श्रीश्रेयांसं नमस्कृत्य वादिकौशिकभास्करम् ॥**
**क्रयेतरानुसंतापः कथ्यतेऽत्र समासतः ॥ १ ॥**

વાદિરૂપ ઘુવડોને સૂર્યસદશ એવાશ્રી શ્રેયાંસનાથ પ્રભુને નમસ્કાર કરીને અત્રે સંક્ષેપમાં 'ક્રયેતરાનુસંતાપ' એટલે લેવડદેવડથી ઉપજતા પશ્ચાતાપ સંબંધીનું પ્રકરણ કહીએ છિયે.

**पूर्वस्मिन्प्रकरणे भृत्या वर्णिताः तत्सहितो धनी तद्द्वारा स्वयं वा क्रयविक्रयावपि कुरुते तत्र वस्तुपरीक्षामंतरा तज्जनितानुशयोऽपि भवतीतिसंबंधसंबद्धं तत्स्वरूपं कथ्यते** પૂર્વ પ્રકરમાં ચાકરોનું વર્ણન કર્યું; તે ચાકરોવાળો શેઠ પોતે અથવા ચાકરો દ્વારાપણ ક્રયવિક્રય ( લેવું આપવું ) કરે છે, તેમાં વસ્તુની પરીક્ષા સીવાય કરેલા વ્યાપારમાં વખતે પસ્તાવો પણ થાય છે. માટે સંબંધથી જોડાયેલું તેનું સ્વરૂપ હવે કહે છેઃ—

**क्रीतानुशयलक्षणमाह ॥**

**क्रेता पणेन पण्यं यः क्रीत्वा जानाति नो बहु ॥**
**पश्चातापो भवेत्तस्य स क्रीतानुशयः स्मृतः ॥ २ ॥**

જે મનુષ્ય પૈસા આપીને કંઇ વસ્તુ ખરીદે; પરંતુ ખરીદ કર્યા

પછી બહુ કીમતની લાગે નહિ તો તેને પછી પસ્તાવો થાય છે. તે પસ્તાવાને ' ક્રીતાનુશય ' કહેલો છે.

## विक्रीतानुशयलक्षणमाह ॥

विक्रीय द्रव्यं यो मन्येन्मूल्यमल्पमुपागतम् ॥
तस्य चित्तेऽनुतापो यो विक्रीतानुशयो भवेत् ॥ ३ ॥

કોઇ પણ વસ્તુને વેચી અને પછી કહે કે તેનું મૂલ્ય ઘણુંજ ઓછું ઉપજ્યું, એવો તેના ચિત્તામાં જે પસ્તાવો થાય તેનું નામ ' વિક્રીતાનુશય ' કહેવાય.

## अथ वस्तुविशेषपरीक्षाकालावधिमाह ॥

स्त्रीदोह्यबीजवाह्यायोरत्नपुंसां परीक्षणे ॥
क्रीतानामवधिर्ज्ञेयो मासस्त्रिदशपंचभूः ॥ ४ ॥
दिनं सप्तदिनं पक्षश्चात्र दोषे निरीक्षिते ॥
क्रेतादातुं दत्तद्रव्यं शक्तः प्रत्यर्थक्रीतकम् ॥ ५ ॥

હવે વસ્તુ પરીક્ષાના કાલનો અવધિ કહે છેઃ—દાસી વેચાથી લીધા પછી એક માસ તેની પરીક્ષાને માટે કહ્યો છે તેટલામાં તે યોગ્ય ન લાગે તો પોતાનું દ્રવ્ય પાછું લઇ તે દાસી વેચનારને પાછી આપી શકે છે. ભેંસ વિગેરેનો અવધિ ત્રણ દિવસનો છે; બીજ વેચાથી લઇ દશદિવસમાં પાછું આપી શકાય છે- ઘોડા, બળદ કે વાહનની હરકોઇ વસ્તુ પાંચ દિવસ સુધી પાછી આપી શકે, લોઢાનો અવધિ એક દિવસનો છે, રત્નનો અવધિ સાત દિવસનો છે. અને પુરૂષ પરીક્ષાનો અવધિ

પંદર દિવસનો કહેલો છે. પાછળ કહેલી વસ્તુઓ એટલા મુકરર કરેલા અવધિમાં દોષવાળી જણાય તો તે ખરીદનાર તેની વસ્તુ પાછી આપી આપેલું મૂલ્ય પાછુ લઇ શકે છે.

अथोक्तव्यतिरिक्तविषयव्यवस्थामाह ॥

क्रीतं प्रत्यर्पितुं वस्तु ग्राहकश्चेत्समीहते ॥
ऽविकृतं तद्दिने चैव तर्हि प्रत्यर्पयेद् ध्रुवम् ॥ ६ ॥

ददद्द्वितीये दिवसे पणस्त्रिंशांशहानिभाक् ॥
तृतीये द्विगुणा हानिः परतो देयमेव न ॥ ७ ॥

ઉપર કહેલી વસ્તુ શિવાય બીજી વસ્તુઓ સંબંધીની વ્યવસ્થા કહે છે:—વેચાથી લીધેલી વસ્તુ ગ્રાહક પાછી આપવાને ઇચ્છે તો અવશ્ય તેણે બગાડ્યા શિવાય તેજ દિવસે પાછી આપવી. બીજે દિવસે જો ગ્રાહક લીધેલી વસ્તુ પાછી આપેતો તેને વસ્તુની કીમતમાંથી ત્રીશમો ભાગ કાપીને બાકીના પૈસા પાછા મળે ત્રીજે દિવસે ખરીદેલી વસ્તુ પાછી આપવા જાયતો તેથી બમણો ભાગ ઓછો મળે અને ત્રીજે દિવશેતો ખરીદેલી વસ્તુ પાછી આપી શકાયજ નહિ. **अयमपरीक्षितवस्तुग्रहणे विधिः** ઉપરનો વિધિ વગર પરીક્ષા કરે ખરીદેલી વસ્તુના સંબંધમાં છે.

**परीक्षितग्रहे तु न हि क्रीतवस्तुनः प्रत्यर्पणं न च दत्तादानं भवतीत्याह ॥** પરીક્ષા કરીને લીધેલી વસ્તુને પાછી આપી શકાય નહિ તેમજ આપેલા પૈસા પાછા મળે નહિ તે કહે છે.

**परीक्षापूर्वकं क्रीतं क्रय्यं यत्स्वामिना स्वयं ॥**
**तद्विक्रेता न गृह्णीयाल्लब्धं प्रत्यर्पयेन्न च ॥ ८ ॥**

સ્વામીએ પોતે પરીક્ષા કરીને વસ્તુ વેચાથી લીધી, તે વસ્તુ વેચનારો પાછી લઇ શકે નહિ તેમ તેનું મૂલ્ય પણ પાછું આપી શકે નહિ.

**अथ परीक्षाप्रसंगात्स्वर्णादिहानिपरीक्षामाह ॥** અત્રે વસ્તુની પરીક્ષાનો પ્રસંગ છે માટે સોના વિગેરેની હાનિની પરીક્ષા કહે છેઃ—

**वन्हौ स्वर्णस्य नो हानीरजतस्य पलद्वयम् ॥**
**त्रपोरष्टौ च ताम्रस्य पंचायसि पलानि षट् ॥ ९ ॥**

અગ્નિમાં નાખવાથી સોનાની હાનિ થતી નથી. રૂપું બે પલ ઘટે છે, જસત આઠ પલ, ત્રાંબુ પાંચ પલ અને લોઢું છપલ ઘટેછે. **प्रतिशतपलमेषा हानिर्ज्ञेया अधिकहानौ तु शिल्पी दंड्यो भवति ॥** ઉપરની દરેક ધાતુમાં સો પળે એટલી હાનિ સમજવી; એથી વિશેષ હાનિ થાય તો ધાતુનો કારીગર દંડને પાત્ર થાય છે. **यदुक्तं बृहदर्हन्नीतौ ॥** બૃહદર્હન્નીતિમાં કહ્યું છે કેઃ—

**“ हाणी णहु सुवणे अमीए पलदुग्गं भवे रयए तंवस्स पंच लोहे दस सीसे अठयइसयगं ” ॥ १ ॥**

**अथ वस्त्वंतरविषये विशेषमाह ॥** હવે બીજી વસ્તુઓના સંબંધમાં વિશેષ કહે છેઃ—

**कार्पासे सौत्रिके चौर्णे स्थूलसूत्रेण निर्मिते ॥**
**ज्ञेया दशपला वृद्धिः शते प्रक्षालिते सति ॥ १० ॥**

सूक्ष्मसूत्रैश्च निष्पन्ने वृद्धिर्हि त्रिपला भवेत् ॥
मध्यमे मध्यमा ज्ञेया प्रोक्तमेतज्जिनागमे ॥ ११ ॥

त्रिंशद्भागक्षयो रोमजाते च कार्मिके पुनः ॥
कौशेये वल्कले तु स्यान्न वृद्धिर्न क्षयः कदा ॥ १२ ॥

રૂથી, સુતરથી ઉનથી તથા જાડા સુતરથી બનાવેલા ધોએલા કાપડમાં સો પળે દશપળની વૃદ્ધિ થાય છે. ઝીણાં સુતરથી બનેલા કાપડમાં સેંકડે ત્રણ પળ જેટલી વૃદ્ધિ થાય છે. મધ્યમ વર્ગના સુતરથી બનેલા કાપડમાં મધ્યમ વૃદ્ધિ જાણવી એમ જિનશાસ્ત્રમાં કહ્યું છે. પશુપક્ષીનાં રૂવાટાંથી તથા યંત્રથી સૂત્રવતી ચિત્ર કાઢેલા કાપડમાંથી ત્રીશમા ભાગ જેટલો ક્ષય થાય છે અને રેશમમાં તથા વલ્કલ વસ્ત્રમાં ક્ષય કે હાનિ થતી નથી.

चित्रयंत्रसूत्रादिकर्मनिमिते रोमनिमिते च राशितस्त्रिंशद्भागक्षयः स्यात् । कौशेये भूर्जपत्रादिवल्कलनिष्पाद्ये च हानिवृद्धी न हि स्यातामिति ॥

क्रयेतरानुसंतापः संक्षेपेणात्र सूत्रितः ॥
यद्ज्ञानेन प्रवीणाः स्युर्जना व्यापारकर्मणि ॥ १३ ॥

'ક્રયેતરાનુસંતાપ' પ્રકરણ અત્રે સંક્ષેપથી વર્ણવ્યું; જેને જાણવાથી મનુષ્યો વ્યાપારના કામમાં કુશળ થાય છે.

इति क्रयेतरानुसंतापप्रकरणम् ॥

# अथ स्वामिभृत्यविवादप्रकरणम् लिख्यते ॥

**वासुपूज्यजिनं स्तुत्वा दुष्टारातिविनाशकम् ॥**
**स्वामिभृत्यविवादोऽत्र संक्षेपेणाभिधीयते ॥ १ ॥**

દુષ્ટ શત્રુઓને નાશ કરનાર એવા વાસુપૂજ્ય જિનની સ્તુતી કરીને સ્વામી તથા ચાકરનો વિવાદ અત્રે સંક્ષેપથી કહીએ છીએ.

**पूर्वस्मिन्प्रकरणे क्रयविक्रेयपरीक्षाकालावधिरभिहितस्तत्र परीक्षिताः क्रीतगोमहिष्यादयोऽपि भवंति तच्चारणार्थनियुक्तभृत्यदोषे वादः स्यादतो तद्वर्णनोऽभिधीयते** ॥ પૂર્વ પ્રકરણમાં ક્રય વિક્રયની પરીક્ષાના કાળનો અવધિ કહી ગયા, તેમાં પરીક્ષા કરીને લીધેલાં ગાયો, ભેંશો વગેરે પશુઓ હોય છે, તેમને ચારવાને રાખેલા ચાકરો એટલે ગોવાળિઆઓએ કરેલા દોષના સંબંધમાં વાદ થાય માટે તે વર્ણવે છેઃ—

**महिषी त्वष्टमाषैश्च परशस्यविनाशिनी ॥**
**दंड्या तदर्धैः सुरभिस्तस्याप्यर्धैरजात्विविः ॥ २ ॥**

પારકા ખેતરમાં પેશી તેના વાવેલા ધાન્યનો નાશ કરનાર ભેંશના આઠ માસા, ગાયના ચારમાસા, બકરીના બે માસા તેમ ઘેટીના માલેકના પણ બે માસા દંડ કરવો. **माषश्च ताम्रपणस्य विंशतिमो भागः** માસો એટલે ત્રાંબા નાણાનો વિસમો ભાગ સમજવો. **अपराधाधिक्ये तु दंडाधिक्यं स्यादित्याहुः** ॥ અપરાધ વિશેષ હોય તો દંડ પણ વિશેષ થાય તે કહે છેઃ—

**अवत्सानां स्थितानां च चरित्वा तत्र पूर्वतः ॥**
**दंडः स्याद्द्विगुणस्तासां सवत्सानां चतुर्गुणः ॥ ३ ॥**

વાછરડાં વગરની ગાયો અગર ભેંશો કે બકરી કે ઘેટી પૂર્વની પેઠે ચરીને તે ત્યાં ખેતરમાંજ રહે તો પ્રથમના કરતાં તેના માલિકનો બમણો દંડ કરવો, અને વાછરડાં સુધાં રહે તો ચારગણો દંડ કરવો. **क्षेतरांतरविषयं पश्वंतरविषयं च दंडमाह** ॥ ક્ષેત્ર વિશેષ તથા પશુ વિશેષને માટે દંડ કહે છેઃ—

**विवीतेऽपि हि पूर्वोक्त एव तासां दमः स्मृतः ॥**
**खरोष्ट्रयोश्च दंडः स्यात्पूर्वोक्तमहिषीसमः ॥ ४ ॥**

માલકીના ખેતરમાં ઢોર ચારવાથી પૂર્વે જે દંડ કહ્યો છે તેટલોજ કોઇની માલીકીના બીડમાં ચારવાથી પણ સમજવો; તેમ ગધેડાં તથા ઊંટનો દંડ પણ ભેંશના જેટલોજ જાણવો. **एवं च परक्षेत्रशस्य नाशे गोमहिष्यादिस्वामिनां दंडस्तूक्तः परं क्षेत्रस्वामिने तद्धानिनिमित्तं किं दातव्यं तदाह** ॥ એ પ્રકારે પારકા ખેતરનું ધાન નાશ કરવાથી ગાયો તથા ભેંશો વગેરેના ધણીનો દંડ કહ્યો પરંતુ ખેતરના ધણીને તે હાનિ બદલ શું આપવું તે કહે છેઃ—

**ताड्यो गोपस्तु गोमी च पूर्वोक्तदंडभागपि ॥**
**दद्यात् क्षेत्रफलं यद्धि नष्टं क्षेत्राधिपाय तत् ॥ ५ ॥**

ગોવાળીઆને તો આ અપરાધ બદલ મારવો એટલોજ દંડ, અને ગાયોનો ધણી પૂર્વે કહેલા દંડને પાત્ર થાય છે, અને ક્ષેત્રના ધણીનું ક્ષેત્રનો પાક વિગેરે જે કંઇ નુકશાન થયું હોય તે તેને આપવું.

**क्षेत्रफलहानिदाने तु गवादिभक्षणावशिष्टपलालादिकं गोमिनैव ग्राह्यं मध्यस्थस्थापितमूल्यदानेन क्रीतप्रायत्वात् ॥** ખેતરમાં થએલા નુકશાનનો બદલો અપાવ્યા પછી ગાયો ઇત્યાદિક પશુએ ખાતાં અવશિષ્ટ એટલે બાકી રાખેલું પરાળાદિક તે ગાયો વગેરેના ધણીએજ લેવું; કારણ કે કોઇ મધ્યસ્થે ઠરાવેલી નુકશાનીની કીમત આપીને તે વેચાથી લીધા જેવુંજ ગણાય.

**गोपदोषे स ताड्यस्तद्धानिं च गोमी देयात् ॥**

ગોવાળિએ પારકા ખેતરમાં ઢોર ઘાલ્યાં હોય તો તે ગોવાળિઓ મારના દંડને પાત્ર થાય છે; પરંતુ નુકશાનીની તો ઢોરનો ધણીજ આપે છે. **गोमिदोषे स दंड्योऽपि हानिदोऽपि चेति फलितार्थः ॥** ઢોરના ધણીએ પારકા ખેતરમાં ઢોર ઘાલ્યાં હોયતો તે મારના દંડને તથા હાનિને પાત્ર થાય છે એવો અર્થ નીકળે છે. **अयं कामचारे दंड उक्तः** ઉપરનો દંડ જાણી જોઇને પારકા ખેતરમાં ઢોર ઘાલવા માટેનો છે. **अकामचारे तु क्षेत्रविशेषेऽपवादं दर्शयति ॥** અણજાણે તો ક્ષેત્રભેદને વિશે પેહેલાં ઢોરને માટે અપવાદ દર્શાવેછેઃ—

**कामचारे त्वयं दंडोऽकामे दोषो न कस्यचित् ॥**
**यदि ग्रामविवीतांतं क्षेत्रं मार्गसमीपगम ॥ ६ ॥**

ઉપરનો દંડ જાણી જોઇને પારકા ખેતરમાં ઢોર ચારવા માટેનો છે અજાણતાં ઢોરના જવાના માર્ગમાં અથવા ગામની લીલી ઘાસવાળી જમીનના છેડાપર ખેતર હોવાને લીધે ઢોર ચરી જાય તેમાં ગોવાળીઓ કે માલ ધણી દોષને પાત્ર નથી. **अदंड्यान्पशुविशेषानाह ॥** દંડ કરવાને અયોગ્ય ક્યાં પશુઓ તે કહે છેઃ—

**षंडोत्सृष्टागंतुकाश्च पशवः सूतिकादयः ॥**
**दैवाश्च राजकीयाश्च मोच्या येषां न रक्षकः ॥ ७ ॥**

સાંઢીયા, તજી દીધેલા, નવા આવેલા, તરતનાં જન્મ આપનારાં, દેવનાં તથા સરકારી ઢોરને છોડી મૂકવાં કારણ કે તેમનું રક્ષક કોઇ હોતું નથી. **अथगोपकृत्यमाह ॥** હવે ગોવાળિયાનું કામ શું તે કહે છેઃ—

**प्रातर्गृहीता यावंतः गवादिपशवो विका- ॥**
**लेऽर्पणीया हि तावंतो गोपेन गणनोत्तरम् ॥ ८ ॥**

ગોવાળિએ ચારવા માટે સવારમાં જેટલાં ઢોર લીધાં હોય તેટલાં સાંજે ગણીને તેમના ધણીને પાછાં સોંપી જવાં.

**सिंहाहिविद्युदाद्यै मृतश्चौरैर्हृतोऽपि वा ॥**
**तस्य दंडो न गोपस्य तत् प्रमादे स दंडभाक् ॥ ९ ॥**

સિંહ, સર્પ, વીજળી, અગ્નિ વગેરે અકસ્માત્‌થી વગડામાં ચરતાં ઢોર મરી જાય અથવા ચોર ચોરી જાય તેમાં ગોવાળિયાનો દંડ થઈ શકે નહિ; ગોવાળ તો ગફલતને માટે દંડને પાત્ર થાય છે.

**प्रसंगाद्गोपवेतनस्वरूपं गवादिचारक्षेत्रस्वरूपं चोच्यते** પ્રસંગ છે માટે ગોવાળીઆઓને ઢોર ચારવા બાબતમાં પગાર શો આપવો અને ગાયો ઇત્યાદિ ઢોરને કઈ જમીનમાં ચારવાં તેનું વર્ણન કરીએ છીએઃ—

**शताद्गवां वत्सतरा द्विशताद्गोपवेतनम् ॥**
**प्रतिवर्षं भवेद्देयं दोहदश्चाष्टमे दिने ॥ १० ॥**

દર વર્ષે ગોવાળને પગાર સો ગાય પર એક વાછરડી અને બસે ગાય પર બે કરતાં વધારે વાછરડીઓ જાણવી. તેમજ દર આઠમે દીવસે તેને દુધનું પાત્ર આપવું.

**नृपेण ग्रामलोकैश्च रक्षणीया वसुंधरा ॥**
**गवादिपशुवृत्त्यर्थं नो चेद्दुखं सदा भवेत् ॥ ११ ॥**

રાજાએ તથા ગામના લોકોએ ગાયો ઇત્યાદિ પશુઓને માટે ખેડયા વગરની ગોચર જમીન રક્ષણ કરી રાખવી; જો તેમ ન કરે તો હમેશાંનું દુઃખ થાય છે. (પશૂઓને ચરવાની જગા દરેક ગામ દીઠ હોવી જોઇએ એવો ભાવ છે) **तत्प्रमाणमाह** ॥ ગોચર જમીન કેટલી રાખવી તેનું પ્રમાણ કહે છેઃ—

**परिणाहोऽभितो रक्ष्यो ग्रामस्य धनुषां शतम् ॥**
**शतद्वयं कर्बटस्य नगरस्य चतुःशतम् ॥ १२ ॥**

ગામની પછવાડે ચારે પાસ સો, સો ધનુષ્ય વા, કર્બટ (બસ્સે ગામના મુલકની રાજ્યધાની) પછવાડે બસો ધનુષ્ય વા, અને નગરની પછવાડે ચારસે ધનુષ્ય વા ગોચર જમીન રાખવી.

**संक्षेपेणात्र गदितो विवादः स्वामिभृत्ययोः ॥**
**व्यवहारेऽष्टमो भेदो विशेषः श्रुतसागरात् ॥ १३ ॥**

વ્યવહારમાં આઠમો ભેદ જે સ્વામિ ભૃત્યનો વિવાદ, તે અત્રે સંક્ષેપમાં કહ્યો, વિશેષ જાણવાની ઇચ્છા હોય તેમણે બૃહદર્હન્નીતિમાં જોઈ લેવો.

**॥ इति स्वामिभृत्यविवादप्रकरणम् ॥**

## अथ निक्षेपप्रकरणमारभ्यते ॥

**श्रीविमलस्य पादाब्जनखा दिंतु सुखानि वः ॥**
**यज्जन्मनि नभोभागाद्रत्नवृष्टिरभूत्तराम् ॥ १ ॥**

શ્રી વિમલનાથ ભગવાન જેમના જન્મ સમયે આકાશ માર્ગથી રત્નોની અત્યંત વૃષ્ટિ થઇ હતી, તેમના ચરણ રૂપી કમલના નખ તમને અનેક પ્રકારનાં સુખને આપનારા થાઓ. **पूर्वप्रकरणे भृत्यदोषेण स्वामिनो हानिः सूचिता ततः खिन्नः कोऽपि स्वामी वृद्धिलाभार्थं रक्षार्थं वा स्वधनं क्वचिन्निक्षिप्य निर्वाहं करोत्यतो निक्षेपप्रकारोऽत्र वर्ण्यते तत्र तावन्निक्षेपस्वरूपमुच्यते ॥** ગયા પ્રકરણમાં ચાકરના દોષથી સ્વામિને હાનિ થાય છે એમ સૂચવ્યું છે: ત્યારે તેવા ચાકર દ્વારાએ થએલી હાનિથી ખેદ પામેલો કોઇ શેઠ વ્યાજના લાભના અર્થે કિંવા પોતાનાં નાણાનું રક્ષણ થવા માટે પોતાનું ધન કોઇક જગાએ થાપણ મૂકી નિર્વાહ કરે છે; માટે તેવી થાપણનો પ્રકાર અત્રે કહિએ છીયે. તેમાં પ્રથમ થાપણનું સ્વરૂપ કહે છે:—

**कर्मोदयेन मर्त्यस्य संततिर्न भवेद्यदा ॥**
**दुष्टोऽथवा तनुजः स्यात्तदा दुःखं महत्क्षितौ ॥ २ ॥**
**ततः कुटुंबपुष्ट्यर्थं स्तैन्यादिभयतोऽपि वा ॥**
**स्वयं व्यवहृतिं कर्तुमशक्तेन नरेण वा ॥ ३ ॥**
**यात्रार्थमुद्यतेनापि क्षिप्यते यद्वसु स्वकम् ॥**
**धर्मज्ञे कुलजे सत्ये सदाचाररतात्मनि ॥ ४ ॥**

स निक्षेपविधिः प्रोक्तः सर्वजीवसुखप्रदः ॥
स तु द्विविधतापन्नः सामिषाऽमिषभेदतः ॥ ५ ॥

પૂર્વ કર્મના ઉદયને લઇ જ્યારે મનુષ્યને પ્રજા થાય નહિ; ત્યારે અથવા છોકરો દુષ્ટ નીકળે ત્યારે આ લોકમાં મોટું દુઃખ સમજવું. તેવાં દુઃખરૂપ કારણોને લઈ પોતાના કુટુંબના નિર્વાહને માટે અથવા તો ચોરી કરી જવાના ઈત્યાદિ ભયને લીધે, કે પોતે વ્યાપાર કરવાને શક્તિમાન્ ન હોય ત્યારે, વળી યાત્રામાં જવાને તૈયાર થયો હોય ત્યારે જે પુરૂષ, પોતાના ધનને કોઇ ધર્મજ્ઞ, સારાકુલમાં ઉત્પન્ન થએલા, સત્ય બોલનાર તથા સદાચારીને ત્યાં થાપણ મૂકે છે તેને નિક્ષેપ વિધિ કહે છે. તે નિક્ષેપ એટલે થાપણ બે પ્રકારની હોય છે એક વ્યાજુ અને બીજી અનામત.

स तु भूयः कियत्काले निक्षेपं याचयेद्यदा ॥
न तदा स्याद्विसंवादस्ततः शुद्धे विनिक्षिपेत् ॥ ६ ॥
यावद् द्रव्यं च निक्षिप्तं तावद्देयाद्धनी पुनः ॥
यथादानं तथादानं येन प्रीतिः सदा तयोः ॥ ७ ॥

થાપણ મૂકનાર કેટલોક સમય જવા પછી જ્યારે થાપણ રાખનાર પાસે પોતાનું દ્રવ્ય માગે ત્યારે તકરાર થાય નહિ માટે થાપણ પવિત્રને ત્યાંજ મૂકવી. થાપણ રાખનાર ધનવાને પણ તેણે જેટલું ધન આપ્યું હોય તેટલું તેને પાછું આપવું. જે પ્રકારે લેવું તે પ્રકારે આપવું, એવો વ્યવહાર રાખવાથી લેનાર આપનારને પરસ્પર હમેશાંની પ્રીતિ રહે છે.

याच्यमानं स्वकीयं स्वं निक्षेप्ता यो न यच्छति ॥
भूप आहूय तं मैत्र्यभावेन क्षेपिनं वदेत् ॥ ८ ॥
विवादोऽयं किमन्योन्यं नायं धर्मस्तवोचितः ॥
स्ववंशो लज्यते येन न तत्कुर्वीत बुद्धिमान् ॥ ९ ॥

થાપણ મૂકનાર થાપણ રાખનાર પાસેથી પોતાનું દ્રવ્ય પાછું માગે અને જ્યારે તે તેને પાછું ન આપે ત્યારે રાજાએ તે ધણીને બોલાવી મિત્ર ભાવનાથી કહેવું કે આ પરસ્પર નકામી તકરાર શું કરવા માટે જોઇએ; આવો ધર્મ તને યોગ્ય નથી. જે કરવાથી પોતાના વંશને એબ લાગે તેવું કૃત્ય બુદ્ધિમાન્ પુરૂષ કદિ કરતો નથી.

स्वामिन्मम तु न ह्यस्ति देयैतस्य वराटिका ॥
श्रीमद्भिर्निश्चयं कृत्वा यथा रोचेत तत्कुरु ॥ १० ॥

હે સ્વામિન્! મારે તેની એક કોડી દેવી નથી માટે આપ નિશ્ચય કરીને જેમ રૂચે તેમ કરો.

स्वामिकार्यहितोद्युक्तैः पुरुषैः साक्ष्यदायिभिः ॥
विजातिभिर्गूढचरैर्निर्णीयात्सत्यतां द्वयोः ॥ ११ ॥

પછી સ્વામિના હિત કાર્યમાં ઉદ્યોગ વાળા સાક્ષી આપવાને તૈઆર થએલા પુરૂષોથી તથા અન્ય જાતિના છાના બાતમીદારોથી, બેમાંથી ખરો કોણ છે તેનો નિર્ણય રાજાએ કરવો.

वाग्युक्तं चेद्वचः सत्यं तदा भूपो यथातथा ॥
दापयित्वा धनं तस्मै दंडयेद्न्यस्तरक्षकम् ॥ १२ ॥

વાદિ એટલે થાપણ મૂકનારનું કહેવું ખરૂં ઠરે તો તેનું ધન પાછું અપાવી થાપણ સાચવનારનો ( રાજાએ ) દંડ કરવો. **अर्थिन्यसत्ये किं स्यादित्याह ॥** વાદિ ખોટો ઠરે તો શું કરવું તે કહે છેઃ—

**अर्थिन्यसत्ये दंड्यः स यावद्वेदनमर्थतः ॥**
**तथा न पुनरन्योऽप्यनीतिं कुर्याच्च कश्चन ॥ १३ ॥**

વાદિ જૂઠો ઠરેતો તેણે થાપણના જેટલા રૂપિયા કહ્યા હોય તેટલી રકમથી તેનો દંડ કરવો જેથી કરીને ફરીને બીજો કોઇ તેવી અનીતિ કરે નહિ. **उपनिधिस्वरूपमाह ॥** હવે ઉપનિધિનું સ્વરૂપ કહે છે.

**निजमुद्रांकितं बन्धं कृत्वा च वस्तुनः स्वयम् ॥**
**निकटे स्थाप्यतेऽन्यस्य बुधैरुपनिधिः स्मृतः ॥ १४ ॥**

પોતાનું સીલ કરીને અને બંધ કરીને પોતે જે વસ્તુ બીજાને સોંપે છે તેને વિદ્વાનોએ ઉપનિધિ કહેલી છે.

**निक्षेप्त्रा लेखपत्रे चेत्पुत्रनाम न लेखितम् ॥**
**याचितं तदवाप्नोति पुत्र ऋक्थं मृतौ पितुः ॥ १५ ॥**

થાપણ મૂકનાર લેખ પત્રમાં પુત્રનું નામ લખતો ગયો ન હોય છતાં પિતાના મૃત્યુ પછી તે થાપણનું ધન ધણી પાસે માગે તો તે તેને મળે છે.

**जलाग्निचौरैर्यन्नष्टं तन्निक्षेप्ता न चाप्नुयात् ॥**
**निक्षेपरक्षकाद्द्रव्यं तत्प्रसादादृते नरः ॥ १६ ॥**

જળ, અગ્નિ કે ચોરોથી થાપણ મૂકેલા દ્રવ્યનો નાશ થાય તો

થાપણ રાખનારની કૃપા સિવાય થાપણ મૂકનાર તે દ્રવ્ય મેળવી શકે નહિ. **ऋक्थिधनिनोर्निक्षेपनिन्हवं कुर्वतोर्नृपः किं कुर्यादित्याह** ॥ થાપણ રાખનાર ધની થાપણને ઓળવી જતો હોય ત્યારે રાજાએ શું કરવું તે કહે છે:—

**निक्षेपापन्हुतिं कर्त्रों समाद्यैः शपथैर्नृपः ॥**
**साक्ष्यादिशपथैर्वापि योऽसत्यस्तं तु दंडयेत् ॥ १७ ॥**

સર્વ પાપના સોગન આપતાં છતાં અને સાક્ષી ઇત્યાદિની સોગન પર જુબાની છતાં જે અસત્ય બોલે અને થાપણ ઓળવે તેનો રાજાએ દંડ કરવો.

**चेदसत्यं द्वयोर्वाक्यं राज्ञा दंड्यावुभावपि ॥**
**यावन्निवेदितं स्वांताभिप्रायं तावता लघु ॥ १८ ॥**

વાદિ પ્રતિવાદિ બેઉ જૂઠું બોલતા હોય તો જ્યાં સુધી તેઓ પોતાના અંઃકરણથી ખરો અભિપ્રાય આપે નહિ ત્યાં સુધી રાજાએ સત્વર બેઉનો દંડ કરવો.

**निक्षिप्तं यो धनं ऋक्थी निन्हुतेऽस्मान्महीधनः ॥**
**गृहीत्वा षोडशांशं प्रागर्थिनं दापयेत्समम् ॥ १९ ॥**

*થાપણ રાખનાર થાપણ મૂકેલું ધન ઓળવી જતો હોય ત્યારે રાજાએ તેની પાસેથી સોળમા ભાગનુ ધન પ્રથમ લઇ પછી થાપણ મૂકનારને તેનું પુરે પુરૂં ધન અપાવવું. **अर्थिकृताभियोगे यो व्ययो र्थिनः स्यात्स भूपेन प्रत्यर्थिनो अर्थिने दापयितव्य इत्याह ॥** આવા થાપણ સંબંધીના કજીઆમાં દાદ મેળવતાં વાદિને જે કંઇ

ખર્ચ થયું હોય તે રાજાએ પ્રતિવાદિ પાસેથી અપાવવું તે માટે કહે છેઃ—

**यो नियोगेऽर्थिनो जातो व्ययः प्रत्यर्थिनो नृपः ॥**

**तद्द्रव्यं दापयेत्सर्वं लिखित्वा जयपत्रके ॥ २० ॥**

આવા કામમાં વાદિને દાદ મેળવતાં જે કંઈ ખર્ચ થયો હોય તે દ્રવ્ય હુકમ નામા પત્રમાં લખીને રાજાએ અપાવવું. અર્થાત્ થાપણની રકમ પર ખર્ચનો આંકડો ચઢાવીને હુકમ નામું કરવું. **अथोपनिधिहरणविषयमाह ॥** હવે ઉપનિધિના હરણનો વિષય કહે છેઃ—

**कश्चिच्चोपनिधेर्हर्ता भूपेन यदि निश्चितः ॥**

**दंड्यः स्याद्दापयित्वा प्राक् निक्षिप्तक्षेपकाय तं ॥ २१ ॥**

પૂર્વે જેનું લક્ષણ કહ્યું છે તેવા ઉપનિધિને અમુક હરનારો છે એમ જો રાજાએ નક્કી કર્યું તો પ્રથમ વાદિને તેનું ધન અપાવીને રાજાએ પછી પોતાનો દંડ વસુલ કરવો. **यः कैतवेन कंचिद्वंचयेत्स दंडय इत्याह ॥** જે કપટવડે કોઇને છેતરે તે દંડને પાત્ર થાય છે; તે કહે છે;—

**राज्यगेहे श्रुतं मित्र नृपः कुद्धस्तवोपरि ॥**

**ततस्त्वं मद्गृहे तिष्ठ रक्षामि त्वामसंशयम् ॥ २२ ॥**

**चेद्भूयस्त्वद्गृहस्थानि वस्तूनि द्राक् गृहीष्यति ॥**

**त्वदिच्छा चेत्समस्तानि मद्गेहे स्थापयाम्यहम् ॥ २३ ॥**

**इत्येवं कैतवं कृत्वा भयं दत्वा हरेद्धनम् ॥**

**कन्यावास्तुहिरण्यादि हेतुभिर्विविधैः खलः ॥ २४ ॥**

**स दंड्यो भूमिपालेन कारागारादिबंधनैः ॥**

**निर्वास्यो नगरात्स्वीयात्सर्वलोकप्रपंचकः ॥ २५ ॥**

હે મિત્ર! દરબારમાંથી મેં સાંભળ્યું છે કે રાજા તારાપર કોપ્યો છે; માટે તું મારા ઘરમાં રહે, અવસ્ય હું તારૂ રક્ષણ કરીશ. મને ભય લાગે છે કે વખતે તારા ઘરની વસ્તૂઓ સત્વર રાજા લુંટી લેશે માટે જો તારી ઇચ્છા હોય તો તે સઘળી વસ્તુઓ હું મારા ઘરમાં મૂકી છાંડુ. એ પ્રકારનું કપટ કરીને ભય આપી કોઇનું ધન હરી લે; કન્યા, ઘર, સોનું ઇત્યાદિ, વિવિધ પ્રકારના હેતુઓથી કોઇ ખળ લઇલે; તેવા સર્વ લોકોને છેતરનારનો રાજાએ કેદખાનું ઇત્યાદિ બંધનોથી દંડ કરવો અને પોતાના નગરથી બહાર કાઢી મૂકવો. **साक्षिनिश्चितवादविषय माह ॥** હવે સાક્ષીઓથી નિશ્ચય કરેલા વાદનો વિષય કહે છેઃ—

**साक्षिनिश्चितनिक्षेपविवादेऽन्योऽन्यमेव च ॥**

**यावत्साक्ष्यादिभिः सिद्ध्येत् तदेव स्यात्प्रमाणयुक् ॥२६॥**

સાક્ષિઓથી નિશ્ચય થાય તેવા થાંપણ સંબંધી કજીઆમાં જ્યારે પરપસ્પર સાક્ષીઓ પુરાવો મળે ત્યારે તે સત્ય પ્રમાણ વાળો કહેવાય **एतद्विषये साक्षिणो भिन्ना भवंति तेषु योग्यायोग्यानाह ॥** આવા થાંપણ સંબંધીના કજીઆમાં સાક્ષીઓ ભિન્ન, ભિન્ન થાય ત્યારે યોગ્ય સાક્ષિ કીયા ગણવા અને અયોગ્ય કીયા માનવા તે કહે છેઃ-

**यः कृत्यस्यादिमंतं च जानाति नितरां नरः ॥**

**प्रत्यक्षदर्शी साक्षी स्यान्न परः श्रुतिमात्रतः ॥ २७ ॥**

જે સાક્ષી કામના આદિથી અંત્ય સુધી પાસે રહીને જાણનારો છે, જે પ્રત્યક્ષ દેખનારો છે, તે સાક્ષી થઇ શકે બીજો સાંભળવા

માત્રથીજ સાક્ષી પુરી શકે નહિ.

स साक्षी द्विविधः स्वाभाविको नैयोगिकः पुनः ॥
तत्राद्यः षड्विधो ज्ञेयः परः पंचविधः स्मृतः ॥२८॥ तथाहि
ग्रामीणः प्राड्विवाकश्च भूपश्च व्यवहारिणः ॥
राज्यस्यकार्याभिरतोऽर्थिना तु प्रहितश्च यः ॥ २९ ॥
कुल्याः कुल्यविवादेषु विज्ञेयास्तेऽपि साक्षिणः ॥
न्यायोक्तगुणसंपन्ना अर्थिप्रत्यर्थिमोदिनः ॥ ३० ॥
रदितः स्मारितश्चैव यदृच्छागत एव च ॥
गुप्तोऽथ साक्षिसाक्षी च एवं पंचविधः परः ॥ ३१ ॥

તે સાક્ષી બે પ્રકારનો છે સ્વાભાવિક અને નૈયોગિક; તેમાં પણ સ્વાભાવિક છ પ્રકારનો અને નૈયોગિક પાંચ પ્રકારનો હોય છે. ગામનો પટેલ, ન્યાયાધીશ, રાજા, વ્યાપારીઓ રાજ્યના કાર્યમાં મગ્ન અને વાદિએ મોકલેલો; કુળમાં થએલા કજીઆમાં વાદિ તથા પ્રતિવાદિને હર્ષ કરનારા ન્યાયે દર્શાવેલા ગુણે કરીને યુક્ત તથા કુળવાન હોય તે પણ સાક્ષીઓ જાણવા. રદિત, સ્મારિત, યદચ્છાગત, ગુપ્ત તથા સાક્ષિ સાક્ષી, એ પાંચ પ્રકારના નૈયોગિક સાક્ષી જાણવા.

स्वधर्मनिरताः शस्याः कुलीनाश्च तपस्विनः ॥
दानिनो धनिनः पुत्रवंतो बहुकुटुंबिनः ॥ ३२ ॥
निर्लोभाश्च विजातीयाः श्रुताध्ययनसंयुताः ॥
शुद्धवंशोद्भवा दृद्धाः कार्या वै साक्षिणस्त्रयः ॥ ३३ ॥

સ્વધર્મમાં કુશળ, વખાણવા લાયક, કુળવાન્, તપસ્વી, દાન પુન્ય કરવા વાળા, ધનવાન્, પુત્ર વાળા, ભોળા કુટુંબી, લોભ વગરના, બીજી નાતના, અને શાસ્ત્રના ભણેલા તથા શુદ્ધ વંશમાં ઉત્પન્ન થએલા ત્રણ વૃદ્ધ શાક્ષિઓ કરવા.

स्त्रीणां साक्ष्ये स्त्रियः कार्याः पुरुषाणां नरास्तथा ॥
परोपकारनिरताः शत्रुमित्रसमेक्षणाः ॥ ३४ ॥

સ્ત્રીઓમાં સ્ત્રીઓ સાક્ષી કરવી અને પુરૂષોમાં પુરૂષ સાક્ષી કરવા. તે સાક્ષીઓ પરોપકાર કરવામાં કુશળ અને શત્રુ તથા મિત્રને સમદ્દષ્ટિએ જોનારા હોવા જોઇએ.

**रदितादीनां स्वरूपमाह ॥** રદિત વગેરે સાક્ષીઓનું સ્વરૂપ કહે છે.

अर्थिना स्वयमानीतो यः पत्रे प्राग् निवेश्यते ॥
स साक्षी रदितो ज्ञेयोऽरदितः पत्रकादृते ॥ ३५ ॥
कार्ये मुहुर्मुहुः पृष्टो कार्यसिद्ध्यर्थमेव च ॥
स्मार्यते चार्थिना यो वै स स्मारित इहोच्यते ॥ ३६ ॥
विवाददर्शनार्थं यः स्वयं राज्यसभास्थले ॥
उपकारेच्छया प्राप्तो यदृच्छागत उच्यते ॥ ३७ ॥
प्रसंगादागतः साक्षी वा प्रयोजनतः स्वयम् ॥
प्रत्यर्थिवचनं श्रोतुमर्थिना स्थापितश्च यः ॥ ३८ ॥
गुप्तसाक्षी स विज्ञेयोऽर्थिनः कार्यस्य सिद्धिदः ॥
साक्ष्युक्तश्रवणाज्जातस्फुर्तिरुत्तरदायकः ॥ ३९ ॥

साक्षिसाक्षी स विज्ञेयः साक्षिणां साक्ष्यदायकः ॥
इमे चैकादशविधाः साक्षिणः परिकीर्तिताः ॥ ४० ॥
अत्र शुद्धवंशजा इत्यनेन मूर्धावशिष्टां-
बष्टादीनां न साक्षियोग्यतेति सिद्धं ।
इति संक्षेपतः प्रोक्तो निक्षेपविधिसंग्रहः ॥
विस्तृतिश्चास्य विज्ञेया महार्हन्नीतिशास्त्रतः ॥ ४१ ॥

વાદીએ પોતે સાક્ષીને આણ્યો હોય, અને પ્રથમ અરજીના પત્રમાં દાખલ કર્યો હોય તે 'રદિત' જાણવો, અને અરજીના કાગળમાં નહિ દાખલ કરેલાને 'અરદિત' જાણવો. જેને કાર્ય વારંવાર પુછવામાં આવ્યું હોય અને કાર્યસિદ્ધિને અર્થે વાદી જેને સંભારતો હોય તે 'સ્મારિત' સાક્ષી જાણવો. ઉપકારની બુદ્ધિથી મુકરદમો જોવા માટે જે પોતાની મેળે આવ્યો હોય તે 'યદૃચ્છાગત' કહેવાય છે. અને પોતાના પ્રયોજનથી આવ્યો હોય તો 'પ્રસંગાગત' સાક્ષી જાણવો. પ્રતિવાદીનું વચન સાંભળવાને વાદીએ જે સ્થાપન કર્યો હોય તે 'ગુપ્ત' સાક્ષી જાણવો, તે વાદીના કાર્યને સિદ્ધિ આપનારો છે. સાક્ષીનું વચન સાંભળી સ્ફુરતા આવવાથી જે ઉત્તર આપે ને 'સાક્ષિસાક્ષી' જાણવો, કારણ કે તે સાક્ષિઓના કહેવાપરથી જુબાની આપનાર છે. ઉપર શુદ્ધ વંશમાં ઉત્પન્ન થયેલા કહેલા છે તે ઉપરથી શુદ્ધ શિવાયના બાકી રહેલા દાસીપુત્રાદિક સાક્ષીને યોગ્ય નથી એ પ્રમાણે ટુંકામાં નિક્ષેપવિધિ કહ્યો. મોટા અર્હન્નીતિશાસ્ત્રથી તેનો વિસ્તાર જાણી લેવો.

॥ इति निक्षेपप्रकरणम् समाप्तम् ॥

## अथ अस्वामिविक्रयप्रकरणमारभ्यते ॥

**श्रीमदर्हंतमानम्यानंतं चानंतसौख्यदम् ॥**

**यथागमं वर्ण्यतेऽत्र विक्रयोऽस्वामिवस्तुनः ॥ १ ॥**

અનંત સુખના આપનાર અનંતનાથ ભગવાનને નમસ્કાર કરીને વગર સ્વામીએ વેચાતી વસ્તુનું અત્રે યથાશાસ્ત્ર વર્ણન કરીએ છીએ.

**पूर्वप्रकरणे निक्षेपो वर्णितो निक्षिप्तधनं च कोऽपि लोभी स्वाम्याज्ञामंतरापि विक्रीणात्यतस्तद्वर्णना क्रियते तत्र प्रथममस्वामिविक्रयस्वरूपमाह ॥** પૂર્વપ્રકરણમાં થાપણનું સ્વરૂપ કહ્યું; તે થાપણનું ધન કોઇ લોભી તેના માલિકની આજ્ઞા સિવાય વેચે, તે માટે તેનું વર્ણન કરીએ છિએ. તેમાં પ્રથમ સ્વામિની ગેરહાજરીમાં વેચાણ થાય તેનું સ્વરૂપ કહીએ છીએ.

**प्रच्छन्नं परकीयस्य नष्टनिक्षिप्तवस्तुनः ॥**

**विक्रयः स्वाम्यसत्त्वे यः स स्यादस्वामिविक्रयः ॥ २ ॥**

ચોરાએલી અથવા થાપણ મૂકેલી વસ્તુ તેના સ્વામિની ગેરહાજરીમાં છાની રીતે વેચે તે અસ્વામિ વિક્રય થયો એમ કહેવાય. **ननु स्वाम्याज्ञामंतरा वस्तुविक्रेता कीदृशदंडयोग्यः स्यादित्याह ॥** સ્વામિની આજ્ઞા સિવાય વસ્તુ વેચનાર કેવા દંડને પાત્ર થાય તે કહેછેઃ—

**स्वाम्यज्ञातकृते कोऽपि विक्रीणात्यन्यवस्तु यः ॥**

**स दंड्यश्चौरवत्तत्स्वं दापयेत्स्वामिनं नृपः ॥ ३ ॥**

**दायश्च विक्रयश्चापि स्वाम्यसत्त्वेऽन्यवस्तुनः ॥**

**कृतोऽप्यकृत एव स्याद्व्यवहारविनिर्णये ॥ ४ ॥**

સ્વામીની આજ્ઞા સિવાય કોઈ પણ માણસ પારકી વસ્તુને વેચે, તે ચોર જેટલા દંડને પાત્ર છે. રાજાએ તે વેચનારનો દંડ કરી તેની કીમત તેના માલેકને અપાવવી. વ્યવહાર શાસ્ત્રનો એવો નિર્ણય છે કે–સ્વામીની ગેર હાજરીમાં પારકી વસ્તુ વેંચે કે વેચેતો તે કરેલું કૃત્ય ન કર્યા બરોબર છે. **ननु अल्पमूल्येन रहसि कालातिक्रमे राज्यादौ वा निर्द्धनान्महर्घ्यवस्तु गृह्णन् क्रेतापि किं दंडनीयः स्यादित्याह ॥** વખત બે વખત અથવા રાત્રે છાની માની કોઇ ગરીબ માણસ પાસેથી ભારે મૂલ્યની કીમતની વસ્તુ થોડા પૈસા આપી વેચાતી લઇલે તે લેનાર શું દંડને પાત્ર થાય છે? તે કહે છે:—

**दीनान्महार्घवस्तूनां क्रेताऽकाले रहस्यपि ॥**
**अल्पमूल्येण गृह्णन्वा दस्युवद्दंडभाग् भवेत् ॥ ५ ॥**

ગરીબ મનુષ્ય પાસેથી ભારે કીમતની વસ્તુ અકાળે અથવા એકાન્તમાં ખરીદે, અથવા થોડું મુલ આપીને લે તે ચોરની પેઠે દંડને પાત્ર થાયછે **ननु यदि धनी स्वंवस्त्वन्यविक्रीतं क्रेतृहस्तगतं पश्येत् तदा किं कार्यमित्याह ॥** જ્યારે ધની–ધનવાન્ પોતાની વસ્તુ બીજાએ વેચેલી અને તે ખરીદનારને હાથ ગએલી પોતે જૂએ તો તેટાણે શું કરવું; તે કહે છે:—

**लब्ध्वा स्वमन्यविक्रीतं क्रेतृहस्तस्थितं धनी ॥**
**तं ग्राहयेत्तलारक्षं स्वयमादाय वार्पयेत् ॥ ६ ॥**
**नष्टं चापहृतं वस्तु मदीयमिति साधयेत् ॥**
**ततः क्रेतापि शुद्ध्यर्थं विक्रेतारं प्रदर्शयेत ॥ ७ ॥**

**ततो मूल्यं स आप्नोति शुद्ध्येच्चापि न संशयः ॥
यद्यशक्तस्तमानेतुं तदा साक्ष्यादिभिः क्रयम् ॥ ८ ॥
दिव्येन वा शोधयित्वा वस्तु दत्वा गृहं व्रजेत् ॥
क्रेतान्यथा तु दंड्यः स्याद्गृह्णीयाद्वस्तु तद्धनी ॥ ९ ॥**

પોતાની વસ્તુ બીજાએ વેચેલી તે લેનારના હાથમાં- રહેલી માલીક દેખે તો તેણે તે લેનારને કોટવાળ પાસે પકડાવવો અથવા પોતે પકડી સોંપી દેવો, ખોવાએલી અથવા ચોરાએલી વસ્તુ મારી છે એમ જો કોઇ સિદ્ધ કરે તો ખરીદનારે પવિત્રપણા માટે વેચનારને દેખાડવો. તેની પાસેથી પોતે આપેલા પૈસા પાછા મેળવે છે પોતે નિર્દોષ ઠરે છે એમાં કંઇ સંશય નથી. જો વેચનારને તે આણી શકે તેમ ન હોયતો સાક્ષી અથવા શપથથી પવિત્ર થઇ વસ્તુ માલેકને સોંપી પોતાને ઘેર જાય. જો તેમ કરે તો વેચાથી લેનાર દંડને પાત્ર થાય છે અને વસ્તું તેના મૂળ માલેકને મળે છે.

**ननु वस्तुगवेषणानियुक्तेन वस्तुलाभे किं कर्तव्यमित्याह॥** વસ્તુ ખોળવામાં મંડેલાએ વસ્તુ ખોળી કાઢી પછી તેણે શું કરવું તે કહે છેઃ—

**नष्टं चापहृतं वस्तु समासाद्य कथंचन ॥
स वस्तुचोरं राजानं समर्प्य स्वं निजं वदेत् ॥ १० ॥**

ખોવાએલી અગર ચોરાએલી વસ્તુ કોઇક ઉપાયથી ખોળી કાઢી તે વસ્તુ તથા ચોરને રાજાને સોંપી કહેવું કે આ દ્રવ્ય–વસ્તુ મારી પોતાની છે. **यदि नो निवेदयेत् तर्हि सोऽपि नृपदंड्यः स्यादि-**

**स्याह** ॥ જો એ રાજાને ન નિવેદન કરે તો તે પણ દંડને પાત્ર થાય તે કહે છેઃ—

**यस्माल्लब्धं हृतं नष्टं तद्वृत्तमनिवेद्य यः ॥**

**भूपं स्वयं च गृह्णाति दंड्यः षण्णिधिभिः पणैः ॥ ११ ॥**

જેની પાસેથી ખોવાયેલી અથવા ચોરાયેલી વસ્તુ મળી આવે તેનો વૃત્તાન્ત રાજાને જણાવ્યા સિવાય તે વસ્તુ પોતાની મેળે ગ્રહણ કરીલે તે પણ ચોપણ પણના દંડને પાત્ર થાય છે. **ननु निःस्वामिकधने राजपुरुषहस्तगते का व्यवस्थेत्याह** ॥ સ્વામી વગરનું ધન રાજપુરૂષોના હાથમાં આવે ત્યારે તેમણે તેનું શું કરવું; તે કહે છેઃ—

**राजा निःस्वामिकमृक्थमात्र्यब्दं संनिधापयेत् ॥**

**स्वाम्याप्तुं तत्र शक्तस्तत्परतस्तु नृपः प्रभुः ॥ १२ ॥**

સ્વામિ વગરનું ધન રાજાએ ત્રણ વર્ષ સુધી અનામત રાખી મૂકવું; તેટલી મુદતમાં તેનો ખરો માલિક તે મેળવવાને શક્તિવાન થાય છે, અને ત્રણ વર્ષ વિતી જવા પછી તે દ્રવ્યનો માલિક રાજા છે.

**वर्णितोऽयं समासेनाऽस्वामिविक्रय एव च ॥**

**विशेषस्तु बृहच्छास्त्राज् ज्ञातव्यो धिषणान्वितैः ॥ १३ ॥**

આ અસ્વામીવિક્રય અત્રે ટુંકામાં વર્ણવ્યો છે જે બુદ્ધિમાનોને વધારે જાણવાની ઇચ્છા હોય તેમણે મોટા અર્હન્નીતિ શાસ્ત્રમાંથી જાણી લેવો.

**इति अस्वामिविक्रयप्रकरणम् ॥**

## अथ वाक्पारुष्यप्रकरणमभिधीयते ॥

श्रीमद्धर्मजिनं नत्वा सर्वकर्मविनाशनम् ॥
यन्नामस्मृतिमात्रेण सफलाश्च मनोरथाः ॥ १ ॥

જેનું નામ સ્મરણ કરતાંમાંજ સર્વપ્રકારના મનોરથો સફળ થાયછે એવા, સર્વ કર્મને નિર્મૂળ કરનાર શ્રી ધર્મનાથ પ્રભુને નમીને (કહું છું.)

**पूर्वप्रकरणेऽस्वामिविक्रयो वर्णितस्तत्र वाक्पारुष्यं भवति इति तद्वर्णनमत्र प्रतिपाद्यते** ગયા પ્રકરણમાં અસ્વામિવિક્રયનું સ્વરૂપ કહ્યું; તેમાં વાણીનું કઠોરપણું થાય છે તે કઠોરપણાનું વર્ણન આ પ્રકરણમાં પ્રતિપાદન કરે છેઃ—

येनोपयोगो जीवस्य शुद्धमार्गात्प्रणश्यति ॥
वाक्पारुष्यमिति प्रोक्तं तदहं वच्मि किंचन ॥ २ ॥
प्राणिपीडानिदानं यल्लोकेऽप्रीतिकरं घनं ॥
सद्भिस्तत्प्राणनाशेऽपि न वाच्यं परुषं वचः ॥ ३ ॥

वाचा सत्यापि या लोके जीवानां दुःखदायिका ॥
सा ग्राह्यते न केनापि वनवासितपस्विना ॥ ४ ॥

જે વડે જીવનો ઉપયોગ શુદ્ધ માર્ગથી નાશ પામેછે તેને 'વાક્પારૂષ્ય ' કહેલું છે, તેનું કિંચિત્ સ્વરૂપ હું અત્રે કહું છું. જે વચન લોકમાં અત્યંત અરૂચિકર અને પ્રાણિયોને પીડાનું કારણ ભૂત થાય છે, તેવું કઠોર વચન પ્રાણસંકટ છતાં પણ સદ્પુરૂષોએ બોલવું નહિ. વાત સાચી હોય છતાં જીવોને દુઃખ આપનારી હોય તો તેવી વાત

કોઇ વનવાસી તપસ્વીપણ ગ્રહણ કરાવી શકે નહિ.

**ब्राह्मणक्षत्रविट्शूद्रा वदंतः परुषं वचः ॥**
**नृपेणात्महितार्थं वै दंड्या वर्णानुसारतः ॥ ५ ॥**

બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય તથા શૂદ્ર એ ચારે વર્ણમાંથી જે કોઇ વર્ણનો મનુષ્ય કઠોર વચન બોલે તો પોતાનું હિતઇચ્છનાર રાજાએ અવશ્ય તેમનો દંડ વર્ણના અનુક્રમ પ્રમાણે કરવો.

**द्विजोऽयं चौर इत्युक्त्वा व्याक्रोशं क्षत्रियो यदि ॥**
**कुरुते भूपतिर्दंडं देयाच्चं मुद्रिकाशतैः ॥ ६ ॥**

આ બ્રાહ્મણ ચોર છે; એમ જ્યારે ક્ષત્રીય ( વ્યાક્રોશ ) નિંદા કરે ત્યારે રાજા તેનો સોમુદ્રા દંડ કરે.

**वैश्याक्रोशे तदर्धं स्याच्छूद्राक्रोशे च विंशतिः ॥**
**क्षत्राक्रोशे तु क्षत्रस्य दंडः खाग्निमितैः पणैः ॥ ७ ॥**

વૈશ્યનો આક્રોશ થાય તો તેથી અર્ધો દંડ કરવો, શૂદ્રના આક્રોશમાં વીશમુદ્રા, અને ક્ષત્રીજો ક્ષત્રીનો આક્રોશ કરે તેનો દંડ ત્રીશ પણા કરવો.

**ब्राह्मणेन द्विजाक्रोशे आक्रुष्टे क्षत्रियेऽपि च ॥**
**सम एवोभयत्रास्ति चत्वारिंशत्पणैर्दमः ॥ ८ ॥**

બ્રાહ્મણ બ્રાહ્મણનો આક્રોશ કરે અને ક્ષત્રિયનો પણ આક્રોશ કરે તો બે બાબતમાં સમાન દંડ એટલે ચાળીશ પણ દંડ કરવો.

**वैश्याक्रोशे तु विप्रस्य पणानां पंचविंशतिः ॥**
**शूद्राक्रोशे भवेत्तस्य दंडस्तु दशभिः पणैः ॥ ९ ॥**

બ્રાહ્મણ વૈશ્યનો આક્રોશ કરે તો તેનો પચીસ પણ દંડ; અને

શૂદ્રનો આક્રોશ કરે તો દશપણનો દંડ કરવો.

**वैश्येन ब्राह्मणाक्रोशे मुद्रासार्धशतैर्दमः ॥**

**क्षत्राक्रोशे तदर्धः स्याच्छूद्राक्रोशे ततोऽर्धकः ॥ १० ॥**

વૈશ્ય બ્રાહ્મણનો આક્રોશ કરે તો તેનો દોઢસો મુદ્રા દંડ; ક્ષત્રીનો કરે તો પોણોસો અને શૂદ્રનો આક્રોશ કરે તો તેનો સાડી સાતરીશ મુદ્રા દંડ કરવો.

**वैश्याक्रोशे तु वैश्यस्य पणैस्त्रिंशद्भिरीरितः ॥**

**शूद्रेण ब्राह्मणाक्रोशे दंडः स्यात्ताडनादिभिः ॥ ११ ॥**

વૈશ્ય વૈશ્યનો આક્રોશ કરે તો તેનાં દંડ ત્રિસ પણનો કહેલો છે. શૂદ્ર બ્રાહ્મણનો આક્રોશ કરે તો તેનો તાડન ઇત્યાદિક દંડ કરવો.

**क्षत्राक्रोशे शतं सार्धं वैश्याक्रोशे तदर्धकम् ॥**

**शूद्रेण शूद्राक्रोशे तु पणानां पंचविंशतिः ॥ १२ ॥**

ક્ષત્રીનો આક્રોશ કરે સતે દોઢસોનો દંડ, વૈશ્યના આક્રોશમાં પોણોસો અને શૂદ્રનો શૂદ્ર આક્રોશ કરે તો પચીસ પણનો દંડ જાણવો.

**जातिदोषं वदेन्मिथ्या ब्राह्मणे क्षत्रिये विशि ॥**

**स तु दंडमवाप्नोति वेदाग्निद्विपणैः क्रमात् ॥ १३ ॥**

બ્રાહ્મણ, ક્ષત્રી તથા વૈશ્યને વિષે મિથ્યા જાતિ અપવાદ બોલે તો તે મનુષ્યના અનુક્રમે એટલે બ્રાહ્મણને માટે ચાર, ક્ષત્રીને માટે ત્રણ અને વૈશ્યને માટે બે પણનો દંડ કરવો.

**धर्मार्थमुपदेशं हि दातुं यस्याधिकारिता ॥**

**तमुल्लंघ्योद्यतस्योपदेशे दंडः शतैर्भवेत् ॥ १४ ॥**

ધર્મને અર્થે જેને ઉપદેશ કરવાનો જેનો અધિકાર છે તેનું ઉલ્લંઘન કરીને પોતે ઉપદેશ કરવાને તૈઆર થાય તેનો સોપણનો દંડ કરવો.

**तिथिवारादिकं सर्वश्रुतं जातिं व्रतं मदात् ॥**

**अन्यथा वदतो दंडो जिह्वाछेदसमो भवेत् ॥ १५ ॥**

તિથી, વારાદિક સર્વ પ્રકારનું શાસ્ત્ર, જાતિ તથા વ્રત, એ સઘળાંને ગર્વથી જે જૂઠાં કહે તેનો દંડ જીભ્હા કાપવા સરખો છે.

**काणांधखंजकुष्ठ्यादीन् दोषदुष्टान् तथैव च ॥**

**यो ब्रूते सदोषवाचा स स्याद्दंड्यः पणैस्त्रिभिः ॥ १६ ॥**

કાણા, આંધળા, લુલા, કોડવાળા વગેરે તથા દોષ વડે દુષ્ટ થએલાને જોઇ જે દોષે સહિત વાણી બોલે છે એટલે હે કાણીઆ! હે! લુલા, હે! લંગડા વગેરે વિશેષણોથી તેને બોલાવે છે તે ત્રણ પણના દંડને પાત્ર થાય છે.

**आचार्यं पितरं बंधुं मातरं वनितां गुरुम् ॥**

**विपरीतं वदन् दंड्यः पणैर्युग्मशतोन्मितैः ॥ १७ ॥**

આચાર્ય, પિતા, બંધુ, માતા, વનિતા ( સ્ત્રી ) તથા ગુરૂને ન કહેવાનું વચન કહે તે બસો પણના દંડને પાત્ર થાય છે.

**इत्थं समासतः प्रोक्तं वाक्पारुष्यं यतो जनाः ॥**

**प्रवदेयुर्हितं तथ्यं वाक्यं प्राणिप्रियं मितम् ॥ १८ ॥**

એ પ્રકારે વાક્ પારૂષ્ય એટલે કઠોર વાણીનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું; જે જાણીને મનુષ્યો હિતકર, સત્ય, બીજાને પ્રિય લાગે તેવું તથા થોડું બોલે.

**इति वाक्पारुष्यप्रकरणंसमाप्तम् ॥**

## अथ समयव्यतिक्रान्तिप्रकरणं प्रारभ्यते ॥

**प्रणिपत्य मुदा शान्तिं शान्तं शान्ताशिवं शिवम् ॥**
**निगद्यतेऽत्र समयव्यतिक्रान्तिर्नृसंविदे ॥ १ ॥**

નાશ કર્યું છે અકલ્યાંણુ તે જેમણે એવા મોક્ષરૂપ તથા શાન્ત શ્રી શાન્તિનાથ પ્રભુને હર્ષથી નમસ્કાર કરીને મનુષ્યોના જ્ઞાનને અર્થે અત્રે સમયવ્યતિક્રાન્તિનું લક્ષણુ કહેવાય છેઃ–**पूर्वप्रकरणे वाक्पारुष्यमुक्तं सति तस्मिन् क्रोधाद्यावेशवशेन समयव्यतिक्रान्तिरपि संभवत्यतस्तत्स्वरूपमुच्यते** ગયા પ્રકરણમાં વાણીના કઠોર પણાનું સ્વરૂપ કહ્યું; તેમાં ક્રોધાદિકના આવેશથી નિયમનું અતિક્રમણ થાય છે માટે તે વ્યતિક્રાન્તિનું લક્ષણ અત્રે કહીએ છીએ.

**स्थितिर्हि नैगमादीनां समय इति कथ्यते ॥**
**तस्य चोल्लंघनं ज्ञेया व्यतिक्रान्तिर्विवादभूः ॥ २ ॥**

વેપારી વિગેરે એ ઠરાવેલો નિયમ તેને સમય (ઠરાવ) કહે છે. તે સમયનું જે ઉલ્લંઘન તે વ્યતિક્રાન્તિ સમજવી અને તે વિવાદના કારણુ ભૂત છે.

**सदा सामयिकं धर्मं स्वधर्ममपरित्यजन् ॥**
**पालयेदतियत्नेन भूपोऽन्योऽपि च मानवः ॥ ३ ॥**

રાજા તેમ બીજા માણસોએ પણ સ્વધર્મને નહિ છોડતાં ઘણા યત્નથી સામયિક (સાર્વજનિક) ધર્મ હમેશાં પાળવો.

**समुदायस्य राज्ञां च धर्मः सामयिकः स्मृतः ॥**
**तमतिक्रमतो दंडो व्यवहारपदे भवेत् ॥ ४ ॥**

સમુદાય વર્ગ તથા રાજાઓના ધર્મને સામાયિક કહેલો છે. તેનું ઉલ્લંઘન કરે તો વ્યવહાર માર્ગમાં દંડ થાય છે. **तथाहि** તે આ પ્રમાણેઃ—

**साधारणं च यद्द्रव्यं तद्धरेल्लंघयेत्पुनः ॥**
**गणभूपस्थितिं तं च सर्वं हृत्वा प्रवासयेत् ॥ ५ ॥**

સાધારણ દ્રવ્યને જે માણસ હરણ કરી લે અને વળી સમુદાય તથા રાજાની સ્થિતિને ઉલ્લંઘન કરે તેની માલમિલકત સર્વ ખુંચી લઇ રાજાએ દેશમાંથી કાઢી મૂકવો. **साधारणम् ग्रामादिजनसमुदायद्रव्यं योऽपहरति गणस्थितिं राजस्थितिं च योऽतिक्रामति तस्य सर्वस्वमपहृत्य राजादेशान्निर्वासयेत्** સાધારણ દ્રવ્ય એટલે ગામ વિગેરેના જનસમુદાયનું ધન અને તે જે લઇ લે અથવા ખાઇ જાય અને પંચના કે રાજાના ઠરાવને ન માને તેનું સઘળું લુંટી લઇ રાજાએ દેશમાંથી કાઢી મૂકવો. **अथ समूहे हितवादिवचनं सर्वैरंगीकरणीयमन्यथादंडः स्यादित्याह** ॥ પંચમાં હિતવાદિનું વચન સર્વે એ અંગીકાર કરવા યોગ્ય છે તેમ છતાં તે અંગીકાર ન કરે તો દંડને યોગ્ય થાય તે કહે છેઃ—

**हितवादिवचो मान्यं समूहे तत्स्थितैः परैः ॥**
**विपरीतो हि दंड्यः स्याज्जघन्येन दमेन च ॥ ६ ॥**

સમૂહમાં એટલે પંચ કે કમીટીમાં રહેલા બીજા સર્વ મનુષ્યોએ

હિતવાદીનું વચન માનવું; જો તેથી તે ઉલટા ચાલે તો છેવટનાં દંડને પાત્ર થાય છે. **यदुक्तं बृहदर्हन्नीतौ** જેટલા માટે બૃહદર્હન્નીતિમાં કહ્યું છે કેઃ—

**हियवाइस्सय वयणं जो नहु मणइ तिदुवितव्वूहे सो होइ दंडणिज्जोपढमदमेणं खु णिच्चंपि ॥ १ ॥**

**अथ समुदायकार्यकारिणां कथं सत्कारो विधेय इत्याह ॥** હવે સમુદાય એટલે પંચ, કમીટી કે સભા તરફનું કામ કરનારાઓને કઇ રીતે રાજાએ સત્કાર કરવો તે કહે છેઃ—

**कार्यसिद्धिं विधायाशु गणकार्यसमागतान् ॥**
**सत्कृत्य दानमानाद्यैर्महीनाथो विसर्जयेत् ॥ ७ ॥**

સમુદાયના કામને માટે દરબાર કે કચેરીમાં આવેલા માણસોને રાજાએ તેમનું કાર્ય શિદ્ધ કરીને દાન વડે તથા માનાદિકથી સત્કાર કરી ઝટ રજા આપવી. **अथ यो गणकार्यार्थे तत्समाजस्थैः प्रेरितः स्वयं वा राजपार्श्वे गतश्चेद्धिरण्यादिप्राप्नुयात्तदा तत् समाजमहाजनेभ्यो निवेदयेदन्यथा तस्य दंडः स्यादित्याह ॥** સમાજ–કે ગણના કાર્ય માટે સમાજના ગૃહસ્થોએ આજ્ઞા કરવાથી કે પોતાની મેળે સમાજનો વહીવટ કરનાર રાજદરબારમાં રાજા પાસે જાય; અને ત્યાંથી રાજાએ દાન માનને અંગે આપેલું સોનું ઇત્યાદિક દ્રવ્ય તે સમાજના સદ્ગૃહસ્થોને જણાવે નહિ તો તેનો દંડ કહે છે.

**स्वयं समर्पणीयं तद्गणकार्यगतेन यत् ॥**
**लब्धं स ह्यन्यथा दंड्यस्ततो दशगुणेन वै ॥ ८ ॥**

સભાના કાર્ય માટે વહીવટ કરનાર જે દ્રવ્ય પ્રાપ્ત થાય તે તેણે સભાને જાતે અર્પણ કરી દેવું; જો તે તેમ ન કરે તો જેટલું દ્રવ્ય તેને મળ્યું હોય તેથી દશ ઘણા દંડને પાત્રજ ગણવો. **अथ समूहकार्यचिंतकाः कीदृशाः कार्या इत्याह** સભાનો વહીવટ અગર કામ કરનારા કેવા કરવા તે કહે છેઃ—

**धर्मिणः प्रतिभायुक्ताः शुचयो लोभवर्जिताः ॥**
**कार्यदक्षा निरालस्या बहुशास्त्रविशारदाः ॥ ९ ॥**
**कुलशुद्धाः सर्वमान्याः कार्यचिंतासमाहिताः ॥**
**माननीयं वचस्तेषां सर्वैस्तद्व्यूहसंस्थितैः ॥ १० ॥**

ધર્મીષ્ટ, બુદ્ધિવાન્, પવિત્ર, લોભ વગરના, કામ કરવામાં કુશળ, આળસ વગરના, અનેક શાસ્ત્રના જાણનાર, પવિત્ર કુળમાં ઉત્પન્ન થએલા, સર્વ માન્ય તથા કામની ચીવટવાળા પુરૂષો પંચકે સભાનો કાર્યભાર કરનારા હોવા જોઇએ. તે સભાના સઘળા મેંબરોએ ઉપર દર્શાવેલા ગુણવાળા કાર્યભારીઓનું વચન માન્ય કરવું.

**वणिजां श्रेणिपाषंडिप्रभृतीनामयं विधिः ॥**
**नृपो रक्षेच्च तद्भेदं पूर्वरीतिं प्रचालयेत् ॥ ११ ॥**

વ્યાપારીઓ, શિલ્પ વિદ્યાથી જીવનારા તથા પાખંડીઓનો આ વિધિ છે; માટે રાજાએ તેઓના ભેદનું રક્ષણ કરી પૂર્વની રીતિને યથાસ્થિત ચલાવી. **वणिजः प्रसिद्धाः शिल्पोपजीविनः श्रेणयः कार्पटिकादयश्च पाखंडिनः प्रभृतिशब्दादायुधीयादयोऽपि ग्राह्यास्तेषां भेदं राजा रक्षेत्पूर्वरीतिं प्रवर्तयेच्च ॥** વણિજ શબ્દનો

અર્થ પ્રસિદ્ધ છે; શિલ્પોજીવી એ શ્રેણી, પાખંડી એટલે કપટી લોકો વિગેરે અને **પ્રભૃતિ** શબ્દ વડે આયુધ ધારણ કરનાર ઈત્યાદિકને પણ ગ્રહણ કરવા.

**एवं प्रोक्तात्र समयव्यतिक्रान्तिः समासतः ॥**
**विशेषस्तु जनैर्ज्ञेयो विशेषाच्छास्त्रसागरात् ॥ १२ ॥**

એ પ્રકારે સમય વ્યતિક્રાન્તિ ટુંકામાં વર્ણવી; વિશેષ જાણવાની ઇચ્છાવાળા મનુષ્યોએ બૃહદર્હન્નીતિ શાસ્ત્ર રૂપી સમુદ્રમાંથી જાણી લેવી.

**इतिसमयव्यतिक्रान्तिप्रकरणम् संपूर्णम् ॥**

**अथ स्त्रीग्रहप्रकरणमाभिधीयते ॥**

**नत्वा श्रीकुंथुतीर्थेशं स्वान्तध्वान्तनिवारकम् ॥**
**परस्त्र्याकर्षणाख्योऽयं विवादो वर्ण्यतेऽधुना ॥ १ ॥**

હૃદયના તીમીરને ટાળનાર એવા શ્રી કુંથુનાથ પ્રભુને નમન કરીને હવે આ 'પરસ્ત્રી આકર્ષણ' એ નામનો વિવાદ વર્ણવાય છે.

**पूर्वस्मिन्प्रकरणे समयव्यतिक्रान्तिः प्ररूपिता तत्सत्त्वे स्त्रीग्रहादयोऽपि दोषाः प्रादुर्भवन्ति इत्यत्र तावत् स्त्रीग्रहदोषो व्याख्यायते**

ગયા પ્રકરણમાં સમયવ્યતિક્રાન્તિનું નિરૂપણ કર્યું તેમાં સ્ત્રીગ્રહાદિ દોષો પણ ઉત્પન્ન થાય છે માટે અત્રે સ્ત્રી ગ્રહ દોષનું વ્યાખ્યાન કરે છેઃ—

**परांगनासमासक्तं न रुंध्याच्चेन्नरं नृपः ॥**
**महत्पापविभागी स्याद्राष्ट्रनाशो भवेत्पुनः ॥ २ ॥**

**संततिर्यत्प्रसंगेन जायते वर्णसंकरा ॥**
**तेन वर्णविनाशः स्याच्तन्नाशे धर्मसंक्षयः ॥ ३ ॥**

પારકી સ્ત્રીમાં આસક્ત થએલા પુરૂષને જો રાજા અટકાવે નહિ તો રાજા મોટા પાપનો ભાગી થાય છે, અને તેના દેશનો નાશ થાય છે. કારણકે પરસ્ત્રીના પ્રસંગથી પ્રજા વર્ણસંકર થાય છે તેથી વર્ણ ધર્મનો નાશ થાય અને તેથી ધર્મ માત્રનો નાશ થાય છે.

**परांगनाभिः संलापं यः कुर्याद्रहसि स्थितः ॥**
**स दंड्यो भूभुजा तूर्णमावेश्यस्तस्करालये ॥ ४ ॥**

જે માણસ પારકી સ્ત્રીઓ સાથે એકાન્તમાં બેસીને હાસ્ય મશકરી વગેરે વાતો કરે તેને રાજાએ કેદખાનામાં પુરી ઉતાવળે દંડ કરવો.

**अदृष्टपूर्वस्त्रीभिर्यो राजाध्वनि च संलपेत् ॥**
**केनापि हेतुना दंड्यो न स्यान्नो तद्व्यतिक्रमः ॥ ५ ॥**

પ્રથમ કદિ નહિ દીઠેલી એવી સ્ત્રીઓ સાથે રાજ માર્ગમાં ઉભાં રહી કોઇ પણ કારણસર પુરૂષ વાત કરતો હોય તે દંડને પાત્ર નથી કારણકે તે વ્યતિ ક્રમ ગણાતો નથી

**तीर्थे कूपे वने स्थाने विजनेऽभिलपेन्नरः ॥**
**राज्ञा च सर्वथा दंड्यः परिणामाश्रयो विधिः ॥ ६ ॥**

તીર્થમાં, કુવા કાંઠે, વગડામાં અને મનુષ્ય વગરના એકાન્ત સ્થાનમાં જે પુરૂષ પારકી સ્ત્રી સાથે આલાપ કરતો હોય તેનો રાજાએ

સર્વથા પ્રકારે દંડ કરવો, કારણકે નિયમ પરિણામને આશ્રયી રહેલો છે.

एकासनाशनं देहे गंधलेपनमंबुना ॥
केली रहःसंलपनं तथा भूषणवाससाम् ॥ ७ ॥
परिधानं स्वहस्तेनान्योन्यं स्पर्शनचुंबने ॥
सह खट्वासनं चैतदुभयोर्दंडकारणम् ॥ ८ ॥

પર સ્ત્રી સાથે એક આસને જમવું; દેહને ગંધ લેપ કરવો, જળ વડે ક્રીડા કરવી, એકાન્તમાં મશકરી ઠઠ્ઠા સાથે વાતો કરવી, ઘરેણાં વસ્ત્ર પોતાને હાથે પહેરાવવા, પરસ્પર એક બીજાનો સ્પર્શ તથા ચુંબન કરવાં તથા એક ખાટલાપર જોડે બેસવું; એ સર્વ સ્ત્રી પુરૂષ બેઉના દંડનું કારણ છે.

वर्णत्रयेषु यः कश्चित् सेवेत ब्राह्मणीं यदि ॥
छित्त्वा लिंगं महीपस्तं देशान्निर्वासयेत्त्वरम् ॥ ९ ॥
ब्राह्मणीमपि कृष्णास्यां कारयित्वा च भ्रामयेत् ॥
पुरे स्वानुचरैर्भूपः पुनर्निष्कासयेद्बहिः ॥ १० ॥

ત્રણ વર્ણમાં એટલે ક્ષત્રી, વૈશ્ય તથા શુદ્રમાંથી જે કોઈ પુરૂષ બ્રાહ્મણીને સેવે, તો રાજાએ તે વ્યભિચારીનું લિંગ છેદન કરાવી દેશમાંથી તુરત કાઢી મૂકવો અને તે બ્રાહ્મણીને પણ મોઢે મેશ ચોપડી પોતાના નોકરોની સાથે આખા ગામમાં ફેરવી ગામ બહાર કાઢી મૂકવી.

ब्राह्मणो यदि सेवेत क्षत्रियां भूमिपस्तदा ॥
ज्ञात्वा चरित्रं तद्दूतैरुभौ निष्कासयेत्पुरात् ॥ ११ ॥

બ્રાહ્મણ જો ક્ષત્રાણીને સેવે તો દૂત દ્વારાએ તેમનું ચરિત્ર જાણી રાજાએ બેઉને નગર બહાર કાઢી મૂકવાં.

बंदिचारणशैलूषा दीक्षिताः कारवस्तथा ॥
ये सज्जयंति स्वा नारीस्तत्स्त्रीभिर्भाषणं नराः ॥ १२ ॥
कुर्वंतो न निवार्याः स्यू राजलोकनरैः कदा ॥
प्रायशो वृत्तिरेतेषां स्याधीना प्रथिता भुवि ॥ १३ ॥

બંદિલોક, ચારણો, ભાટ, દીક્ષિત, તથા કારિગરો; તેઓ પોતાની સ્ત્રીઓને સજ્જ રાખે છે તેમની સ્ત્રીઓ સાથે અન્ય પુરૂષો વાત કરતા હોય તો કદિપણ રાજાના નોકરોએ તેમને અટકાવવા નહિ; કારણ કે ઘણું કરીને તે લોકોની જીવિકા સ્ત્રીઓને આધીનછે; એ જગ પ્રસિદ્ધ છે.

कन्यांगे विकृतिं या स्त्री कुर्यात्तच्छीर्षमुंडनम् ॥
कारयित्वांगुलिच्छेदं चैनां निष्कासयेत् पुरात् ॥ १४ ॥

જે સ્ત્રી કુંવારી કન્યાના અંગમાં વિકૃતિ કરે તેનું માથું મુંડાવી અને આંગળી કાપી નાંખી, નગર બહાર કાઢી મૂકવી.

स्ववंशगुणदर्पेण भर्तारं या न मन्यते ॥
तां भिन्नां स्थापयेद्भूपो न पुनर्दर्शयेत्पतिम् ॥ १५ ॥

પોતાના બાપના કુળના ઉંચાપણાને લીધે જે સ્ત્રી ગર્વથી સ્વામીને ગાંઠતી ન હોય તેને રાજાએ જૂદી રખાવવી; અને ફરીને સ્વામીનું મુખ દેખાડવું નહિ.

परस्त्रीं सेवते वर्षादज्ञातो यां च भूमिभृत् ॥
तदुदंतं चरैर्ज्ञात्वा दंडयित्वा विवासयेत् ॥ १६ ॥

કોઇ પણ પુરૂષ જણાયા શિવાય પરસ્ત્રીનું એક વર્ષથી સેવન કરતો હોય તો તેનું ચરિત્ર પોતાના ગુપ્ત દૂતો દ્વારા જાણી રાજાએ તે પુરૂષનો દંડ કરી ગામ બહાર કાઢી મૂકવો.

क्षत्रब्राह्मणवैश्यानां स्त्रीं वा कन्यां निषेवते ॥
शतैर्दमनमाद्ये तु लिंगभेदः परे स्मृतः ॥ १७ ॥

ક્ષત્રી, બ્રાહ્મણ, તથા વૈસ્યની સ્ત્રીકે કન્યાનું જે પુરૂષ સેવન કરે તો સ્ત્રીની બાબતમાં તેનો સો દંડ કરવો અને કન્યાની બાબતમાં લિંગ છેદન કરવું.

दंड्यो द्विजां द्विजो गच्छन् सहस्त्ररजतैर्भवेत् ॥
क्षत्रियः क्षत्रियां गच्छन् दंड्यो युग्मसहस्त्रकैः ॥ १८ ॥

બ્રાહ્મણ પારકી બ્રાહ્મણી સાથે આડો વ્યવહાર રાખે તો તેનો એક હજાર રૂપા મુદ્રાથી દંડ કરવો. ક્ષત્રી બીજી ક્ષત્રાણી સાથે તેવો વ્યવહાર કરે તો તેનો બે હજાર રૂપા મુદ્રાથી દંડ કરવો.

सेवेत वैश्यां चेद्वैश्यो दंड्यस्तुर्यशतप्रमैः ॥
शूद्रस्तु शूद्रासेवी चेन्निष्कास्यो भूभुजा पुरात् ॥ १९ ॥

વાણિયો જો પારકી વાણિયણને સેવે તો તેનો ચારસે રૂપીઆ દંડ કરવો. શૂદ્રજો શૂદ્રીને સેવે તો તેને રાજાએ નગર બહાર કાઢી મૂકવો.

शूद्रासेवकवैश्योऽपि दंड्यः स्याच्छतराजतैः ॥
द्विजः शूद्रानुचारी चेन्निर्वास्यो नगराद्बहिः ॥ २० ॥

શૂદ્રીને વૈશ્ય સેવે તો પણ તેનો સો રૂપા મુદ્રાથી દંડ કરવો. બ્રાહ્મણ શૂદ્રીને સેવેતો તેને નગર બહાર કાઢી મૂકવો.

चतुर्वर्णजनोद्भूतमपराधं समीक्ष्य चेद् ॥
भूपो न वारयेद्दंडतर्जनाताडनादिभिः ॥ २१ ॥
तदा सर्वापराधानां नृपः स्वामी भवेत्खलु ॥
ततो राष्ट्रेऽतिदुःखं स्यादीतिदुर्भिक्षमृत्युजम् ॥ २२ ॥

ચારે વર્ણમાં ઉત્પન્ન થએલા હરકોઈ મનુષ્યનો અપરાધ જોઇ; દંડ, તિરસ્કાર કે તાડનથી રાજા તે અપરાધીને વારે નહિ તો તે સઘળા અપરાધોનો સ્વામી જરૂર રાજાજ થાય છે. અને તેના દેશમાં ઇતિ[1], દુકાળ તથા મરકીથી ઉપજતાં દુઃખો ઉત્પન્ન થાય છે.

दुरिताकराशुचिगृहं संप्रेक्ष्य रमातनुं सुधीः कोऽत्र ॥
प्रीतिं कुरुते बीभत्साकरमशंकरमत्यंतदुर्गंधम् ॥ २३ ॥

સંકટની ખાણ રૂપ, અપવિત્રતાનું ઘર, બીભત્સતાની ખાણ,

---

૧. ઇતિ છ પ્રકારની છે.

अतिवृष्टिरनावृष्टिः शलभा मूषकाः शूकाः ॥
प्रत्यासन्नाश्च राजानः षडेता ईतयः स्मृताः ॥ १ ॥

ઘણો વરસાદ, વરસાદની તંગી, તીડ, ઉંદરડા, પોપટ, અને સામા આવેલા રાજાઓ, એ છ પ્રકારની ઇતિઓ કહેલી છે.

અકલ્યાણકારી અને નીરંતર દુર્ગંધ વાળું, સ્ત્રીનું શરીર જોઇ કયો બુદ્ધિવાન તેમાં આસક્તિ રાખે ?

**संततमुदरं दृष्ट्वा कृमिमूत्रपुरीषपात्रमबलानाम् ॥**
**विष्टाघटमिव निंद्यं त्यजत शरीरं विबुध्यध्वम् ॥ २४ ॥**

કૃમિ, મૂત્ર તથા વિષ્ટાના પાત્ર રૂપ અબળાનું ઉદર વિષ્ટાના ઘડા જેવું નિંદ્ય જાણો અને તે શરીરનો ત્યાગ કરો.

**सर्वथा स्वहितोद्युक्तैः सदा त्याज्याः परस्त्रियः ॥**
**पश्य तस्याः प्रभावेण प्रणष्टा रावणादयः ॥ २५ ॥**

પોતાનું હિત ચહાનાર પુરૂષે સર્વથા પ્રકારે સતત પરસ્ત્રીનો ત્યાગ કરવો. પરસ્ત્રીના પ્રભાવથી રાવણાદિકનો નાશ થયો છે તે જુઓ.

**इत्येवं वर्णिता नारीग्रहचिंता समासतः ॥**
**विशेषो बृहदर्हन्नीतिशास्त्राद्बोध्य आदरात् ॥ २६ ॥**

ઉપર પ્રમાણે ટુંકામાં નારીગ્રહણ વિચારનું વર્ણન કર્યું; વિશેષ જાણવાની ઇચ્છા હોય તેણે આદર પૂર્વક મોટા **અર્હન્નીતિ શાસ્ત્રથી** જાણી લેવું.

**इति स्त्रीग्रहप्रकरणम् संपूर्णम् ॥**

## अथ द्यूतप्रकरणमारभ्यते ॥

**नत्वारनाथं श्रीयुक्तमंतरंगारिभेदकम् ॥**
**व्यवहारपदे द्यूतमभिधास्ये यथागमम् ॥ १ ॥**

લક્ષ્મી એટલે શોભાયુક્ત અને અંતરંગ શત્રુને નાશના કરનાર એવા અરનાથ પ્રભુને નમસ્કાર કરીને શાસ્ત્રમાં જે પ્રકારે વર્ણવ્યું છે તે પ્રકારે વ્યવહાર માર્ગમાં દ્યૂત એટલે જુગારનું સ્વરૂપ હું કહીશ.

**पूर्वप्रकरणे स्त्रीग्रहो वर्णितस्ततो व्यसनसाहचर्याद् द्यूतमधुनाभिधीयते तत्र तावत् द्यूतस्वरूपमाह** ॥ ગયા પ્રકરણમાં વ્યભિચારનું સ્વરૂપ વર્ણવ્યું; તે વ્યસની સાથે જુગારનું પણ સાહચર્ય છે માટે તેનું વર્ણન કરે છે. તે પ્રથમ જુગારનું સ્વરૂપ કહે છે:—

**द्विपदापचतुष्पादखचरैर्देवनं हि यत् ॥**
**पणादि द्रव्यमुद्दिश्य तद् द्यूतमिति कथ्यते ॥ २ ॥**

બે પગવાળા મલ્લાદિક પગ વગરના એટલે પાશા વિગેરે ચાર પગ વાળા ઘેટા, ઘોડા વગેરે તથા કુકડા, તેતર, કબુતર વગેરે પક્ષિઓથી પણાદિક દ્રવ્યને ઉદ્દેશીને જે રમત કરવી તે જુગાર કહેવાય છે. **तत्र द्विपदा मल्लादयः अपदाःपाशकब्रध्नादयश्चतुष्पदा मेषहयादयः खचराः पक्षिणः कुक्कुटतित्तिरपारावताद्यास्तैर्द्रव्यादिपणनिबंधेन क्रीडा द्यूतम्** ॥ **अत्रैवाभिधानव्यपदेशविषयविशेषमाह**॥ અત્રે નામ ભેદના ભીષે કરીને વિશેષ કહે છે:—

**अचेतनैः क्रीडनं यत्तद्द्यूतमिति कथ्यते ॥**
**सचेतनैस्तु या क्रीडा सा समाह्वयसंज्ञिका ॥ ३ ॥**

ચેતન વગરના જડ પદાર્થોનું પણ કરીને જે રમવું તેને દ્યૂત એ પ્રકારે કહે છે અને ચેતનવાળા પ્રાણીઓનું પણ કરીને જે રમત તે 'સમાહ્વય' નામે કહેવાય છે. **इयं द्यूतक्रीडा राजनियमितसभिकस्थाने भवति इति सभिक आगतचतुर्वर्णीयजनान् मिष्टेष्टवचनैर्विश्वासयन्नशनादिभिश्च संतोषयन् रमयते सप्रतिबंधकतयाप्रतिबंधकतया वा त्वं शतमुद्रा जेष्यसि चेद् विंशतिमुद्रा अहं ग्रहीष्यामि इति सप्रतिबन्धकता अथवा यदा त्वं शतमुद्रा जेष्यसि तदा राजनियमितमुद्रापंचकं ग्रहीष्यामि इति अप्रतिबन्धकक्रीडा ॥** આ જુગારની રમત રાજાએ બનાવેલા સભા સ્થાનમાં થાય છે. તે રાજાના બનાવેલા જુગારના સભા સ્થાનમાં આવેલા ચારે વર્ણના માણસોને ( જુગારખાનાના ઉપરીઓ ) મીઠાં પ્રીય વચનોથી વિશ્વાસ આપી ભોજનાદિક પદાર્થોથી સંતોષ પમાડી સપ્રતિબંધકપણાથી અથવા અપ્રતિબંધકપણાથી રમાડે છે; ( અને કહે છે કે ) જો તું સો મુદ્રા જીતીશ તો વિશ મુદ્રા હું લઈશ એનું નામ સપ્રતિબંધકપણું કહેવાય; અથવા જ્યારે તું સો મુદ્રા જીતીશ ત્યારે રાજાએ ઠરાવેલી સેંકડે પાંચ મુદ્રાઓ લઇશ, તે અપ્રતિબંધક રમત કહેવાય.

**सभा च राजानुमत्या स्वद्रव्यनिर्मापितद्यूतस्थानं** સભા એટલે રાજાની આજ્ઞાથી પોતાના ખરચે બંધાવેલું જુગાર ખાનું **राजद्रव्यनिर्मापितस्थानं वा सा विद्यते यस्य स सभिकः** અથવા રાજાના દ્રવ્યથી બંધાવેલું જુગારસ્થાન. તે જેનું હોય તે સભિક કહેવાય **तदेव दर्शयति** તે દેખાડે છે:—

**स्वकीये राजकीये वा स्थान आगतमानवान् ॥**
**क्रीडयेदशनाद्यैश्च तोषयन्नभितो मुहुः ॥ ४ ॥**

પોતાના અથવા રાજકીય જુગાર સ્થાનમાં આવેલા માનવીઓને સભિક એટલે જુગાર સ્થાનનો ઉપરી ભોજનાદિકથી સંતોષી વારે વારે જુગાર રમાડે છે.

**अन्योऽन्यकलहादेश्च रक्षयन् जितमानवान् ॥**
**राज्यांशं च समुद्धृत्य स्वांशमादाय सर्वशः ॥ ५ ॥**
**राज्यांशं तु प्रतिदिनं देयाद्राज्ये निरालसः ॥**
**स्वांशेन स्वं कुटुंबं हि पालयेन्निरुपद्रवम् ॥ ६ ॥**

તે જુગારસ્થાનનો ઉપરી જીતેલા જુગારીઓનું પરસ્પર થતા કજીઆથી રક્ષણ કરે છે અને રાજાનો તથા પોતાનો ભાગ લઈ લેછે; પ્રમાદનો ત્યાગ કરી રાજાનો અંશ દરરોજ રાજ્યમાં તેણે આપવો; અને પોતાના અંશથી કંઈ પણ હરકત વિના પોતાના કુટુંબનું પાલન કરવું.

**जिते पराजितेऽन्योन्यं क्लेशो यदि भवेत्सभेट् ॥**
**तद्विमृश्य जितं द्रव्यं दापयेच्च पराजितात् ॥ ७ ॥**
**यदि स्वदापनेऽशक्तस्तदा भूपं निवेद्य सः ॥**
**दापयेन्नियतं रिक्थं नो हानिः स्याद्यतः पुनः ॥ ८ ॥**

જય પરાજયમાં પરસ્પર જો કલેશ ઉત્પન્ન થાય તો તેનો બરોબર વિચાર કરી પરાજય પામેલા પાસેથી જીતેલાને જુગાર ખાનાના ઉપરીએ દ્રવ્ય અપાવવું. જો પોતે અપાવાને સમર્થ નહોયતો તે હકીકત રાજાને નિવેદન કરીને નક્કી કરેલું દ્રવ્ય જીતનારને અપાવવું કે જેથી જુગાર સ્થાનમાં ફરીને તેવી હાની થાય નહિ.

**राज्यस्थाने सति द्यूते कैतवेभ्यश्च रक्षणम् ॥**
**भवत्यतः सभास्थाने द्यूतक्रीडा सदोचिता ॥ ९ ॥**

રાજ્યસ્થાનમાં જુગાર સ્થાન હોય તો કપટીઓથી રક્ષણ થાય છે, માટે સભાસ્થાનમાં જુગારની રમત રમવી તે હમેશાં યોગ્ય છે.

**प्रच्छन्नं स्वगृहे द्यूतं ये दीव्यंति सभेद् ततः ॥**
**राज्यांशं द्विगुणं गृह्णीयात्स्वांशं निर्णये सति ॥ १० ॥**

છાનામાના પોતાના ઘરમાં જુગાર રમે તેની પાસેથી રાજાનો બમણો ભાગ લેવો અને પોતાને માટે જે નક્કી કર્યો હોય તે પણ સભિકે લેવો.

**एषा द्यूतक्रिया लोके सर्वव्यसननायिका ॥**
**श्वभ्रतिर्यग्गतेर्दूती स्मार्या शिष्टजनैर्न हि ॥ ११ ॥**

આ જુગારની રમત આ લોકમાં સઘળાં વ્યસનોની નાયિકા એટલે સ્વામિની છે: અને નર્ક તથા તિર્યંચ ગતિની તો તે દૂતિ છે માટે શિષ્ટ મનુષ્યો એતો તેનું સ્મરણ સરખું પણ કરવું નહિ.

**इत्थं समासतः प्रोक्ता द्यूतव्यवहृतिर्मया ॥**
**संसारस्योपकाराय भाग्याधिक्यप्रकाशिका ॥ १२ ॥**

એ પ્રકારે જગતના ઉપકાર માટે, ભાગ્યનો અધિક ઉદય જણાવનારી જુગારની રમતનું સ્વરૂપ મેં ટુંકામાં વર્ણવ્યું.

**इति द्यूतविधिप्रकरणम् ॥**

# अथ स्तैन्यप्रकरणमारभ्यते ॥

**प्रणम्य श्रीयुतं मल्लिं मल्लं मोहादिताडने ॥**
**स्तैन्यप्रकरणं वक्ष्ये समुद्धृत्य श्रुतादहम् ॥ १ ॥**

મોહાદિકને તાડન કરનાર શ્રી મલ્લરૂપ મલ્લિનાથ પ્રભુને નમસ્કાર કરીને શાસ્ત્રમાંથી ઉદ્ધાર કરી ચોરીનું પ્રકરણ હું કહીશ. **पूर्वप्रकरणे द्यूतवर्णनोक्ता तत्र हारितश्चौर्याचरणं कोऽपि करोत्यतो व्यसनत्व साधर्म्यादधुना स्तैन्यवर्णनाधिक्रियते** ॥ ગયા પ્રકરણમાં જુગારની રમત વર્ણવી, તે રમતમાં હારેલો કોઇ ચોરીનું આચરણ પણ કરે માટે વ્યસન પણાનું સામધર્મ્ય છે તેથી ચોરીના વર્ણનનો અધિકાર કહીએ છિયે.

**नृपतेः परमो धर्मः स्वप्रजापालनं सदा ॥**
**स्तैन्यादिभ्यो यतः कीर्तिर्विस्तृता स्याद्दिगंतरे ॥ २ ॥**

ચોરી ઇત્યાદિક પીડાઓથી પોતાની પ્રજાઓનું સદા પાલન કરવું એ રાજાનો પરમ ધર્મ છે, જેથી તેની કીર્તિ દિગંતરમાં વિસ્તાર પામે છે.

**लोकानां संसृतौ तुल्योऽभयदानेन नो वृषः ॥**
**तस्माज्जनैः सदा यत्नोऽभये कार्यः समाधिना ॥ ३ ॥**

આ જગતમાં અભયદાન જેવો બીજો ધર્મ નથી તેટલા માટે મનુષ્યોએ શાંતિથી હમેશાં અભયને સારૂ યત્ન કરવો.

**प्रजास्वास्थ्ये नृपः स्वस्थस्तद्दुःखे दुःखितो नृपः ॥**
**तस्माद्यत्नं प्रजास्वास्थ्येऽहर्निशं कुरुते नृपः ॥ ४ ॥**

પ્રજા સુખીતો રાજા સુખી; પ્રજા દુખી તો રાજા પણ દુખી માટે રાજા પ્રજાના સુખ માટે રાત્રિ દિવસ યત્ન કરે છે.

प्रजादानार्चनादीनां षष्ठांशं लभते नृपः ॥
पुण्यात्ततो नेतिभयं कोषवृद्धिश्च जायते ॥ ५ ॥
शिष्टानां पालनं कुर्वन् दुष्टानां निग्रहं पुनः ॥
पूज्यते भुवने सर्वैः सुरासुरनृयोनिभिः ॥ ६ ॥
लोभतः करमादत्ते प्रजाभ्यो यो महीधनः ॥
क्षुद्रकर्माणि यो दंडं लाति स नरकं व्रजेत् ॥ ७ ॥
चौरान् धूर्तान्निगृह्णन् यो भूपः सन्न्यायरीतितः ॥
रोधनेन हि बंधेन स वै स्वर्गमवाप्नुयात् ॥ ८ ॥
प्रजोपरि सदा क्षांतीरक्षणीया महीभुजा ॥
बालातुरातिवृद्धानां क्षंतव्यं कठिनं वचः ॥ ९ ॥

પ્રજાઓ જે દાન, પૂજન ઇત્યાદિ સત્કર્મ કરે છે તેનો છઠો ભાગ રાજાને મળે છે. તે પુન્યથી રાજાને ઈતિનો ભય થતો નથી અને તેના ભંડારમાં વૃદ્ધિ થાય છે. શિષ્ટ પુરૂષોનું જે રાજા પાલન કરે છે અને દુષ્ટોને શીક્ષા કરે છે; તે રાજાનું દેવતાઓ, અસુરો તથા મનુષ્યો એ સઘળા ભુવનને વિષે પૂજા કરે છે. જે પૃથ્વી પતિ લોભથી પ્રજાઓ પાસેથી કર લે છે, અને નાના ગુનાહમાં દંડ લે છે તે રાજા નર્કમાં જાય છે. જે રાજા ચોર, તથા ધુતારાઓને પકડી બાંધી સારી ન્યાયરીતિથી કેદખાનામાં નાખે છે તે જરૂર સ્વર્ગમાં

જાય છે. રાજાએ પ્રજાપર ક્ષમા રાખી નીરંતર તેમનું પાલન કરવું, બાળક, રોગી તથા વૃદ્ધોનાં કઠિણ વચન રાજાએ સહન કરવાં अथ प्रस्तुतमाह ॥ હવે ચાલતો વિષય કહે છેઃ—

**यो हरेत्कूपतो रज्जुं घटं वस्त्राणि स्तैन्यतः ॥**
**ताडयित्वा कशाभिस्तं यथावस्थं विवासयेत् ॥ १० ॥**

જે માણસ કુવાપરથી ઘડો, દોરડું કે વસ્ત્ર ચોરીથી લઇ જાય તેને સાટકાઓથી માર મારી તેવોને તેવો ગામ બહાર કાઢી મૂકવો.

**स्तैन्यात् धान्यं हरन् क्षेत्रात् स्तेनो दंडमवाप्नुयात् ॥**
**स्तेयाद्दशगुणं भूपो देशान्निर्वासयेच्च तम् ॥ ११ ॥**

ચોરી કરીને ખેતરમાંથી ધાન્ય લઈ જાય તે ચોર દંડને પાત્ર થાય છે. તેણે જે ચોર્યું હોય તેથી દશ ઘણો દંડ કરવો અને તેને દેશમાંથી કાઢી મૂકવો.

**जानंस्तस्करवृत्तान्तं प्रजादुःखं च शक्तिमान् ॥**
**यः पश्यन् क्षमते भूपो ध्रुवं प्राप्नोति दुर्गतिम् ॥ १२ ॥**

પ્રજાની પીડા તથા ચોરનું વૃત્તાન્ત જાણતાં છતાં જે શક્તિમાન્ રાજા ગણકારતો નથી તે અવશ્ય દુર્ગતિને પામે છે.

**हिरण्यरजतादीनां भूषणानां च वाससाम् ॥**
**हर्तुः प्रदापयेन्मूल्यं सर्वं तत्स्वामिने नृपः ॥ १३ ॥**
**तं पुनःस्थापयेद्बंदिगृहे वर्षत्रयावधि ॥**
**लोप्त्रा दाने तु चेदेकाब्दं यावत्तत्र संस्थितिः ॥ १४ ॥**

સોના રૂપાના દાગીના તથા વસ્ત્રો ચોરનાર પાસેથી રાજાએ તો ચોરેલા માલની સઘળી કીમત તે માલધણીને અપાવવી અને ચોરને ત્રણ વર્ષ સુધી કેદખાનામાં નાખવો. જો ચોર જાતે તે માલ આપે તો એક વર્ષની કેદખાનાની સજા કરવી.

मानवानामर्भकस्य कन्याया हरणेऽपि च ॥
तथानुपमरत्नानां चौरो बंदिगृहं विशेत् ॥ १५ ॥
तत्र वर्षत्रयं स्थाप्यो मोचयेत्साक्षितस्तकम् ॥
पुनः स्तेयस्य करणे वर्षषट्कावधि पुनः ॥ १६ ॥
निधापयेद्बंदिगृहे यत्र न स्याच्च दर्शनम् ॥
अन्यस्य लेखनं कारयित्वा तं च विमोचयेत् ॥ १७ ॥

લોકોનાં બાળક અને કન્યાનું હરણ કરે તથા અમૂલ્ય રત્નો ચોરી જાય તે ચોરને ત્રણ વર્ષ બંદિખાનામાં રાખવો અને જામીન લઇને છોડવો. તેમ છતાં પાછો ચોરી કરે તો છ વર્ષ સુધી અંધારી કોટડીમાં કેદ કરવો કે જેથી તે કશું દેખી શકે નહિ. છ વર્ષે બીજા કોઇની જામીનગીરી લખી આપે તો છોડવો.

शास्त्रौषधिगवाश्वानां हर्ता भूपेन पीड्यते ॥
गृहीत्वा तद्धनं तस्मात्स्थाप्यो कारागृहे पुनः ॥ १८ ॥

શાસ્ત્રનાં પુસ્તકો, ઔષધિ, ગાયો, ઘોડાઓનું હરણ કરનારને રાજાએ પીડવો. તેનું તે ચોરેલું ધન લઈ તેને કેદખાનામાં નાખવો.

गुडाज्यक्षीरदध्नां च सिताकर्पासभस्मनाम् ॥
लवणस्य मृदश्चैव मृद्भांडानां तथैव च ॥ १९ ॥

**तैलमोदकपक्वान्नगुल्मवल्लीप्रसूनक- ॥**
**कंदमूलच्छदीनां च हर्ता वर्षत्रयं वसेत् ॥ २० ॥***

ગોળ, ઘી, દુધ, દહી, સાકર, કપાસ, ભસ્મ, મીઠું, માટી, માટીનાં વાસણ, તેલ, લાડુ, પકવાન્ન, ગુચ્છા, વેલી, ફુલ, કંદમૂલ તથા પાંતરાં ચોરનાર ત્રણ વર્ષના કેદખાનામાં રહે.

**धान्यं हरन् कृषेर्दंड्यः सबंधी भक्षणाय चेत् ॥**
**सबंधनत्वयोग्यः स्याच्चतुर्वर्णेषु कश्चन ॥ २१ ॥**

ચારે વર્ણમાંથી કોઇ પણ મનુષ્ય ખેતરમાંના ધાન્યની ચોરી કરે તો તેનો દંડ કરવો અને તેને બાંધવો, પણ જો ખાવાને ધાન્ય લે તો તેને કેવળ બાંધવો.

**दत्त्वा तु खातकं गेहे द्रव्यं हरति यो हठात् ॥**
**धनिने दापयित्वा स्वं तं च निर्वासयेत् पुरात् ॥ २२ ॥**

ઘરમાં ખાતરીયું મુકીને બળાત્કારથી ધન હરી જાય તે ચોર પાસેથી હરેલું ધનમાલિકને સોંપાવી રાજાએ ચોરને ગામમાંથી કાઢી મૂકવો.

**यश्च जैनोपवीतादिकृतसूत्राणि संहरेत् ॥**
**संस्कृतानि नृपस्तं तु मासैकं बंधके न्यसेत् ॥ २३ ॥**

---

* **वर्षत्रयं** એ પાઠ કોઇએ મૂલના અક્ષર સુધારીને કર્યો છે. પણ તેમાં ભુલ હોય તેમ લાગે છે. કારણ કે ઉપર જણાવ્યા પ્રમાણે નજીવી બાબતમાં મોટો દંડ કરનાર રાજા નરકમાં જાય છે. વળી યાજ્ઞવલ્કની સ્મૃતિમાં તેજ ચીજોની ચોરીને વાસ્તે તેના મૂલથી પાંચ ગણો દંડ કહ્યો છે. માટે વિદ્વાનોએ તે બાબત વિચારવા જેવી છે.

જે માણસ જૈન વિધિ પ્રમાણે સંસ્કાર કરેલાં જનોઇનાં સૂતરને ચોરી જાય તો તેને રાજાએ એક માસ સુધી બંદિખાને નાખવો.

भार्यापुत्रसुहृन्मातृपितृशिष्यपुरोहिताः ॥
स्वधर्मविच्युता दंड्याः परं वाचा नृपेण वै ॥ २४ ॥

સ્ત્રી, પુત્ર, સગાં સ્નેહી, માતાપિતા, શિષ્ય, પુરોહિત; એ સઘળાં પોતાના ધર્મથી વિચ્યુત ( ભ્રષ્ટ ) થાય તો રાજાએ વચનથી તેમને ઠપકો આપવો.

लोभतो मोचयेद् बद्धान् यो मुक्तान् बंधयेन्नरान् ॥
दासदास्यादिहर्ता च प्रवेश्यस्तस्करालये ॥ २५ ॥
स्तेनोपद्रवतो भूपः प्रजा रक्षति यः सदा ॥
यशोऽत्र प्राप्नुयाल्लोके परत्र स्वर्गतिं च सः ॥ २६ ॥

જે જેલનો અધિકારી લોભથી કેદીઓને છોડી દે અને છૂટેલાને બાંધે; તથા જે દાસ દાસીઓનું હરણ કરી લે તેવાને કેદખાનામાં નાખીને જે રાજા ચોરના ઉપદ્રવથી નીરંતર પ્રજાઓનું રક્ષણ કરે તે રાજા આ લોકમાં યશ પામે અને પરલોકમાં સ્વર્ગ ગતિને પામે.

वाचा दुष्टस्तस्करश्च मायावी विप्रलुंचकः ॥
धाटी मारणकर्त्ता यो धाटीनां च निवासदः ॥ २७ ॥
तस्कराणां लुंटकानां द्यूतादिग्रसितात्मनाम् ॥
अशनस्थानदाता च दंड्यः कारागृहार्हकः ॥ २८ ॥

ખોટું બોલનારા, ચોર, કપટી, ઠગારા, ધાડ પાડનારા, મારનારા,

તથા ધાડ પાડુઓને રહેવાનું સ્થાન આપનારા અને તસ્કરો, લુંટારા અને જુગારીઓને ભોજન તથા રહેવાની જગો આપનારા કેદખાનાના દંડને યોગ્ય છે.

**मैत्र्याल्लोभात्परोक्तया चेदन्यथा कुरुते नृपः ॥**
**यशोऽत्र नैव ह्याप्नोति परत्र नरकं व्रजेत् ॥ २९ ॥**

મિત્રપણાના સ્નેહથી, લોભથી કે પારકાના કહેવાથી જે રાજા અન્યાય કરે છે તે આ લોકમાં યશ પામતો નથી અને પરલોકમાં અવશ્ય નર્કમાં જાય છે.

**गुरुधर्म्यात्मवृद्धस्त्रीबालघातोद्यतं नरम् ॥**
**तस्करं प्रेक्ष्य चेच्छस्त्रं धारयेत् ब्राह्मणः खलु ॥ ३० ॥**

**न तदा दोषभाक् सः स्यात् आततायिनिवारणे ॥**
**धर्मस्त्याज्यो न हि प्राणान् संहरेत् घातकारिणः ॥३१॥**

ગુરૂ, સાધર્મી, પોતાનો આત્મા, વૃદ્ધ, સ્ત્રી તથા બાળકનો ઘાત કરવાને તૈયાર થએલાને અને ચોર પુરૂષને જોઇ જો બ્રાહ્મણ પણ હથિયાર લેતો આતતાયિના નિવારણમાં તે હથિઆર ઉગામનારો બ્રાહ્મણ દોષિત ગણતો નથી. ઘાત કરનારના પ્રાણને હરે પરંતુ ધર્મનો ત્યાગ કરે નહિ.

**एवं स्तैन्यादिदुःखेभ्यो रक्षणीयाः प्रजाः सदा ॥**
**यतः स्वस्थाः प्रजाः सर्वाः भवेयुर्धर्मतत्पराः ॥ ३२ ॥**

એ પ્રકારે ચોરી ઇત્યાદિ દુઃખોથી રાજાએ હમેશાં પ્રજાનું રક્ષણ કરવું; જેથી સર્વપ્રજાઓ સ્વસ્થચિત્ત થઈ ધર્મમાં તત્પર રહે.

इत्थं समासतः प्रोक्तं स्तैन्यप्रकरणं परम् ॥
ज्ञेयो विशेषश्चैतस्य श्रुतपाथोधिमध्यतः ॥ ३३ ॥

એ પ્રમાણે સંક્ષેપમાં શ્રેષ્ટ એવું સ્તૈન્ય પ્રકરણ વર્ણવ્યું; તેને વિશેષ જાણવાની ઇચ્છા હોય તો બૃહદર્હન્નીતિ શાસ્ત્રમાંથી જાણી લેવું.

इति स्तैन्यप्रकरणं संपूर्णम् ॥

---

## अथ साहसप्रकरणमारभ्यते ॥

नत्वा श्रीसुव्रतं देवं दुःखानलपयोधरम् ॥
राजनीत्यनुसारेण वक्ष्ये साहसिकक्रमम् ॥ १ ॥

દુઃખ રૂપ અગ્નિનું શમન કરવામાં મેઘ રૂપ એવા શ્રી સુવ્રત ભગવાનને નમસ્કાર કરીને રાજ નીતિના અનુસારે 'સાહસ પ્રકરણ' હવે હું કહીશ. **पूर्वप्रकरणे स्तैन्यदंडो वर्णितस्तत्साहचर्यादत्रच साहसदंडोऽभिधीयते अथ साहसस्वरूपमाह ॥** ગયા પ્રકરણમાં સ્તૈન્ય દંડનું વર્ણન કર્યું; તેની સાથે સંબંધ ધરાવનાર હોવાથી સાહસ દંડનું સ્વરૂપ કહીએ છીયે. તેમાં પ્રથમ સાહસનું સ્વરૂપ કહે છેઃ—

मनुजैः सहसाकर्म क्रियते क्रोधतोऽर्थतः ॥
आपदां पदमित्येतत् साहसं सद्भिरुच्यते ॥ २ ॥
त्रिधा तल्लघुमध्योत्तमादिभेदैर्बुधैः स्मृतम् ॥
एतस्य विस्तृतिर्वृद्धार्हन्नीतौ समुदाहृता ॥ ३ ॥

મનુષ્યો ક્રોધથી અથવા ધન ખાતર સાહસ કામ કરે છે. તે સાહસ આપદાઓનું સ્થાન છે એમ સારા પુરૂષો કહે છે. સાહસકર્મ લઘુ, મધ્યમ તથા ઉત્તમ એ ત્રણ પ્રકારના ભેદવાળું વિદ્વાનોએ કહેલું છે. એનો વિશેષ વિસ્તાર બૃહદર્હન્નીતિમાં રૂડે પ્રકારે વર્ણવ્યો છે.

क्रियापेक्षो हि दंडोऽयं त्रिविधस्त्रिषु वर्णितः ॥
चंद्रबाणवृषैरौप्यैः शतैर्वाल्पस्ततो भवेत् ॥ ४ ॥

ત્રણ પ્રકારના સાહસમાં એ ત્રણ પ્રકારે સાહસ કર્મની અપેક્ષાએ સો પાંચસો અથવા હજાર રૂપીઆ દંડ થાય છે. અથવા તેથી ઓછો પણ થાય છે.

क्षेत्रोपकृतिहेतूनां वस्तूनां छेदने तथा ॥
उदकबंधविनाशे च प्रथमं साहसं स्मृतम् ॥ ५ ॥

ખેતરની ઉપકૃતિના હેતુભૂત વસ્તુઓનું છેદન; તથા પાણીના બંધનો નાશ કરવો તેમાં પ્રથમ સાહસનો દંડ કહેલો છે.

लोभेन बालकन्याया भूषणानि दिवा निशि ॥
यश्चोरयति तत्कृत्ये दंडो मध्यमसाहसम् ॥ ६ ॥

લોભથી બાળક અને કન્યાઓનાં ઘરેણાં રાત્રિ દિવસ જે ચોરે છે તે કૃત્યમાં તેનો મધ્યમ સાહસનો દંડ કહેલો છે.

विषशस्त्रभयाद्यैर्यः परदारान्निषेवते ॥
भूषणार्थं प्राणघातं करोत्युत्तमसाहसम् ॥ ७ ॥

વિષ, શસ્ત્ર ઇત્યાદિનો ભય બતાવી જે પારકી સ્ત્રીનું સેવન

કરે છે અને ઘરેણાને માટે જે પ્રાણનો ઘાત કરે છે તે ઉત્તમ સાહસના દંડને પાત્ર છે.

**तत्र सर्वस्वहरणं तदंगछेदनं वधम् ॥**
**कुर्याच्छिरसि मुद्रांकं पुरान्निर्वासनं नृपः ॥ ८ ॥**

તે ઉત્તમ સાહસના ગુનાહ કરનારનું સર્વસ્વ લુંટી લેવું; તેના કોઇ અવયવનું છેદન કરવું. તેના કપાળમાં નાણાનો ડામ દઇ નગરથી બહાર રાજાએ કાઢી મૂકવો.

**परद्रव्यापहरणे तन्मूल्याद्द्विगुणो दमः ॥**
**निन्हवे तुर्यगुणितः प्रेरको दंड्यते शतैः ॥ ९ ॥**

પારકું દ્રવ્ય ચોરનારને તે ચોરેલા દ્રવ્યથી બમણો દંડ કરવો. ઉચાપત કરનારનો ચારગણો દંડ કરવો અને પ્રેરણા કરનારનો સો રૂપીઆ દંડ કરવો.

**पूज्यापमानकृद् भ्रातृजायापीडनकार्यकृत् ॥**
**संदिष्टार्थाप्रदाता च गृहमुद्राविभेदकः ॥ १० ॥**
**उपक्षेत्रगृहाणां च सीमाभंजनपूर्वकम् ॥**
**स्वभूमौ मेलनं कर्ता दम्यते शतराजतैः ॥ ११ ॥**

જે માણસ પૂજ્ય મનુષ્યોનું અપમાન કરે, ભાઇની સ્ત્રીને પીડા કરે, મોકલેલી વસ્તુ આપે નહિ તથા ઘરનું તાળું તોડી નાખે, પડોશના ખેતરના તથા પડોશના ઘરની જમીનની મર્યાદા તોડી પોતાની જમીન સાથે મેળવી દે તેનો સો રૂપિયા દંડ કરવો.

स्वच्छंदविधवा नारी विक्रोष्टा सज्जनैः सह ॥
निष्कारणविरोधी च चांडालश्चोत्तमान्स्पृशन् ॥ १२ ॥
दैवपैत्र्यान्नभोजी च शूद्रप्रव्रजितान्नभुक् ॥
अयुक्तशपथं कुर्वन् अयोग्यो योग्यकर्मकृत् ॥ १३ ॥
दंड्यो दशमितै रौप्यैर्भिन्नः कार्यः स्वजातितः ॥
प्रायश्चित्तं विना नैव ज्ञातौ स्थाप्या बहिष्कृताः ॥ १४ ॥

પોતાની મરજી મુજબ ચાલનારી વિધવા સ્ત્રી, સજ્જનોની સાથે વિરોધ કરનાર મનુષ્ય, વગર કારણે કલેશ કરનાર, ઉત્તમ જાતિવાળાઓને સ્પર્શ કરનાર ચાંડાલ, દેવ તથા પિતરોનું અન્ન ખાનાર, તેમ શૂદ્ર તથા સાધુઓનું અન્ન જમનારો, અધિકાર નહિ છતાં એટલે પોતે તે કામને લાયક નહિ છતાં તે કામ કરનારો–ઉપરના મનુષ્યોને રાજાએ દશ રૂપિયા દંડ કરી ન્યાત બહાર કરવા: તે ન્યાતબાર થએલાઓને પ્રાયશ્ચિત કરાવ્યા સિવાય ન્યાતમાં દાખલ કરવા નહિ.

क्षुद्रतिर्यग्वृषादीनामश्वानां पुंस्त्वघातकः ॥
गर्भदास्यपहारी च दंड्यो युग्मशतैः सदा ॥ १५ ॥

બળદ આદિ તીર્યંચ પ્રાણી તથા ઘોડાઓના પુલ્લિંગપણાનો નાશ કરનાર અર્થાત્ તેમને ખાસી કરનાર અને ગર્ભ તથા દાસીને હરનાર હમેશાં બસો રૂપિયાના દંડને પાત્ર છે.

भ्रातृमातृपितृस्वसृगुरुशिष्यसुहृत्सुतान् ॥
प्रयोगेन वशीकुर्वन् दंड्यो रौप्यशतैर्भवेत् ॥ १६ ॥

ભાઈ, માતા, પિતા, બેન, શિષ્ય, મિત્ર તથા છોકરાઓને જે મંત્ર પ્રયોગ વડે વશ કરે છે તેનો દંડ સો રૂપિયા કરવો. **आधिविषयेऽपि साहसं भवतीत्युच्यते ॥** આધિ વિષયમાં પણ સાહસ થાય છે, તે કહે છે:—

**निर्णेजकश्च रजको गृहीत्वान्यांशुकानि चेत् ॥**
**स्थापयेदाधिरूपेणालातुं राजतमुद्रिकाः ॥ १७ ॥**
**द्रव्यलोभाद्विवाहादौ परिधातुं च मानवम् ॥**
**कंचित्प्रति यदा देयादुत्तमान्यंशुकानि च ॥ १८ ॥**
**निह्नुते नूतनं वस्त्रं दातुमन्यं पुरातनम् ॥**
**शर्करादृषदां वृंदे क्षालनान्नाशयेच्च यः ॥ १९ ॥**
**दंडस्तेषां क्रमात् ज्ञेय आधौ च दशराजतैः ॥**
**रौप्यमेकं त्वन्यदाने निह्नवे पंचभिर्दमः ॥ २० ॥**
**शर्करादृषदां वृंदे क्षालयन्नाशयेद्यदि ॥**
**वस्त्राणि रजकस्तर्हि यथादोषं च दंडभाक् ॥ २१ ॥**

જો ધોવાને લઇ ગએલો ધોબી ઘરાકનાં લુગડાં ઘરેણે મૂકીને પૈસા લઇ આવે, અથવા પૈસાના લોભથી કોઈનાં ઉત્તમ વસ્ત્ર વિવાહાદિ કાર્યમાં ભાડું લઇ બીજાને પેહેરવા આપે, કેટલીક વખત નવું લુગડું પચાવી પડી બીજું જુનું લુગડું બદલે આપે, અને રેત તથા પથરામાં અફાળી ફાડી નાંખે, તો એવો ગુનો કરનાર ધોબીનો નીચેના ક્રમથી દંડ કરવો.

ગીરો મૂક્યા બદલ દશ રૂપિયા દંડ; ભાડે આપ્યા બદલ એક

રૂપિયો; લુગડું પચાવી પડયા બદલ પાંચ રૂપિઆ દંડ, અને રેત તથા પથરામાં અફાળી લુગડું ફાડી નાંખે તો જેટલું નુકશાન થયું હોય તેટલા પ્રમાણમાં ધોબીને દંડ કરવો.

**वस्त्रे नष्टे सकृद्धौतेऽष्टमांशं न्यूनमाप्नुयात् ॥**
**द्विकृत्वस्तु तदर्द्धांशं त्रिकृत्वः पादमेव च ॥ २२ ॥**
**तुर्यकृत्वस्तदर्द्धांशमर्द्धे नष्टे च पादभाक् ॥**
**धनी जीर्णांशुके क्षीणे न हि किंचिदवाप्नुयात् ॥ २३ ॥**

એકજવાર ધોએલું વસ્ત્ર ધોબી ઓળવે અગર ખોઇ નાંખે તો માલધણીને વસ્ત્રની મૂલ કીંમતમાંથી આઠમો ભાગ કમી કરી પૈસા આપે, બે વાર ધોવાએલાની અર્ધી કીંમત ધોબી આપે, ત્રણ વાર ધોએલાની પા કીંમત, ચાર વાર ધોવાએલાની અર્ધ કીંમત મળે અર્ધું નાશ પામ્યું હોય તો ચોથો ભાગ મળે અને જીર્ણ વસ્ત્ર નાશ પામવાથી કંઇ કીંમત માલધણીને મળે નહિ.

**निर्णेजकः शुचिकारः रजकश्च परकीयोत्तमवासांसि द्रव्यग्रहणार्थमाधिरूपतया स्थापयेत् तदा दशरजतदंडः ॥** લુગડાં શુદ્ધ કરનાર ધોબી પારકાં ઉત્તમ વસ્ત્ર દ્રવ્ય ગ્રહણ કરવાને લોભે ગીરો મૂકે તો તેના દશ રૂપિયા દંડ; **अथवा विवाहाद्युत्सवे कस्माच्चिद्द्रव्यं गृहीत्वोत्तमवस्त्राणि परिधातुं ददाति चेदेकरजतदंडः** અથવા વિવાહ ઇત્યાદિ ઉત્સવના પ્રસંગમાં કોઇની પાસેથી ભાડાના પૈસા લઇ ઉત્તમ વસ્ત્ર પેહેરવાને આપે તો તેનો એક રૂપિયો દંડ થાય. **नूतननिन्हवे पुराणदाने च पंचरजतदंडः** નવાં વસ્ત્ર ઓળવી જુનાં વસ્ત્ર આપે તો પાંચ રૂપિયા દંડ કરવો. **यदि रजकः प्रमादात् शर्करादृषद्गणे**

**वस्त्राणि धावमानो नाशयति तदा यथादोषं दंडः** જો ધોબી પ્રમાદથી રેત અથવા પથરા-કાંકરા વગેરેમાં વસ્ત્ર અફાળતાં ફાડે ત્યારે જેવો દોષ તેવો દંડ કરવો.

**यथाष्टरजतक्रीतस्य सकृद्धौतस्य वाससो नाशेऽष्टमभागोनं सप्तरजतमौल्यं देयं** જેમકે આઠ રૂપિયા આપીને વેચાથી લીધેલું વસ્ત્ર એકવાર ધોએલું નાશ પામે તો તેના ધોબી સાત રૂપિયા મૂલ્ય ભરી આપે. **द्विर्धौतस्य तदर्द्धं** બે વાર ધોવાએલાનું તેથી અર્ધું; **त्रिर्धौतस्य तदर्द्धं** ત્રણ વાર ધોવાએલાનું તેથી અર્ધું; **चतुर्धौतस्य तदर्द्धं** ચાર વાર ધોવાએલાનું તેથી અર્ધું; **अर्धे नष्टे तदर्द्धं** અર્ધું નાશ થયે સતે તેનું અર્ધ; **जीर्णे तु नष्टे रजको न दोषभाक्** છેક જીર્ણ વસ્ત્ર નાશ થાય તો ધોબીનો કશો વાંક નહિ.

**अथ पितृपुत्रविवादे साहसेन साक्ष्यदाने दंडमाह॥** પિતા પુત્રની તકરારમાં સાહસ વડે સાક્ષી આપે તેનો દંડ કહે છેઃ—

**तातपुत्रकलहे च साक्षितां साहसात्कलहवृद्धयेऽधमो यो ददाति न च वारयेत् कलिं दंड्यते त्रिकपणैश्च भूभुजा ॥** બાપ દીકરાની વરવાડમાં કલેશ વધારવાને જે અધમપુરૂષ સાહસથી સાક્ષી આપે પણ કલેશ નિવારે નહિ તે અધમ પુરૂષનો અવશ્ય રાજાએ ત્રણ પણ દંડ કરવો. **अथ कूटव्यवहारदंडमाह ॥** હવે કૂટ વ્યાપારના દંડનું લક્ષણ કહે છેઃ—

**कूटमानतुलाभिर्यः शासनैर्नाणकेन च ॥**
**कूटव्यवहृतिं कुर्याद्दंडय उत्तमसाहसैः ॥ २४ ॥**

જે ખોટાં માપાં તથા તાજવાં રાખી તોળે અથવા ખોટા રાજ્ય-

નિયમથી વર્તે, અને કૂટ–ખોટા નાણાથી વ્યાપાર કરે તો તેનો ઉત્તમ સાહસથી દંડ કરવો.

**अकूटं कूटमेवं च कूटं ब्रूते ह्यकूटकम् ॥**
**यो नाणकं तु लोभेन स दंड्यः परसाहसैः ॥ २५ ॥**

જે મનુષ્ય લોભથી ખરા નાણાને ખોટું કહેછે અને ખોટાને ખરૂં કહેછે તેનો ઉત્તમ સાહસથી દંડ કરવો.

**तिर्यङ्मनुजभौपानां चिकित्सां कुरुतेऽभिषक् ॥**
**स दंड्यः क्रमशश्चाद्यमध्यमोत्तमसाहसैः ॥ २६ ॥**

વૈદ્ય નહિ છતાં જે કહે કે હું વૈદ્ય છું; અને તિર્યંચ પ્રાણી, મનુષ્ય તથા રાજાઓની ખોટી ચિકિત્સા કરે તો તેનો અનુક્રમે એટલે કનિષ્ટ, મધ્યમ તથા ઉત્તમ સાહસથી દંડ કરવો. તિર્યંચના ઔષધમાં કનિષ્ઠ, મનુષ્યના ઔષધમાં મધ્યમ અને રાજાના ઔષધમાં ઉત્તમ સાહસનો દંડ કરવો. **यो वैद्यः शास्त्रमजानन् प्रपंचेनाहं भिषग् इति वदन् तिरश्चां चिकित्सां कुर्वन्नाद्यसाहसेन दंड्यः** જે વૈદ્ય વૈદકશાસ્ત્રને નહિ જાણતાં છતાં હું વૈદ્યછું એમ કહીને તિર્યંચ પ્રાણીઓનું ઔષધ કરે તેનો કનિષ્ટ સાહસથી દંડ કરવો. **मनुष्याणां चिकित्सां कुर्वन्मध्यमसाहसेन दंड्यः** મનુષ્યોની ચિકિત્સા કરે તો મધ્યમ સાહસના દંડને યોગ્ય છે; અને **भौपानां राजसंबंधिनां चिकित्सां कुर्वन्नुत्तमसाहसेन दंड्यः** રાજા અથવા તે રાજાના સંબંધી મનુષ્યોનું ઔષધ કરે તો ઉત્તમ સાહસના દંડને યોગ્ય છે.

**यश्च बध्नात्यबद्धं वै बद्धं यश्च विमुञ्चति ॥**
**अनिर्वृत्तकृतिं भूपाज्ञामृते वरसाहसम् ॥ २७ ॥**

જે અધિકારી મનુષ્ય રાજાની આજ્ઞા સિવાય નહિ બાંધવા યોગ્ય તેને બાંધે છે, અને પોતાનું કાર્ય પુરૂ કર્યું નથી એવા બંધાયેલાને છોડે છે તે ઉત્તમ દંડને પાત્ર છે.

**यो मानसमयेऽष्टांशं व्रीहिकर्पासयोर्हरेत् ॥**
**पुनर्हानौ तथा वृद्धौ प्राप्नुयाद्द्विशतैर्दमम् ॥ २८ ॥**

જે તોળતાં ડાંગર તથા કપાસનો આઠમો ભાગ લઇ લે અને તેથી ઓછું અથવા વધતું થાય તો તેનો બસો રૂપિયા દંડ કરવો.

**गंधधान्यगुडस्नेहभेषजादिषु यः क्षिपेत् ॥**
**न्यूनद्रव्यं स्वलोभेन दंड्यः स्याद्दशराजतैः ॥ २९ ॥**

ગંધ, ધાન્ય, ગોળ, ઘી તથા ઓસડો વગેરેમાં ધનના લોભથી હલકો પદાર્થ ભેળવીને વેચે તેનો દશ રૂપિયા દંડ કરવો.

**साहसेन तु यः कुर्यात्समुद्राधानाविक्रयम् ॥**
**कुंकुमादिपरावर्त्ती दंड्यो विंशतिभिस्त्रिभिः ॥ ३० ॥**

જે માણસ સાહસથી શીલબંધ મુકેલી વસ્તુ અથવા કુમકુમાદિ પદાર્થો અદલ બદલ કરી વેચવાનું સાહસ કામ કરે તે સાઠ રૂપિયાના દંડને યોગ્ય જાણવો.

**प्रस्थादिवट्टान्निर्माता भिन्नान् राजप्रचारतः ॥**
**पणस्य हानौ वृद्धौ वा दंड्यो द्विशतराजतैः ॥ ३१ ॥**

રાજાએ ચલાવેલા પ્રચારથી માપવાનાં પાલી ઇત્યાદિ માપાંરાં જુદાં રાખે અને તેથી વ્યાપારમાં હાનિ અથવા વૃદ્ધિ થાય તો તે બસો

રૂપિયા દંડને યોગ્ય થાય છે.

**परस्परानुमत्या यो वणिग् वस्तुमहर्घताम् ॥**
**करोति चेत्समे दंड्याः प्रोक्ता उत्तमसाहसैः ॥ ३२ ॥**

એક બીજા વ્યાપારીઓ પરસ્પરની અનુમતિથી એક સંપ થઈ વેચવાની વસ્તુ ઓછા ભાવવાળી છતાં મોઘી કરી નાખે તો તે સઘળા ઉત્તમ સાહસવડે દંડવા યોગ્ય કહ્યા છે.

**एवं संक्षेपतः प्रोक्ता साहसस्य च वर्णना ॥**
**यत्फलज्ञानतो जीवाः स्युस्तत्त्यागसमुद्यताः ॥ ३३ ॥**

એ પ્રમાણે ટુંકામાં સાહસનું વિવેચન કર્યું કે જેનાથી ફલિત થએલા જ્ઞાનવડે જીવો તે સાહસનો ત્યાગ કરવાને ઉદ્યમવંત થાય છે.

**इति साहसप्रकरणम् ॥**

---

## अथ दंडपारुष्यप्रकरणमभिधीयते ॥

**नत्वा नमिजिनं सम्यग् धर्मतीर्थप्रवर्तकम् ॥**
**वक्ष्यामि दंडपारुष्यं प्रजास्थितिनिबंधनम् ॥ १ ॥**

ધર્મતીર્થના પ્રવર્તક એવા શ્રી નમિનાથ પ્રભુને રૂડા પ્રકારે નમસ્કારીને પ્રજાઓની સ્થિતિના નિબંધન રૂપ **દંડપારૂષ્ય** હવે કહીશ.

**पूर्वप्रकरणे साहसदंडो निरूपितः तत्साहचर्य्याद्दंडपारुष्यमधुना निरूप्यते ॥** ગયા પ્રકરણમાં સાહસ દંડનું નિરૂપણ કર્યું; તેની સાથે સાહચર્ય છે માટે અમણાં **દંડપારૂષ્ય**નું સ્વરૂપ નિરૂપણ કરે છેઃ—

येनांत्यजोंऽगेन कुधीः कस्यांगं छेदयेत् हठात् ॥
तदंगं छेदयित्वास्य पुरात् कार्यं प्रवासनम् ॥ २ ॥

કોઇ નઠારી બુદ્ધિવાળો નીચ પુરૂષ કોઇના અંગને બળાત્કારથી કાપી નાખે તો જે અવયવથી તેણે બીજાનું અંગ કાપ્યું તેનો તે અવયવ કાપી નાખી રાજાએ તેને નગર બહાર કાઢી મૂકવો.

क्षत्रियद्विजयोर्मोहात् काष्टधातुविनिर्मिते ॥
आसने वैश्यशूद्रौ चेदुपविष्टौ तदा भृशम् ॥ ३ ॥
कषाविंशतिभिर्वैश्यं पंचाशद्भिश्च शूद्रकम् ॥
ताडयेन्न्यायमार्गेण मर्यादारक्षणे नृपः ॥ ४ ॥

ક્ષત્રી કે બ્રહ્માણને માટે લાકડા કે ધાતુના બનાવેલા આસન ઉપર મોહથી કોઇ વૈશ્ય કે શુદ્ર બેસી જાય તો ન્યાયથી મર્યાદાનું રક્ષણ થવા વૈશ્યને વિશ કોરડા તથા શૂદ્રને પચાસ કોરડા મારવાનો રાજાએ દંડ કરવો.

चतुर्वर्णेषु यः कश्चित् दृष्ट्वा कंचिन्नरोत्तमम् ॥
निष्ठीवति हसेद्वापि दम्यते दशराजतैः ॥ ५ ॥

ચાર વર્ણમા હરકોઇ વર્ણનો માણસ કોઈ ઉત્તમ નરને જોઇ થુંકે અથવા હશે તો રાજાએ તેનો દશ રૂપિયા દંડ કરવો.

प्राणघाताभिलाषी यो ग्रीवां मुष्कं शिरस्तथा ॥
गृह्णाति दर्पतः क्रोधाद्दंड्यते स्वर्णनिष्कतः ॥ ६ ॥

પારકો પ્રાણઘાત કરવાની ઇચ્છાવાળો કોઇ માણસ અભિમાનથી અથવા ક્રોધથી કોઇની ગરદન, વૃષણ, કે માથું પકડે તો રાજાએ તેનો દંડ સોના મહોરોથી કરવો.

मांसापकर्षकस्तुर्यैस्त्वग्भेत्ता दशराजतैः ।।
असृक्प्रचालने विप्रो दंड्यो युग्मशतेन वै ।। ७ ।।

માંસ ખેંચનારનો ચાર રૂપીયા દંડ, ચામડી ભેદનારનો દશ રૂપિયા દંડ; અને રૂધિર કાઢનાર બ્રાહ્મણનો બસો રૂપિયા દંડ કરવો.

आरामं गच्छता येन दर्पादुत्पाटिता लता ।।
त्वक्पत्रदंडपुष्पाद्याः स दंड्यो दशराजतैः ।। ८ ।।

કોઇના બગીચામાં જઇ મદથી કોઇ વેલીને ઉખેડી નાંખે અથવા કોઇ વૃક્ષનાં પાંદડાં, છાલ, ડાળી કે પુષ્પાદિ તોડી પાડે તો તે દશ રૂપિયાના દંડને યોગ્ય છે.

पुष्पचौरो दशगुणैः प्रवास्यो वृक्षभेदकः ।।
मनुष्यगोप्रहर्ता च प्रवास्यो ग्रामतो ध्रुवम् ।। ९ ।।

પુષ્પના ચોરનારને દશ ઘણો દંડ કરવો, વૃક્ષ કાપનારને કાઢી મૂકવો; મનુષ્ય તથા ગાયને ચોરનારને અવશ્ય ગામ બહાર કાઢી મૂકવો.

यादृशोपद्रवं कुर्यात् तादृशं दंडमाप्नुयात् ।।
यावता तन्निवृत्तिः स्यात्तावद्द्रव्यं च दापयेत् ।। १० ।।

મનુષ્ય જેવો ઉપદ્રવ કરે તેવો તેનો દંડ કરવો. જેટલું દ્રવ્ય ખરચવાથી તેના ઉપદ્રવની શાન્તિ થાય તેટલું દ્રવ્ય તેને તે આપે.

घातकाद्घातशांत्यर्थमौषधाद्यर्थमेव वा ॥
अनुचर्यार्थमपि ग्राह्यं यादृक् कर्म तथा फलम् ॥ ११ ॥

ઘાતની શાન્તિને અર્થે તથા તેના ઔષધને માટે અને વળી તેની સેવા ચાકરીમાં નોકર વગેરેને જે ખર્ચ થાય તે સઘળો ખર્ચ દંડ ઉપરાંત રાજાએ તે ઘાત કરનારની પાસેથી મજરે લેવો. જે જેવું કર્મ કરે તેને તેવું ફળ મળે.

वित्तं यस्य वृथा दुष्टो नाशयेदज्ञानतोऽथवा- ॥
ज्ञानतस्तत्प्रसत्तिश्च कार्या तन्नाशकेन वै ॥ १२ ॥

કોઇ દુષ્ટ માણસ કોઇનું ધન વગર સમજે અથવા જાણી બુજીને નાશ કરે તો તે નાશ કરનારે જરૂર તેનું મન મનાવવું જોઇએ.

ऋणी स्वयं न दत्ते चेद्भूपो निश्चित्य साक्षिभिः ॥
दापयित्वा धनं तस्मादमं गृह्णाति स्वोचितम् ॥ १३ ॥

દેવાદાર પોતે પોતાનું દેવું અદા કરતો ન હોય તો રાજાએ સાક્ષીઓદ્વારા નિશ્ચય કરી લેણદારનું ધન અપાવવું, અને પોતાને યોગ્ય લાગે તે દંડ વસુલ કરવો.

वादित्रनाशने दंडो ज्ञेयो दशगुणः सदा ॥
मृद्धातुकाष्टपात्राणां नाशे पंचगुणः स्मृतः ॥ १४ ॥

વાજીંત્ર નાશ કરનારને દશ ઘણો અને માટી ધાતુ તથા લાકડાનાં વાસણ નાશ કરનારને પાંચ ઘણો દંડ કરવો.

मार्गे यानादिभिर्नाशे सारथिं दंडयेन्नृपः ॥
मदहेतुविमुक्तश्चेदन्यथा न हि दंडयुक् ॥ १५ ॥

આઠ કારણ શિવાય ગાડીત માર્ગમાં જતાં ગાડી ઇત્યાદિક વાહનથી કાંઇ ભાંગી નાખે તો તેનો રાજાએ દંડ કરવો. અકસ્માત્થી તેવું નુકશાન થાય તો ગાડીત દંડને લાયક થતો નથી. **केऽष्टौ हेतव इत्याह** ॥ આઠ હેતુ કયા તે દેખાડે છે:—

**युगाक्षयंत्रवक्राणां भंजने राशिभंगके ॥**
**वृषे तु सम्मुखं प्राप्ते भूवैषम्ये दृषद्गणे ॥ १६ ॥**
**गच्छगच्छेतिपूत्कारे कृते सारथिनाऽसकृत् ॥**
**न दंड्या यानयानेशस्वामिनः स्युर्नृपेण वै ॥ १७ ॥**

ધુંસરૂ, આખડાં તથા ચક્ર વાંકાં થઇ ગએલાં હોય અને તે ભાગી જાય, રાશિ તુટી જાય, સામો બળદ આવે, પૃથ્વી ખાડા ટેકરા વાળી હોય, પથ્થરનો ઢગલો વચ્ચે આવે અને ગાડિત ' ચાલો, ચાલો, ' એમ વારે વારે પોકારતો હોય તેમ છતાં પાકું નુકશાન થાય તો ગાડીતનો તેમ ગાડીના ધણીનો કંઈ દોષ નહિ. તે બેઉમાંથી કોઇ દંડને પાત્ર થતા નથી.

**अज्ञत्वात् सारथेर्युग्यमन्यत्राकर्षयेद्रथम् ॥**
**परवस्तुविनाशे च स्वामी दंड्यो न सारथिः ॥ १८ ॥**

જો સારથીના અજ્ઞાનને લીધે બળદાદિક રથને બીજે ખેંચે અને તેથી પારકી વસ્તુનો નાશ થાય તો ગાડીના ધણીનો દંડ કરવો, પણ સારથિનો નહિ.

**युग्ममुद्राशतं दंडं गृह्णीयाद्भूपतिस्ततः ॥**
**सारथिः कुशलश्चेत्स दंड्यः स्वामी न दोषभाक् ॥१९॥**

તે દોષવાન્ સ્વામી પાસેથી બસો રૂપિયા દંડ રાજાએ લેવો. સારથી કુશળ હોય તો તેનો દંડ કરવો પણ સ્વામીનો દોષ નથી.

**मूर्खत्वे सारथेर्दंड्ये युग्मे भूपेन सारथेः ॥**
**शतमुद्रां गृहीत्वा प्राग्यानमीशं च दापयेत् ॥ २० ॥**

સારથીનું મૂર્ખ પણું હોય તો રાજાએ સારથી અને માલિક બન્નેનો દંડ કરવો; સારથી પાસેથી સો રૂપીઆ પ્રથમ ગ્રહીને તે યાન તેના માલીકને અપાવવું.

**यानांतरेण गोऽश्वादिरुद्धे मार्गे तु सारथिः ॥**
**अशक्तो वृषरोधादौ न दंड्यः स्याच्च सर्वथा ॥ २१ ॥**

ગાડીના જવાના માર્ગમાં ગાયો, ઘોડા વગેરેથી માર્ગ રૂંધાયો હોય અને બળદોને રોકી રાખવા વગેરે કાર્યમાં સારથિ અશક્ત થયો હોય તો તે સર્વથા પ્રકારે દંડને પાત્ર થતો નથી.

**जीवनाशे तु दंड्यः स्यात्सूतो भूपेन केवलम् ॥**
**वस्तुनाशे तत्प्रसाप्तिं नृपस्तेन प्रदापयेत् ॥ २२ ॥**

ગાડી તળે ચગદાઇને જીવનો નાશ થાય તો રાજાએ સારથીનો દંડ કરવો—કોઈ જડ વસ્તુનો નાશ થાય તો રાજાએ સારથી પાસે તેનું મન મનાવરાવવું.

**मर्त्यनाशे महत्पापं चौरवद्दंडमाप्नुयात् ॥**
**गोगजाश्वोष्ट्रमहिषीघाते स्वामिप्रसन्नता ॥ २३ ॥**
**कारणीया ततो दंडो गृह्यते पृथिवीभुजा ॥**
**यथा पुनर्न कोऽपि स्यादीदृशो जीवघातकृत् ॥ २४ ॥**

મનુષ્યનો નાશ થાય તો મોટું પાપ છે માટે રાજાએ તેનો ચો-રના જેટલો દંડ કરવો. ગાય, હાથિ, ઘોડો ઉંટ તથા ભેંશ વગેરે પ્રાણીઓના ઘાતમાં તેના સ્વામીને પ્રસન્ન કરવો.

વળી રાજાએ સારથિનો દંડ ગ્રહણ કરવો કે જેથી ફરીને એવો જીવ ઘાત કરનારો કોઈ થાય નહિ.

**भार्यापुत्रप्रेष्यदाससोदराश्चापराधिनः ॥**
**तेषां नाथेन दंडेन स्तैन्यकर्मणि भूभृता ॥ २५ ॥**

સ્ત્રી, પુત્ર દૂત ચાકર સહોદર ( ભાઈ ) વગેરે જે કોઇ સંબંધી ચોરીનું કામ કરે તેને રાજાએ દોરડાવતી તેમજ સોટીથી મારવા.

**एषः समासतः प्रोक्तो दंडपारुष्यनिर्णयः ॥**
**जीवमात्रे कृपादृष्टी रक्षणीया मनीषिणा ॥ २६ ॥**

એ પ્રમાણે ટુંકામાં દંડ પારૂષ્યનો નિર્ણય કહ્યો; બુદ્ધિમાને જીવ માત્રપર દયા દૃષ્ટિ રાખવી.

**इति दंडपारुष्यप्रकरणम् संपूर्णम् ॥**

---

## अथ स्त्रीपुरुषधर्मप्रकरणं विविच्यते ॥

**नेमिं नत्वा मुदा नेमिं सर्वारिष्टविभेदने ॥**
**स्त्रीपुंधर्मव्यवहृतिः संक्षेपेणात्र वर्ण्यते ॥ १ ॥**

સઘળાં અશુભને નિર્મૂળ કરવામાં ચક્રરૂપ નેમિ ભગવાનને હર્ષથી નમીને સ્ત્રી પુરૂષનો ધર્મ વ્યવહાર અત્રે સંક્ષેપથી વર્ણવાય છે. પૂર્વ

प्रकरणे दंडपारुष्यवर्णनं कृतं પૂર્વપ્રકરણમાં દંડ પારૂષ્યનું વર્ણન કર્યું; दंडस्तु धर्मरक्षार्थं जायतेऽतोऽधुनास्त्रीपुरुषधर्मप्ररूपणाधि क्रियते ॥ દંડ હમેશાં ધર્મની રક્ષા માટે થાય છે. એટલા કારણ માટે હવે સ્ત્રી પુરૂષના ધર્મનું પ્રરૂપણ કરાય છે.

**पित्रादयः स्वबुद्ध्या यं सुंदरं प्रेक्ष्य कन्यकाम् ॥**
**दद्युः सा निर्गुणं चापि पूजयेद्देववत्तकम् ॥ २ ॥**

માતા પિતા પોતાની બુદ્ધિથી 'આ સારો છે;' એમ પરીક્ષા કરીને તેને કન્યા આપે પછી તે ગુણ હીન નિવડે તો પણ તે કન્યા એ તેની દેવની પેઠે પૂજા કરવી.

**भर्त्राऽपि मिष्टवचनैः संतोष्या सा नवांगना ॥**
**पक्वान्नदधिदुग्धाद्यैः पोषणीया निरंतरम् ॥ ३ ॥**

સ્વામીએ પણ તે નવી પરણેલી સ્ત્રીને પ્રિય વચનોથી સંતોષવી, તથા પકવાન્ન, દુધ અને દહી વગેરે સારા, સારા ભોજનોથી તેનું નીરંતર પોષણ કરવું.

**बालत्वे रक्षकस्तातो यौवने रक्षकः पतिः ॥**
**वृद्धत्वे सति सत्पुत्रः स्त्री स्वाधीना भवेन्नहि ॥ ४ ॥**

બાળપણામાં સ્ત્રીનો રક્ષક પિતા, યુવાવસ્થામાં રક્ષક પતિ, વૃદ્ધ પણું પ્રાપ્ત થયે રક્ષક સત્પુત્ર; ક્યારેય પણ સ્ત્રીને સ્વતંત્રપણું હોય નહિ.

**अतीचाराद्बुधैर्नित्यं रक्षणीया कुलांगना ॥**
**आतुर्यवासरं कस्याप्यास्यं पश्येदृतौ न हि ॥ ५ ॥**

બુદ્ધિમાનોએ કુલવાન્ સ્ત્રીનું હમેશાં અતિચારથી રક્ષણ કરવું જોઇએ. તેણે ઋતુ સમયે ચાર દીવસ સુધી કોઈનુ પણ મુખ જોવું નહિ.

**चतुर्थदिवसे स्नात्वेक्षेतास्यं पत्युरेव च ॥**

**ऋतुस्नाने न पश्येत्स्त्री परमर्त्यमुखं कदा ॥ ६ ॥**

રૂતુ કાળમાં ચોથે દિવસે સ્નાન કરીને સ્ત્રીએ અવશ્ય પોતાના પતિનુંજ મુખ જોવું જોઇએ. રૂતુ સ્નાન કરેલી સ્ત્રીએ કદિપણ પર પુરૂષનું મુખ જોવું નહિ.

**स्नानकाले निरीक्षेत सुरूपं च विरूपकम् ॥**

**पुरुषं जनयेत्पुत्रं तदाकारं मनोरमा ॥ ७ ॥**

રૂતુ સ્નાન કરીને સારો રૂપાળો કે છેક કદરૂપો જેવા પુરૂષનું મુખ સ્ત્રી જુએ તેવા આકારનો તેને પુત્ર ઉત્પન્ન થાય.

**यादृशमुप्यते बीजं क्षेत्रे कालानुसारतः ॥**

**तत्पर्यायगुणैर्युक्तं तादृगुत्पद्यते फलम् ॥ ८ ॥**

રૂતુને અનુસરીને ખેતરમાં જેવું બીજ વવાય છે; તે બીજમાં રહેલા ગુણ ધર્મવાળુંજ તેવું ફલ ઉત્પન્ન થાય છે.

**यद्यज्जातीयपुरुषं यद्यत्कर्मकरं नरम् ॥**

**पश्यति स्नानकाले सा तादृशं जनयेत्सुतम् ॥ ९ ॥**

જે, જે જાતિના તથા જેવું જેવું કામ કરનારા પુરૂષને સ્નાન સમયે સે સ્ત્રી જૂએ છે તેવોજ પુત્ર ઉત્પન્ન થાય છે.

**न स्पृशेद्वस्तुमात्रं हि न भुंक्ते कांस्यभाजने ॥**

**गृहाद्बहिर्न गंतव्यं देवतायतनेऽपि न ॥ १० ॥**

शयीत न हि खट्वायां पुष्टान्नं नैव भक्षयेत् ॥
आदर्शालोकनं नैव ऋतौ कुर्यात्कुलांगना ॥ ११ ॥

અટકાવવાળી સ્ત્રીએ વસ્તુ માત્રનો સ્પર્શ કરવો નહિ; કાંસાના વાસણમાં તેણીએ જમવું નહિ; દેવ મંદીરમાં પણ જવું નહિ. ખાટલા પર તેણીએ સુવું નહિ; પુષ્ટીકારક ખોરાક ખાવો નહિ. કુલવાન સ્ત્રીએ ઋતુના દિવસોમાં દર્પણમાં મુખ પણ જોવું નહિ.

शरीरसंस्कृतिं नैव कुर्यादुद्वर्त्तनादिभिः ॥
न काष्ठघर्षणं दंते दिवा स्वापं च वर्जयेत् ॥ १२ ॥

તેલ ફુલેલ વગેરેથી શરીરને મર્દન કરવા રૂપ શરીર સંસ્કારો પણ કરવા નહિ; લાકડાના દાતણથી દાંત ઘસવા નહિ. અને દિવસે સુવાનું પણ ત્યાગ કરવું.

चतुर्थेह्नि कृतस्नाना दृष्ट्वा स्वीयधवाननम् ॥
कृतसर्वसुसंस्कारा कुर्यात क्षीरान्नभोजनम् ॥ १३ ॥
तद्दिने चित्तविक्षेपं क्रोधं वा न करोति वै ॥
कृतमंगलनेपथ्या भूषालंकृतविग्रहा ॥ १४ ॥
कृतांजनादिसंस्कारा पुष्पसुगंधवासिता ॥
स्वस्थचित्ता सुशय्यायां शेते स्वपतिना सह ॥ १५ ॥

ઋતુવતી સ્ત્રીએ ચોથે દિવસે સ્નાન કરીને પોતાના પતિનું મુખ જોયા પછી શરીરે સર્વપ્રકારના શુભસંસ્કાર કરવા. તે દિવસે તેણે ક્ષીરાન્ન ( દુધના અન્નનું ) ભોજન કરવું, તે દિવસે ચિત્તને વિક્ષેપ કે

ક્રોધ બીલકુલ કરવો નહિ. મંગળવસ્ત્ર પહેરીને તથા આભૂષણોથી પોતાના દેહને શોભાવીને તથા આંખમાં મેશ વગેરે આંજીને ફુલ તથા સુગંધી વાળાં પદાર્થોથી સુવાસિત થઇ સ્વસ્થ ચિત્તે પતિની સાથે શય્યામાં સુવું.

**समायां निशि पुत्रः स्याद्विषमायां तु कन्यका ॥**
**वीर्याधिक्येन पुत्रः स्याद्रक्ताधिक्येन पुत्रिका ॥ १६ ॥**

સમરાત્રિમાં ગર્ભ સંભવ હોય તો પુત્ર જન્મે અને વિષમરાત્રિમાં ગર્ભનો સંભવ હોય તો કન્યાનો જન્મ થાય. વીર્યનું અધિકપણું હોય તો પુત્રની ઉત્પત્તિ અને રજસ્નું અધિકપણું હોવાથી કન્યાની ઉત્પત્તિ છે.

**जीवोत्पत्तेरियं भूमिर्योनिः प्रोक्ता हि शाश्वती ॥**
**बीजानामिव तद्वृद्धिर्भूम्याश्रयतया भवेत् ॥ १७ ॥**
**जायन्तेऽनेकरूपाणि यान्युप्तानि कृषीवलैः ॥**
**एकक्षेत्रेऽपि कालेन बीजानि स्वस्वभावतः ॥ १८ ॥**

જીવોની ઉત્પત્તિને માટે યોનિ એ શાશ્વતી ભૂમિ કહેલી છે; બીજોની વૃદ્ધિ જેમ ભૂમિના આશ્રયથી થાય છે તેમ જીવની વૃદ્ધિ પણ તેણીના આશ્રયથીજ થયાં કરે છે. ખેડુતોએ એકજ ક્ષેત્રમાં નાખેલાં અનેક બીજો કાળે કરીને પોતાના સ્વભાવ પ્રમાણે અનેક રૂપે ઉગી નીકળે છે.

**शालिगोधूममुद्राश्च—णकालसिकुलत्थका ॥**
**यथाबीजं प्ररोहंति स्वपर्यायानुसारतः ॥ १९ ॥**

ડાંગર, ઘઉં, મગ, ચણા, અલસી તથા કળથી વગેરે ધાન્યો બીજની જાતિ પ્રમાણે સ્વભાવ ધર્મ પ્રમાણે ઉગી નીકળે છે.

अन्यदुप्तं जातमन्यदित्येतन्नोपपद्यते ॥
उप्यते येन यद्बीजं तत्तथैव प्ररोहति ॥ २० ॥
तत्प्राज्ञेन विचार्यैवं धर्मशास्त्रानुसारतः ॥
वृद्धिकामेन वप्तव्यं न जातु परयोषिति ॥ २१ ॥

બીજું ધાન્ય વાવવાથી બીજું ધાન્ય થતું નથી. જેણે જેવું બીજ વાવ્યું તે તેજ પ્રકારનું થાય છે માટે બુદ્ધિમાન્ પુરૂષે એ પ્રકારનો વિચાર કરી ધર્મશાસ્ત્ર પ્રમાણે વૃદ્ધિની કામના માટે બીજ વાવવું, પણ પારકાની સ્ત્રીમાં કદાપિ પણ વીર્યારોપણ કરવું નહિ.

विधिना महिला सृष्टा पुत्रोत्पादनहेतवे ॥
भर्तुः सपर्या परमो धर्मः स्त्रीणां प्रकीर्तितः ॥ २२ ॥
पतिसेवा सुतोत्पत्तिस्तद्रक्षा गृहकर्म च ॥
स्त्रीणां कर्माणि चैतानि निर्दिष्टानि प्रधानतः ॥ २३ ॥

વિધિએ પુત્રોની ઉત્પત્તિને માટે સ્ત્રીને સરજી છે. પતિની સેવા કરવીએ સ્ત્રીઓનો પરમ ધર્મ છે. પતિસેવા, પુત્રોત્પત્તિ અને તેમનું રક્ષણ તથા ઘરસંબંધી સર્વ કર્મ કરવાં એ મુખ્યત્વે સ્ત્રીઓને કરવાનાં કહેલાં છે.

भर्त्रर्द्धदेहसंलीना भर्तृभक्तिपरायणा ॥
पतिमेव प्रभुं मन्या प्रोक्ता सा तु पतिव्रता ॥ २४ ॥

સ્વામીના અર્ધાદેહમાં મળેલી એટલે અર્ધાંગના, સ્વામી ભક્તિમાં તત્પર, પતિએજ પરમેશ્વર એમ માનનારી એજ સ્ત્રીપતિવ્રતા કહેલીછે.

**निःस्नेहा चलचित्तत्वात्पौंश्चल्या दुष्टनोदनात् ॥**
**कुसंगतो भवेन्नारी कुसंगं वर्जयेत्ततः ॥ २५ ॥**

ચલાયમાન્ ચિત્તને લીધે, વ્યભિચારિણી સ્ત્રીઓની સોબતથી તેમજ તેમની દુષ્ટ પ્રેરણાઓને લીધે સ્ત્રી સ્નેહ વગરની થાય છે માટે નઠારો સંગ સ્ત્રીઓએ વર્જવો.

**स्वकीयकुलरीतिस्तु रक्षणीया प्रयत्नतः ॥**
**कुलद्वये यथा न स्यात् मलिनत्वं कुलस्त्रियाः ॥ २६ ॥**

કુલવાન્ સ્ત્રીએ પોતાના કુલ પરંપરાથી ચાલી આવેલી કુલની રીતિનું પ્રયત્નથી રક્ષણ કરવું કે જેથી પોતાના માતાપિતા તથા પતિના કુલને લાંછન લાગે નહિ.

**देवयात्रोत्सवे रंगे चत्वरे जागरे कलौ ॥**
**कुलस्त्रिया न गंतव्यमेकाकिन्या कदाचन ॥ २७ ॥**

દેવની યાત્રામાં, ઉત્સવમાં, નાટકમાં, બજારમાં, જાગરણ તથા કલેશની જગોમાં કુલવાન્ સ્ત્રીએ એકલાં કદાપિ જવું નહિ.

**स्नानोद्वर्त्तनतैलाद्यभ्यंगलेपनकानि नो ॥**
**कारयेत्परहस्तेन शीलरक्षणतत्परा ॥ २८ ॥**

સદાચાર એટલે શીલ રક્ષણ કરવામાં તત્પર એવી કુલાંગનાએ સ્નાન, મર્દન, તૈલાભ્યંગ, લેપન ઇત્યાદિ કર્મ પારકે હાથે કરાવવાં નહિ.

गणिका लिंगिनी दासी स्वैरिणी कारुकांगना- ॥
-भिः कार्यो न हि संसर्गो यशोहेतोः कुलस्त्रिया ॥ २९ ॥

કુલવાન્ સ્ત્રીએ પોતાની કીર્તિ ખાતર ગણિકા, જોગણી, દાસી, વ્યભિચારિણી; તથા કારીગરની સ્ત્રીઓ સાથે સંસર્ગ કરવો નહિ; અર્થાત્ તેમની સોબત કરવી નહિ.

तद्धर्मगुणवृत्तीः सा धारयिष्यति संगतः ॥
तस्मादाचारशुद्ध्यर्थं नृभी रक्ष्याः सदा स्त्रियः ॥ ३० ॥

તેવી સ્ત્રીઓની સોબત થવાથી કુલવાન્ સ્ત્રીના ગુણ તથા વૃત્તિઓ તેમના જેવી થાય છે માટે સદાચારની શુદ્ધિને અર્થે પુરૂષોએ હમેશાં સ્ત્રીઓનું રક્ષણ કરવું.

पूजार्हा पुत्ररत्नेज्या रूपलावण्यमंडिता ॥
श्रीषु स्त्रीषु विशेषो न गृहिणामास्ति कश्चन ॥ ३१ ॥

સ્ત્રીઓ સત્કારને યોગ્ય છે, પુત્રરૂપી રત્નોએ પૂજવા લાયક છે. રૂપ તથા લાવણ્ય વડે સુશોભિત છે, ગૃહસ્થાશ્રમીઓએ લક્ષ્મી તથા સ્ત્રીમાં કશો ભેદ ન જાણવો.

नाताश्नीयान्मधु तैलमुच्छिष्टं कोद्रवं तथा ॥
विद्धमन्नं परान्नं वा शौचान्नं न च माषकान् ॥ ३२ ॥

मलोत्सर्गं न सा मार्गे कुर्याद्भस्मानि गोकुले ॥
न क्षेत्रे संस्कृते चैव श्मशाने न च पर्वते ॥ ३३ ॥

देवस्थाने च सरिति गर्ते सत्त्वप्लुते द्रहे ॥
सूर्याग्निचंद्रायतनसम्मुखं न कदाचन ॥ ३४ ॥

ઋતુવતી સ્ત્રીએ મધ, તેલ, એઠું ભોજન કોદરા, શળેલું અન્ન, પારકું અન્ન, અપવિત્ર અન્ન, તથા અડદ ખાવા નહિ. માર્ગમાં, રાખોડીમાં, ગોકુળમાં, ખેડેલા ખેતરમાં, સ્મશાનમાં, પર્વતપર, દેવસ્થાનમાં, નદીમાં, ખાડામાં, જીવ જંતુવાળા નાના ઝરામાં સૂર્ય, અગ્નિ, ચંદ્ર તથા દેવ મંદિરના સામું મુખ રાખીને કદિ મલોત્સર્ગ કરવો નહિ.

अथ पुरुषधर्मः कथ्यते ।

प्रसन्नचित्त एकान्ते भजेन्नारीं मनोरमाम् ॥
प्रसन्नचित्तां सस्नेहां पुत्रार्थं न हि कामतः ॥ ३५ ॥
प्रसन्नतास्थितो गर्भो जातश्चेद्भाग्यवान् भवेत् ॥
सुमुहूर्त्ते च विख्यातः स्वातिजं मौक्तिकं यथा ॥ ३६ ॥

પુરૂષ ચિત્તને પ્રસન્ન રાખી એકાન્તમાં મનને આલ્હાદકારી એવી સ્ત્રીનું સેવન કરે; તે પણ પ્રસન્ન ચિત્તવાળી તેમ પ્રેમવાળી હોવી જોઇએ. પુરૂષે પણ તેણીનું સેવન કામને અર્થે નહિ પણ સદ્ પુત્રની ઉત્પત્તિને અર્થે કરવું. પરસ્પર બેઉની પ્રસન્નતાથી રહેલો ગર્ભ જો પ્રસવ થાય તો તે ભાગ્યવાન્ નીવડે છે; સ્વાતિ નક્ષત્રમાં ઉત્પન્ન થએલા મોતીની માફક સારા મુહૂર્તમાં રહેલો ગર્ભ વિખ્યાત થાય છે.

नोपगच्छेत् प्रमत्तोऽपि नारीमार्तवदर्शने ॥
एकस्मिन् शयनीये च न शयीत तया सह ॥ ३७ ॥

કામ વિહ્વલ થયા છતાં પણ ( પુરૂષે ) ઋતુ દર્શન સમયે સ્ત્રી પ્રત્યે જવું નહિ; તેમ તેની જોડે એક પથારીમાં સુવું પણ નહિં.

**नरो रजोऽभिलिप्तांगां सेवेत स्वां वधूमधीः ॥**
**प्रज्ञाकीर्तिर्यशस्तेजस्तत् क्षणे च विलीयते ॥ ३८ ॥**

જે મૂર્ખ પુરૂષ રજે કરીને ખરડાએલા અંગવાળી પોતાની સ્ત્રીને સેવે છે; તેનું તેજ, બુદ્ધિ, કીર્તિ તથા યશ સર્વ તેજ ક્ષણે નાશ પામે છે.

**नाश्नीयान्न तया सार्द्धं नाश्नंतीं तां निरीक्षयेत् ॥**
**न जृंभमाणां नो सुप्तां नाशौचादिक्रियापरां ॥ ३९ ॥**

પુરૂષે સ્ત્રી સાથે બેસીને ખાવું નહિ; તેમ તેને ખાતાં જોવી પણ નહિ; તે બગાસાં ખાતી હોય, સુતી હોય અગર અશૌચાદિ ક્રિયા કરવામાં ગુંથાઇ હોય તેવે સમયે પણ તેણીને જોવી નહિ.

**सूर्यास्तोत्तरकाले च न किंचिदपि भक्षयेत् ॥**
**नग्नो न हि स्वपेत् कुत्र नोच्छिष्टास्यः क्वचिद्व्रजेत् ॥ ४० ॥**
**न वसेत् षंडकैः क्लीबैर्निषादैः पतितैरपि ॥**
**नांत्यैर्भ्रष्टैर्मदाविष्टैर्न मंदैश्चापराधिभिः ॥ ४१ ॥**

સૂર્ય આથમ્યા પછી લગારે કંઇ ખાવું નહિ; નગ્ન સુવું નહિ; તેમ એઠે મોઢે કયારેય કંઇ પણ જવું નહિ.

અશક્ત, નપુંસક, ચંડાળ, પતિત, અંત્યજ; ભ્રષ્ટ, નિશો કરનારા, મંદ તથા ગુન્હેગારોની પડોશમાં રહેવું નહિ.

नोभयाभ्यां च पाणिभ्यां कुर्योच्छिरासि खर्जनम् ॥
न स्पृशेन्नरमस्पृश्यं न च स्नायाच्छिरो विना ॥४२॥

બે હાથવડે સાથે માથામાં વલુરવું નહિ, નહિ સ્પર્શ કરવા યોગ્ય પુરૂષને અડવું નહિ, માથું કોરૂં રાખી નહાવું નહિ.

रतेश्चांते चिताधूमस्पर्शे दुःस्वप्नदर्शने ॥
क्षौरकृत्ये वमे पंच स्नायात्पूतजलैर्नरः ॥ ४३ ॥

સંભોગ પછી, ચિતાના ધુમાડાનો સ્પર્શ થયા પછી, નઠારૂં સ્વપ્ન થયા પછી, હજામત કરાવ્યા પછી તથા ઉલટી થયા પછી એ પાંચ સ્થળમાં પુરૂષે પવિત્ર જળથી સ્નાન કરવું.

इत्यादिगुणसंपन्नः स्वधर्मे तत्परः सुधीः ॥
ब्राह्मे मुहूर्त्ते चोत्थाय प्रभुं पंचनमस्कृतिम् ॥ ४४ ॥
स्मृत्वा भूत्वा शुचिः कृत्वावश्यकादिक्रियां नरः ॥
शौचस्नानादिकं कृत्वा चर्चित्वा जिनपद्युगम् ॥ ४५ ॥
नत्वा गुरुं धर्मशास्त्रं श्रुत्वा नियममाचरेत् ॥
ततः स्वोचितव्यापारे प्रवृत्तो मानवो भवेत् ॥ ४६ ॥

ઉપર દર્શાવેલા ગુણે યુક્ત એવો સ્વધર્મમાં કુશળ, રૂડી બુદ્ધિવાળો પુરૂષ બ્રાહ્મ મુહૂર્त્તમાં ઉઠીને પંચ પરમેષ્ટીને નમસ્કાર કરી, ધ્યાન ધરીને પવિત્ર થએલો પોતાનું આવશ્યક કર્મ વગેરે કરે; શૌચ–સ્નાનાદિક કરી જિનેશ્વરના ચરણ–દ્વયની પૂજા કરે; પછી ગુરૂવંદન કરી તેમની પાસેથી ધર્મશાસ્ત્ર સાંભળી નિયમને આચરે એટલું કર્યા બાદ પોતપોતાના વ્યાપારમાં મનુષ્ય પ્રવર્તે.

धर्मकर्माविरोधेन सकलोऽपि कुलोचितः ॥
निस्तंद्रेण विधेयोऽत्र व्यवसायः सुमेधसा ॥ ४७ ॥

ધર્મસંબંધી કાર્યમાં બાધ ન આવે તેવી રીતે રૂડી બુદ્ધિવાળા પુરૂષે આળસનો ત્યાગ કરી પોતાના કુલને યોગ્ય સઘળો વ્યવસાય કરવો.

धर्मराज्याविरुद्धं लोकविरुद्धं च यद्भवेत् ॥
तत्कृत्यं न हि कुर्याद्वै बहुलाभेऽपि सर्वथा ॥ ४८ ॥

જે કૃત્ય ધર્મ વિરૂદ્ધ, રાજ્ય વિરૂદ્ધ, તથા લોક વિરૂદ્ધ હોય તેવું કૃત્ય બહુ લાભ થતો હોય તેમ છતાં પણ કદી કરવું નહિ,

भोजनावसरे भुक्त्वा गुरुदानावशिष्टकम् ॥
सुखं कृत्वा मुहूर्त्तं च कुर्याद्व्यवहृतिं पुनः ॥ ४९ ॥
दिवसस्याष्टमं भागं यावत्सत्प्रतिभान्वितः ॥
ततो भुक्त्वावश्यकादिक्रियां कुर्याद्विचक्षणः ॥ ५० ॥

ગુરૂને હોરાવી નિયમસર ભોજન સમયે અવશિષ્ટાન્ન જમવું; જમ્યા પછી બે ઘડી સુખમાં વીરામ કરવો પછી વ્યાપાર કામમાં જોડાવું. જ્યારે પાછલો અર્ધો પહોર દહાડો બાકી રહે ત્યારે જમી લઇ સારી બુદ્ધિ સહિત વિચક્ષણ પુરૂષે આવસ્યક ક્રિયા કરવી.

स्त्रीपुंधर्मविचारोऽयं समासेन निरूपितः ॥
सर्वजीवोपकाराय लोकद्वयहितावहः ॥ ५१ ॥

इति स्त्रीपुंधर्मप्रकरणम् ॥

इत्याचार्य श्रीहेमचंद्रविरचिते चौलुक्यवंशभूषणपरमार्हत-

कुमारपालभूपालशुश्रूषिते लघ्वर्हन्नीतिशास्त्रे व्यवहारनीतिवर्णनो नाम तृतीयोऽधिकारः ॥

આ લોક તથા પરલોકના હિતને વહન કરનારો આ સ્ત્રી પુરૂષને ધર્મ સર્વ જીવના ઉપકારને અર્થે ટુંકામાં નિરૂપણ કરી ગયા.

એ પ્રકારે ચૌલુક્ય વંશ ભૂષણ પરમાર્હત કુમારપાલ રાજાની શુશ્રુષાથી આચાર્ય શ્રી હેમચંદ્રજીએ રચેલા લઘુ અર્હનીતિ શાસ્ત્રે વ્યવહારનીતિ વર્ણન નામે ત્રીજો અધિકાર પુરો થયો.

## अथ प्रायश्चित्तं कथ्यते ।

चिदानंदमयं योगध्यानतानैकलक्षितम् ॥
नष्टाष्टदुष्टकर्मारिं श्रीपार्श्वप्रणिदध्महे ॥ १ ॥

ચિદાનંદ રૂપ, યોગ માર્ગથી કરેલા ધ્યાનના તાનવડે જ લક્ષમાં આવે એવા તથા નાશ કર્યા છે આઠ કર્મ રૂપી શત્રુઓને જેમણે એવા શ્રીપાર્શ્વનાથ પ્રભુને હું નમસ્કાર કરૂંછું. **पूर्वाधिकारांत्ये प्रकरणे स्त्रीपुंधर्मो निरूपितः ततः स्खलने प्रायश्चित्तस्यावश्यकतातो लौकिकप्रायश्चित्तस्य लौकिकव्यवहारांगत्वेन ज्ञातिदंडनीतिरूपत्वेन च नीतिसाहचर्याद्वर्णनात्राधिकारे क्रियते** તે ગયા અધિકારના અંત્ય પ્રકરણમાં સ્ત્રી પુરૂષના ધર્મનું નિરૂપણ કર્યું; તે ધર્મથી પડતાં પ્રાયશ્ચિત્તની આવશ્યકતા છે અને લૌકિક પ્રાયશ્ચિત્તનું વ્યવહારાંગ પણું છે તેને લઇ જ્ઞાતિદંડનીતિને નીતિની સાથે સાહચર્યપણું છે માટે આ અધિકારમાં તે પ્રાયશ્ચિત્તનું વર્ણન કહીએ છીએ.

मातंगयवनादीनां म्लेच्छानां सदने नरः ॥
कुर्याद्यो भोजनं तस्य प्रायश्चित्तमिदं भवेत् ॥ २ ॥

ચાંડાળ, યવન વગેરે તથા મ્લેચ્છોના ઘરમાં જે પુરૂષ ભોજન કરે તેને નીચે દર્શાવેલું પ્રાયશ્ચિત્ત કરવું પડે.

उपवासाश्च पंचाशदेकभक्तास्तथैव च ॥
पंचैव तीर्थयात्राश्च तथा सद्धर्मिवत्सलाः ॥ ३ ॥
पंचपूजा जिनानां च शांतिकापौष्टिकादयः ॥
संघभक्तिर्गुरौ भक्तिर्दानानि च यथाविधि ॥ ४ ॥
जिनोपवीतसंस्कारस्तथा कोशस्य वर्द्धनम् ॥
जिनज्ञानौषधादीनां तथा च ज्ञातिभोजनम् ॥ ५ ॥
इति कृत्वा तथा स्नात्वा तीर्थमृत्साजलेन च ॥
सर्वौषधिविमिश्रेण शुद्धो जायेत मानवः ॥ ६ ॥
अन्यथा ज्ञातिबाह्यत्वान्नोपवेश्यः स्वपंक्तिषु ॥
सह भोज्योऽपि तेन स्यात्तुल्यो ज्ञातिबाहिष्कृतः ॥ ७ ॥

પચાસ અપવાસ, પચાસ એકાશનાં પાંચ તીર્થયાત્રા, પાંચ સધર્મી વાત્સલ્ય, શાંતિસ્નાત્ર સહિત જિનોની પંચ પૂજા, સંઘભક્તિ, ગુરૂને વિષે ભક્તિ, યથા વિધિ દાન, જિનશાસ્ત્ર પ્રમાણે ઉપવીત (જનોઈ) નો સંસ્કાર, દેવદ્રવ્યની વૃદ્ધિ, જ્ઞાનવૃદ્ધિ તથા જ્ઞાતિભોજન; એ સઘળું કરી સર્વ ઔષધિ મેળવેલું તીર્થનું જળ તથા તીર્થની માટીથી સ્નાન કરવાથી મનુષ્ય પવિત્ર થાય છે. કહ્યા પ્રમાણે પ્રાયશ્ચિત્ત ન કરે

તો તે જ્ઞાતિ બહાર થાય તે પોતાની પંક્તિમાં ભોજન કરવા બેસી શકે નહિ તેની સાથે બેસીને જે જમે તેની માફક જ્ઞાતિ બહિષ્કૃત એટલે નાત બ્હાર જાણવો.

किरातचर्मकारादिगृहे यो भुक्तिमाचरेत् ॥
तस्य शुद्धिरियं प्रोक्ता जैनशास्त्रविशारदैः ॥ ८ ॥

ભિલ્લ તથા મોચી વગેરેને ઘેર ભોજન કરે તો જૈન શાસ્ત્રમાં કુશળ એવા વિદ્વાનોએ તેની શુદ્ધિ નીચે પ્રમાણે કહી છે.

चत्वारिंशच्चोपवासास्तथैवैकाशनानि च ॥
चतस्रस्तीर्थयात्राश्च त्रयः सधर्मिवत्सलाः ॥ ९ ॥
चतस्रस्त्वर्हतां पूजाः शान्तिकाद्याश्च पूर्ववत् ॥
संघे पूजा गुरोः पूजा तथा दानान्यनेकधा ॥ १० ॥
संस्कारो ह्युपवीतस्य कोशवृद्धिस्तथैव च ॥
भोजनं ज्ञातिलोकस्य स्नानं तीर्थमृदादिभिः ॥ ११ ॥
पूर्वोक्तं सकलं कृत्यं कृत्वा शुद्धो भवेत्स हि ॥
अन्यथाचारभ्रष्टत्वात् ज्ञातिबाह्यः स जायते ॥ १२ ॥
अष्टादशानां जातीनां गृहे भोजनकारकः ॥
प्रायश्चित्तमिदं तस्य चतुर्थास्त्वेकविंशतिः ॥ १३ ॥
एकाशनानि तावंति तीर्थयात्रा त्रिकं तथा ॥
गुरुसंघचिदां पूजा पात्रे दानं तथैव च ॥ १४ ॥

कोशट्टाद्धिर्ज्ञातेर्भुक्तिर्जिनोपवीतधारणम् ॥
तीर्थौषधिजलस्नानं सर्वं पूर्ववदाचरेत् ॥ १५ ॥
तदा शुद्धिं च संप्राप्तः पंक्तियोग्यो भवेत् स हि ॥
अग्निपातादिमरणजन्यदोषे समागते ॥ १६ ॥
तच्छुद्ध्यर्थमयं दंडः प्रोक्तश्च जिनशासने ॥
एकभक्तानि पंचाशत् चतुर्थाः पंचविंशतिः ॥ १७ ॥
आचाम्लाश्च दश ख्यातास्तीर्थयात्रात्रयं तथा ॥
साधर्मिकानां वात्सल्यत्रयं च ज्ञातिभोजनम् ॥ १८ ॥
जिनपूजास्तथा तिस्रः सत्पात्रे दानमुत्तमम् ॥
गुरुसंघसपर्या च सर्वमन्यच्च पूर्ववत् ॥ १९ ॥
इति कृत्वा भवेच्छुद्धोऽन्यथा पंक्तिबहिष्कृतः ॥
ब्रह्महत्यादिकर्त्ता ना तच्छुद्ध्यर्थमयं विधिः ॥ २० ॥
चतुर्थभक्ताः द्वात्रिंशत्पंचाशत् चैकभुक्तयः ॥
आचाम्ला वर्धमानाश्च गुरोरालोचना क्रिया ॥ २१ ॥
तीर्थयात्रापंचकं च जिनोपाचितिपंचकम् ॥
संघपूजा गुरोर्भक्तिर्वात्सल्यं समधर्मिणाम् ॥ २२ ॥
ज्ञानमानं जातिमानं सप्तक्षेत्रे धनव्ययः ॥
पात्रदानं भावशुद्ध्या विधायेति भवेच्छुचिः ॥ २३ ॥

अन्यथा पंक्तिहीनः स्यात् ज्ञातिदंड्यो हि सर्वथा ॥
आद्यवर्णत्रयाणां च शूद्रादीनां प्रसंगतः ॥ २४ ॥
भवेन् मिश्रं चान्नपानं तस्य शुद्धिरियं स्मृता ॥
पूजैका तीर्थयात्रैका नवाचाम्ला निरंतरम् ॥ २५ ॥
पात्रदानं संघभक्तिर्गुरुभक्तिश्च निर्मला ॥
एवं कृत्वा विमुक्तः स्यात् ज्ञातिदंडेन नान्यथा ॥ २६ ॥
मिथ्यादृक् शूद्रसंसक्तं भोजनं यस्य संभवेत् ॥
तस्य शुद्ध्यै जिनैः ख्याता आचाम्लानां च विंशतिः॥२७॥
द्वादशोपोषणानि स्युस्त्रिंशदेकाशनानि च ॥
संघसेवा पात्रदात्तिर्गुरुसेवा तथा परा ॥ २८ ॥
तीर्थयात्रात्रिकं ज्ञातिभोजनं जिनपूजनम् ॥
एवंकृते भवेच्छुद्धो ज्ञातिबाह्योऽन्यथा भवेत् ॥ २९ ॥

ચાળીસ ઉપવાસ, ચાળીસ એકાસણાં, ચાર તીર્થ યાત્રાઓ, ત્રણ સાધર્મિ વાત્સલ્ય તથા પૂર્વની પેઠે શાન્તિ સ્નાત્રાદિક સહિત ચાર જીન પૂજાઓ, સંઘ પૂજા, ગુરૂ પૂજા, અનેક પ્રકારનાં દાન, જૈન સંસ્કારથી જનોઇ આપવી, દેવદ્રવ્યની વૃદ્ધિ, જ્ઞાતિ ભોજન, તીર્થના જળ તથા મૃત્તિકાથી સ્નાન, વગેરે પૂર્વે કહેલું સઘળું કરે ત્યારે પવિત્ર થાયછે. પ્રાયશ્ચિત્ત ન કરે તો ભ્રષ્ટ પણાને લીધે જ્ઞાતિબાહ્ય થાય છે. અરાઢે વર્ણનું ખાય તો એકવીશ ઉપાસ, એકવીસ એકાસણાં, ત્રણ તીર્થયાત્રાઓ, ગુરૂ, સંઘ તથા જ્ઞાનીઓની પુજા, પાત્રદાન, દેવ દ્રવ્યની વૃદ્ધિ, જ્ઞાતિ ભો-

જન, ઉપવીત ધારણ, ઔષધિ યુક્ત તીર્થના જળથી સ્નાન, એસ ઘળું પૂર્વની પેઠે આચરવું; ત્યારે તે પવિત્ર થાય અને પંક્તિમાં બે-સવાને યોગ્ય થાય છે.

અગ્નિમાં પડીને કે એવાં કોઇ આકસ્માતિક કારણોથી દુર્મરણ થયું હોય તો તેની શુદ્ધિને માટે જિનશાસ્ત્રમાં આ નીચેનો દંડ કહેલો છેઃ—

પચાસ એકાસણાં, પચીશ અપવાસ, દશ આંબલ, ત્રણ તીર્થયાત્રા, ત્રણ સાધર્મિક વાત્સલ્ય, જ્ઞાતિ ભોજન, ત્રણ જિનપૂજા સત્પાત્રોને વિશે ઉત્તમદાન, ગુરૂ તથા સંઘની પૂજા અને બાકીનું સર્વ પૂર્વની પેઠે આચરવું; એ પ્રમાણે કરેતોજ શુદ્ધ થાય નહિ તો પંક્તિ બહાર રહે.

બ્રહ્મહત્યાદિક પાપ કરનારાઓની શુદ્ધિનો વિધિ નીચે પ્રમાણેઃ—

બત્રિશ ઉપવાસ, પચાસ એકાસણાં, વર્ધમાન તપની આંબલની ઓલી, ગુરૂપાસે આલોચના, પાંચ તીર્થયાત્રા, પાંચ જિનપૂજાઓ, સંઘપૂજા, ગુરૂભક્તિ, સ્વામી વાત્સલ્ય, જ્ઞાનનું બહુમાન, જ્ઞાતિનું બહુમાન સાત ક્ષેત્રમાં ધનવ્યય તથા શુદ્ધ ભાવથી પાત્રદાન કરવાથી પવિત્ર થાય છે. નહિતો તે જ્ઞાતિ બહાર થાયછે અને સર્વથા પ્રકારે જ્ઞાતિએ તે અવસ્ય દંડવા યોગ્ય થાય છે.

આદિ ત્રણ વર્ણ એટલે બ્રાહ્મણ, ક્ષત્રી તથા વૈસ્યમાંથી કોઇ પુરૂષે શૂદ્રાદિ વર્ણની સાથે ખાવા પીવાનો વ્યવહાર કર્યો હોય તેની શુદ્ધિ નીચે પ્રમાણે કહેલી છે.

એક પૂજા, એક તીર્થ યાત્રા, લાગટ નવ આંબલ, પાત્રદાન, સંઘભક્તિ, ગુરૂભક્તિ, અને જ્ઞાતિદંડ. એટલું કર્યા સિવાય તે પાપ

મુક્ત થતો નથી. મિથ્યા દ્દષ્ટિ એવા શૂદ્રે સ્પર્શ કરેલું ભોજન જેનો કરવામાં આવ્યું હોય તેને શુદ્ધ થવાને જૈનો કહે છે કે–વીશ આમેલ, બાર ઉપવાસ, ત્રીશ એકાસણાં, સંઘસેવા, પાત્ર દાન, ગુરૂ સેવા, ત્રણ તીર્થ યાત્રાઓ, જ્ઞાતિ ભોજન તથા જિનપૂજા; એટલું કરવાથી તે શુદ્ધ થાયછે, નહિતો જ્ઞાતિ બહાર થાયછે.

दुहितृमातृचांडालीसंभोगे पातकं भवेत् ॥
तन्नाशार्थं तु पंचाशदुपवासाः प्रकीर्तिताः ॥ ३० ॥
आचाम्लाश्च त्रयस्त्रिंशद् दशषष्ठा नवाष्टमाः ॥
एकाशनानि पंचाशत् स्वाध्यायस्य तु लक्षकम् ॥ ३१ ॥
पंचैव तीर्थयात्राश्च पूजा पंचार्हतामपि ॥
गुरुपूजा संघपूजा पात्रदानादि पूर्ववत् ॥ ३२ ॥
इति कृत्वा भवेच्छुद्धोऽन्यथा स्यात्पंक्तिवर्जितः ॥
कारुगृहे च वसतः शुद्धिः पंचोपवासकैः ॥ ३३ ॥
तद्गृहे भुंजतः शुद्धिश्चतुर्थैर्दशभिस्तथा ॥
गोब्रह्मभ्रूणसाधुस्त्रीघातिनामन्नभोजने ॥ ३४ ॥
शुद्ध्यै दशोपवासा हि कथिता मुनिपुंगवैः ॥
भेषजार्थं च गुर्वादिनिग्रहे परबंधने ॥ ३५ ॥
महत्तराभियोगे च तथा प्राणार्तिभंजने ॥
यद्यस्य गोत्रे नो भक्ष्यं न पेयं क्वापि जायते ॥ ३६ ॥

तद्भक्षणे कृते शुद्धिरुपवासत्रयान्मता ॥
म्लेच्छदेशनिवासेन म्लेच्छीभूय तदाग्रहात् ॥ ३७ ॥
म्लेच्छकारानिवासाद्वा यश्चाभक्ष्यस्य भोजनम् ॥
तथा पानमपेयस्य म्लेच्छादि सह भोजनम् ॥ ३८ ॥
परजातिप्रवेशं च विवाहकरणादिभिः ॥
महाहिंसादिकं कुर्यादज्ञानेन च मानवः ॥ ३९ ॥
विशोधनाद्धि तच्छुद्धिः प्रायश्चित्ती भवेदिति ॥
विशोधनामथ ब्रूमो विस्तरेण निशम्यताम् ॥ ४० ॥
वमनं त्र्यहमाधाय विरेकं च त्र्यहं चरेत् ॥
वमने लंघनं प्राहुर्विरेके यवचर्वणम् ॥ ४१ ॥
ततश्चैव हि सप्ताहं भूमौ निक्षिप्य चोपरि ॥
ज्वलनज्वालने कुर्यात् काष्ठैरुदुंबरैरपि ॥ ४२ ॥

પુત્રી, માતા તથા ચાંડાલી સાથે સંભોગ કરવાથી જે પાપ થાય છે તે પાપથી છુટવાને પચાસ ઉપવાસ, પચાસ એકાસણાં, તેત્રીશ આંબેલ, દશ છટ્ઠ, નવ અટ્ઠમ, એક લાખ સ્વાધ્યાય, પાંચ તીર્થ યાત્રાઓ, પાંચ જિન પૂજાઓ, ગુરૂ પૂજા, સંઘ પૂજા, તથા પાત્રદાનાદિક પૂર્વની પેઠે કરવા, એ પ્રકારે કરવાથી તે શુદ્ધ થાય છે નહિતો જ્ઞાતિ બહાર કરવો.

કારીગરને ઘેર નીવાસ કર્યો હોય તો પાંચ અપવાસ કરવાથી શુદ્ધિ થાયછે. તેને ઘેર ભોજન કર્યું હોય તો દશ અપવાસથી પવિત્ર થાયછે.

ગૌ હત્યા, બ્રહ્મ હત્યા, બાળ હત્યા, સાધુ હત્યા, તથા સ્ત્રી હત્યા

કરનાર પાપિઓનુ અન્ન ભોજન કર્યું હોય તો શ્રેષ્ટ એવા મુનિઓએ દશ અપવાસ શુદ્ધિને અર્થે કહેલા છે.

ઔષધને વાસ્તે ગુરૂ આદિનો નિગ્રહ કરવાથી અથવા ઔષધને વાસ્તે પારકાને બંધન કરવાથી મોટા પુરૂષના અભિયોગથી, અને પ્રાણની પીડા દૂર કરવાને અર્થે, જેની જાતિમાં બેસીને જે વસ્તુ ખાવી તથા પીવી ઉચિત નથી તેનું ભક્ષણ કરવાથી જે દોષ થાય તેની શુદ્ધિ ત્રણ ઉપવાસથી થાય.

મ્લેચ્છના દેશમાં રહેવાથી તેમના આગ્રહે કરીને મ્લેચ્છ રૂપ થયો હોય, મ્લેચ્છના કેદ ખાનામાં રહેવાથી, અથવા અભક્ષ્ય વસ્તુનું ભક્ષણ કરવાથી, ન પીવાની વસ્તુ પીવાથી, મ્લેચ્છાદિકોની સાથે ભોજન કરવાથી, વિવાહ ઇત્યાદી કાર્યોથી પર જાતિમાં પ્રવેશ કરવાથી અજ્ઞાનથી મહાહિંસાદિક પાપ કરવાથી માણસ પ્રાયશ્ચિત્તિ થાય છે. તેની શુદ્ધિ વિશોધનથી થાય છે. **विशोधनप्रायश्चित्तस्वरूपं त्वित्थं** વિશોધન પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ નીચે પ્રમાણે.

વિશોધનનું સ્વરૂપ વિસ્તારથી કહીએ છીએ તે સાંભળો. ત્રણ દિવસ વમન (ઉલટી) કરાવવું, ત્રણ દિવસ રેચ આપવો, વમનના દિવસોમાં લાંધણ કરવી, રેચના દિવસોમાં યવ (જવ) ચાવવા. ત્યાર પછી સાત દિવસ ભોંય પર સુવારી ઉપર ઉમરાના લાકડાનો અગ્નિ કરી તાપ આપવો.

**गावं वृषं च संयोज्य कुर्वीत हलवाहनम् ॥**
**ज्वलनज्वालने चैव तथा च हलवाहने ॥ ४३ ॥**
**कुर्याच्चतुर्दशाहानि मुष्टिमात्रयवाशनम् ॥**
**ततः शिरासि कूर्चे च कारयेदपि मुंडनम् ॥ ४४ ॥**
**सप्ताहं च ततः स्नानं पंचगव्येन चाचरेत् ॥**
**तत्रापि गव्यदुग्धने प्राणाधारो न चान्यथा ॥ ४५ ॥**

पंचाहं पंचगव्यं च त्रिस्त्रिचलुभिराचमेद् ॥
विधाय मुंडनं तस्मात् तीर्थोदकसमुच्चयैः ॥ ४६ ॥
अष्टोत्तरशतेनैव घटानां स्नपयेच्च तम् ॥
देवस्नानोदकेनापि गुरुपादोदकेन च ॥ ४७ ॥
तथा शुद्धो देवगुरून्नमस्कुर्यात्समाहितः ॥
ततः साध्वर्चनं संघार्चनं कुर्याद्विशुद्धधीः ॥ ४८ ॥
दानं दद्यात्ततः कुर्यात्तीर्थयात्रात्रयं सुधीः ॥
एवं विशोधनारूपं प्रायश्चित्तमुदीर्यते ॥ ४९ ॥
इत्येवं वर्णिता त्वत्र विशुद्धिः सर्वदेहिनाम् ॥
समासतो विशेषस्तु ज्ञेयो ग्रन्थान्तराद्बुधैः ॥ ५० ॥

બળદ તથા આખલો જોડી તેની પાસે હલવહન કરાવવું, અગ્નિ સળગાવી તાપ લેવાના સાત દિવસો તથા હલવાહનના સાત દિવસ મળી ચૌદ દિવસ સુધી માત્રરોજ એક મુઠી જવખાવા. ત્યાર પછી માથુ તથા દાઢી મૂછોનાવાળ લેવડાવવા પછી સાત દિવસ પંચગવ્યથી સ્નાન કરવવું. તે સાત દિવસોમાં માત્ર ગાયનું દુધ પીને રહેવું બીજું કશું ભોજન કરવું નહિ. પછી પાંચ દિવસ સુધી ત્રણવાર ત્રણહાથેળી ભરી પંચગવ્યથી આચમન કરવું. ત્યાર પછી મુંડન કરાવવું. પછી તીર્થોદકના સમૂહથી એકસોને આઠ ઘડાવતી સ્નાન કરાવવું વળી દેવના સ્નાનના જળથી તથા ગુરૂના ચરણ પ્રક્ષાલનના જળથી સ્નાન કરાવવું સ્નાન કરી શુદ્ધ થયા પછી સાવધાન થઇ દેવ તથા ગુરૂને નમસ્કાર કરવા. પછી નિર્મળ બુદ્ધિ રાખી સાધુ તથા સંઘનું પૂજન કરે, દાન, જ્ઞાનવૃદ્ધિ તથા ત્રણ તીર્થ યાત્રાઓ કરે. એ પ્રકારે આ-

ચરે તે વિશોધન પ્રાયશ્ચિત્ત કહેવાય છે. એ પ્રકારે અત્રે સર્વ દેહધારીઓની વિશુદ્ધિનું વર્ણન ટુંકામાં કર્યું; જે વિદ્વાનોને વિશેષ જાણવાની ઇચ્છા હોય તેમણે બીજા ગ્રન્થોમાંથી જાણી લેવું.

इति लौकिकप्रायश्चित्तस्वरूपम् ॥

अथ ग्रन्थोपसंहारमाह ॥

इत्थं चतुर्विंशतितीर्थनाथ ।
स्तुत्या विघातौघविनाशभावात् ॥
यत्सूत्रितं सर्वजनोपकृत्यै ।
भूयात्प्रजाभूमिपबोधहेतुः ॥ ५१ ॥

વિઘ્નોના સમૂહનો નાશ થવા માટે ચોવિશે તીર્થંકરની સ્તુતિ કરી સર્વ જનોના ઉપકારને માટે રચાએલું આ ( લઘુ અર્હન્નીતિ શાસ્ત્ર ) પ્રજાઓ તથા રાજાઓના બોધના હેતુરૂપ થાઓ. **अत्रादिमंगलाचरणे प्रथमचरमतीर्थंकरनमस्कृत्या ग्रंथांतःकरणेषु मध्यमद्वाविंशतितीर्थकृन्नुत्या चतुर्विंशतिस्तवो ज्ञेयः** આ ગ્રંથમાં આરંભના મંગલાચરણમાં પેહેલાં તથા છેલ્લાં બે તીર્થંકરને નમસ્કાર કરીને ગ્રન્થના મધ્યમાં બાવીશ તીર્થંકરને નમન છે આ પ્રમાણે ચોવીશે તીર્થંકરનું મંગલસ્તવન જાણવું.

**इत्याचार्यश्रीहेमचंद्रविरचिते चौलुक्यवंशभूषणपरमार्हतकुमारपालभूपालशुश्रूषिते लघ्वर्हन्नीतिशास्त्रे लौकिकप्रायश्चित्तविधिवर्णनो नाम चतुर्थोऽधिकारः ॥ ४ ॥**

समाप्तोऽयं ग्रन्थः ॥

श्रीरस्तु ! कल्याणमस्तु ! शुभं भूयात् ॥

# अर्हन्नीतेः शुद्धिपत्रम्.

| पृष्ठांकः | आवल्यंकः | अशुद्धम् | शुद्धम् |
|---|---|---|---|
| १ | ९ | छित्ति | च्छित्ति |
| ८ | २० | कार्यः | कार्यं |
| ११ | १ | यशस्कारै | यशस्करै |
| ११ | ६ | सामदामौ | सामदाम्नी |
| १३ | ३ | सौदर्यै | सोदर्यै |
| १३ | ६ | द्यपाशकः | द्युपाशकः |
| १५ | २१ | वाग्विद् | वाक्यविद् |
| १६ | ३ | चौंरो | श्चौरो |
| १९ | १३ | द्विजा | र्द्विजा |
| २१ | ६ | प्रसादे | प्रासादे |
| २१ | ९ | भेदकान्न | भेदकान |
| २३ | १६ | सेनानी | सेनानीः |
| २४ | ९ | संधि | संधिं |
| २४ | ११ | द्विग्रहम् | द्धि विग्रहम् |
| २४ | १४ | बलहीनः | र्बलहीना |
| २५ | ३ | विध्वंसिनो | विध्वंसनः |
| २५ | ३ | कार्यचिंता | कायश्चिंता |
| २६ | ७ | भेदनो | भेदता |
| २७ | ९ | ब्रूयाद् | र्ब्रूयाद् |

| पृष्ठांकः | आवल्यंकः | अशुद्धम् | शुद्धम् |
|---|---|---|---|
| २९ | १० | सेनानी | सेनान्यम् |
| ३० | ९ | कार्याः | कार्या |
| ४२ | ८ | सर्वेंपि | सर्वाअपि |
| ४३–४४ | ८–६ | द्रम्म | द्म |
| ४३ | १९ | श्रोर | श्रौर |
| ४४ | ३ | दंड्य | दंड |
| ४४ | ७ | जितो | ज्ञेता |
| ४५ | ५ | ચાકરોનું | શેઠનું |
| ४५ | १३ | प्राप्ति | प्राप्त |
| ५३ | १३ | बहु | बहू |
| ५३–५४ | २०–४ | अधर्मणो | अधमर्णो |
| ५५ | ११ | संमति | संमतिम् |
| ५८ | ४ | अनेनाह | अनेनाहं |
| ५८ | १३ | यदित्यार्थः | यादित्यर्थः |
| ६२ | ८ | गृह | गृह् |
| ६४ | ११ | प्रतिभूः | प्रतिभु |
| ६५ | ३ | दिघ्नं | द्विघ्नं |
| ६९ | १३ | एताभ्यो | एतेभ्यो |
| ७० | ३ | गृह्णियात् | गृह्णीयात् |
| ७० | ७ | सभान्तोवि | सभान्तार्वि |
| ७० | ७ | याज्ञार्थ | यज्ञार्थ |
| ७० | ११ | મંત્રીની–વર્તનારા | પૂજનાદિ કરનારા |

| पृष्ठांकः | आवल्यंकः | अशुद्धम् | शुद्धम् |
|---|---|---|---|
| ७२ | ६ | स्वरूपार्मि | स्वरूपाप्तं |
| ७३ | १२ | स्योक्ति | स्वोक्ति |
| ७४ | ५ | वदेयुश्च | वदेयुश्चे |
| ७६ | १२ | यात्रापो | यात्राया |
| ७७ | ६ | અગ્નિજાત્રા,પાણી. | અગ્નિયાત્રા |
| ८१ | ११ | गृहीत्वार्णं | गृहीत्वर्णं |
| ८१ | ११ | तदा | यदि |
| ८२ | ११ | तौ | ते |
| ९२ | १६ | दासा | दासां |
| ९४ | १४ | मण | मणं |
| ९७ | १८ | कुप्ये | क्रीते (पाठान्तरम्) |
| १०० | ११ | वणिजो | वणिजा |
| १०१ | १ | गुडादीना | गुडादीनां |
| १०५ | २० | बलाद्ध | बलाद्धय |
| १०९ | ८ | तद्धंड | तद्दंड |
| ११० | ३ | घुसदे | द्युसदि |
| १११ | १९ | पितामह | पितामहः |
| ११४ | ९ अने १५ | रन्यतमे | रन्यतरे |
| ११४ | १८ | पित्रेच्छा | पित्रिच्छ्या |
| १२१ | ३ | પોતે | આત્મા |
| १२५ | १७ | दूढाजा | दूढाज |
| १३५ | ४ | दौहितः | दौहित्रः |

| पृष्ठांकः | आवल्यंकः | अशुद्धम् | शुद्धम् |
|---|---|---|---|
| १३७ | १८ | तैरदत्वा | तैरदत्तत्वा |
| १४३ | ३ | पैतामहै | पैतामहे |
| १४६ | ५ | सत्नी | सपत्नी |
| १४६ | १५ | गृहीतुं | ग्रहीतुं |
| १४९ | ३-४ | तद्वन | तद्धन |
| १६५ | ८ | पृष्ठ्या | प्रष्ठ्या |
| १६७ | १९ | चेत्का | चेत्को |
| १७१ | १२ | मोचनैन | मोचनेन |
| १७९ | ७ | पणस्त्रिं | पणात्रिं |
| १८२ | ७ | तश्चा | तथा |
| १८२ | १८ | विंशातिमो | विंशातितमो |
| १८३ | ६ | क्षेतरां | क्षेत्रां |
| १८५ | १० | दाग्नै | दाग्नैश्च |
| १८७ | २ | दिंतु (मागध्याम्) | रान्तु (संस्कृते) |
| १९१ | ५ | कर्त्रौ | कर्त्रौः |
| १९२ | १९ | भूय | भूप |

# શ્રી જૈન જ્ઞાનપ્રસારક મંડળ.

જૈન ધર્મનાં સસ્તાં પુસ્તકો છપાવી જૈન ધર્મનું જ્ઞાન વધારવામાં મદદગાર થવા આ ખાતું આજ ત્રણ વર્ષ થયાં ઉઘાડવામાં આવ્યું છે, અને તે ખાતું થોડા વખતમાં કોઇપણ મ્હોટું ખાતું કામ કરવા શક્તિમાન થયું નથી તેવું કાર્ય કરવા પુસ્તક પ્રસિદ્ધિના સંબંધમાં ભાગ્યવંત નીવડ્યું છે—વળી તે ખાતામાંથી ઉપયોગી પુસ્તકો છપાય છે એટલુંજ નહી પણ કેટલાંક ઉપયોગી અપ્રસિદ્ધ પુસ્તકો પણ હાલમાં છપાવામાં આવ્યાં છે.

જેઓ જ્ઞાનખાતાને મદદ કરવા માગતા હોય તેમણે આ ખાતાને બનતી મદદ કરવી એટલુંજ નહી પણ પોતાને કોઇપણ પુસ્તક જોઇએ તો આ ખાતાની મુંબાઇ, સુરત અને અમદાવાદની જગ્યાએથી મંગાવવું.

**હાલમાં નીચે પ્રમાણે પુસ્તકો તૈયાર થયાં છે:—**

| પુસ્તક. | કિમ્મત. | પુસ્તક. | કિમ્મત. |
|---|---|---|---|
| **श्री पंचप्रतिक्रमण सूत्र.** | ૦—૧૨—૦ | તત્ત્વ વિચાર. | ૦—૪—૦ |
| **श्री देवसीराई प्रतिक्रमण.** | ૦—૨—૦ | પૃથ્વિ સ્થીર પ્રકાશ. | ૧—૮—૦ |
| **जैनस्तोत्र संग्रह.** | ૦—૩—૦ | શિલવતીનો રાસ. | ૧—૪—૦ |
| **श्रावक प्रज्ञप्ति.** | ૦—૧૦—૦ | પંચપ્રતિક્રમણઅર્થસાથે(મોટું) | ૦-૮-૦ |
| **समरादित्य संक्षिप्त.** | ૨—૮—૦ | જૈન લગ્નવિધિ. | ૦—૧—૬ |
| **सोमसोभाग्य काव्य.** | ૦—૧૨—૦ | જૈન લગ્નગીત. | ૦—૦—૬ |
| પટપુરૂષ ચરિત્ર. | ૦—૪—૦ | સત્યસ્વરૂપ. | ૦—૪—૦ |
| વિધિયુક્ત બે પ્રતિક્રમણ. | ૦—૩—૦ | સઝાય સંગ્રહ. | ૦—૧૦—૦ |
| પ્રશ્નોત્તર રત્નચિન્તામણિ. | ૦—૮—૦ | નવપદ ઓળી વિધિ. | ૦—૪—૦ |

# THE JAINA PHILOSOPHY.

SPEECHES & WRITINGS OF

# Late Mr. Virchand R. Gandhi, B. A.,

## Contents.


The Philosophy and ethics of the Jains.

The history and tenets of the Jains of India.

Philosophy and Psychology of the Jains.

What is Jainism.

How to study Jain Philosophy.

The occult law of sacrifice.

Jainism.

Have Christian missions to India been successful.

Symbolism.

Essential Philosophy of Hinduism, Budhism and and Jainism.

The true laws of life.

Karma.

Astral Vision.

Ancient India.

Contribution of Jainism to Philosophy, History and Progress.

Man's relation to the Universe.

India's message to America.

Impressions of America.

Some mistakes corrected.

Appendix.


Pages Cr. 300. **Price Re. 1—8—0.** Postage Extra.

Apply for Copies to:—

Secretary The Jaina Dnyan P. **Mandal.**

Mumbadevi—**Bombay.**

# જૈન.

આખા હિંદુસ્થાનમાં આ એકજ જૈન પત્ર છે કે જે જૈન શ્વેતામ્બર કોમની અને તેના ધર્મ વગેરેની સ્વતંત્ર રીતે હિમાયત કરેછે.

**આ** પત્રના માટે આપણી કોનફરન્સોએ વિવિધ વખતે ખાસ ઠરાવો પ્રસાર કર્યા છે.

જાહેર વર્તમાનપત્રો **અને** જાહેર પુરૂષોએ આ પત્રના એકે અવાજે વખાણ કર્યાં છે.

ભાગ્યેજ કોઈ એવું સ્થળ છે કે જ્યાં **જૈન** જતું નથી કે વંચાતું નથી.

દરેક જૈન જેણે આ પત્ર જોયું ન હોય તેણે જરૂર એક પોસ્ટ કાર્ડ નીચેના શિરનામે લખીને મંગાવી લેવું અને વાંચી ખાત્રી કરી ગ્રાહક થવું.

જાહેર ખબરો આપનારા માટે આ પત્ર એક ઉત્તમ સાધન છે–કેમકે આ પત્ર જેટલી કોઇપણ ગુજરાતના વર્તમાન પત્રની કોપીઓ ખપતી નથી અને તેના જેટલું ભાગ્યેજ બીજું કોઈ પત્ર વંચાતુ હશે.

**વાર્ષીક લવાજમ**—ટપાલ સાથે માત્ર રૂપિયા ત્રણ.

**પત્રવ્યહવાર—મેનેજર, જૈન પત્ર.**

**અમદાવાદ.**

# શું તમો જૈન છો?

તમારે જ્યારે કાંઈ પણ છપાવવું હોય ત્યારે તમે બીજા અન્ય ધર્મીના છાપખાનામાં કેમ જાઓ છો? જૈનોદય છાપખાનું આખા ગુજરાતમાં એકજ છે કે જેના ટાઈપો તદ્દન નવા—જેનું સાંચા કામ છેલ્લી શોધ પ્રમાણે—અને જ્યાં વાયદેસર કામ થાય છે.

ભાવ સસ્તા—કામ સારૂં.

એકવાર કામ પાડી ખાત્રી કરો.

પત્રવ્યવહારઃ—

ભગુભાઈ ફતેહચંદ કારભારી.

મેનેજર—જૈનોદય પ્રેસ.

અમદાવાદ.